# ઘડવૈયા
## તીર્થંકર નામકર્મના

(વીશસ્થાનક પદ પૂજા સહિત)



સંપાદક : સાહિત્યોપાસક પ્રવર્તક
પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

તત્વબોધ પરીક્ષા–૨૧ માટે સ્વીકૃત પાઠ્યપુસ્તક

# ઘડવૈયા તીર્થંકર નામ કર્મના

**(વીશસ્થાનક પદ પૂજા સહિત)**




★ લેખક – સંપાદક ★

સાહિત્યોપાસક, પ્રવર્તક

**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ**


**1061**

❁ સાથી ❁

પં. હરેશભાઈ એચ. ઝોટા ❖ પં. રમેશભાઈ ડી. ડુંગાણી

શ્રી આ.ક.લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ
દાદર તરફથી પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.ને ભેટ


★ પ્રકાશક ★

**શ્રી નવજીનવ ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ, મુંબઈ**

★ પ્રાપ્તિસ્થાન ★

**શ્રી નવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ**

ડી-૧૦૧/૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ. બી. શાસ્ત્રી માર્ગ,
ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ**

તત્ત્વજ્ઞાન ભવન, ૨૬૫, ન્યુ રવિવાર પેઠ, ગોડીજી દેરાસર સામે,
પૂના - ૪૧૧ ૦૦૨.

## મુખપૃષ્ઠ બોલે છે...

**ભ. ઋષભદેવે સંસારી અવસ્થામાં લુહાર, સુથાર, વણકર અને કુંભાર એ ચાર કલાઓ યુગલિક જીવોને શીખવાડી હતી.**

**કુંભાર માટીના સહારે ઘડા, દીવી, કોડિયા જેવા સાધનો બનાવે, તેમ સંસારી જીવે સંસાર વધારવાની ઘણી સાધના કરી. હવે સંસાર ઘટાડવા માટે યાવત્ તીર્થંકર નામકર્મની નિકાચના કરવા માટે વીશસ્થાનક પદની આરાધના કરે છે.**

1:01

**૭૭**

આવૃત્તિ : પહેલી
પ્રત : ૨,૫૦૦

અષાઢ, ૨૦૬૫
જૂન ૨૦૦૯

: મુદ્રક :
**ABC Publication**
ભરત જે. ચિત્રોડા
૧૩૭, નમન પ્લાઝા શોપિંગ સેન્ટર, પહેલા માળે, કાંદિવલી (વે), મુંબઈ-૬૭.
ફોન : ૬૭૪૧૫૪૩૫, મોબાઈલ : ૯૨૨૩૩૧૯૬૫૫



# ભવનિર્વેઓ...

'કાળ' વણસ્થંભ્યો ચાલ્યો જાય છે. કેટલાય કાળચક્ર તેની ગતિમાં પૂરા થઈ ગયા. એ દરમ્યાન આ જીવે અનંતાનંત જન્મ-મરણ કર્યા. સંસારચક્રમાં વિવિધ ગતિ-જાતિમાં, અઢી દ્વિપમાં, ૧૪ રાજલોકમાં અવિરત પ્રવાસ કર્યો. એક પલકારામાં ૧૭ ¹/₂ ક્ષુલ્લક ભવ પણ કર્યા અને ૩૩ સાગરોપમના સુખમય અથવા દુઃખમય આયુષ્યપણ ભોગવ્યા. છતાં આશ્ચર્ય છે કે, આ જીવને જન્મ-મરણનો કંટાળો-ત્રાસ-અફસોસ-કે આધિ-વ્યાધિ-ઉપાધિનો થાક લાગ્યો નથી. કુંભાર ઘણાં ઘડા બનાવે પણ થાકે નહિં. બનાવવાનું બંધ કરે નહિં.

**શાસ્ત્રમાં અંગારમર્દકનો એક પ્રસંગ આવે છે.**

એ એક કઠીયારો (ગાયોને ચરાવવા લઈ જનારો લાકડાં તોડનારો) હતો. ભાતું ખાઈ એ ઝાડ નીચે સુતો હતો ત્યારે તેને એક સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં એ ખૂબ તરસ્યો થયો. પાસે રહેલા ચમ્બુ (લોટા)નું પાણી એક શ્વાસે એ પી ગયો છતાં તરસ ન છીપાઈ માટે પાસેના મંદિરમાં રહેલ મોટાં માટલાનું પાણી પણ ગટગટાવી ગયો. છતાં એની તરસ ન છીપાઈ. જંગલમાં કૂવો હતો, તળાવ હતું, નદી પણ હતી. એ બિચારો બધું જ પાણી પી ગયો. પાણી–પાણીની ધૂનમાં સમુદ્ર પાસે ગયો. ખારું પાણી પણ પી ગયો. તરસ્યો બિચારો શું ન કરે ?

જગતમાં જ્યાં પાણી હોય ત્યાં તેમણે મૃગજળની જેમ દોટ મારી. તળાવના કિનારે ભીની માટી દેખાઈ, તેથી તૃષા છીપશે એ દ્રષ્ટિએ માટીને ચાટવા લાગ્યો. ત્યાંજ આંખ ખૂલી ગઈ, જોયું તો એ ઝાડ નીચે સૂતેલો હતો. ઉભો થઈ પત્થરની શીલા ઉપર બેસી જોયેલા સ્વપ્નનો વિચાર કરવા લાગ્યો.

બસ. એ જ રીતે આ જીવે અનંતા જન્મ-મરણ કર્યા. ૮૪ લાખ યોનીમાં ભટકયો. પાંચ જાતિ-છ કાયમાં પણ જન્મી આવ્યો. છતાં જન્મનો કે સંસારના પરિભ્રમણનો અંત કેમે ન આવ્યો ? જન્મ-મરણના ફેરાથી કંટાળો-ત્રાસ-દુઃખ કેમે ન થયું ? આ સંસાર દાવાનલ છે. છતાં તેમાં રહેવાનું જ ગમ્યું ? વિગેરે વિચારોનો જવાબ શોધવા બેઠો. પણ જવાબ ન મળ્યો. કંટાળીને અનંતજ્ઞાનના સ્વામી એવા આત્માને પૂછવાનું સાહસ કર્યું કે, હે જીવ ! તારે હવે અટકવું છે ?

ઉભા રહેવું છે ? તારા દીશાહીન પ્રવાસને અટકાવવો-ટૂંકો કરવો છે ? ટૂંકમાં તારે તારા શાશ્વતા સુખમય ઘરે રહેવા જવું છે ?

આત્માએ મારા વિવિધ જાતિના પ્રશ્નોના જવાબ આપતાં ટૂંકમાં એક-બે શબ્દમાં કહ્યું, "હે મનુષ્યગતિના પ્રવાસી જીવડા ! એકક્ષણ તારામાં ધ્યાનની ચિનગારી પ્રગટાવ. એ પ્રકાશમાં તને *ભવનિવ્વેઓ"થી શરૂ કરી ૮ સર્વોત્તમ સૂત્રો (શબ્દો) પ્રાપ્ત થશે. જેના સહારે ●પાંચ મંત્ર સ્વરૂપ વિચારોની ભેટ મળશે. પછી મોક્ષ-મુક્તિનગરી તારા માટે દૂર નથી."

પ્રથમ તો આત્માના જવાબની સમજ ન પડી પણ 'ભવનિવ્વેઓ' શબ્દ ઉપર મનન ચિંતન કરતાં જન્મ મરણ ઘટાડવાનો રાહ જડી ગયો. એ રાહ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના, એ રાહ એટલે તીર્થંકર નામકર્મની નિકાચના કરવાની વીશસ્થાનક તપની આરાધના. જેના દ્વારા ભવિષ્યમાં તીર્થંકર થવાય અથવા ૮ કર્મનો ક્ષય કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી મોક્ષે જવાય.

ચાલો આપણે તે તીર્થંકર નામકર્મના ઘડવૈયાની મુલાકાતે જઈએ.

❖ ❖ ❖

સંસારમાં જેટલી વ્યવહારીક રીતે એક અંકની કિંમત છે. તેથી શૂન્ય (૦)માં દશગણી કિંમત છે. તે વાત આ ગ્રંથના સાપેક્ષવાદથી સમજાશે તેવી આશાએ તત્ત્વબોધની પરીક્ષામાં આ પુસ્તક-વિચારધારાને સ્થાન આપ્યું છે. તેના લખાણમાં સંભવ છે, કે સૂક્ષ્મતાના દર્શન કરાવતાં અશુદ્ધ-શાસ્ત્ર વિરુદ્ધ લખાયું, વિચારાયું હોય તે માટે વાચક-અભ્યાસી વર્ગને સુધારી લેવા તથા જણાવવા આગ્રહ છે.

પુસ્તક પ્રકાશનમાં જે જે શ્રુતોપાસક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ એક યા બીજી રીતે સહકાર આપેલ છે. તેજ રીતે જે જે પુસ્તકોનો સહારો લઈ આ વીશસ્થાનકના મહિમાને ગાયો છે, તે બધા ધન્યવાદને પાત્ર છે. વીશસ્થાનક તપની આરાધના કરવા પાછળની જીવ માત્રની ભાવના પૂર્ણતાને પામે એજ મંગળ કામના.

૬૧મી સંયમતિથિ<br>
સાગરનો ઉપાશ્રય<br>
પાટણ<br>
મહા વદ-૫

પ્રવર્તક<br>
**મુનિ હરીશભદ્રવિજય**

---

* ભવનિવ્વેઓ..... આભવમખંડા (જય વીયરાય)
● ભવે ભવે તુમ્હ ચલણાણં.... બોહિલાભોઅ (જય વીયરાય)

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના**

દ્વારા આયોજિત

# તત્ત્વબોધ પરીક્ષા-૨૧

: વિષય :

# ઘડવૈયા તીર્થંકર નામકર્મના

**ધ્યાનથી વાંચો** **ટૂંકમાં લખો**

## પરીક્ષા માટે વિશેષ જાણકારી

★ બહુમાનને પાત્ર (૧) પૂ. સાધુ-સાધ્વીજી (૨) શિક્ષક-શિક્ષિકા (૩) પ્રૌઢ વર્ગ (૪) શ્રાવક વર્ગ (૫) શ્રાવિકા વર્ગ

★ આકર્ષક ઈનામો
★ પ્રથમ - રૂા. ૧૦૦૧/- ★ દ્વિતીય - રૂા. ૯૦૧/-
★ તૃતીય - રૂા. ૮૦૧/- ★ ચોથું - રૂા. ૭૦૧/-
★ પાંચમું - રૂા. ૬૦૧/- ★ છઠ્ઠું - રૂા. ૫૦૧/-
★ સાતમું - રૂા. ૪૦૧/- ★ આઠમું - રૂા. ૩૦૧/-
★ નવમું - રૂા. ૨૫૧/- ★ દશમું - રૂા. ૨૦૧/-
★ અગ્યારમું - રૂા. ૧૫૧/-

★ પ્રોત્સાહન ઈનામ બીજા પેપરમાં ૫૦ % ઉપર માર્ક મેળવનાર બધાને અપાશે.

★ પરીક્ષા - ૧ પેપર ઘરે બેઠા - ૧ પેપર કેન્દ્ર ઉપર - પાસિંગ માર્ક ૫૦%.

★ પ્રવેશ ફી - રૂા. ૫૦/- : પાઠ્યપુસ્તક ભેટ.

★ જવાબ - ઉત્તરપત્રમાં જ લખવા. અલગ પેપર ઉપરનું લખાણ સ્વીકારાશે નહિં.

★ ઘર બેઠા પરીક્ષાનું પેપર તા. ૧૦-૦૮-૨૦૦૯ સુધીમાં જ પ્રચારકને પહોંચાડવું. તારીખ પસાર થઈ ગયા પછી સ્વીકારવામાં આવશે નહિં. ફાઈનલ પરીક્ષા તા. ૧૩-૦૯-૨૦૦૯ ના રોજ કેન્દ્ર પર, સપ્લીમેન્ટ્રી તા. ૨૦-૦૯-૨૦૦૯ દાદરમાં લેવાશે.

★ પરીક્ષાર્થીઓએ પોતાના સ્વહસ્તે જ ઉત્તરો લખવા, બીજા પાસે ન લખાવવા.

★ **પત્ર વ્યવહારનું સરનામું : જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ફોન : ૯૮૨૦૩૨૮૯૭૧**
D/૧૦૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ. બી. શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.

## પરીક્ષાર્થીઓને ખાસ સૂચના :

❋ તા.ક. : નીચેના સૂચનો ધ્યાનથી વાંચો અને ફોર્મ ભરો.

★ પુસ્તકમાં આપેલ ફોર્મ જ માન્ય રહેશે. ઝેરોક્ષ ફોર્મ સ્વીકારાશે નહિં.

★ જે નામથી ફોર્મ ભરેલ હશે તે જ વ્યક્તિ પરીક્ષા આપી શકશે. બીજા નામે લખેલ પેપર સ્વીકારવામાં આવશે નહિં. નામમાં ફેરફાર ન કરવો.

★ ૧૫ વર્ષથી ઉપરની ઉંમરના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, શિક્ષક-શિક્ષિકા બહેનો કોઈપણ વ્યક્તિ પરીક્ષા આપી શકશે.

★ બન્ને પરીક્ષા આપી, બીજા પેપરમાં ૫૦% માર્ક મેળવનાર દરેક પરીક્ષાર્થીને પ્રોત્સાહન ઈનામ તથા અભિનંદન કાર્ડ અપાશે.

★ એક પેપર લખનાર પરીક્ષાર્થીને ઈનામ આપવામાં આવશે નહિં.

★ પ્રથમ પરીક્ષાના પેપર તા. ૧૦-૦૮-૨૦૦૯ સુધીમાં જે પ્રચારક દ્વારા તમે ફોર્મ ભર્યું હોય તેને જ પહોંચાડશો. તારીખ વિત્યા પછી પેપર સ્વીકારવામાં આવશે નહિં.

★ ફાઈનલ પરીક્ષા કેન્દ્ર ઉપર તા. ૧૩-૦૯-૨૦૦૯, રવિવારના બપોરે ૧.૦૦ થી ૪.૦૦ કલાકે લેવામાં આવશે. વેસ્ટર્ન લાઈનમાં પ્રાયઃ પ્રિમિયર હાઈસ્કૂલ, જ્ઞાનમંદિર રોડ, દાદર, પારલા, મલાડ, બોરીવલી, ભાયંદર તથા સેન્ટ્રલ લાઈનમાં ઘાટકોપર, મુલુન્ડ, કલ્યાણ કેન્દ્રોમાં લેવાશે.

★ સંજોગોવસાત બાકી રહેલા પરીક્ષાર્થીઓની પરીક્ષા તા. ૨૦-૦૯-૨૦૦૯, રવિવારના રોજ બપોરે ૧-૦૦ થી ૪-૦૦ ફક્ત દાદર જ્ઞાનમંદિર રોડ, પ્રિમિયર હાઈસ્કૂલમાં જ રહેશે.

★ પ્રોત્સાહક ઈનામ તથા અભિનંદન પત્ર પરિણામ જાહેર થયાના ૧૦ દિવસ સુધીમાં જ તમારા પ્રચારક પાસેથી ઈનામી કાર્ડ આપી મેળવી લેવા. અન્ય સ્થળે અપાશે નહિં.

★ કાર્ડ હશે અને બીજા પેપરમાં ૫૦% માર્ક મેળવેલ હશે તો જ ઈનામ આપવામાં આવશે. ઈનામના કાર્ડ બીજા પેપરમાં પરીક્ષાર્થીને કેન્દ્ર ઉપર આપવામાં આવશે.

★ પરીક્ષાર્થી જો શિક્ષક-શિક્ષિકા હોય તો જવાબ પેપરમાં ખાસ તેનો ઉલ્લેખ કરવો. પરીક્ષાર્થીએ પોતાનું નામ-ગામ વિગેરે પૂર્ણ લખવું. (ટૂંકમાં ન લખવું.)

★ પરીક્ષા સંબંધીના અંતિમ નિર્ણયો આયોજકોને સ્વાધિન રહેશે.

★ પરીક્ષા તમે આપો. બીજાને આપવા માટે ખાસ પ્રેરણા કરો.

**પરીક્ષાર્થી માટે પ્રવેશ ફી રૂા. ૫૦/- : પુસ્તક ભેટ**

## * તત્ત્વબોધ પરીક્ષા-૨૧ના માનવંતા પ્રચારકો *

ઓપન બુક પરીક્ષાના ઉમેદવારી ફોર્મ, જેઓની પાસે મેળવ્યા (ભર્યા) હોય તે પ્રચારકને જ 'ઘર બેઠા પરીક્ષા'ના ઘરેથી લખેલા ઉત્તરપત્રો તા. ૧૦-૦૮-૨૦૦૯ સુધી પહોંચાડવા.

| ગામ | નામ | ફોન |
|---|---|---|
| ભાયંદર | પં. રમેશભાઈ ડી. ડુંગાણી | ૯૮૨૧૧૦૯૮૯૬ |
| | પં. નરેશભાઈ એસ. શાહ | ૨૮૧૪ ૬૩૯૫ |
| | શ્રી શકરીબેન પી. શાહ | ૨૮૧૯ ૫૪૫૪ |
| | શ્રી ચેતનાબેન પી. શાહ | ૨૮૧૯ ૮૫૧૫ |
| બોરીવલી | શ્રી જૈમિનીબેન આર. શાહ | ૨૮૯૨ ૧૫૯૮ |
| | શ્રી જ્યોત્સનાબેન એમ. શાહ | ૨૮૩૩ ૨૬૧૪ |
| | શ્રી ચેતનાબેન એન. પરીખ | ૯૩૨૧૨૧૮૯૩૬ |
| | શ્રી દિલીપભાઈ સી. શાહ | ૨૮૯૧ ૮૬૪૮ |
| | શ્રી ધીરજબેન દોશી | ૨૮૦૬ ૫૪૭૭ |
| કાંદિવલી | શ્રી હિંમતભાઈ એ. શાહ | ૨૮૦૭ ૦૬૬૦ |
| | પં. સુનિલભાઈ બી. શાહ | ૨૮૬૪ ૯૬૫૬ |
| | શ્રી વર્ષાબેન હર્ષદભાઈ શાહ | ૨૮૮૭ ૯૬૩૫ |
| મલાડ | પં. વિરેન્દ્રભાઈ આર. શાહ | ૨૮૮૩ ૮૮૩૦ |
| | શ્રી મૃદુલાબેન શાહ | ૨૮૮૧ ૯૦૯૮ |
| ગોરેગામ | પં. ચંપકલાલ પી. મહેતા | ૩૯૫૭ ૭૪૨૦ |
| | શ્રી ઉમાબેન એસ. શાહ | ૨૬૮૬ ૨૨૧૮ |
| અંધેરી (ઈસ્ટ) | શ્રી મંજુલાબેન ડી. ગાંધી | ૨૬૮૩ ૨૧૬૮ |
| પાર્લા | શ્રી મહેન્દ્રભાઈ ટોલીયા | ૯૩૨૨૫૨૩૭૫૪ |
| | શ્રી લલિતાબેન જે. શેઠ | ૨૬૧૧ ૮૩૭૪ |
| સાંતાક્રુઝ | શ્રી અનિલભાઈ શેઠ | ૨૬૪૮ ૦૮૩૯ |
| દાદર | પં. હરેશભાઈ એચ. ઝોટા | ૨૪૧૬ ૧૫૧૫ |
| | શ્રી ઉર્મિલાબેન ડી. શાહ | ૨૪૩૬ ૧૦૦૪ |
| મુંબઈ | શ્રી સુશિલાબેન વખારીઆ | ૨૨૪૨ ૩૮૪૮ |
| મસ્જિદ બંદર | શ્રી લલીતાબેન - રેખાબેન | ૯૮૨૦૭૬૪૩૧૪ - ૨૩૭૦ ૩૪૬૨ |
| સાયન | શ્રી હંસાબેન આર. શાહ | ૨૪૦૧ ૦૩૮૪ |
| ઘાટકોપર | શ્રી મધુબેન કે. શાહ | ૨૫૦૦ ૪૦૫૧ |
| | શ્રી ચંદનબેન કે. શાહ | C/o. ૯૨૨૧૭૭૩૫૫૧ |
| | ડો. સંજયભાઈ જે. શાહ | ૯૮૯૨૧૪૬૪૫૦ |
| ભાંડુપ | શ્રી નિર્મલભાઈ વી. શાહ | ૯૮૨૦૩૨૮૯૭૧ |
| મુલુન્ડ | પં. જિતુભાઈ જે. શાહ | ૨૫૬૯ ૦૧૬૯ |
| કલ્યાણ | શ્રી રવિભાઈ શાહ | ૦૨૫૧-૨૩૧૯૧૧૯ |
| પૂના | શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ | (૯૫-૨૦) ૨૪૪૪ ૫૬૮૧ |
| | પં. અજીતભાઈ પી. શાહ | (૦૯૮૬૦) ૩૮૧૩૫૩ |
| સુરત | શ્રી ભદ્રાબેન એમ. ઝવેરી | (૦૨૬૧) ૨૫૯ ૦૪૫૪ |
| જામનગર | શ્રી મોહન વિજયજી જૈન પાઠશાળા | (૦૨૮૮) ૨૬૭ ૦૮૦૫ |

નોંધ : પરીક્ષાર્થીઓએ જરૂર હોય તો વિવેકપૂર્વક સભ્ય ભાષામાં પ્રચારકને ફોન કરવો.

# શ્રી સિયાણા - શત્રુંજય બસ દ્વારા તથા પાલિતાણા - શંખેશ્વર છ'રિપાલિત યાત્રાસંઘ

| : પ્રારંભ : | : છ'રિપાલ સંઘ : | : માળારોપણ : |
|---|---|---|
| પોષ સુદ-૧૨ | પોષ વદ-૨ | મહા સુદ-૫ |
| સિયાણા | શત્રુંજય | શંખેશ્વર |

: પાવન નિશ્રા :

**પ.પૂ. મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મહારાજ**

: યાત્રાસંઘમાં :

**પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ. આદિ**

સાધુ-૧૦, સાધ્વી-૭૫, યાત્રિકો-૫૫૦

※

દાદા આદેશ્વરજી, દાદા આદેશ્વરજી
દૂરથી આવ્યો દાદા દર્શન દ્યો....

※

શંખેશ્વરના વાસી, મારા હૈયે કરજો વાસ,
કેમ વિસારું વામાનંદન, જ્યાં લગી શ્વાસોશ્વાસ.

: આયોજક :

**સંઘવી નરસિંગજી જેઠાજી બાલગોતા પરિવાર**

સિયાણા (રાજસ્થાન) ❖ ચેન્નઈ (તામિલનાડુ)



તસ્મૈ
શ્રી
ગુરવે
નમઃ



**પૂ. મુનિરાજ**
**શ્રી જિતેન્દ્રવિજયજી મ.સા.**

**પ્ર.પૂ. મુનિરાજ**
**શ્રી હરીશભદ્રવિજયજી મ.સા.**

વર્તમાન ગચ્છાધિપતિ, ઉગ્ર તપસ્વી, શાશ્વત ગિરિરાજના
પરમ ઉપાસક સ્વ. પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય
અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની
પૂ. વિદુષી સાધ્વીરત્ના શ્રી લાવણ્યશ્રીજી મ.ના શિષ્યા
પૂ. સા. શ્રી જયપ્રભાશ્રીજી મ.ના શિષ્યા
**સા.શ્રી તત્ત્વયશાશ્રીજી મ., સા.શ્રી પરાગયશાશ્રીજી મ.ના**
ઉપદેશથી

## ઉપકારીને કોટીશઃ વંદન

પૂજ્ય સાધ્વીજી



શ્રી જયપ્રભાશ્રીજી મ.

પૂજ્ય વિદુષી સાધ્વીજી



શ્રી લાવણ્યશ્રીજી મ.

પૂજ્ય સાધ્વીજી



શ્રી ચંદ્રયશાશ્રીજી મ.

|| શ્રી આદિનાથાય નમઃ ||

## પૂ. સાધ્વીજી શ્રી મનોરમાશ્રીજી મ.સા.ના
શિષ્યા




## પૂ. સાધ્વીજી શ્રી જયલત્તાશ્રીજી મ.ના
૫૫ વર્ષના સંયમી જીવનની
અનુમોદનાર્થે

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
મુલુન્ડ – ઈસ્ટ, મુંબઈ.

## પૂ. સા. શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ.ની
શુભ પ્રેરણાથી

|| શ્રી આદિનાથાય નમઃ ||



પ. પૂ. વિદુષી સાધ્વીજી

**શ્રી પ્રિયંવદાશ્રીજી મ.સા.ની**

ગોલ્ડન જ્યુબિલી ૭૫ વર્ષના પ્રવેશ નિમિત્તે

ભૂરી ભૂરી અનુમોદના

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ**

મુલુન્ડ – ઈસ્ટ, મુંબઈ.

**પૂ. સા. શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ.ની**

**શુભ પ્રેરણાથી**

પ. પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મંજુલાશ્રીજી મ.ના

શિષ્યા



પરમ વિનયી, વાત્સલ્યમૂર્તિ

**પ.પૂ. સાધ્વીજી શ્રી મધુકાંતાશ્રીજી મ.સા.**

યોગનિષ્ઠ પ. પૂ. આ. શ્રી કેશરસૂરિ મ.સા. સમુદાયના
પ.પૂ. શ્રી મંજુલાશ્રીજી મ.સા. (મહુવાવાળા)ના પ્રશિષ્યા

**સરળ સ્વભાવી પ.પૂ. પૂર્ણયશાશ્રીજી મ.સા.**

સાધ્વી રાજરત્નાશ્રીજી
સાધ્વી શ્રુતરત્નાશ્રીજી
સાધ્વી સમ્યગ્રત્નાશ્રીજી
સાધ્વી મુક્તિરત્નાશ્રીજી

આદિ ઠાણા પાંચની સમેતશિખરજી તીર્થયાત્રાની
પુણ્ય સ્મૃતિ નિમિત્તે

**સૌજન્ય : શ્રી શાસન સમ્રાટ જૈન શ્વે. મૂર્તિ. સંઘ**
મુલુન્ડ – વેસ્ટ, મુંબઈ.

વર્તમાન ગચ્છાધિપતિ સ્વ. પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય
અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની તપસ્વીની
**પૂજ્ય સાધ્વીજી શ્રી કંચનશ્રીજી મ.ના શિષ્યા-પ્રશિષ્યા**



**વિદુષી પૂ. સાધ્વીજી**
**શ્રી લાવણ્યશ્રીજી મ.**



**પૂ. સાધ્વીજી**
**શ્રી કારૂણ્યદર્શનાશ્રીજી મ.**

## ઉપકારીઓના ચરણે
## ઉપકૃતોની શ્રદ્ધાંજલિ
**કોટી કોટી વંદના**

**શ્રી ચંપકલાલ ગિરધરલાલ વોરા પરિવાર**
**અમરેલી**

**પૂ. સાધ્વીજી શ્રી કાશ્મીરાશ્રીજી મ.ના ઉપદેશથી**



સંસ્કારની સરિતા
સદ્‌વિચારની સુગંધ
સત્કાર્યની ભાવના
ફેલાવનારને
ભાવભરી શ્રદ્ધાંજલિ

સ્વ. કુમારપાળ સુંદરલાલ શાહ

**તસ્મૈ નમઃ શુભજ્ઞાન ધ્યાન મગ્નાય યોગિનઃ**

શર્મિષ્ઠાબેન કુમારપાળ શાહ
પુત્ર : મિહીરકુમાર, પુત્રવધૂ : ભાવિશા, તન્વી-પંક્તિ
પરિવાર તરફથી ભાવભરી શ્રુતવંદના
દહિસર, મુંબઈ

---

જ્ઞાની શ્વાસોશ્વાસમાં
કરે કર્મનો નાશ.

જીવનમાં જ્ઞાન પ્રાપ્ત કરવા
આશાતનાથી દૂર રહેવા
આરાધના કરવા શક્તિ મળો.



કુ. પીના કુમારપાલ શાહ

પાટણ – કનાસાપાડાના નિવાસી, હાલ દાદર

પિતાશ્રી



શ્રી જયંતિલાલ મણિલાલ શાહ

માતુશ્રી



શ્રી પુષ્પાબેન જયંતિલાલ શાહ

પિતાશ્રીએ જીવનમાં સારા ઉપજેલા વિચારોને
૧૫૦ કાવ્ય પંક્તિમાં મઢ્યા અને માતુશ્રીએ મેળવેલા
જૈનદર્શનના જ્ઞાનને પચાવી-વાગોળી અનેકાનેક
ખપી આત્માઓને અધ્યયન કરાવવા દ્વારા જ્ઞાનગંગા
વહાવી તે માતા-પિતાના પવિત્ર ચરણે
ભાવભરી શ્રદ્ધાંજલિ.

**અમ જીવનમાં જ્ઞાન પ્રકાશ પાથરે.**

: પુત્ર પરિવાર :

તુષાર - પાર્મીતા - અનુજ - કોમલ

: પુત્રી પરિવાર :

ડૉ. સ્મિતાબેન - ડૉ. ઈન્દ્રવદન - ડૉ. જુલી - મૌલિક

સ્મૃતિ - મહેશભાઈ - મોનાલી - જીગર

તસ્મૈ શ્રી ગુરવે નમઃ



## શ્રી ઉર્મિલાબેન ચંદ્રકાન્ત ગોરે

જેઓની શુભ પ્રેરણાના કારણે...

- શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા કરવા મળી.
- ગારીઆધારથી શત્રુંજય ગિરિના છ'રિપાલિત સંઘમાં સાથી સંઘવી થવાનો લાભ મળ્યો.
- શત્રુંજય તીર્થમાં ચાતુર્માસ કરવાનો લાભ મળ્યો.
- સિદ્ધિતપ, મૃત્યુંજય તપ કરવાની ભાવના થઈ.

એવા પ્રેરણાદાતાની પુણ્ય સ્મૃતિમાં

**અનેક ધર્મકાર્યો કરતા રહેવા માટે ઉપકારી ગુરુવર્યો આશિષ આપજો.**

❖ સૌજન્ય ❖

શ્રી ચંદ્રકાન્ત જયરામ ગોરે, અંધેરી

હિતેન્દ્રા (ખોંડ) રાજસ્થાન નિવાસી, હાલ પરેલ



શ્રી વિજયરાજ એમ. પરમાર



શ્રીમતી કંચનબેન વિ. પરમાર

❖ પાવન નિશ્રા ❖

**પૂ. આ. શ્રી વિજય પદ્મસૂરીશ્વરજી મ.**

**પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી મ.**

**સાધ્વીજી શ્રી ભવ્યપદ્માશ્રીજી**

**અવસર આવા નહિં મળે, તમે લાભ સવાયા લેજો.**

**શાશ્વત ગિરિરાજની નવ્વાણું યાત્રા**

**પ્રારંભ : કાર્તિક સુદ–પૂનમ**

ત્રિ-દિવસીય છ'રિપાલીત સંઘ

પ્રારંભ : માગશર વદ–૧૩

: પુત્ર – પુત્રાદિ પરિવાર :

**શ્રીમતી નેના દિલીપ પરમાર – વરુણ, મોનિક**

**શ્રીમતી કાજલ મનોજ પરમાર – હર્ષ, શિખા**

**શ્રીમતી વર્ષા સંજય પરમાર – યશ, તનિશ**

: નિવાસ :

૨૫૭, ડૉ. આંબેડકર રોડ, ૩, ઉરણવાલા મેન્શન, પરેલ, મુંબઈ-૧૨.

## જિનશાસનના પ્રભાવક આચાર્ય ભગવંતોના ૩૬ ગુણ (૧)


સૂર્ય જેવા તેજસ્વી


ચંદ્ર જેવા સૌમ્ય


સાગર જેવા ગંભીર


ઉદ્યાન જેવા મનોહર


દીપક જેવા પ્રકાશક


નૈયા જેવા તારક


નદી જેવા નિર્મલ


ગુલાબ જેવા કોમળ


કમળ જેવા અલિપ્ત


શંખ જેવા નિર્લેપ


ચંદન જેવા શીતલ


તારા જેવા ઉજ્જવલ


પૃથ્વી જેવા સહિષ્ણુ


આકાશ જેવા વિરાટ


પર્વત જેવા નિશ્ચલ


વાંસળી જેવા આકર્ષક


દીવાદાંડી જેવા દર્શક


ચક્ર જેવા ઉત્માર્ગભેદક

**સ્વ. કુ. નેહલ રમણિકલાલ સાવલાના આત્મ શ્રેયાર્થે**

: સૌજન્ય :

**રમણિકલાલ ખીમજી સાવલા**

એ-૪, શંકર નિવાસ, પ્લોટ નં. ૧૧૫, શીવ (સાયન), મુંબઈ-૨૨.

## પંચાચારના પાલક આચાર્ય ભગવંતોના ૩૬ ગુણ (૨)


સિંહ જેવા પરાક્રમી


હાથી જેવા મસ્ત


સરોવર જેવા શાંત


હંસ જેવા વિવેકી


ભારંડ જેવા અપ્રમત


પંખી જેવા મુક્ત


ઘંટનાદની જેમ રણકતા


મેઘની જેમ વરસતા


ચાતક જેવા મોક્ષલક્ષી


ગાય જેવા ઉપકારી


કલશ જેવા મંગલકારી


કલ્પવૃક્ષ જેવા શાતાકારી


ગારુડી જેવા વિષાપહારી


ધૂપ જેવા સુગંધી


અમૃત જેવા મધુર


સુવર્ણ જેવા સુશોભિત


મહારાજા જેવા ન્યાયી


ચતુર્વીધ સંઘના સારથી

: સૌજન્ય :

**શ્રી વિજયભાઈ એફ. દોશી**

હસ્તે : ધીરજબેન

મેઘદૂત, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

ખીવાન્દી (હાલ મુંબઈ) નિવાસી

ઉત્સાહી ધર્મનિષ્ઠ



## સ્વ. હીતેશ રમેશભાઈ શાહ

જન્મ : ૧૯૮૬ વર્ગવાસ : ૨૦૦૩

## સ્મરણાંજલિ

માતુશ્રી : લલિતાબેન રમેશચંદ્ર શાહ

નાનાજી : શ્રી ગણેશમલજી ચુનીલાલ ચૌહાણ

નાનીજી : શ્રી ગોદાવરીબેન ગણેશમલજી ચૌહાણ

મામા : પ્રવીણ જી. ચૌહાણ - દિલીપ જી. ચૌહાણ

મામી : કંચનબેન પ્રવીણ ચૌહાણ

માસી : રેખાબેન કિશોર જૈન - કિરણ પ્રવીણ જૈન

શાંતાબેન જયંતીલાલ જૈન

: ભાઈ-બહેન :

ધરેન્દ્ર બી. મહેતા

અંકિત, મનિષ, રિષભ, અજીત, જયેશ,

ભૂમિકા, મનિષા, દિપીકા, દિશા

## : અનુમોદના :

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (પૂના) ભાંડુપ દ્વારા આયોજિત**

'શિક્ષણ–શિક્ષિકા શ્રુતજ્ઞાન વિકાસ વર્ગ' પ્રવૃત્તિમાં ઉદારતાથી

**શ્રુત ભક્તિ કરનાર ભાગ્યશાળીઓ**

- ❖ **શ્રી મંજુલાબેન કોઠારી** — **બેંગલોર**
- ❖ **શ્રી રેખાબેન અરવિંદભાઈ તુરખીયા** — **કોલ્હાપુર**
  પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મ.ની શુભ પ્રેરણાથી.
- ❖ **શ્રી વિજયભાઈ એફ. દોશી** — **અમેરિકા**
  પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મ.ની શુભ પ્રેરણાથી.
- ❖ **એક શિક્ષીકાબેનની પ્રેરણાથી અનેક શ્રાવકો દ્વારા** — **મુંબઈ**
- ❖ **પૂ. સાધ્વીજીશ્રી પદ્મરેખાશ્રીજી મ.ની ૫૧મી દીક્ષાતિથી નિમિત્તે**
  ગુરુભક્તો તરફથી
- ❖ **પાર્શ્વ–વીર પ્રદીપ શાહ, માટુંગા તથા એક સદ્‌ગૃહસ્થ માટુંગા.**

**પૂજ્ય સાધુ–સાધ્વીજી મ.સા.ને ચિંતન–મનન માટે આ પુસ્તક અર્પણ કરવામાં આવશે.**

*** લાભાર્થી ***

- **ચિ. સાન્વી–મિલીન શિશીરભાઈ માસ્ટર** — **સાયન**
  હસ્તે : શ્રી નલીનીબેન
- **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહમંદિર, દયા નિવાસ** — **દાદર**
  હસ્તે : શ્રી ચેતનાબેન પટવા
- **શ્રી આદીશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
  સોનલ એપાર્ટમેન્ટ, ગોરેગામ (ઈસ્ટ).

★ પરીક્ષા આયોજન, પાઠ્યપુસ્તક, ઈનામ યોજનાના રૂા. ૨,૫૦૦/- ભરી મેમ્બર બનો. સમ્યગ્‌જ્ઞાનની – જ્ઞાનના પ્રચારની અનુમોદના કરો.

'ઘડવૈયા તીર્થંકર નામકર્મના' ઓપન બુક પરીક્ષાના આયોજન, સંચાલન,

ઈનામ વિતરણાદિ પ્રવૃત્તિ માટે જ્ઞાનભક્તિ કરનાર ભાગ્યશાળીઓ

## : શ્રુતાનુરાગી :

- શ્રી ઋષભ-દર્શન જૈન, હ. : કુ. ભદ્રાબેન માનચંદ ઝવેરી — સુરત
- ડૉ. બાબુલાલ એચ. શાહના સ્મરણાર્થે, હ. : શ્રી ઈન્દુબેન — નવસારી
- શ્રી હુકમીચંદજી ચોપડા, હસ્તે : શ્રી શોભાબેન — કાંદીવલી
- શાશ્વતગિરિ ચાતુર્માસ - ૯૯ યાત્રા નિમિત્તે
  પૂ. સાધ્વીશ્રી-ભવ્યપદ્માશ્રીજી મ.ની શુભ પ્રેરણાથી — પાલીતાણા
- લાવણ્યવિહાર ચાતુર્માસ આરાધકો તરફથી — પાલીતાણા
  પૂ. સાધ્વીજી શ્રી તત્ત્વયશાશ્રીજી, સા.શ્રી પરાગયશાશ્રીજીના ઉપદેશથી
- પૂ.સા.શ્રી પદ્મરેખાશ્રીજી મ.સા.ના ઉપદેશથી ગુરુભક્તો તરફથી

## : શ્રુત અનુમોદક :

- શ્રી કસ્તુરબેન શાંતિલાલ ગાલા — માટુંગા
- શ્રી રસિલાબેન ગુણવંતલાલ — માટુંગા
- શ્રી અજીત-પરાગ નાગડા — માટુંગા
- શ્રી જ્યોત્સ્નાબેન કીર્તિભાઈ સલોત, હ. : નિરવકુમાર — પૂના
- શ્રી વિશાખાબેનના દીક્ષા નિમિત્તે — મુંબઈ
- શ્રી જાગૃતિબેન નિલેશભાઈ — કાંદીવલી
- શ્રી મમતાબેન ડી. શાહ — બેંગ્લોર
- સ્વ. સાગર શાહ વીટાના સ્મરણાર્થે, હ. શ્રી કચુભાઈ શાહ — ઘોડનદી
- શ્રી જયંતિલાલ વાડીલાલ શાહ, હ. : શ્રી કાંતાબેન — વીટા
- શ્રી સુનીતાબેન ગિરીશભાઈ બાબરીયા, હ. : દર્શનકુમાર — ઘાટકોપર
- શ્રી ઉમાબેન સુનિલભાઈ શાહ — ગોરેગામ
- શ્રી સુરેખાબેન રોહીતભાઈ શાહ — ગોરેગામ
- શ્રી ભારતીબેન દીવ્યેશભાઈ — સાંતાક્રુઝ
- શ્રી જશવંતલાલ મગનલાલ — માટુંગા રોડ
- શ્રી અવની-સુમીર-હેતલ-સાહિલ ઝવેરી — વાલકેશ્વર
- શ્રી ગીતાબેન હેમેન્દ્રભાઈ શાહ — બોરીવલી

# 'શિલ્પી'

સૂત્ર :

**દર્શનવિશુધ્ધિ-વિનયસંપન્નતા-શીલવ્રતેષ્વનતિચારો-ભીક્ષ્ણં-જ્ઞાનોપયોગ-સંવેગૌ-શક્તિ તસ્ત્યાગ તપસી સંઘ-સાધુ સમાધિ-વૈયાવૃત્યકરણ-મર્હદાચાર્ય-બહુશ્રુતપ્રવચનભક્તિ-રાવશ્યકા પરિહાણિ-માર્ગ પ્રભાવના પ્રવચન વત્સલત્વમિતિ-તીર્થકૃત્ત્વસ્ય.** – શ્રી તત્ત્વાર્થસૂત્ર ૬/૨૩

**અર્થ** : દર્શનવિશુદ્ધિ, વિનય, શીલવ્રતમાં અપ્રમાદ, વારંવાર જ્ઞાનોપયોગ અને સંવેગ. યથાશક્તિ ત્યાગ અને તપ, સંઘ અને સાધુઓની સમાધિ તથા વૈયાવચ્ચ, અરિહંત, આચાર્ય, બહુશ્રુત, પ્રવચનની ભક્તિ, આવશ્યક અપરિહાણિ, મોક્ષમાર્ગની પ્રભાવના, પ્રવચનવાત્સલ્ય એ તીર્થંકર નામકર્મના આશ્રવો છે.

ઘરની પાસેજ એક આરસપાણની ખાણ હતી. અનેક વર્ષોથી તેમાંથી કાચા પાષાણ (સચિત) દ્રવ્ય બહાર કાઢવામાં આવતા હતા. તેની ઉપર યોગ્યતા પ્રમાણે કારીગરો પ્રક્રિયા કરતા હતા. પત્થરને ઘડી રૂપ આપવું, મૂર્તિ-મંદિરાદિ બનાવવા એ કારીગરોનું કામ. પત્થરની યોગ્યતા પ્રમાણે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. હવે એ પત્થર નહિં પણ અમૂલ્ય વસ્તુ, પૂજનીય વસ્તુ થઈ ગઈ.

બસ, એજ પ્રમાણે – અનંતકાળથી અવ્યવહાર રાશિમાં પડેલો આત્મા કોઈ એક જીવ (આત્મા) સિદ્ધગતિને પામે ત્યારે તેના ઉપકારના કારણે, નિમિત્તના કારણે વ્યવહાર રાશિમાં આવે. એ પછી એ જીવ સૂક્ષ્મ નિગોદ, બાદરનિગોદ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયાદિ ગતિમાં કર્મ અનુસાર જન્મ-મરણ કરે. કર્મ ભોગવતો જાય ને સદ્ગતિ પામતો જાય.

જન્મ-મરણના આ ક્રમને સુધારવા-અટકાવવા માટે (૧) વીતરાગ તીર્થંકર પરમાત્માનું શાસન (૨) ભવિપણું (૩) નિર્મળ આરાધક ભાવ (૪) સર્વ વિરતિપણું (દ્રવ્ય-ભાવથી) (૫) સમ્યકત્વ જેવા લક્ષણ જીવનમાં હોવા જોઈએ તો જ મોક્ષાભિલાષી જીવ કર્મનો નવો બંધ અલ્પ કરી જૂના બાંધેલા કર્મનો ક્ષય કરી સંસાર ઘટાડી શકે, મોક્ષગતિ મેળવી શકે.

આ આત્માએ (જીવે) ઘણો કાળ મિથ્યાત્વ અવસ્થામાં પૂર્ણ કર્યો. પુણ્યના ઉદયે સારા નિમિત્તના કારણે એ માર્ગાનુસારીપણું પામ્યો. ત્યાર બાદ સમ્યક્દર્શન (સમકિત) પામી અર્ધ પુદ્ગલ પરાવર્તનનો કાળ ઘટાડી શક્યો. આ પ્રગતિને જો

પ્રથમ પગથિયું કહીશું તો દેશવિરતિ-સર્વવિરતિ ધર્મને બીજું પગથિયું કહેવું પડશે. આ પગથિયે ચડેલા એ જીવને 'કિં કર્તવ્યમ્'ની શોધ કરવા સમ્યગ્જ્ઞાનનો સહારો લેવો પડશે. આ જ્ઞાન મોક્ષનું દ્વાર બતાડે છે, એ દ્વાર સુધી પહોંચવાનો માર્ગ દર્શાવે છે. એ માર્ગ એટલે "સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષ માર્ગ."

જીવનમાં સમ્યગ્દર્શન મળ્યા પછી જૈન ધર્મના પાયારૂપ ચાર પ્રકારના ધર્મ-દાન, શીલ, તપ અને ભાવને જીવનમાં ઉતારવા જોઈએ. ચિકણા કર્મનો ક્ષય કરવા માટે અને મોક્ષમાર્ગના પ્રરૂપક-શાસનના સ્થાપક થવા માટે મુખ્યત્વે વીશ સ્થાનકનું ત્રિકરણ શુદ્ધિએ આરાધન કરવું જોઈએ. દાન-ત્યાગધર્મથી સત્કર્મબંધ માટે થાય. શીલ-આત્મગુણોના વિકાસ અથવા આદર્શ ગુણવાન થવા માટે જ્યારે તપ એ મુખ્યત્વે કર્મક્ષય માટે કરવાનું હોય છે. આ ત્રણે ધર્મમાં ભાવ-અનિવાર્ય જરૂર હોવો જ જોઈએ. ભાવ એ સોનામાં સુગંધ જેવું કામ કરે છે.

અપેક્ષાએ તપનું આરાધન કરતાં છએ કાયના જીવોને અભયદાન અપાય છે. ઉત્તમ પ્રકારે શીલનું પાલન કરવાનો ચાન્સ મળે છે અને સદ્ભાવથી શરીર ઉપરની મમતા ત્યજી દેવાય છે. કહેવાનું તાત્પર્ય એજ કે, તપ ધર્મની સાથે બાકીના ત્રણે ધર્મનું સહેલાઈથી આ જીવ આરાધન કરી લે છે.

બીજી એક વાત સમજવા જેવી છે કે, ભ.ઋષભદેવ, પાર્શ્વનાથ, શાંતિનાથ કે મહાવીરસ્વામીને લક્ષમાં રાખી તપ કરાય છે. એટલું જ નહિં પણ કલ્યાણક તપ કે સહસ્ત્રકુટ જેવી મહાન તપસ્યા પણ અનેકાનેક તીર્થંકર ભ.ના નામસ્મરણથી યુક્ત થાય છે. જ્યારે વીશસ્થાનક તપ એક એવી આદર્શ ભાવનાથી કરવામાં આવે છે કે જેના ફળરૂપે *તીર્થંકર નામકર્મનો આત્મા બંધ કરી ધન્ય બને છે. પોતે તરે ને બીજાને તારવાનો માર્ગ આપી જાય.●

વીશ સ્થાનક એટલે જૂદા જૂદા ૨૦ પદનું આરાધન. આ દરેક પદ દ્વારા તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. એના માટે આરાધક જીવે ઘણી સાવધાની રાખવાની હોય છે. વર્તમાન તીર્થંકર ભગવાનનું આલંબન લઈ ભાવિમાટે એવું પરમોપકારી પદનું નિર્માણ આરાધક આત્મા કરે છે. સ્નાત્ર પૂજામાં કહ્યા પ્રમાણે જીવનમાં ઉત્તમ ભાવનો અનુભવ પણ કરે છે.✤

---

★ તિન્નાણં તારયાણં.

● વીશસ્થાનક વિધિએ તપકરી, એસી ભાવ દયા દીલમાં ધરી,
જો હોવે મુજશક્તિ ઈસી સવિજીવ કરું શાસનરસી.

✤ પોતાનું, કુટુંબનું અને જગતનું કલ્યાણ કરવાની ભાવના દ્વારા તીર્થંકર નામકર્મ મળે.
પોતાનું, અને કુટુંબનું કલ્યાણ કરવાની ભાવના દ્વારા ગણધરપણું મળે.
માત્ર પોતાનું જ કલ્યાણ કરવાની ભાવના દ્વારા સિદ્ધ થવાય છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષમાર્ગ રત્નત્રયીનો કહ્યો છે. તેના સહારે આત્મા પોતે તરે ને બીજાને તરવા માટેનું સાધન દર્શાવી જાય છે. તેથી આ પુસ્તકમાં ક્રમશઃ એ વીશ સ્થાનકની અનુકૂળતા પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. જો એ પદની પદમાં રહેલ ગંભીરતાની ઓળખ કલ્યાણમિત્રની દ્રષ્ટિએ થઈ જાય તો આરાધકનું કલ્યાણ અલ્પકાળમાં થઈ જાય. ઓળખ-પરિચય એ ખાણ છે, ખાણમાંથી જ રત્ન પ્રાપ્ત થાય છે.

ભ. ઋષભદેવના આત્માએ પૂર્વના વજ્રનાભ ચક્રીના ભવમાં વીશસ્થાનકનું આરાધન કરેલ. ભ. મહાવીર સ્વામીના આત્માએ ૨૫માં નંદનમુનિના ભવમાં, ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણની તપશ્ચર્યા કરી તીર્થંકર નામકર્મની નિકાચના કરેલી. ભ. સંભનાથ પ્રભુએ વિમલવાહન રાજાના ભવમાં ચતુર્વિધ શ્રી સંઘની ઉત્કૃષ્ટ ભાવથી વૈયાવચ્ચ અને જીવોને સમાધિ આપવાની પ્રવૃત્તિ દ્વારા તીર્થંકર નામકર્મ બાંધેલ. શ્રેણિક રાજાએ ભગવાન મહાવીર સ્વામીની તન-મન-ધનથી આરાધના કરી હતી. રાવણ-મંદોદરીએ અષ્ટાપદ તીર્થ ઉપર સંગીત નૃત્ય દ્વારા તન્મય થઈ ભક્તિ કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. આવા અનેકાનેક ભવ્યાત્માઓ વીશસ્થાનકનું એક યા અનેક પદનું આલંબન લઈ ધન્ય બન્યા હતા. જેણે ભગવાન (તીર્થંકર) થવું છે તેને ભાગ્યવાન થવા આરાધન કરવું જ પડશે. આરાધન-સાધન છે. તેથી સાધ્ય પ્રાપ્ત થઈ શકે છે.

વીશસ્થાનક પદનો આરાધક આત્મા ચૌદ ગુણસ્થાનકના પણ પગથિયાં ચઢતો જાય છે. પહેલા ગુણસ્થાનકથી જીવન શુદ્ધિનો આત્મકલ્યાણનો માર્ગ શોધે પછી ક્રમશઃ દેશવિરતિ-સર્વવિરતિ સુધી વેશભૂષા અને પરિણામોમાં પવિત્રતા નિર્માણ કરે પછી શરીર-વસ્ત્રાદિનું મમત્વ ત્યજી આત્મશુદ્ધિ માટે સમય અને શક્તિને વાપરે. પરમાંથી સ્વમાં ખોવાઈ જાય. નશ્વરતા-ક્ષણ ભંગુરતામાં રાચવાનું ભૂલી માનવમાંથી મહામાનવ, આત્મામાંથી પરમાત્મદશાનો અનુરાગી થઈ જાય. આ બધું સિદ્ધ કરવા શિલ્પીએ કુશળ થવું પડે, સારા સાધન વાપરવા પડે, મનના મંદિરમાં પ્રગતિના તોરણ બાંધવા પડે. ધનના ઉપાસક નહિં કલાના ઉપાસક બનવું પડે. સંસાર સમુદ્રને તરવો એ પણ કલા છે.

કદાચ આ જીવ તીર્થંકર નામકર્મનો અધિકારી આરાધના કરવા છતાં ન બને તો તારક તીર્થંકર પરમાત્માનો ઉપાસક-કૃપાપાત્ર તો અવશ્ય બને તેમાં શંકા નથી. તેના સહારે મોક્ષ પ્રાપ્તિનું સુખ તેનાથી દૂર નથી. જીવનમાં એ અપૂર્વ અવસર સર્વ જીવોને પ્રાપ્ત થાય એજ અંતરની અભિલાષા...

**વર્તમાન ચોવિશીના તીર્થંકર ભગવાને પૂર્વના ત્રીજા ભવે કરેલી વીશ સ્થાનકની આરાધના :**

| ક્રમ | ભગવાન | પૂર્વભવ | ગુરુનુંનામ | નિમિત્ત |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ | વજનાભ | વજસેન | વીશ સ્થાનક |
| ૨ | શ્રી અજિતનાથ | વિમલવાહન | અરિદમન | અરિહંતપદ |
| ૩ | શ્રી સંભવનાથ | વિપુલવાહન | સંભ્રાત | સાધર્મિક ભક્તિ |
| ૪ | શ્રી અભિનંદનસ્વામી | મહાબલ | વિમલવાહન | અરિહંત વિ |
| ૫ | શ્રી સુમતિનાથ | પુરુષસિંહ | વિનયનંદન | અરિહંત વિ |
| ૬ | શ્રી પદ્મપ્રભસ્વામી | અપરાજિત | પિહિતાશ્રવ | અરિહંત વિ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | નંદીષેણ | અરિદમન | અરિહંત વિ |
| ૮ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | પદ્મરાજા | યુગંધર | અરિહંત વિ |
| ૯ | શ્રી સુવિધિનાથ | મહાપદ્મરાજા | જગદાનંદ | અરિહંત વિ |
| ૧૦ | શ્રી શીતલનાથ | પદ્મોત્તરરાજા | અસ્તાઘ | કેટલાક સ્થાનક |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | નલિનીગુલ્મ | વજદત્ત | અરિહંત |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય | પદ્મોત્તર | વજનાભ | અરિહંત |
| ૧૩ | શ્રી વિમલનાથ | પદ્મસેન | સર્વગુપ્ત | અરિહંત |
| ૧૪ | શ્રી અનંતનાથ | પદ્મરથ | ચિત્રરથ | અરિહંત |
| ૧૫ | શ્રી ધર્મનાથ | દ્રઢરથ | વિમલવાહન | અરિહંત |
| ૧૬ | શ્રી શાંતિનાથ | મેઘરથ રાજા | ધનરથ | ૨૦ સ્થાનક |
| ૧૭ | શ્રી કુંથુનાથ | સિંહાવહ | સંવરાચાર્ય | અરિહંત વિ. |
| ૧૮ | શ્રી અરનાથ | ધનપતિ | સાધુસંવર | અરિહંત વિ. |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | મહાબલ | વરધર્મ | અરિહંત |
| ૨૦ | શ્રી મુનિસુવ્રતસ્વામી | સુરશ્રેષ્ઠ | સુનંદ | અરિહંત |
| ૨૧ | શ્રી નમિનાથ | સિદ્ધાર્થ | નંદ | કેટલાક સ્થાનક |
| ૨૨ | શ્રી નેમિનાથ | શંખરાજા | અતિશય | અરિહંત |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | સુવર્ણબાહુ | દામોદર | અરિહંત |
| ૨૪ | શ્રી મહાવીસ્વામી | નંદનમુનિ | પોટિલાચાર્ય | ૧,૮૦,૬૪૫ માસક્ષમણ |

અવસર્પીણીમાં નવું તીર્થંકર પદ બાંધનારા કુલ – ૩૮ પુણ્યાત્મા થયા છે, તેમાં ભગવાન મહાવીર પ્રભુના શાસનમાં ૧. શ્રેણિક, ૨. સુપાર્શ્વ, ૩. પોટ્ટીલ, ૪. ઉદાઈ, ૫. દ્રઢાયુ, ૬. શંખ, ૭. શતક, ૮. સુલસા, ૯. રેવતિએ તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

## અનાગત ચોવિશીના તીર્થંકર ઉત્સર્પિણીકાળમાં થશે.*

| ક્રમ | નામ | પૂર્વભવનો જીવ | હાલ ક્યાં છે ? |
|---|---|---|---|
| ૧ | શ્રી પદ્મનાભ | શ્રેણિકરાજા | પહેલી નરક |
| ૨ | શ્રી સુરદેવ | સુપાર્શ્વ (વીરપ્રભુના કાકા) | બીજા દેવલોકમાં |
| ૩ | શ્રી સુપાર્શ્વ | ઉદાઈ (કોણિકપુત્ર) | ત્રીજા દેવલોકમાં |
| ૪ | શ્રી સ્વયંપ્રભ | પોટ્ટીલ શ્રાવક | ચોથા દેવલોકમાં |
| ૫ | શ્રી સર્વાનુભૂતિ | દ્રઢકેતુ (દ્રઢાયુ) | બીજા દેવલોકમાં |
| ૬ | શ્રી દેવશ્રુત | કીર્તિ (કાર્તિકનો જીવ) | પહેલાં દેવલોકમાં |
| ૭ | શ્રી ઉદયપ્રભ | શંખ શ્રાવક | બારમાં દેવલોકમાં |
| ૮ | શ્રી પેઢાલ | આનંદ શ્રાવક | પહેલાં દેવલોકમાં |
| ૯ | શ્રી પોટ્ટીલ | સુનંદા શ્રાવિકા | પાંચમાં દેવલોકમાં |
| ૧૦ | શ્રી શતકીર્તિ | શતક શ્રાવક | આઠમાં દેવલોકમાં |
| ૧૧ | શ્રી મુનિસુવ્રત | દેવકી (કૃષ્ણની માતા) | આઠમાં દેવલોકમાં |
| ૧૨ | શ્રી અમમ | શ્રીકૃષ્ણ | ત્રીજી નરકે |
| ૧૩ | શ્રી નિષ્કષાય | સત્યકી વિદ્યાધર | પાંચમાં દેવલોકમાં |
| ૧૪ | શ્રી નિષ્પુલાક | બળદેવ (કૃષ્ણનો ભાઈ) | ૫ (૬) દેવલોકમાં |
| ૧૫ | શ્રી નિર્મમ | સુલસા શ્રાવિકા | પાંચમાં દેવલોકમાં |
| ૧૬ | શ્રી ચિત્રગુપ્ત | રોહિણી (બળદેવમાતા) | બીજા દેવલોકમાં |
| ૧૭ | શ્રી સમાધિ | રેવતિ શ્રાવિકા | બારમાં દેવલોકમાં |
| ૧૮ | શ્રી સંવર | શતાલી | ૮ (૧૨) દેવલોકમાં |
| ૧૯ | શ્રી યશોધર | દ્વૈપાયન ઋષિ | અગ્નિકુમાર દેવ |
| ૨૦ | શ્રી વિજય | કુણિક (કર્ક) | બારમાં દેવલોકમાં |
| ૨૧ | શ્રી મલ્લજિન | નારદ | પાંચમાં દેવલોકમાં |
| ૨૨ | શ્રી દેવજિન | અંબડ તાપસ | બારમાં દેવલોકમાં |
| ૨૩ | શ્રી અનંતવીર્ય | અમર | નવમાં ગ્રૈવેયકે |
| ૨૪ | શ્રી ભદ્રજિન | સ્વાતિબુદ્ધ | સર્વાર્થસિદ્ધ |

★ આ નામોમાં કદાચ મત–મતાંતર હોઈ શકે છે.

★ ઘણાં ખરા પુણ્યાત્માઓએ ભ.નેમનાથ, ભ.પાર્શ્વનાથ, ભ.મહાવીર સ્વામીના શાસનમાં તીર્થંકર નામકર્મની નિકાચના કરી હતી.

## વીશસ્થાનક તપનો અનુક્રમ તથા અનુક્રમણિકા

| ક્રમ | પદ | આરાધક | વર્ણ | મંત્ર (૨૦ માળા) | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | અરિહંત | દેવપાલ રાજા | શ્વેત | ૐ હ્રીં નમો અરિહંતાણં | ૧ |
| ૨ | સિદ્ધ | હસ્તીપાલ રાજા | લાલ | ૐ હ્રીં નમો સિદ્ધાણં | ૧૩ |
| ૩ | પ્રવચન | જિનદત્ત નૃપ | શ્વેત | ૐ હ્રીં નમો પવયણસ્સ | ૨૧ |
| ૪ | આચાર્ય | પુરુષોત્તમ રાજા | પીળો | ૐ હ્રીં નમો આયરિયાણં | ૨૮ |
| ૫ | સ્થવિર | પદ્મોતર રાજા | શ્યામ | ૐ હ્રીં નમો થેરાણં | ૩૭ |
| ૬ | ઉપાધ્યાય | માહેન્દ્રપાલ રાજા | નીલો | ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં | ૪૪ |
| ૭ | સાધુ | વીરભદ્ર | કાળો | ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં | ૫૨ |
| ૮ | જ્ઞાન | જયંત ભૂપ | શ્વેત | ૐ હ્રીં નમો નાણસ્સ | ૬૨ |
| ૯ | દર્શન | હરિવિક્રમ | શ્વેત | ૐ હ્રીં નમો દંસણસ્સ | ૭૧ |
| ૧૦ | વિનય | ધન્નાશેઠ | શ્વેત | ૐ હ્રીં નમો વિનયસંપન્નસ્સ | ૮૧ |
| ૧૧ | ચારિત્ર | અરૂણદેવ | શ્વેત | ૐ હ્રીં નમો ચારિત્તસ્સ | ૮૮ |
| ૧૨ | બ્રહ્મચર્ય | ચંદ્રવર્મા | શ્વેત | ૐ હ્રીં નમો બંભવયધારિણં | ૯૭ |
| ૧૩ | ક્રિયા | હરિવાહનમુનિ | શ્વેત | ૐ હ્રીં નમો કિરિયાણં | ૧૦૭ |
| ૧૪ | તપ | કનકકેતુ | શ્વેત | ૐ હ્રીં નમો તવસ્સ | ૧૧૭ |
| ૧૫ | ● ગોયમ | હરિવાહનરાજા | શ્વેત | ૐ હ્રીં નમો ગોયમસ્સ | ૧૨૮ |
| ૧૬ | જિનપદ | જિમતકેતુ | શ્વેત | ૐ હ્રીં નમો જિણાણં | ૧૩૬ |
| ૧૭ | ● સંયમ | પુરંદરમુનિ | શ્વેત | ૐ હ્રીં નમો સંયમસ્સ | ૧૪૨ |
| ૧૮ | અભિનવજ્ઞાન | સાગરચંદ્ર | શ્વેત | ૐ હ્રીં નમો અભિનવનાણસ્સ | ૧૪૮ |
| ૧૯ | શ્રુતતપ | રત્નચૂડ | શ્વેત | ૐ હ્રીં નમો સુયસ્સ | ૧૫૪ |
| ૨૦ | * તીર્થ | મેરુપ્રભ | શ્વેત | ૐ હ્રીં નમો તિત્થસ્સ | ૧૬૦ |

● ગોયમ પદનું આરાધન છઠ્ઠ તપથી કરવામાં આવે છે.

● સંયમ પદનું આરાધન પૌષધોપવાસ દ્વારા કરવામાં આવે છે.

★ તીર્થ પદનું આરાધન બને તો એક તીર્થની યાત્રા સહિત કરવું.

१

# શ્રી અરિહંત પદ

નામાકૃતિ દ્રવ્ય ભાવૈઃ પુનતસ્ત્રિ જગજ્જનમ્ ।
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે ।।

અરિહંતના ધ્યાને અરિહંત બની જશો,
જિનની ભક્તિ કરતાં જિન બની જશો.

દુહા

શ્રી શંખેશ્વર પાસજી, સકલ જંતુ હિતકાર;
પ્રણામી પદયુગ તેહનાં, સ્તવન પૂજા રચું સાર. ૧

બહુવિધ તપ જપ દાખિયા, લોક લોકોત્તર સત્થ;
વીશસ્થાનક સમ કો નહિ, સદગુરુ વદે પસત્થ. ૨

અરિહંતાદિક પદતણું, કારણ એ તપ સત્ય;
ત્રિકયોગે પ્રભુ પૂજીએ, ભાવશું જેહવી શક્તિ. ૩

નિર્મલ પીઠ ત્રિકોપરિ, સ્થાપી જિનવર વીશઃ
પૂજોપકરણ મેલવી, પૂજીયે વિશ્વાવીશ. ૪

એક એક પદ વર્ણન કરી, પૂજા પંચ પ્રકાર;
અડવિધ એકવીશ જાણિયે, સેવો સત્તર ઉદાર. ૫

સજલ કલશ અડ જાતિના, જિનઆણા શિર ધાર;
પૂજે સ્થાનક વીશને, તસ નહિ દુરિત પ્રચાર. ૬

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યોઈએ, નમો નમો શ્રી જિનભાણ. ૭

**દુહાઓનો અર્થ :**

સર્વજીવોનું હિત કરનારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ચરણયુગલને વંદન કરીને વીશસ્થાનકની સ્તવનારૂપ પૂજા રચું છું. ૧

લૌકિક અને લોકોત્તર શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં તપ-જપ બતાવેલાં છે, પરંતુ તે સર્વમાં વીશસ્થાનકના તપ સમાન બીજો કોઈ પ્રશસ્ત તપ નથી એમ સદ્‌ગુરુ કહે છે. ૨

અરિહંતાદિક પદની પ્રાપ્તિનું એ તપ સાચું કારણ છે, તેથી મન-વચન-કાયાથી ભાવપૂર્વક પોતપોતાની શક્તિ પ્રમાણે એ તપ કરવો અને પરમાત્માની પૂજા-ભક્તિ કરવી. ૩

નિર્મળ એવા ત્રણ પીઠ (પાટલા)નું ઉપરા ઉપર સ્થાપન કરીને તેની ઉપર વીશ તીર્થંકરના બિંબનું સ્થાપન કરીએ અને પછી પૂજાના તમામ ઉપકરણો ભેગા કરી પૂરેપૂરી રીતે તેમની પૂજા કરીએ. ૪

વીશસ્થાનકમાંથી એકેક પદનું સારી રીતે વર્ણન કરી, પછી તેની પાંચ પ્રકારે, આઠ પ્રકારે, એકવીશ પ્રકારે અને સત્તર પ્રકારે ઉદારપણે પૂજા કરીએ. ૫

પરમાત્માની આજ્ઞાને મસ્તકે ધારણ કરીને પ્રથમ આઠ જાતિના કળશો નિર્મળ જળથી ભરીએ અને પછી ક્રમસર વીશે સ્થાનકને પૂજીએ. જે એ પ્રમાણે પૂજા કરે છે તેના દુરિત-પાપનો પ્રચાર થઈ શકતો નથી અર્થાત્ તેના પાપનો નાશ થાય છે. ૬

શ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિમાં ભગવાન અરિહંત પરમેશ્વર મુખ્ય છે. તેને નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવરૂપ ચારે નિક્ષેપોવડે ધ્યાઈએ અને જિનેશ્વરરૂપ સૂર્યને વારંવાર નમસ્કાર કરીએ. ૭

### ઢાળ

(આદિજિણંદ મયા કરે – એ દેશી)

**શ્રી અરિહંતપદ ધ્યાઈએ, ચોત્રીશ અતિશયવંતા રે;**
**પાંત્રીશ વાણીગુણે ભર્યા, બાર, ગુણે ગુણવંતા રે. શ્રી૦ ૧**
**અડહિય સહસ લક્ષણ દેહે, ઈંદ્ર અસંખ્ય કરે સેવા રે;**
**ત્રિહું કાળના જિન વાંદવા, દેવ પંચમ મહાદેવા રે. શ્રી૦ ૨**
**પંચ કલ્યાણક વાસરે, ત્રિભુવન થાય ઉદ્યોત રે;**
**દોષ અઢાર રહિત પ્રભુ, તરણતારણ જગ પોત રે. શ્રી૦ ૩**
**ષટ્કાય ગોકુળ પાળવા, મહાગોપ કહેવાય રે;**
**દયાપડહ વજડાવવા, મહામાહણ જગતાય રે. શ્રી૦ ૪**
**ભવોદધિ પાર પમાડતા, ચોથો વર્ગ દેખાવે રે;**
**ભાવનિર્યામક ભાવિયા, મહાસત્થવાહ સોહાવે રે. શ્રી૦ ૫**
**અસંખ્ય પ્રદેશ નિર્મળ થયા, છતી પર્યાય અનંતા રે;**
**નવનવા જ્ઞેયની વર્ત્તના, અનંત અનંતી જાણંતા રે. શ્રી૦ ૬**
**પિંડ પદસ્થ રૂપસ્થમાં, દ્રવ્ય-ગુણ-પર્યાયે ધ્યાય રે;**
**દેવપાળાદિ સુખી થયા, સૌભાગ્યલક્ષ્મીપદ પાયા રે. શ્રી૦ ૭**

**ઢાળનો અર્થ :**

શ્રી અરિહંતપદનું ધ્યાન કરીએ, જે અરિહંતો ચોત્રીશ અતિશયવાળા છે, પાંત્રીશ વાણીના ગુણવાળા છે અને બાર ગુણોએ ગુણવંત છે. ૧

જેમના શરીરે ૧૦૦૮ ઉત્તમ લક્ષણો છે; અસંખ્ય ઈંદ્રો જેમની સેવા કરે છે; ત્રણ કાળના-થયેલા, થવાના અને વિચરતા પ્રભુને હું વંદન કરું છું. જેઓ પંચમ મહાદેવ-દેવાધિદેવ છે. ૨★

જેમના પાંચ કલ્યાણક વખતે ચૌદે રાજલોકમાં સર્વત્ર ઉદ્યોત થાય છે, જે પ્રભુ અઢાર દોષોથી રહિત છે અને તરણતારણ હોવાથી જગતમાં વહાણ સમાન છે. ૩

છ કાય જીવોરૂપ ગોકુલ-જીવસમૂહને પાળનાર હોવાથી જે **મહાગોપ** કહેવાય છે અને જે જગતાત દયાનો પડહ વજડાવનાર હોવાથી **મહામાહણ** કહેવાય છે. ૪

સંસારસમુદ્રનો પાર પમાડનાર હોવાથી જે **ભાવનિર્યામક** કહેવાય છે અને જગતના જીવોને મોક્ષમાર્ગે લઈ જતા હોવાથી **મહાસાર્થવાહ** કહેવાય છે. ૫

જેમના અસંખ્ય આત્મપ્રદેશો નિર્મળ થયા છે. વળી નવ નવા જ્ઞેયની અનંતી વર્ત્તનાને જાણનાર હોવાથી જેમના પ્રગટ થયેલા અનંત પર્યાયો કહેવાય છે. ૬

એવા અરિહંત પરમાત્માનું પિંડસ્થ, પદસ્ત અને રૂપસ્થ પણે દ્રવ્ય-ગુણ-પર્યાયે કરી ધ્યાન કરવાથી દેવપાળ વગેરે સુખી થયા છે અને સૌભાગ્યલક્ષ્મીપદ-મોક્ષપદને પામ્યા છે. ૭

★ અરિહંતને સદામોરી વંદના.

**વિવરણ :**

દરેક કાળ અને ક્ષેત્રમાં અરિહંત પરમાત્માની બાબતમાં નામ-આકૃતિ (સ્થાપના) દ્રવ્ય અને ભાવથી એ પુરુષોત્તમનું નામસ્મરણ થાય છે, કરાય છે. એવા અનંતાનંત ઉપકારી અરિહંત પરમાત્માને હું (અમે) ભાવથી નમસ્કાર કરું છું. (કરીએ છીએ.)

અરિહંત પરમાત્માના જીવનને નજર સામે રાખીશું તો તેઓનું ટૂંકમાં વર્ણન કરવું સમજાવવું ઘણું અઘરું છે. ચોત્રીશ અતિશયથી યુક્ત એ પ્રભુ જેમ જેમ કર્મક્ષય

★ (૧) ચક્રવર્તી-રાજા-મહારાજાદિ નરદેવ (૨) દેવગતિમાં જવાને યોગ્ય કર્મ જેમણે ઉપાર્જન કર્યું છે તેવા સદાચરણીય મનુષ્યો **દ્રવ્યદેવ**. (૩) દેવગતિને પ્રાપ્ત થયેલા **જીવો ભાવદેવ**. (૪) જેઓ વર્તમાનકાળે ધર્મને આચરી રહ્યા છે અને યોગ્ય આત્માઓને ધર્મમાર્ગે **વાળી રહ્યા** છે તેઓ **ધર્મદેવ** અને (૫) જેમનામાં સ્તુતિ કરવાને યોગ્ય સમગ્ર **ઐશ્વર્યાદિ તમામ વસ્તુઓ** રહેલી છે તે પાંચમાં **મહાદેવ-દેવાધિદેવ**.

કરતાં જાય તેમ તેમ આ અતિશયો તેઓના મહિમા-પ્રભાવને પૂર્ણતાનો અનુભવ કરાવે.● જ્ઞાનની બાબતમાં પણ એ આત્મા પૂર્વ જન્મથી મતિ-શ્રુત-અવધિ એ ત્રણજ્ઞાન લઈ આવે. દીક્ષા-સંયમ લે ત્યારે ચોથું મનઃ પર્યવજ્ઞાન પ્રાપ્ત કરે અને ઘાતી કર્મનો ક્ષય થતાં પાંચમાં પૂર્ણ એવા કેવળજ્ઞાનના સ્વામી બને. આ જ્ઞાનના કારણે તેઓને ત્રણે કાળનું ચરાચર પદાર્થોનું અંજલિવત્ જ્ઞાન હોય. સંસારમાં હવે કોઈ પણ વિષય તેઓથી અજ્ઞાત નથી. માત્ર ઉપદેશધારા-પ્રરૂપણામાં આત્મ કલ્યાણનો જ માર્ગ દર્શાવે. જે જ્ઞાન આપવાથી પાપનો બંધ ઓછો થાય એજ મુખ્ય લક્ષ હોય. ટૂકમાં આરંભ સમારંભ કે પાપનું અનુમોદન કરનાર જ્ઞાન ન બતાડે.

અરિહંત પરમાત્મા જ્યારે પૂર્વનું દેવગતિનું આયુષ્ય ભોગવી-પૂર્ણ કરી માતાની પવિત્ર કુક્ષીએ પધારે તે અવસરે અવતરનાર આત્મા પુણ્યવાન, ભાગ્યવાન છે તેની અનુભૂતિ રૂપે માતા ગંભીર અર્થ સૂચક ૧૪ સ્વપ્ન રાત્રીના ત્રીજા પ્રહરે સ્પષ્ટ રીતે જૂએ અને તેનો સ્વપ્ન પાઠક દ્વારા ફળાદેશ જાણી રાજા-પ્રજા આનંદનો અનુભવ કરે. નારકીના જીવો પણ અલ્પ સમય માટે સુખનો અનુભવ કરે.

સર્વ સામાન્ય રીતે સંસારી આત્મા પુત્રના જન્મને 'જન્મ' કહે છે. જ્યારે આ તીર્થંકરનો આત્મા હોવાથી તેને 'જન્મ કલ્યાણક' કહેવાય છે. આવા કલ્યાણકારી પ્રસંગો તીર્થંકરના આત્માના ✚પાંચ હોય છે. ચાર પ્રસંગો ઉપર પૃથ્વી પરના જ નહિં પણ દેવગતિના દેવો પણ વિપુલ સંખ્યામાં ભાગ લઈ પ્રભુની ભક્તિ કરી ધન્ય બને.

તીર્થંકર પરમાત્માની મહાગોપ-મહામાહન-મહાનિર્યામક અને મહાસાર્થવાહ એ ચાર વિશેષણોથી સ્તુતિ કરાય છે. અરિહંતના જે ૧૨ ગુણ શાસ્ત્રોમાં દર્શાવ્યા છે. તેમાં અષ્ટ પ્રાતિહાર્ય અને જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય તથા અપાયા પગમાતિશય પણ તેઓના મહિમાને વધારનારા છે. ઈન્દ્ર મહારાજા તો ચ્યવન કલ્યાણકના અવસરે ઈન્દ્ર સભામાં જ શક્રસ્તવ (નમુત્થુણં) શાશ્વત સૂત્ર દ્વારા ૩૬ બોલ (વિશેષણો)થી પ્રભુના આગમનને વધાવી સ્તવના કરતા હોય છે. આ ૩૬ બોલ તીર્થંકરના આત્માનો વિશિષ્ટ પ્રકારનો પરિચય કરાવે છે. જેના મનન-ચિંતન-નિદિધ્યાસનથી હળુકર્મી આત્મા તીર્થંકરના અનુરાગી થાય છે. આ રીતે ગુણનું કિર્તન-સ્તવન કરી ભવી આત્મા ભવ્યત્વપણાને પામે છે.★ ભક્તિ યોગ દ્વારા દર્શન શુદ્ધિ કરે છે.

---

● ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવનાકીધ,
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા સમવાયાંગે પ્રસિદ્ધ.

✚ ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ (નિર્વાણ)

★ પૂ. હરિભદ્રસૂરિ મ. લલિતવિસ્તરા ગ્રંથના સહારે નમુત્થુણંના સૂક્ષ્માર્થ જાણી સંયમી બન્યા.

તીર્થંકરનો આત્મા જ્યાં સુધી સમકિત કે તીર્થંકર નામકર્મની નિકાચના ન કરે ત્યાં સુધી આપણા જેવો જ હોય તેમ કહીશું તો ખોટું નથી. પણ જ્યારે એ બોધિબીજ-સમકિત-સમ્યક્ત્વને પ્રાપ્ત કરે ત્યાર પછી પ્રગતિના પંથે વિચરે. તીર્થંકર પદની નિકાચનાના અવસરે તો સરાગ સંયમ આચરે અને જીવમાત્રને શાસનના અનુરાગી બનાવું તેવી ભાવદયાને હૃદયમંદિરમાં સ્થાપે. આઠ કર્મના બંધથી બને તેટલો અલિપ્ત રહે. *ચતુર્ગતિમાં જો ભ્રમણ કરવું પડે તો ચારે ગતિઓમાં ઉચ્ચગતિ-જાતિ-યોનીમાંજ જન્મે. આ છે એ પરમાત્મ દશાને પામનારા આત્માની અનુમોદનીય કથા.

સમકિત એટલે સુદેવ-ગુરુ-ધર્મ ઉપર અટલ શ્રદ્ધા. સુદેવ-ગુરુ-ધર્મને હૃદય મંદિરમાં પધરાવવા જેટલા ઉત્તમ છે, તેથી વધારે ગુરુના હૃદયમાં સ્થાન પામવું દુષ્કર છે. બીજા શબ્દોમાં દેહ અને આત્માના ભેદજ્ઞાનને સમકિત કહેવું યોગ્ય છે. પરમાં સ્વની સમજ એ મિથ્યાત્વ અને સ્વમાં સ્વબુદ્ધિ એ સમકિત.

આ સંસારમાં ભટકતા જીવો સંસારીઓનું શરણું લેવા લલચાય છે. પણ સ્વાર્થથી ભરેલા સંબંધિઓનું શરણું ઘણું જ નાજુક કાચના વાસણ જેવું હોય છે. ક્યારે એ તૂટી જાય, છૂટી જાય, વિમુખ થઈ જાય તેનો ભરોસો નહિં. જ્યારે અરિહંત પરમાત્માનું શરણું અખંડ અવિનાશી છે. જે જે આત્માઓએ અરિહંતનું શરણું લીધું છે. તેનો ભવ● નિસ્તાર થયો સમજવો.

**અરિહંતનું શરણું સમ્યગ્ જ્ઞાનની વૃધ્ધિ કરાવે,**
**સિદ્ધનું શરણું સમ્યગ્ દર્શનના સહારે જન્મમરણ કાપે,**
**સાધુનું શરણું સમ્યગ્ ચારિત્ર દ્વારા પાપથી બચાવે,**
**ધર્મનું શરણું સમ્યગ્ તપનાં કારણે કર્મ રહિત કરે.**

**દા.ત.** પહેલા દેવલોકનો દેવ અવધિજ્ઞાનથી પોતાનાથી વધુ ઋદ્ધિ-સિદ્ધિવાળા બીજા દેવલોકના ઈન્દ્રને જૂએ છે. આ વાત જાણી ઈર્ષાથી એ દેવને અપમાનીત કરવાની તેની ભાવના થઈ. તેથી પોતાની મર્યાદા ઓળંગી એ બીજા દેવલોકમાં ગયો. ત્યાં અયોગ્ય પ્રવૃત્તિ કરવા લાગ્યો. તેથી ઈન્દ્રે તેનો પડકાર કરી પોતાની પાસે રહેલ વજ્ર તેની ઉપર ફેક્યું. પરિણામે ડરીને એ દેવ ભાગીને બચવા માટે પ્રયત્ન કરે છે. પણ વજ્ર તેનો પીછો છોડતું નથી. અંતે બચવા માટે એ પ્રભુવીરનું શરણું લે છે. આ દેવને પ્રભુના શરણે જવાથી ઈન્દ્ર પોતાનું વજ્ર પાછું ખેંચી લે છે. આ છે તીર્થંકર-અરિહંતના શરણનો પ્રભાવ.

---

* ભ. મહાવીરે ૨૭ ભવમાં મનુષ્ય-૧૪, દેવ-૧૦, નરક-૨, તિર્યંચ-૧ એમ ચારેગતિમાં ભ્રમણ કર્યું હતું.

● છૂટકારો.

તીર્થંકર-અરિહંત પરમાત્માના જન્મ કલ્યાણક પછી તરત જ ૫૬ દિગ્કુમારી સૂતિકર્માદિ કરવા આવી જાય થોડી જ વારમાં પ્રભુને સૌધર્મ ઈન્દ્ર પંચરૂપ કરી, માતાની પાસે આજ્ઞા લઈ મેરુપર્વત પર લઈ જાય. ૬૪ ઈન્દ્ર પણ સપરિવાર પ્રભુનો જન્માભિષેક કરવા મેરુપર્વત ઉપર પહોંચી જાય. જો કે તેમાં નારી પ્રેર્યા, કુળ મર્યાદા, કુતુહલાદિના કારણો પણ છૂપાયેલા છે. છતાં ઉત્તમ દ્રવ્ય ઔષધિ-જળથી યુક્ત પ્રભુનો અભિષેક કરી પોતાના કર્મ મળને દૂર કરવા પ્રયત્ન કરે છે. ત્યાર પછી રાજા પણ જન્મોત્સવ પ્રજા સાથે મનાવે.

તીર્થંકરનો આત્મા 'સવિજીવકરું શાસન રસિ' એવી ભાવ દયાના સહારે સર્વોત્તમ એવાં વજ્રઋષભનારાચ સંઘયણ ને ભોગવનારા હોય છે. આ રીતે અતૂલ એવા બળના સ્વામી થવા છતાં એક ક્ષણ પણ અન્ય જીવોને ત્રિવિધે દુઃખ-પીડા આપવાની ભાવના કેળવતા ન હતા.✤ તેજ રીતે રાગ-દ્વેષને પૂર્ણપણે જીત્યા, વિજયી થયા હોવાથી તેઓ વીતરાગ તરીકે પ્રસિદ્ધિ-સિદ્ધિ પામ્યા. બીજી તરફ પોતાની સેવા કરનારા હજારો દેવો હાજરાહજૂર હતા છતાં અપરાધી જીવોને ઉપસર્ગ કરનારા જીવોને દંડ કરવાનું ઈચ્છ્યું નહિં.

તીર્થંકર પરમાત્માની બાલ્ય અવસ્થા પણ આદર્શ હોય. ભોગાવલી કર્મ ભોગવવાના બાકી હોય★ તો તે પણ માત-પિતાના આગ્રહથી લગ્ન કરે પણ તેમાં રાચે નહિં. સંસારમાં રહે પણ આનંદ માને નહિં. સત્વરે સર્વ વિરતિપણાને પ્રાપ્ત કરવાની ઝંખના રાખે. સંયમ લેવાના એક વર્ષ પૂર્વે નવલોકાંતિક દેવો આવી પ્રભુને સંયમ લેવાની, તીર્થ પ્રવર્ત્તાવવાની, વર્ષિદાન આપવાની વિનંતી કરે. તે અનુસાર પ્રભુ પણ એક વર્ષ સુધી સંવત્સરી દાન આપવાનું શરૂ કરે.

સંવત્સરી દાનમાં પ્રભુ રોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ૧ કરોડ ૮ લાખ સુવર્ણ મુદ્રાનું દાન કરે. સૌધર્મ ઈન્દ્ર પણ ભવ્યત્વની છાપ માટે અહોભાવથી અલ્પ દાનનો સ્વીકાર કરે. પ્રભુ દાન આપતાં શ્રમિત ન થાય તે માટે શક્તિનો સંચાર પણ કરે. દાન લેવા માટે આવેલો યાચક ભાગ્ય અનુસાર યાચના કરે તે માટે તથા અપાયેલ દાન ઓછું-વધુ ન થાય તે માટે ચમરેન્દ્ર-બલીન્દ્ર-ઈશાનેન્દ્ર ધ્યાન રાખે. નગરવાસીઓ દાન લેવા માટે આવે તેથી ઉદ્‌ઘોષણા પણ કરે. દાન લેનારને છ માસ સુધી આધિ-વ્યાધિ-ઉપાધિ સ્પર્શે નહિં. તેવું મહિમાવંત એ દાન હોય. કુબેરની આજ્ઞાથી તિર્યગ્ જાંભકદેવો નધણીયાતું ધન, છૂપાવેલું, દાટેલું વિગેરે શોધીને વર્ષિદાનમાં વાપરવા માટે લાવી રાજભંડારમાં ભરી દે.

---

✤ પાર્શ્વનાથ ભગવાને ૧૦ ભવ સુધીના ઉપસર્ગને, ભગવાન વીરે ૧૨॥ વર્ષ સુધીના ઉપસર્ગને સમભાવે સહ્યા હતા.

★ ભ. મલ્લિનાથ, ભ. નેમનાથ બાલ-બ્રહ્મચારી હતા.

તીર્થંકર પરમાત્મા દીન દુઃખીને સુખી કરવા માટે, અંતરાય દૂર કરવા માટે દાન લેવા આવનાર યાચકને ગણીને, તોલીને, માપીને કે તપાસી (ચકાસી)ને અપાય તેવું ધન આપતાં હોય છે. કોક જ હીનભાગી જીવ આવા અવસરે પ્રમાદ કરી દાન લેવા માટે જાય નહિં.● દાન આપી અરિહંત પરમાત્મા પોતાની ભાવદયાને ચરમ સીમા સુધી પહોંચાડે.

કાળક્રમે સંસારનો ત્યાગ કરી ચારિત્રધર્મનો સ્વીકાર કરી મનઃપર્યવજ્ઞાનના સ્વામી થયા પછી છદ્મસ્થ અવસ્થા સુધી પ્રાયઃ મૌન રહિ સાધના કરી ઘાતી કર્મનો ક્ષય કરી ભાવ તીર્થંકરપદના સ્વામી થયા. હવે સર્વપ્રથમ દેવતાઓએ સમવસરણની રચના કરી તેમાં પ્રભુજીને બેસી દેશના આપવા વિનંતી કરી.

સમવસરણ ત્રણ ગઢયુક્ત હોય છે. પ્રભુ તેમાં બેસી ચતુર્મુખે અર્થથી દેશના આપે છે. દેશના સાંભળવા ૧૨ પર્ષદા યથાયોગ્ય સ્થાને બિરાજે છે. તે પછી સર્વ પ્રથમ ભવ્ય જીવોને સંયમનું દાન આપે છે. સંયમી એવા એ આત્માઓ પ્રભુને પ્રદક્ષિણા આપી સર્વપ્રથમ 'કિં તત્ત્વ' એવો (ત્રણ વખત) પ્રશ્ન કરી સમ્યગ્જ્ઞાન દ્વારા સંસારનું સ્વરૂપ જાણવા પુરુષાર્થ કરે છે. પ્રભુ ત્રિપદી – 'ઉપ્પન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા' એ ત્રણ પદથી ૧. સંસારમાં દરેકવસ્તુ ઉત્પન્ન થાય છે. ૨. યોગ્યતા અનુસાર રહે છે અને ૩. છેલ્લે નાશ થાય છે, એવો જવાબ આપે છે. પ્રભુના શ્રી મુખે જવાબ સાંભળી ગણધરપદ પામેલા એ આત્માઓ દ્વાદશાંગીની રચના કરે છે. આ રીતે કેવળજ્ઞાન પછી પ્રથમ દેશનામાં જ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના તીર્થંકર ભગવાન કરે છે.

કરુણાળું એવા અરિહંત પરમાત્મા માલકોશ રાગમાં મધુરસ્વરે અર્ધમાગધી ભાષામાં દેશના આપે. જે સાંભળી ગણધરો સૂત્રસ્વરૂપે એ દેશનાનો સંગ્રહ કરે. જેનું બીજું નામ ૪૫ આગમ. આ શાસ્ત્રની ઉપર ત્યાર પછીના ગીતાર્થજ્ઞાની પુરુષોએ અવચૂરી-ટીકા-ચૂર્ણિ જેવા ગ્રંથો આગમની ગૂઢ વાણીને સમજાવવા લખ્યા. પ્રભુ જ્યારે દેશના આપે ત્યારે વાણીના ૩૫ ગુણથી યુક્ત હોય. તે કારણે શ્રવણ કરનારા જીવોમાં રાગ-દ્વેષ-પ્રમાદ-અરૂચી-આદિ દુષણો ન પ્રગટે. સદ્ભાવે પ્રભુ અમારા જેવા પામર આત્મા ઉપર ઉપકાર કરી દેશના આપે છે એવો પૂજ્યભાવ કેળવે.

વીશસ્થાનક તપની આરાધના પુણ્યોપાર્જન માટે નહિં પણ મુક્તિના શાશ્વત સુખના અધિકારી થવા માટે છે. આ જીવ મનુષ્યગતિમાં કે સર્વાથસિદ્ધ વિમાનમાં જન્મી કલ્પી ન શકાય તેવું ક્ષણીક સુખ એક વખત પ્રાપ્ત પણ કરી લે પરંતુ તેની પાછળ જન્મ પછી મરણની જેમ સુખ પછી દુઃખ નો ભોગવટો પણ કરવા તૈયાર થવું

● ભ. મહાવીર જ્યારે દાન આપતા હતા ત્યારે સોમ બ્રાહ્મણ દાન પ્રાપ્તિથી વંછીત રહ્યો.

પડે છે. જ્યારે અવિચળ-શાશ્વત-અનુપમ સુખ મુક્તિમાં જ અનંતકાળ સુધી ભોગવવા મળે છે. તેથી નશ્વર દેહ દ્વારા શાશ્વત સુખની પ્રાપ્તિ માટે ઉત્તમોત્તમ આરાધના જીવે કરવી જોઈએ. એવો ગૂઢ સંદેશ આ આરાધનાની પાછળ નવા આરાધકને પ્રાપ્ત થાય છે.

અરિહંતાદિ ૨૦ પદનો આરાધક આત્મા બીજા ભવે ઉચ્ચકુળ-ગોત્ર-ક્ષેત્રાદિમાં જન્મે, પૂર્વભવે જે મહત્વાકાંક્ષા તીર્થંકર નામકર્મ નિકાચનાની સેવી હતી, ભાવના ભાવી હતી તેના ફળરૂપે એ ઘનઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરવા ઉદ્યમ કરે. કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી આત્માના આઠ મુખ્ય ગુણોને પ્રગટાવી શાશ્વત સુખનો ભોક્તા બને. કદાચિત આરાધના કરતાં અરિહંત પદ-તીર્થંકર પદ પ્રાપ્ત કરવામાં કાંઈક ન્યૂનતા-કચાસ રહી જાય તો એ આત્મા ક્રમશઃ આઠે કર્મનો ક્ષય કરી મોક્ષ-અવશ્ય પામે. કરેલી આરાધના નિષ્ફળ જતી નથી.

અરિહંત પ્રભુ સમવસરણમાં જ્યારે બિરાજે ત્યારે જેમ દીક્ષા લેતાં પૂર્વે ''નમો સિદ્ધાણં'' પદનું ઉચ્ચારણ કરે તેમ સમવસરણમાં 'નમો તિથ્થસ્સ' પદનું ઉચ્ચારણ કરી જૂનાં-ચાલુ આવતાં તીર્થ (ચતુર્વિધ સંઘ)ની વંદના-સ્મરણ કરી નવા તીર્થની સ્થાપના કરે. ત્યાર બાદ પ્રસંગે પ્રસંગે ગામે ગામ વિચરી ધર્મદેશના આપે. પ્રભુ જ્યારે વિચરતા હોય ત્યારે દેવતાઓ પ્રભુના ચરણ નીચે ૯-૯ સુવર્ણકમળ મૂકી પ્રભુની ભક્તિ કરે. સાથો સાથ **જ્ઞાનાતિશય** – ત્રણે લોકના જ્ઞાતા. **પૂજાતિશય** – ત્રણે લોકમાં પૂજ્ય. **વચનાતિશય** – ૩૫ ગુણાથી યુક્ત સુમધુરવાણી (ઉપદેશધારા), **અપાયા પગમાતિશય** – તેઓ જ્યાં વિચરે ત્યાં ઈતિ ઉપદ્રવ ન થાય. તારક પ્રભુની વાણી દ્રવ્યાનુંયોગ-ગણિતાનુંયોગ-ચરણકરણાનુંયોગ અને કથાનુંયોગથી એટલે ચાર અનુયોગ સહિતની હોય છે. જેથી સામાન્ય જીવ પણ એ વાણીને સમજી-સ્વીકારી લે.

અંતે અરિહંત-તીર્થંકર નામકર્મની આરાધના આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને અને અંતિમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પૂર્વના ત્રીજા ભવે વીશસ્થાનકની આરાધના ઉત્તમ પ્રકારે કરી હતી. સંભવનાથ ભ. સાધર્મિક ભક્તિ અને ચતુર્વિધ સંઘની સેવા-સુશ્રુષા સહિત આરાધના કરેલ જ્યારે બાકીના તીર્થંકર પરમાત્માએ એક અથવા તેથી વધુ પદની એકાગ્રતાથી ઉપાસના કરી ધ્યેય સિદ્ધ કર્યું હતું. પરીક્ષામાં પાસ થવા કરતાં ૯૦-૯૨-૯૫% માર્ક મેળવવાનો વિદ્યાર્થી ઉદ્યમ કરે તેમ અહિં પણ તીર્થંકર નામકર્મની નિકાચના માટે સમજવું.

શ્રેણીકરાજા, રાવણ, શ્રીકૃષ્ણાદિ પુણ્યવાનોએ પણ આત્મકલ્યાણની બુદ્ધિ નજર સામે રાખી વિવિધ પ્રકારની સંસારી પ્રવૃત્તિથી ઘેરાયેલા હોવા છતાં સ્વ કલ્યાણ

જેનાથી થવાનું હોય તે વીશસ્થાનકાદિ પદનું આરાધન સંકલ્પપૂર્વક દ્રઢતાથી કરી મનુષ્ય જીવન સફળ કર્યું હતું.

આવું સ્વ-પર ઉપકારી અરિહંત-તીર્થંકર પ્રભુનું ચરિત્ર મનમાં વસી જાય, સમય અને શક્તિનો સદુપયોગ કરવાનું સૌને ગમી જાય એજ મંગળ કામના.

## અરિહંત પદની આરાધના :

અરિહંત પદની આરાધનામાં મુખ્યત્વે ૧૨ લોગસ્સ (કાઉસ્સગ્ગ), ૧૨ સ્વસ્તિક, ૧૨ ખમાસમણા અને ૨૦ નવકારવાળી ગણવાની હોય છે. આ ઉપરાંત ૨ પ્રતિક્રમણ, ૩ દેવવંદન અને •અરિહંત પ્રભુની અષ્ટપ્રકારી પૂજા આદિ કરવાની હોય છે.

કાઉસ્સગ્ગ કરતી વખતે અરિહંત ચેઈઆણં સૂત્રમાં કહ્યા પ્રમાણે – ૧. વંદન કરવાની ભાવનાથી, ૨. પૂજા-પૂજ્યભાવ પ્રગટ કરવાની ભાવનાથી, ૩-૪. સત્કાર અને સન્માન દ્વારા (અંગરચના દ્વારા) જીવન અર્પણ કરવાની અભિલાષાથી, ૫. બોધીબીજ-સમ્યકત્વની પ્રાપ્તિ અર્થે અને ૬. ઉપસર્ગ-ઉપદ્રવ રહિત આરાધના કરવાની ભાવના રાખવામાં આવે છે.

આ કાઉસ્સગ્ગ કરતી વખતે વિશેષ પ્રકારે શ્રદ્ધા, બુદ્ધિ, ધીરજ, ધારણા અને વૃદ્ધિવંત પરિણામો પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ કરવાથી અરિહંત-તીર્થંકર પરમાત્માના દર્શન-વંદનાદિમાં મન જોડાઈ જાય. ત્રિકાળ દર્શન, સ્વદ્રવ્યથી પૂજાઆદિ કરવા મન લલચાય. વીશ સ્થાનકમાં તીર્થંકર પદ એ પાયો છે. પાયો જો નબળો, શ્રદ્ધાવિહીન હોય તો ધારેલી પ્રગતિ ન થાય. ૨૦મું પદ તેથી જ 'તીર્થ' પદ આરાધવામાં આવે છે. કાઉસ્સગ્ગ શુદ્ધ કરવા ૧૨ આગાર અપવાદનો પણ સ્વીકાર કરાય છે.

સતી સુલસાને અંબડ પરિવ્રાજક દ્વારા પ્રભુ વીરે માત્ર ધર્મલાભનો સંદેશો કહેવડાવ્યો. તેમાં અંબડ પરિવ્રાજકે સુલસા શ્રાવિકાના અરિહંત-તીર્થંકર પ્રત્યેની ભાવની-શ્રદ્ધાની-સમર્પણની પરીક્ષા કરી. છેવટે જ્યારે એ સંદેશ સુલસા શ્રાવિકાએ સાંભળ્યો ત્યારે તેના રોમે રોમમાં આનંદ વ્યાપી ગયો. પ્રભુવીરની કરુણા-કૃપાથી એ ગદ્‌ગદ્ થઈ. પોતાનું જીવન ધન્ય બની ગયું તેવો અનુભવ કરવા લાગી. ફળ સ્વરૂપ શ્રદ્ધા-ભક્તિથી તીર્થંકર નામકર્મની નિકાચના કરી.

અરિહંત-તીર્થંકર પરમાત્માની અંગપૂજા-અગ્રપૂજા-ભાવપૂજા ભક્તના આઠે કર્મને નબળા બનાવે છે. શુભ અધ્યવસાય ધર્મધ્યાન-શુક્લધ્યાનની શ્રેણી તરફ લઈ જાય છે. તેથી ક્રિયા જો જ્ઞાનપૂર્વકની કરવામાં આવે તો તે સોનામાં સુગંધ ભળે તેમ મોક્ષ સુધી પહોંચાડી શકે છે.

---

• જે પ્રતિમાજી પરિકર સહિત હોય તેને અરિહંતની પ્રતિમા કહેવાય.

અરિહંત પદનું આરાધન કરતી વખતે પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીતની વિચારધારા આરાધકે કરવી જોઈએ. એટલું જ નહિં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ મન દ્વારા સ્પર્શવા, વિચારવા જોઈએ. જ્યાં સુધી અરિહંતમાં રહેલ સામર્થ્યની પૂર્ણપણે ઓળખ ન થાય ત્યાં સુધી અરિહંતનું આરાધન અરિહંત પદની પ્રાપ્તિ માટે લાયક ન બને. ગુણ-ગુણીના સંબંધે અરિહંત શબ્દનું નહિં પણ અરિહંત પદના સ્વામી સુધી દ્રષ્ટિ પહોંચાડવી જોઈએ. તો જ પૂજ્યની પૂજા કરતાં પૂજક પૂજ્ય થાય.

અર્હમ્ – એવો અક્ષર (મંત્ર) છે તે બ્રહ્મ સ્વરૂપ છે. પરમેષ્ઠીના વાચક છે. સિદ્ધચક્રજીનું બીજ છે. સર્વ રીતે ધ્યાન કરવા લાયક છે. અરિહંત-શ્વેત વર્ણધારી વાત્સલ્યના અનંત ઉપકારના ભંડાર સ્વરૂપ છે. એટલું જ નહિં પણ તીર્થંકર ભગવાનના લોહીનો વર્ણ પણ શ્વેત હોય છે. એક અરિહંતની આરાધનામાં અનંતા અરિહંતની આરાધના દ્વારા પુણ્ય છૂપાયેલ છે. અને એક અરિહંતની વિરાધનામાં અનંતા અરિહંતની વિરાધના દ્વારા પાપનો બંધ થાય છે. માટે અરિહંત પદનું આરાધન નિર્મળ બુદ્ધિથી કરવું જોઈએ.

જે દેવાધિદેવની આપણે આરાધના ૨૦ વખત તપ-જપ-ક્રિયાદિ દ્વારા કરીએ છીએ. તેઓના શરીર સંબંધીનો પરિચય કવિએ-પ્રથમ જિનેશ્વર પ્રણમીએ સ્તવનમાં તેમજ "નિરખ્યો નેમિજિણંદને" સ્તવનમાં વિહાર સંબંધિ ટૂંકા શબ્દમાં ઘણો ગાયો છે. 'ઈક્કોવિ નમુક્કારો'● એ પદ પણ તીર્થંકર-અરિહંત પરમાત્માને કરેલો એક ભાવપૂર્વકનો નમસ્કાર સંસાર સાગરથી પાર ઉતારવા સમર્થ છે, એમ કહ્યું છે.

## અરિહંતપદનો મહાન આરાધક – રાજા દેવપાલ :

ભગવાન અને ભાગ્યવાન શબ્દ અપેક્ષાએ ઘણા નજીક સંકળાયેલા કહી શકાય. ભગવાન થવા ભાગ્યવાન થવું જરૂરી છે અને ભાગ્યવાન જ ભગવાન થવાની કે નજીક જવાની ભાવના કેળવી શકે. ભક્તે-ભાગ્યવાને સર્વ પ્રથમ દાસત્વ ભાવ કેળવવો પડે. પછી તમે-અમે એક છીએ એ રીતે મિત્રત્વ ભાવનાને કેળવવી પડે. અને છેલ્લે સ્વામીત્વ-સોડહમ્ દૂર નથી. પ્રભુમય થવું અશક્ય નથી એમ સમજી લેવું.

દેવપાલના જીવનમાં પણ આજ ક્રમ આપણને જોવા મળશે. ચાલો એ નોકરમાંથી રાજા અને રાજામાંથી તીર્થંકર કેવી રીતે થયા તે ચરિત્ર અને સાધના ઉપરથી જોઈ લઈએ.

અચલપુર નામે નગરીમાં સિંહરથ રાજા રાજ્ય કરતો હતો તેને કનકમાલા ને શીલવતી નામે બે રાણી હતી. તેજ રીતે મનોરમા નામે પુત્રી હતી. નગરીમાં જિનદત્ત નામે નગરશ્રેષ્ઠને ત્યાં દેવપાલ નામે એક નીતિમાન નોકર નોકરી કરતો હતો.

---

● સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર.

એક દિવસ દેવપાલ ગાયોને ચરાવવા માટે જંગલ ગયો હતો. ત્યાં મુશળધાર વરસાદ પડવાથી જંગલની ભેખડો તૂટવા લાગી. અચાનક એક ભેખડમાં દેવપાલે ભગવાનની મૂર્તિ જોઈ. એ ઘણો ખુશી થયો એટલું જ નહિં પણ એ મૂર્તિને એક પર્ણકુટીમા પધરાવી તેની સમક્ષ રોજ દર્શન કર્યા પછી જ ભોજન કરવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી.

બનવા કાળ થોડા દિવસ પછી નગરીમાં સાત દિવસની વરસાદની હેલી પડી. ઘર બહાર જવું પણ મુશ્કેલ બન્યું તો પછી મૂર્તિના દર્શનની વાત જ ક્યાં ? આમ સાત દિવસ દેવપાલે ઉપવાસ કર્યા.

જે દિવસે વરસાદ અટક્યો તે દિવસે એ જંગલમાં ગયો. મૂર્તિને ફરીથી વ્યવસ્થિત બીરાજમાન કરી ભગવાનની ભાવથી પૂજા-સેવા-ધ્યાન-સ્તવના કરવા લાગ્યો. તે દરમ્યાન ચકેશ્વરી દેવી પ્રગટ થઈ. આકાશવાણી કરી કે, હે દેવપાલ ! તારી પ્રભુ ભક્તિથી હું ઘણી તારા ઉપર પ્રસન્ન થઈ છું. માટે જે કાંઈ જોઈએ તે માંગી લે. દેવનું દર્શન કોઈપણ દિવસ નિષ્ફળ જતું નથી.

દેવપાલ તો નિષ્કામ બુદ્ધિથી ખરા હૃદયથી પ્રભુ ભક્તિ કરતો હતો. તેથી મને કાંઈ પણ જોઈતું નથી, માંગવું નથી. વીતરાગ પ્રભુની અખંડ રોજ સેવા-ભક્તિ કરતો રહું એવા જ મને આશિષ આપો એમ ચકેશ્વરી દેવીને કહ્યું.

ચકેશ્વરી દેવી તો દેવપાલ ઉપર ખુબ પ્રસન્ન થએલાં. તેથી તું માગે કે ન માગે તેને મતલબ નથી. હું તને આ નગરીનો થોડા દિવસમાં રાજા થઈશ એવા આશિષ આપી અંર્તધ્યાન થઈ ગયા. દેવપાલ દેવીના આશીર્વાદથી ત્રણ દિવસમાં રાજા પણ થઈ ગયો અને નગરજનો પુણ્યની ને કર્મની કથા વિચારતા થઈ ગયા.

સામાન્ય માનવી રાજા થાય તે રાજ્યના કર્મચારી વર્ગને ન ગમ્યું. આજ સુધી જેના ઉપર આજ્ઞા–ઓર્ડર કરેલ તેવી વ્યક્તિને હાથ જોડવા, વિનય સાચવવો એ કેમ ગમે ?

મંત્રી, શેઠ, કર્મચારી દેવપાલની આજ્ઞા માનતા નથી તેથી દેવપાલ મુંઝાઈ ગયો. ચક્કેશ્વરી દેવી પાસે જઈ રાજા થયો પણ કોઈ આજ્ઞા માનતું નથી ચો શું કરું ? દેવીએ દેવપાલને લાકડાંનો હાથી બનાવી તેના ઉપર બેસી નગરીમાં ફરવાની આજ્ઞા કરી. દેવપાલે તેમ કર્યું તેથી લાકડાંનો હાથી દૈવી હાથી થઈ નગરીમાં ફર્યો. આ જોઈ રાજ્યના બધા કર્મચારી ઘબરાઈ ગયા. રાજાની ક્ષમા માગી, આજ્ઞા પ્રમાણે કામ કરવા લાગ્યા.

રાજા થયા પછી દેવપાલે નગરીમાં વિશાળ જિનમંદિર સ્થાપી દમસાર મુનિના શુભ હાથે પ્રતિષ્ઠા પણ કરાવી ધન્ય બન્યો. દેવપાલે પ્રભુની જે દિવસે પ્રતિમા પ્રાપ્ત

થઈ તે દિવસે દાસત્વ ભાવે ભક્તિ કરી. રાજા થયો ત્યારે મિત્રત્વ કે જીવનમાં સર્વ કાંઈ પ્રભુ છે, પ્રભુ સિવાય બીજું બધુ નકામું છે, એવી દ્રઢ માન્યતા માનવા લાગ્યો. અને ઉપકારી દમસાર મુનિની દેશના સાંભળી તારક-ઉદ્ધારક વીતરાગ દેવાધિદેવ જ છે. તેઓની અમીદ્રષ્ટિ-કૃપા-ઉપદેશ જ મને પરમપદ આપશે. સંસાર સમુદ્રથી તારશે એવા સમકિતના રંગે રંગાઈ ગયો.

આત્મા જેમ જેમ સમજદાર-જ્ઞાનવંત થાય છે તેમ તેમ તેની સાધના ઉત્તમોત્તમ પ્રકારની અનુમોદનીય બને છે. દેવપાલે પણ ૧. પિંડસ્થ, ૨. પદસ્થ, ૩. રૂપસ્થ, ૪. રુપાતીત પદ્ધતિએ નિરંજન નિરાકાર એવો દેવાધિદેવ વીતરાગ પ્રભુની આરાધના શરૂ કરી હૃદય મંદિરમાં અરિહંત પ્રભુની સ્થાપના કરી ધન્ય બન્યો હતો.

ટૂંકમાં કેવળી એવા મુનિના ઉપદેશ અનુસાર અરિહંત પ્રભુની મન-વચન-કાયાથી બાહ્ય રીતે પૂજા કરી અભ્યંતર રીતે જાપ-ધ્યાનાદિ દ્વારા સાધના-આરાધના કરી દેશવિરતિમાંથી સર્વવિરતિપણાને સ્વીકારી અરિહંત-તીર્થંકર નામકર્મના અધિકારી બની પરંપરાએ મોક્ષે જશે.

૨

# શ્રી સિદ્ધ પદ

### દુહો

ગુણ અનંત નિર્મળ થયા. સહજસ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૧

**દુહાનો અર્થ :**

જેઓનાં અનંત ગુણો નિર્મળ થયા છે, જેઓ સહજ સ્વરૂપની ઉજ્જવળતાને પામેલા છે, જેઓ આઠ કર્મરૂપ મળનો ક્ષય કરી સિદ્ધપદને પામ્યા છે, તેમને મારા નમસ્કાર થાઓ. ૧

### ઢાળ

(ગુણ રસિયા – એ દેશી)

**શ્રી સિદ્ધપદ આરાધિયે રે, ક્ષય કીધાં અડ કર્મ રે; શિવ વસિયા.**
**અરિહંતે પણ માનિયા રે, સાદિ અનંત સ્થિતિ શર્મ રે. શિવ. ૧**

**ગુણ એકત્રીશ પરમાતમા રે, તુરિયદશા આસ્વાદ રે;**
**એવંભૂતનયે સિદ્ધ થયા રે, ગુણગણનો આલ્હાદ રે. શિવ. ૨**

**સુરગણસુખ ત્રિહું કાળના રે, અનંતગુણાં તે કીધ રે;**
**અનંતવર્ગે વર્ગિત કર્યા રે, તો પણ સુખ સમીધ રે. શિવ. ૩**

**બંધ ઉદય ઉદીરણા રે, સત્તા કર્મ અભાવ રે;**
**ઉર્ધ્વગતિ કરે સિદ્ધજી રે, પૂર્વ પ્રયોગ સદ્ભાવ રે. શિવ. ૪**

**ગતિ પારિણામિક ભાવથી રે, બંધન છેદન યોગ રે;**
**અસંગક્રિયાબળે નિર્મળો રે, સિદ્ધગતિનો ઉદ્યોગ રે. શિવ. ૫**

**પએસંતર અણફરસતા રે, એક સમયમાં સિદ્ધ રે;**
**ચરમ ત્રિભાગ વિશેષથી રે, અવગાહન ઘન કીધ રે. શિવ. ૬**

**સિદ્ધશિલાની ઉપર રે, જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે;**
**હસ્તિપાળ પરે સેવતાં રે, સૌભાગ્યલક્ષ્મી પ્રકાશ રે. શિવ. ૭**

**ઢાળનો અર્થ :**

જેમને આઠેય કર્મોનો ક્ષય કર્યો છે અને જે શિવસ્થાનમાં વસેલા છે, તેવા

સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરીએ. અરિહંતે પણ જેમને પૂજ્યપણે માન્યા છે અને જેઓ સાદિ અનંતકાળ પર્યંત સુખના ભોગવનારા છે. ૧

એ સિદ્ધ પરમાત્મા ૩૧ ગુણવાળા છે અને જે ચોથી ઉજ્જાગર દશાનો આસ્વાદ લઈ રહ્યા છે, એવંભૂતનયથી સિદ્ધ થયા છે અને જેઓ ગુણના સમૂહના આલ્હાદમાં વર્ત્તે છે. ૨

સર્વ દેવતાઓના ત્રણે કાળના સુખો એકઠા કરીએ અને પછી તેને અનંતગુણા કરીએ, અનંત વર્ગે વર્ગિત કરીએ તોપણ તે સુખ સિદ્ધના સુખ પાસે અણુમાત્ર થાય છે. અર્થાત્ તે સુખ સિદ્ધના સુખ સમાન થઈ શકતું નથી. ૩

તેમના કર્મોનો બંધથી, ઉદયથી, ઉદીરણાથી અને સત્તાથી પૂર્ણપણે અભાવ થયેલો છે. તેઓ મોક્ષસ્થાને જતાં જે ઉર્ધ્વગતિ કરે છે તે પૂર્વ પ્રયોગને લઈને કરે છે. ૪

ગતિપરિણામ સ્વભાવ હોવાથી, કર્મરૂપી બંધનોનો છેદ થવાથી અને કર્મરહિત નિર્મળ થવાથી, અસંગક્રિયાના બળથી સિદ્ધિગતિમાં જનાર જીવોનો ઉર્ધ્વગમનનો ઉદ્યોગ હોય છે. ૫

સિદ્ધ થતા જીવો સમયાંતરને તેમ જ પ્રદેશાંતરને ફરસ્યા વિના સિદ્ધિસ્થાને પહોંચે છે અને ચરમ સમયે એક ત્રિભાગ ન્યૂન બે ત્રિભાગ ૨/૩ જેટલી ઘનરૂપ જીવ પ્રદેશોની અવગાહના થાય છે અને તે પ્રમાણે જ સિદ્ધિસ્થાનમાં ઉપજે છે. ૬

સિદ્ધશિલાની ઉપર રહેલા સિદ્ધો જ્યોતિમાં જ્યોતિ મળી જાય તેમ પૂર્વે તે સ્થાને રહેલા અનંતા સિદ્ધોની અવગાહનામાં મળી જાય છે. એવા સિદ્ધ પરમાત્માને હસ્તિપાળની જેમ સેવવાથી સૌભાગ્યલક્ષ્મીનો પકાશ પ્રાપ્ત થાય છે. ૭

**★ સુખ અનંતુ સિદ્ધમાં, ★ સિદ્ધ ભજો ભગવંત,**

**★ સિદ્ધા સિદ્ધિં મમ દિસતું**

**વિવરણ :**

ઘાતિ-અઘાતિ આઠે કર્મનો ક્ષય થયો છે. આત્માના અનંતગુણ નિર્મળસ્વરૂપે પ્રગટ થયા છે. એવા અજરામર પદને પામેલા સિદ્ધ પરમાત્માને અમે ભાવથી નમસ્કાર કરીએ છીએ.

જન્મ-મરણરૂપ સંસારમાં આ જીવ-અવ્યવહારરાશિમાં અનંતકાળથી દુઃખો સહન કરતો આવ્યો છે. સુક્ષ્મનિગોદ અને બાહર નિગોદમાં કલ્પી ન શકાય તેવા એક શરીર અનંતા જીવ. જન્મ કર્યા. યાવત્ એક પલકારામાં (સમય) ૧૭ ૧/૨ ભવ કરી પૂર્વ ભવે બાંધેલું કર્મ ભોગવ્યું. છતાં ચતુર્ગતિના ભ્રમણનો અંત ન આવ્યો.

પુણ્યના ઉદયે કાળચક્રના કારણે એક જીવે ભવભ્રમણ અટકાવવા ચોથા આરામાં જન્મ લઈ તીર્થંકર ભગવંતના શાસનમાં સિદ્ધગતિ તરફ ગમન કર્યું. બીજી તરફ એ સિદ્ધ થએલા જીવના ઉપકારના કારણે નિગોદનો અવ્યવહાર રાશિમાં દુ:ખનો અનુભવ કરતો એક જીવ વ્યવહાર રાશિમાં આવ્યો. આમ એક આત્મા શાશ્વત સુખનો ભોક્તા બન્યો જ્યારે બીજો આત્મા શાશ્વત સુખ પ્રાપ્ત કરવા પ્રવાસી બન્યો.

અરિહંત-તીર્થંકર પરમાત્મા પણ સિદ્ધ થએલા આત્માઓને પૂજ્ય માને છે. પૂર્વકાળમાં એવાજ તીર્થંકર પરમાત્માની નિશ્રામાં તેઓએ વીશસ્થાનકમાંથી એક કે અનેક પદનું ઉત્તમરીતે આરાધના કરી તીર્થંકર નામકર્મની નિકાચના કરી હતી. એના કારણે એ તીર્થંકર થયા છે.

સિદ્ધ આઠ ગુણથી અલંકૃત હોય છે. સિદ્ધ ગતિમાં જવા માટે ૧૪ માર્ગણાના ૬૨ ભેદમાંથી ૧૦ પ્રકારના ભેદ જેમના જીવનમાં હાજર હોય તેજ આત્મા સિદ્ધ ગતિને પામે. સિદ્ધ ગતિ ૧૪ રાજલોકના છેડે અઢી દ્વીપ પ્રમાણ સ્ફટીક રત્ન જેવી નિર્મળ સિદ્ધશીલાની ઉપર (મધ્યમાં ૧૦૦ યોજન ઉંચાઈ અને બન્ને છેડે અલ્પાતી અલ્પ જાડી) અલોકાકાશમાં સિદ્ધ થએલા જીવો શરીરના ત્રીજા ભાગે અરૂપી થઈ વસે છે. (ઉત્કૃષ્ટપણે ૩૩૩ ૧/૩ ધનુષ્ય અને જધન્યરૂપે ૧ હાથ ૮ અંગુલ પ્રમાણ અવગાહના)

સિદ્ધ ગતિને પ્રાપ્ત કરનાર જીવને નીચેના નિયમો લાગુ પડે છે.

૧. આઠ કર્મનો ક્ષય કરેલો હોવા જોઈએ.
૨. સર્વવિરતિવાન (દ્રવ્ય-ભવથી) હોવા જોઈએ.
૩. સિદ્ધ થવા માટે અઢી દ્વીપ પ્રમાણ ભૂમિ અને ચોથો આરો હોવો જોઈએ.
૪. ચારગતિમાંથી ફક્ત મનુષ્યગતિમાંથી જન્મ લીધેલ હોવો જોઈએ.
૫. સિદ્ધગતિનો અલ્પપરિચય નમુત્થુણં સૂત્રમાં એક ગાથામાં આપેલ છે.
૬. સિદ્ધગતિ પામેલ જીવ જ્યોતમાં જ્યોતની જેમ ભળી જાય.
૭. અભવિ નહિં પણ ભવિપણું જીવનમા હોવું જોઈએ.
૮. શુદ્ધ સમકિત આત્મા પામેલ હોવો જોઈએ.
૯. સિદ્ધગતિ પામનારો જીવ સંપૂર્ણ શરીરમાંથી સમશ્રેણિથી જાય.
૧૦. ૧૫ પ્રકારે જીવો સિદ્ધગતિ પ્રાપ્ત કરે.
૧૧. સિદ્ધગતિમાં જવા માટે ૧૫ કર્મભૂમિ જ ઉપયોગી થાય છે.
૧૨. અરિહંત સાકારદેવ જ્યારે સિદ્ધ નિરાકાર દેવ કહેવાય છે.

સિદ્ધગતિ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એમ તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં સૂત્રકારે કહ્યું છે. એનો અર્થ એજ કે, જે જીવ સમ્યગ્પૂર્વક રત્નત્રયીની આરાધના મન-વચન-કાયાની શુદ્ધિથી કરે તે શાશ્વત સુખને પામે. શાસ્ત્રોમાં મોક્ષ પ્રાપ્તિના ઉપાય તરીકે ટૂંકમાં નીચેના વિચાર આપ્યા છે.

૧. કર્મક્ષય માટે તીવ્રતપ કરવાથી.

૨. મોક્ષ-મુક્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા-ભાવનાં ભાવવાંથી.

૩. શુદ્ધ સિદ્ધાંત સાંભળવાથી.

૪. શુદ્ધ મને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાથી.

૫. પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરવાથી.

૬. છ કાયાના જીવોની દયા પાળવાથી.

૭. ભણેલા જ્ઞાનને વારંવાર યાદ કરવાથી.

૮. દેવ-ગુરુની પૂજા-ભક્તિ કરવાથી.

૯. ધર્મ ધ્યાનમાં સમય વાપરવાથી.

૧૦. ત્રણ યોગે ૯ કોટીના શુદ્ધ પચ્ચકખાણ સ્વીકારવાથી.

૧૧. વિષય-કષાયોના ત્યાગથી.

૧૨. ધર્મ જાગરણ કરવાથી વિગેરે.

સિદ્ધગતિના જીવો ૧. જાગૃતદશા, ૨. સ્વપ્નદશા, ૩. નિદ્રાદશા પૂર્ણ કરી ચોથી-ઉજાગર દશાનો આસ્વાદ (અનુભવ) લઈ રહ્યા છે. ઘાતી-અઘાતી ૮ કર્મનો ક્ષયકરી આત્માના જે ૮ મૂળ ગુણ ૧. અનંતજ્ઞાન ૨. અનંતદર્શન ૩. અવ્યાબાધ સુખ ૪. અનંતચારિત્ર ૫. અક્ષયસ્થિતિ ૬. અરૂપી પણું ૭. અગુરુ લઘુ અને ૮. અનંતવીર્યનો પણ સ્વાભાવિક આનંદ લુંટી રહ્યા છે. મોક્ષમાં ગયા પછી સદંતર લોક સાથેના સંબંધોનો ત્યાગ જ કરી દીધો એમ સમજવું. હવે એ જીવો ફરીથી ચૌદ રાજલોકમાં વસતા સંસારી જીવોના કાંઈક ચિંતા કરવાની નથી. કે ફરી સંસારમાં જન્મવાના નથી. ત્યાંના અનંત સુખનું વર્ણન કદાચ કોઈ કરવા બેસે તો મુખમાં હજાર જીભ હોય અને હૃદયમાં કેવળજ્ઞાન હોય તો પણ એ અશક્ય છે.

સામાન્ય પણે સંસારી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં ઋજુગતિ વક્રગતિથી જાય. જ્યારે મોક્ષમાં જનારો આત્મા ઉર્ધ્વગતિથી જાય. જ્યાં સુધી એ જીવ મનુષ્ય ગતિમાં હોય (છેલ્લો ભવ) ત્યારે તે નિરુપક્રમી (અનપર્વતનીય) આયુષ્ય ભોગવે. વર્ણ લાલ અને ગુણ ૮ હોય છે. જ્યારે સિદ્ધપદની આરાધના કરતો હોય ત્યારે જિનમંદિરમાં બને ત્યાં સુધી સિદ્ધની અવસ્થાવાળી પ્રતિમા સમક્ષ પૂજા-સેવા-આરાધના કરે તે યોગ્ય છે.

સિદ્ધના જીવો માટે જૂદા જૂદા શબ્દ-અર્થ સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં જોવા મળે છે.

૧. સિદ્ધ - કૃત્ય કૃત્ય થાય છે.

૨. બુદ્ધ - ત્રિકાળજ્ઞાની મહાપુરુષ, કેવળજ્ઞાની.

૩. પારગત - સંસારના પાર (છેડા)ને જેઓ પામેલા છે.

૪. પરંપરાગત - દર્શન-જ્ઞાન-ચારિત્રથી ક્રમશઃ મોક્ષ પામેલા.

૫. મુક્ત - કર્મથી મુક્ત.

૬. અજર - જરા-વૃદ્ધા અવસ્થાથી મુક્ત.

૭. અમર - મૃત્યુ પામવાના નથી તે શાશ્વત.

૮. અસંગ - ક્લેશાદિથી મૂકાયેલા.

પંચપરમેષ્ઠીમાં સિદ્ધપદ બીજું છે. વીશસ્થાનકમાં કે નવપદમાં પણ સિદ્ધપદ બીજું છે. પંચપરમેષ્ઠીમાં કહો કે નવપદ-૨૪ તીર્થંકર આદિ સ્થળે મુખ્ય પાંચ વર્ણ (રંગ) જોવા મળે છે. **શ્વેતવર્ણ** - વાત્સલ્ય શુભ ભાવનું પ્રતિક છે. **લાલવર્ણ** - વશીકરણ-સ્થંભન માટે કામ આવે છે. **પીળોવર્ણ** - સુવર્ણસાથે સંકલાયેલ છે. સ્થંભીત કરવામાં ઉપયોગી છે. **લીલોવર્ણ** - કલ્યાણ કામના માટે આશીર્વાદ રૂપ છે. જ્યારે **શ્યામવર્ણ** - શુદ્ધિકરણ માટે પ્રસિદ્ધ છે. જો કે આ પાંચ વર્ણનો મહિમા બીજી રીતે પણ જોવા મળે છે.★

સામાન્ય જીવને કહો કે અરિહંતને સિદ્ધગતિમાં સ્થિર થવું હોય તો માત્ર આઠે કર્મનો ક્ષય કરવાનું કાર્ય તેના માટે અનિવાર્ય જરૂરી સમજાય છે. તો જ સિદ્ધના આઠગુણ પ્રગટે. આત્માને સંસારમાં ભમાવનાર કર્મ જ છે.

કેટલાક જીવોને શંકા થાય કે, જો બધા જ જીવો મોક્ષમાં જશે તો સંસાર ખાલી થશે. પણ નવતત્ત્વ પ્રકરણમાં એ માટે સ્પષ્ટ લખ્યું છે કે, એક નિગોદનો અનંતમો ભાગ પણ હજી મોક્ષ પામ્યો નથી. એટલે અનંતા કાળથી જીવો મોક્ષમાં જવા છતાં અને ભવિષ્યમાં પણ એજ રીતે જાય તો પણ સંસાર ખાલી થવાનો નથી. મોક્ષગમન માટે એક સમયમાં એક જ આત્મા મોક્ષે જાય.●

આ સંસારમાં જેમ ચાર વર્ણ (જાતિ) ૧. બ્રાહ્મણ, ૨. ક્ષત્રિય, ૩. વૈશ્ય અને ૪. ક્ષુદ્ર છે. તેમ તેની પ્રવૃત્તિ (કર્મ) પણ જૂદી જૂદી છે.✚ એજ રીતે ૪-ગતિના જીવોના સ્વભાવપણ જૂદા જૂદા છે. ઉદા-દેવો-વિલાસી છે. મનુષ્યો-દયાળું છે. તિર્યંચ

---

★ સાધુરૂપી **કાળી** ભૂમિમાં દર્શનાદિ ચારના **ઉજવલ** બીજકો વાવવાથી સદ્‌ભાવથી જળનું સિંચન **લીલા** અંકુરો ફુટે. **પીળાં** પુષ્પ ઉગ્યા બાદ **શ્વેત** ફળ થાય અને પરિપકવ થતાં રક્તવર્ણી બને.

● અછેરા રૂપે ભ. ઋષભદેવ સાથે ૧૦૮ મોક્ષે ગયેલા.

✚ બ્રાહ્મણ – જ્ઞાન પ્રાપ્ત કરે. ક્ષત્રિય – શસ્ત્ર ચલાવે, હિંમતથી સમાજરક્ષા કરે.
વૈશ્ય – અર્થતંત્ર સંભાળે. ક્ષુદ્ર – નગરની સાફસફાઈ કરે, મજૂરી કરે.

જીવો દયાને પાત્ર છે. જ્યારે નરકના વૈરવિરોધી છે. માત્ર મોક્ષ સિદ્ધગતિને પામેલા જીવો કર્મ-ક્રિયાથી મુક્ત છે. તેથી નવા કર્મનો બંધ કરતા નથી.

અમૃતના એક બિંદુ માત્રના સેવનથી તીવ્ર વિષનો વ્યાધિ નાશ પામે છે. તેમ સિદ્ધ ભગવંતના ધ્યાનથી જીવોની દુષ્કૃત્યોની પરંપરા નાશ પામે છે. માટે સિદ્ધગતિ-પદનું આરાધન લોગસ્સસૂત્રદ્વારા, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર દ્વારા રોજ ચિંતન-મનનના આધારે કરવું જોઈએ. ઉપરાંત વિધિ-જે દર્શાવી છે તે પણ ૨૦ માળા ૧૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ અને ૩૧ ખમાસમણાં-સ્વસ્તિકાદિ કરવી. આ ઉપરાંત પ્રતિક્રમણ, દેવવંદન, પડીલેહણ, સિદ્ધપદ પૂજા (૧) કરવા પ્રયત્ન કરવાથી આરાધના સંપૂર્ણ થાય છે.

આ જીવ પૂર્વ પ્રયોગ (સંસારી અવસ્થાના વિચાર) અને ગતિ પરિણામ (ચારે ગતિના સ્વભાવ)થી મુક્ત થાય તોજ બંદનછેદ (બંદુકમાંથી ગોળી છૂટે તેમ) અને અસંગપણું (તુંબડુ કાદવમાં ઉગે, પાણીના સંયોગે નિર્મળ થાય અને પાણીની ઉપર નિર્મળ થઈ શોભા પામે તે રીતે)ના ઉદાહરણ નજર સામે રાખી શાશ્વત સુખનો સ્વામી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. એક ભવમાં નહિં અનેકાનેક ભવોમાં કરેલી સાધનાજ ક્રમશઃ મોક્ષની નજીક પહોંચાડે છે.

**શ્રી સિદ્ધપદ ઉપર હસ્તિપાલ રાજા કથા :**

આત્મા શાશ્વતો છે. શાશ્વતું સુખ મેળવવા માટે એ પ્રયત્ન કરે છે. એ પ્રયત્નનું નામ કર્મરહિત થવું. અઢી અક્ષરની આ માયા આત્માને જ્યાં સુધી વળગેલી છે ત્યાં સુધી મોક્ષ-મુક્તિ કે શાશ્વત સુખ દૂર દૂર છે. કર્મ બંધ સંસાર વધારે છે ને ધર્મ સંસાર ઘટાડે છે. કર્મ જીવને સંસારમાં ચોટાડી રાખે છે જ્યારે ધર્મ સંસારીને સંસારથી મુક્ત કરે છે. હવાભરેલ ફુગ્ગો ગમે તેટલો ઉડાડો જમીન ઉપર પાછો આવશે. જ્યારે ગેસ ભરેલો ફુગ્ગો હાથમાંથી છૂટો થશે તો ઉડી જશે. આ વાતને સમજવા સિદ્ધગતિએ પામેલા હસ્તિપાલ રાજાની મુલાકાત લેવી પડે. ચાલો એમની મુલાકાતે.

ભરતક્ષેત્રમાં સોંકતપુર નામે નગર છે. ત્યાં હસ્તિપાલ રાજા રાજ્ય કરે છે. તેને બુદ્ધિ નિધાન ચૈત્ર નામે મંત્રી હતો. રાજ્યના કામ માટે એ ચંપાપુરી નગરીના ભીમરાજ પાસે ગયો સંયોગ વશાત બાજુમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી એ જ્ઞાની એવા ધર્મઘોષ મુનિને વંદન કરી દેશના સાંભળવા બેઠો.

મુનિએ જે જીવ જીવદયા આદિ ઉત્કૃષ્ટ ધર્મને પાળે છે તેનો આત્મા પાપથી મુક્ત-નિર્મળ થાય છે. અનુક્રમે જન્મ-જરા-મરણ કે આધિ-વ્યાધિ-ઉપાધિથી છૂટો થાય છે. અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રાદિનો સ્વામી બની લોકના અગ્રભાગે સિદ્ધ ભગવંતો જ્યાં છે ત્યાં પહોંચી જાય છે. સુર-અસુર-મનુષ્યના ક્ષણિક સુખ કરતાં

અનંત ગુણ સુખ ત્યા છે. 'અરિહંતના ધ્યાને અરિહંત બની જશો'ની જેમ સિદ્ધના ધ્યાનથી જીવ ત્રણે લોકને પૂજ્ય એવી મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરી લેશે.

આવી ગુરુ ભગવંતની દેશના સાંભળી મંત્રીશ્વરે સંસારને ઘટાડવા મદદરૂપ શ્રાવકના બારવ્રત સ્વીકાર્યા. કામ પતાવી જ્યારે મંત્રી રાજ્યમાં આવ્યો ત્યારે રાજાને મુનિના સમાગમની અને સ્વીકારેલા વ્રતની ધર્મચર્ચા કરી. વ્રત એ જીવનને મર્યાદીત પાપનો અનુબંધ કરવા માટે સર્વોત્કૃષ્ટ ઉપાય છે. એવો જાતિ અનુભવ પણ કહ્યો.

રાજા-મંત્રીની વાત સાંભળી હર્ષ પામ્યો. હૃદય મંદિરમાં મુનિના દર્શન કરવાની ભાવના ભાવવા લાગ્યો. મુનિ પણ ગ્રામાનું ગ્રામ વિહાર કરતાં વિશાળ પરિવાર સાથે નગરીના ઉપવનમાં પધાર્યા. રાજા પણ બધાજ કાર્ય છોડી મંત્રી-રાજપરિવાર સાથે મુનિને વંદન કરવા આડંબરસહિત ગયો. વિધિપૂર્વક વંદના કરી-સુખશાતા પૂછી યથાયોગ્ય સ્થાને વિનય પૂર્વક બેઠો. મુનિએ આલોકને પરલોકનું સંસારી અને સિદ્ધના જીવોનું સ્વરૂપ પ્રકાશતા કહ્યું.

ભવ્યાત્માઓ ! આ સંસારમાં તરવા માટેની નાવ તેનું નામ ધર્મ છે. શ્રાવકો શ્રાવકધર્મ દ્વારા શ્રમણો શ્રમણધર્મ દ્વારા આત્મકલ્યાણ કરે છે. શ્રાવકધર્મ એટલે દેશવિરતિધર્મ અને શ્રમણધર્મ એટલે સર્વ વિરતિધર્મ. જ્યાં સુધી આત્મા સંસારમાં રચ્યો પચ્યો હશે ત્યાં સુધી એ કર્મ ક્ષયના બદલે કર્મનો બંધ કર્યા કરશે. શ્રમણો અનિવાર્ય કારણે અનિચ્છાએ મર્યાદિત રીતે આ સંસારમાં નિર્લેપ થઈ જીવન જીવે. તેથી એ શાશ્વત સુખના અધિકારી જલ્દી થાય. દરેક જીવને જો જન્મ-મરણ ઘટાડવા હોય તો સર્વ વિરતિ પણું સ્વીકારવું પડે. એજ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ છે.

મુનિની વૈરાગ્યવાસિત દેશનાએ હસ્તિપાલ રાજાનું મન ભવ ભ્રમણ ટાળવા માટે આરાધનાના માર્ગે આગળ વધવા તૈયાર થયું. ગુરુ પાસે સિદ્ધપદનું આરાધન કરવાનું માર્ગદર્શન મેળવ્યું. જે પુણ્ય ભૂમિમાંથી આત્મા સિદ્ધગતિને પામ્યા છે તે પુણ્યભૂમિની સ્પર્શનાકરવા 'નમો સિદ્ધાણં' પદનો જાપ કરી પરમાત્મપદનું ધ્યાન શરૂ કર્યું. સમેતશિખર-શત્રુંજયાદિ પાવન ભૂમિની યાત્રા કરવા ત્યાંના પાવન પરમાણુથી ધન્ય બનવા એ રાજકાજ છોડી નિકળી પડયા. પતિતને પાવન કરનારી તીર્થભૂમિ કહેવાય છે.

તીર્થભૂમિની સ્પર્શનાએ નૃપને સંયમી બનવા પ્રેરણા આપી. જ્યાં સુધી મર્યાદીત સંસાર નહિં થાય ત્યાં સુધી ઈચ્છીત ફળ પ્રાપ્ત નહિં થાય એ ભાવનાથી મંત્રી સાથે રાજાએ ઉપકારી ગુરુ પાસે ચારિત્રધર્મનો ઘણાં ઉલ્લાસથી સ્વીકાર કર્યો. હવે રાજા અપ્રમત્તપણે જ્ઞાન સાધના કરે છે. દુષ્કર તપ તપે છે. ઉત્તમ પ્રકારે ધ્યાન ધરે

છે. આમ એ અગ્યાર અંગના જ્ઞાતા થયા. પોતાને મળેલા અમૂલ્ય સમયનો એ સદુપયોગ કરવા લાગ્યા.

સમેતશિખરજી તીર્થ જ્યાં ૨૦ તીર્થંકર ભગવંતો અનેક મુનિઓની સાથે અણસણ કરી મોક્ષે સિધાવ્યા છે. એ ભૂમિ ઉપર આત્મ સાધના કરવા માટે રાજર્ષિ ઉપકારી ગુરુની અનુજ્ઞાથી વિહાર કરી ગયા. માર્ગમાં એક દેવે આવી ઉપસર્ગ કરવાનું શરૂ કર્યું. ક્ષુધા-પિપાસા પરિષહ કરી મુનિની પરીક્ષા બે મહિના સુધી કરી. જ્યારે મુનિને પોતાના વ્રતમાં અભિગ્રહમાં અચલ જોયા ત્યારે દેવે પોતાની માયા સંહરી મુનિ પાસે પ્રગટ થઈ ક્ષમા માગી.

રાજર્ષિ હસ્તિપાલમુનિ પોતાની તમન્ના પૂર્ણકરવા સમેતશિખરતીર્થની પાવન ભૂમિ ઉપર અણસણ કરી અચ્યુતકલ્પમાં દેવ થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદપામી ઉપકાર કરી અંતે મોક્ષે સિધાવશે.

**સાધુનું જીવન અન્ય દ્રષ્ટિએ :**

- સિંહ જેવા પરાક્રમી
- મૃગ જેવા સરળ
- વાયુ જેવા નિસંગ
- સૂર્ય જેવા તેજસ્વી
- મેરૂ જેવા નિશ્ચલ
- ચંદ્ર જેવા શીતળ
- પૃથ્વી જેવા સહનશીલ
- સર્પ જેવા નિરાશ્રયી (ઘર વિનાના)
- પશુ જેવા અસહાય
- મણી જેવા ક્રાંતિવાળા
- સાગર જેવા ગંભીર
- આકાશ જેવા નિરાલંબી
- નદી જેવા નિર્મળ
- બળદ જેવા મહેનતું
- પર્વત જેવા ગંભીર
- અગ્નિ જેવા પવિત્ર
- ભારંડપક્ષી જેવા અ-મત્ત
- દર્પણ જેવા સ્વચ્છ
- મા + આત્મા = મહાત્મા- શુદ્ધાત્મા- પરમાત્મા.
- વૃક્ષની જેમ છાયા દેનારા
- ભ્રમર જેવા જ્ઞાનપીપાસુ

(બૃહત્ કલ્પભાષ્ય)

3

# શ્રી પ્રવચન પદ

દુહો

ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃતવૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખવરી, જય જય પ્રવચનદૃષ્ટિ. ૧

**દુહાનો અર્થ :**

આત્માને લાગેલ ભાવરોગના નિવારણ માટે ઔષધ સરખી પ્રવચનરૂપી અમૃતની વૃષ્ટિ છે. ત્રણ ભુવનમાં રહેલા જીવોને સુખ કરનારી પ્રવચનની દૃષ્ટિ જય પામો, જય પામો. ૧

ઢાળ

(મેં કીનો નહિં પ્રભુ બિન ઓર શું રાગ–એ દેશી)

પ્રવચન પદને સેવિયે રે, જૈનદર્શન સંઘ રૂપ;
અરિહા પણ નમે તીર્થને રે, સમવસરણના ભૂપ.
મેં કીનો સહી પ્રવચન પદશું રાગ, મેં કીનો સહી પ્રવ. ૧
પ્રવચન ભક્તિ રાગથી રે, થયા સંભવ જિનરાય;
સઘળા ધર્મકારજ તણા રે, એહમાં પુણ્ય સમાય. મેં. ૨
પાપક્ષેત્ર સાત વારિયે રે, પુણ્યક્ષેત્ર સાત ઠામ;
સવાલાખ જિનમંદિરા રે, જિનમંડિત પુર ગ્રામ. મેં. ૩
સવા કોડી જિનબિંબને રે. ભરાવે સંપ્રતિરાય;
જ્ઞાનભંડાર એકવીશ કર્યા રે, કુમારનરિંદ શુભઠાય. મેં. ૪
યથોચિત ચઉવિહ સંઘની રે, ભરતાદિક પરે ભક્તિ;
દ્રવ્ય ભાવથી આદરો રે, યોગ અવંચક શક્તિ. મેં. ૫
પદસ્થ ધ્યાને કરી આત્મને રે, તન્મય કરણ પ્રકાર;
સહજાનંદ વિલાસતા રે, સૌભાગ્યલક્ષ્મીપદ ધાર. મેં. ૬

**ઢાળનો અર્થ :**

જે પ્રવચન જૈનદર્શન અને સંઘરૂપે પ્રસિદ્ધ છે તે પ્રવચનપદની સેવા કરીએ, સમવસરણના સ્વામી એવા અરિહંત પણ સંઘને 'નમો તિત્થસ્સ' શબ્દથી નમસ્કાર કરે છે. એ પ્રવચનપદની સાથે મેં રાગ કર્યો છે. ૧

પ્રવચનપદની ભક્તિના પ્રેમથી સંભવનાથ ભગવાન તીર્થંકર થયા છે, બીજી રીતે સર્વ પ્રકારના ધર્મકાર્યોથી થતાં પુણ્યનો આ સંઘભક્તિમાં સમાવેશ થાય છે. ૨

સાત પાપક્ષેત્રને તજી દઈએ અને સાત પુણ્યક્ષેત્રની ભક્તિ કરીએ. સંપ્રતિરાજાએ કરાવેલ સવા લાખ જિનમંદિરો જે અનેક જિનમંડિત નગર અને ગામોમાં રહેલ છે તેને નમસ્કાર કરીએ. ૩

તેમજ તેમણે ભરાવેલ સવાક્રોડ જિનબિંબને નમસ્કાર કરી. કુમારપાળ રાજાએ કરાવેલ ૨૧ જ્ઞાનભંડારો કે જે ઉત્તમ સ્થાનમાં રહેલા છે તેને નમસ્કાર કરીએ. ૪

ભરતચક્રવર્તી વગેરેની જેમ શ્રી ચતુર્વિધ સંઘની યથોચિત ભક્તિ કરીએ. એ પ્રમાણે સાતક્ષેત્રની દ્રવ્ય-ભાવથી ભક્તિ કરવાથી યોગાવંચકપણાની શક્તિ પ્રાપ્ત કરીએ. ૫

પદસ્થ ધ્યાનવડે આત્માને તન્મય કરવાના પ્રકારવડે સહજાનંદપણાનો વિલાસ કરીએ અને સૌભાગ્યલક્ષ્મી પદને ધારણ કરીએ. ૬

**''અરિહા પણ નમે તીર્થને રે સમવસરણના ભૂપ''**

**વિવરણ :**

પ્રવચન એટલે વીતરાગ પરમાત્માના ઉપદેશને જ્ઞાની પુરુષો દ્વારા સાંભળવો. આ એનો વર્તમાન પ્રચલીત અર્થ થાય. બાકી સૂક્ષ્મ દ્રષ્ટિએ જૈન દર્શનમાં ચતુર્વિધ સંઘ એવો પ્રવચનનો અર્થ થાય. એવા સંઘરૂપ તીર્થને સમવસરણમાં સિંહાસન ઉપર બેસતા પહેલા તીર્થંકર (અરિહંત) પરમાત્મા પણ માન આપે નમે. એવા પરમ કલ્યાણકારી પ્રવચન પદથી આરાધક આત્માએ અનુરાગ કેળવવો જોઈએ.

જૈન શાસનમાં (૧) આગમ પ્રમાણ દેવ-મનુષ્ય સિદ્ધાંતથી (જ્ઞાન) જાણે, (૨) ઉપમાન પ્રમાણ-ઉપમાન એટલે ધુમાડો જોઈ અગ્નિને અનુમાનથી સ્વીકારે. (૩) અનુમાન પ્રમાણ-અનુમાન રૂપે ગાયને જોઈ પૂર્વે જોયેલી ગાયને ગાય તરીકે સ્વીકારે અને (૪) પ્રત્યક્ષ પ્રમાણ-નજરો નજર જોવાથી શંકા-કુશંકા કર્યા વગર સ્વીકારે તેમ અહીં પ્રવચનને ચતુર્વિધ સંઘ રૂપે સ્વીકારવાનું સમજવું.

પ્રવચનનો રાગ એટલે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવીકા રૂપે ચતુર્વિધ સંઘની. વિવિધ રીતે સેવા ભક્તિ-આદર-બહુમાન કરવા. ત્રીજા સંભવનાથ ભગવંતે પૂર્વ ભવમાં ચતુર્વિધ સંઘની-સાધર્મિકની ઘણી જ લાગણીથી ભક્તિ કરી સેવા સુશ્રષા કરી તીર્થંકરપદ બાંધ્યું હતું. સાધર્મિક એટલે સહધર્મી – જે ધર્મની હું મન-વચન-કાયાથી આરાધના-ઉપાસના કરું છું એ પાપનો ક્ષય કરનારા ધર્મના આ આત્મા આરાધના

કરે છે. માટે તેના ભાવની વૃદ્ધિ માટે જીવદયા પ્રમુખ ધર્મની વૃદ્ધિ માટે સાધર્મિકની સેવા ભક્તિ કરવી જોઈએ.

આ અવસર્પિણી કાળમાં સર્વપ્રથમ ભરત ચક્રવર્તીએ વિનીતા નગરીથી શાશ્વતગિરી શત્રુંજય તીર્થનો છ'રિપાલીત સંઘ ઘણાં ઉમળકાથી, ઘણી ઉદારતાથી કાઢ્યો હતો. તે દ્વારા તીર્થનો મહિમા વધ્યો એટલું જ નહિં પણ અન્ય જીવો ધર્મના અનુરાગી-અનુમોદક બન્યા. આ પરંપરા આજે પણ અવિચ્છીન્ન પણે ચાલે છે. પ્રવચન દ્વારા ધર્મની પ્રભાવના થાય છે.

સંપ્રતિરાજા પૂર્વ ભવે નિર્ધન દ્રુમક ભીખારી હતા. શ્રમણ મુનિ પાસે ખાવાનું આપવા યાચના કરી, મુનિએ ગુરુદેવ, આર્ય સુહસ્તિસૂરિ મ.ને વિનંતી કરવા કહ્યું. ઉપકારી આચાર્ય દેવે સંયમી પુરુષો (મુનિ)ને મળેલો આહાર સંયમી ત્યાગી તપસ્વીઓને જ અપાય. માટે ભીખારીને મુમુક્ષુ થવા-સંયમ લેવા ઉપદેશ આપ્યો. ભીખારી ૩ દિવસનો ભૂખ્યો હતો તેથી ગુરૂના ઉપદેશથી ખાવાની ભાવનાથી સંયમ લીધું. ત્યાર બાદ પ્રમાણથી વધુ ભોજન કરવાથી અશાતા થઈ તે અવસરે સાધુ-શ્રાવકો દ્વારા થતી સેવા જોઈ સંયમધર્મની અનુમોદના કરી ફળસ્વરૂપ એ જીવ શુભ પરિણામે આયુષ્ય પૂર્ણ કરી સંપ્રતિ રાજા બન્યો.

એક દિવસ પૂર્વ ભવના ઉપકારી ગુરુના દર્શન થયા. ગુરુદેવના ઉપદેશથી સાતે ક્ષેત્રમાં ઉદારતાથી ધન વાપરી જૈન ધર્મનો મહિમા વધાર્યો. આ છે પ્રવચન-તીર્થની આરાધાનનું ફળ. તેથી જ પાપનો બંધ કરાવનારાને છોડી પુણ્યાનુંબંધી પુણ્ય બંધાવનારા સાત ક્ષેત્રમાં શક્તિ વાપરવી જોઈએ. ભ. મહાવીર પ્રભુના શાસનમાં પુણિયા શ્રાવકે નીતિમય અપરિગ્રહી જીવન જીવી તથા ચતુર્વિધ સંઘની ઉત્કૃષ્ટ ભાવે સેવા ભક્તિ કરી હતી.

વર્તમાનમાં પ્રવચનનો જે અર્થ 'વીતરાગની વાણી' એવો પ્રચલીત છે. તે *વાણી માટે કહ્યું છે કે, જિનેશ્વર ભ.ના મુખમાંથી પ્રસાર થતી વાણી સાકરથી પણ વધુ મીઠી-મધુર છે.● સ્વર્ગમાં અમૃત છે. દ્રાક્ષમાં જે મધુરસ છે. શેરડીમાં જે મીઠાશં છે તેનાથી પણ વધુ વાણી પૂજનીય, આદરણીય છે. સાંભળવી ગમે છે. તેથી શ્રવણ કર્તાની રાગ દશા ઘટે છે. કષાયો ઉપશાંત પામે છે. પાપનો ક્ષય થાય છે અને આત્મા પરમાત્મા બને છે.

સમકિતના ૬૭ બોલની સજ્ઝાયમાં પ્રવચનના આઠ પ્રકારો વર્ણવી તેના દ્વારા જિનશાસનની પ્રભાવના અને આત્માની નિર્મળતાનો અનુભવ ઉપા. યશોવિજયજી

---

★ વાણીના – વૈખરી, મધ્યમા, પશ્યન્તી, પરાવાણી આદિ ભેદો છે.

● જિનમુખ દીઠી વાણી મીઠી..

મહારાજે નીચે મુજબ કરાવ્યો છે. સમકિત એ મોક્ષ પ્રાપ્તિ માટે સર્વપ્રથમ કારણ છે.

(૧) પ્રવચન - શ્રી આગમ શાસ્ત્રના જ્ઞાતા
(૨) વાદી - શ્રી મલ્લવાદી
(૩) ધર્મકથા - શ્રી નંદિષેણમુનિ
(૪) નિમિત્ત - શ્રી ભદ્રબાહુસ્વામી
(૫) તપસ્વી - શ્રી કાષ્ઠમુનિ / ધન્ના અણગાર
(૬) વિદ્યા - શ્રી વજ્રસ્વામી
(૭) સિદ્ધ - શ્રી પાદલીપ્તસૂરિ
(૮) કાવ્ય - શ્રી સિદ્ધસેનસૂરિ

નવકાર મહામંત્રની આઠ સંપદા છે. તેનું આરાધન આરાધકને આઠ સિદ્ધિ (લબ્ધિ) આપે છે. તેમાં એક એવી લબ્ધિ છે કે, જેના કારણે પ્રવચનકાર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી લે. ટૂંકમાં તીર્થંકર ભગવાનના વાણીના ૩૪ અતિશયો છે. જેના કારણે વીતરાગી પ્રભુએ ૧૬ પહોર સુધી અંતિમદેશના જ્યારે આપી ત્યારે બધા ભવ્યાત્મા અપ્રમત્ત ભાવે વીર વાણીનું શ્રવણ કરતા હતા. તેમ અહીં પણ વીતરાગની વાણી એકચિત્ત આ લબ્ધિના પ્રતાપે શ્રોતાઓ સાંભળે.

પ્રભુ જ્યારે સમવસરણમાં બેસી દેશના આપે ત્યારે તિર્યંચ જીવો રાગ-દ્વેષ ભૂલી મિત્રભાવે જાતિવેર ત્યજી પોતપોતાની ભાષામાં સમજી લેતા. દેશના પણ માલકોશ રાગમાં અર્ધમાગધિ ભાષામાં અર્થથી પ્રવચન મુદ્રામાં આપતા હતા. પ્રભુની દેશના એટલે જૈન દર્શનની આત્મકલ્યાણની વાતો, તેનો જેટલો આદર કરીએ તેટલો ઓછો છે. શાસ્ત્રોને જો વંદનને પૂજન સન્માન કરતા હોઈએ તો આ એજ શાસ્ત્રોમાં લખાયેલ શબ્દો છે. તેનું જેટલું માન કરીએ તેટલું ઓછું છે.

શાસ્ત્રોમાં પ્રવચન-પદનું આરાધનને ભાવ ઔષધીની અમૃત વૃષ્ટિની અને ત્રણે ભવનના સુખ આપનારી ઉપમા આપી છે. તેનું જે મંત્રસ્વરૂપ આરાધન થાય છે તેમાં (પાંચ અણુવ્રતોનું દેશથી અને સર્વથી) અને દ્વાદશાંગીનું સ્મરણ કરી મંત્રોચ્ચાર બોલી ખમાસમણા અપાય છે. તેનો અર્થ એજ કે પ્રવચન પદનો સાધક બારવ્રતોના પાલનમાં અને દ્વાદશાંગીના જ્ઞાનનો અનુરાગી થયો સમજવો.

પ્રવચન એટલે સંઘ એવા અર્થને જેમ જેમ વ્યાપક રીતે વિચારીશું તેમ તેમ અવનવા વિચારો કરવાની તક મળશે. જીવોનો સ્વભાવને થોડો યાદ કરી લઈએ. જે જીવો ભૂલ-દોષ કે પાપ કરે પણ તેનો સ્વીકાર ન કરે તે 'અજ્ઞ' જ્યારે તેનો માત્ર સ્વીકાર કરે એ 'સુજ્ઞ' જ્યારે ભૂલાદિ પાપનો સ્વીકાર કરી, ફરી ભૂલ ન થાય તેવી કાળજી રાખનારને 'પ્રાજ્ઞ' કહીશું. હવે જે ઉપયોગવાન હોવાથી ભૂલ જ ન કરે તેવા

પુણ્યાત્માઓને 'સર્વજ્ઞ' કક્ષાએ સ્વીકારીશું. આ ઉપરથી સમજી શકાય છે કે જે મહાવ્રતધારી યા અણુવ્રતધારી જીવો છે. તે પાપ-ભૂલ ન થાય તે માટે કેટલા સજાગ હોય, જયણાપૂર્વક બધી પ્રવૃત્તિ કરે.

બીજી એક વાત સમજવા જેવી લાગે છે કે, જ્યાં ભવની ગણત્રીનો પ્રારંભ થાય છે તે આત્મા સમકિતી, જેના જીવનમાં વર્ષની ગણત્રી થતી હોય તે (દીક્ષા)-સંયમી. જેના સમયથી ગણના થાય એ ચૌદમાં ગુણસ્થાનકે પહોંચેલ જીવ અને કલાક કે ઘડીની ગણત્રી પરિણામના કારણે થતી હોય તે ક્ષપકશ્રેણીએ ચડી રહેલો જીવ છે. આ જ કારણે પ્રવચનનો વિવિધ રીતે અર્થ કરી રહ્યાં છીએ.

રાજગૃહિનગરી ધર્મનગરી હતી, છતાં ત્યાં રોહણીય નામે એક ચોર રહેતો હતો. પિતાએ પુત્ર પાસેથી અંત સમયે વચન લીધું કે, પ્રભુવીરનો ધર્મોપદેશ નહીં સાંભળું. પુત્ર વચન પાળવા દ્રઢ હતો. છતાં અનિવાર્ય સંજોગોના કારણે સૈનિકોથી બચવા જંગલમાં દોડતાં પગમાં કાંટાં ભરાયા. કાંટાં કાઢવા જતાં વીરવાણી સંભળાઈ. અનિચ્છાએ સાંભળેલી એ તારક વાણીથી રોહણીય અભયકુમારે બુદ્ધિથી કરેલ પ્રવૃત્તિથી બચી ગયો. પ્રભુવીરનું શરણું લઈ ધન્ય બની ગયો.

ઉપા.વીરવિજયજી મ. આયુષ્ય કર્મની પૂજામાં એક સ્થળે મોક્ષે જવા માટેની તૈયારી કરી ચૂકેલા જીવની વાત લખતાં જણાવે છે કે, એ આત્માની પાસે સાતલવ જેટલું અલ્પ આયુષ્ય અને એક છઠ્ઠ તપનું પુણ્ય ઓછું પડે છે. તેથી મોક્ષ ન જતાં એ સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવ થાય છે.

આવું વિવિધ રીતે સ્વ-પરને ઉપકારી પ્રવચન પદ આરાધકને ચતુર્વિધ સંઘનો વિનય કરવા પ્રેરે છે. જ્યારે બીજા વર્તમાન અર્થને અનુસાર આત્માનો ઉદ્ધાર કરવા જન્મ મરણ ઘટાડવા સમતા-શાંતિ-સમાધિને જીવનમાં ઉતારવા વીતરાગની વાણીને વારંવાર શ્રવણ કરવાની ભારપૂર્વક પ્રેરણા આપે છે.

જીવનને સુધારનાર ઉચ્ચ સ્થાને પહોંચાડનાર પ્રવચનપદ જીવમાત્રનું કલ્યાણ કરે.

## પ્રવચનપદના આરાધક – જિનદત્ત શેઠ :

આહારના-મુખ્ય ૪ ભેદ છે.● શાસ્ત્રમાં ઓજ આહાર, લોમ આહાર અને કવલ આહારના નામો આવે છે. પુરુષ-૩૨ અને સ્ત્રી-૨૮ કવલ જેટલો આહાર (ભોજન) કરે છે. જ્યારે તિર્યંચની ખાવાની પદ્ધતિ જુદી છે. એજ રીતે દેવતા પણ જુદી રીતે આહાર ગ્રહણ કરે છે. શાસ્ત્રમાં ભૂખ્યાને આપી ખાવું, સાધુ પુરુષોને

---

● અસણં, પાણં, ખાઈમં, સાઈમં.

વહોરાવી ભક્તિ કરી ખાવું, સાધર્મિકને પ્રીતિપૂર્વક જમાડી જમવું એવા વિચારો પણ સ્થળે સ્થળે આવે છે.

સાધર્મિકની ભક્તિ દ્વારા જિનદત્ત શ્રેષ્ઠીએ કેવી રીતે તીર્થંકર નામ કર્મનો બંધ કરેલ તે ટૂંકમાં જોઈ-વિચારી લઈએ.

વસંતપુર નગરીમાં **જિનદાસ** નામે વ્યવહારી રહેતા હતા. તેને **જિનદત્ત** નામે સુગુણીપુત્ર હતો. પુત્રને **ચંદ્રાતપ** નામના વિદ્યાધર સાથે મૈત્રી થવાથી વિદ્યાધરે મિત્રને બહુરૂપિણી વિદ્યા આપી.

એક દિવસ બન્ને મિત્ર ઉદ્યાનમાં ક્રિડા કરવા ગયા ત્યારે એક વેપારી ધનાવહ શેઠની હરિપ્રભા કન્યાનું ચિત્રપટ લાવ્યો. કન્યા સોળે કળાએ ખીલેલી હતી. રૂપ લાવણ્ય બુદ્ધિથી એ પરિપૂર્ણ હતી. પુત્રે તે ચિત્રપટ લક્ષ દ્રવ્ય આપી ખરીદ્યું તેથી પિતા પુત્ર વચ્ચે વ્યર્થ વ્યયના કારણે વાદવિવાદ થયો. પિતાનું અપમાન ન થાય તેથી પુત્ર રાતના ગૃહત્યાગ કરી પોતાના પુણ્યને ભરોસે નિકળી ગયો. ફરતાં ફરતાં એ ધનાવહ સાર્થવાહના ઘરે પહોંચી ગયો. સાર્થવાહે તેનું ભાવભર્યું સ્વાગત કર્યું.

જિનદત્ત બુદ્ધિશાળી હોવાથી સાર્થવાહ તેના ઉપર ખુશ હતા. ધીરે ધીરે ધર્મ ચર્ચા કરતાં જિનદત્તે સાર્થવાહને ધર્મના અનુરાગી કર્યા જ્યારે સાર્થવાહે પોતાની સુકન્યાને તેની સાથે પરણાવી સંબંધમાં વૃદ્ધિ કરી. સસરાના ઘરે વધુ ન રહેવાય તે સમજી અવસર જોઈ જિનદત્તે સાર્થવાહ પાસેથી રજા લઈ દાયજામાં મળેલ અઢળક સંપત્તિને પત્ની સાથે વિદાય લીધી.

પ્રવાસ દરમ્યાન જિનદત્તે ચારણમુનિના ભાવથી દર્શન કર્યા અને તેઓની મધુરવાણીનું શાંતચિત્તે શ્રવણ કર્યું. મુનિએ યોગ્ય આત્માજાણી હિતોપદેશમાં ધર્મનો મહિમા, ધર્મનો પ્રભાવ, ધર્મની શુભ આરાધના અને આરાધક આત્માઓની સાધર્મિક ભક્તિ માટે ઉપદેશ આપ્યો.

તીર્થંકર પરમાત્મા સંવત્સરીદાન દ્વારા જીવ માત્રનું દરિદ્ર દૂર કરે છે. એ દાન જે ભવ્ય જીવ પ્રાપ્ત કરે છે તેના જન્મ-મરણ ઘટે છે. સુખ-સંપત્તિ વધે છે. આર્ત-રૌદ્ર ધ્યાન ક્ષમે છે. તેમ પુણ્યવાન આત્માઓએ પણ સહધર્મિની વિવિધરીતે સેવા-ભક્તિ-બહુમાન કરી એ જીવોને ધર્મના વધુ અનુરાગી કરવા જોઈએ. ધર્મની વૃદ્ધિ તો જ થાય જ્યારે તમે ધર્મીનું-ધર્મનું બહુમાન કરો.

ઉપકારી ગુરુદેવનો ઉપદેશ સાંભળી જિનદત્તે● વિવિધ રીતે ત્યાગી-તપસ્વી આદિની સેવા-વૈયાવચ્ચ-ભક્તિ-બહુમાન કરવાનો નિયમ લીધો, ઘરે આવી દર્શન-

● આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવદીક્ષિત, ગ્લાન, સ્થવિર, સમનોજ્ઞ, સંઘ, કૂળ, ગણ એ દશ પ્રકારે.

જ્ઞાન-ચારિત્ર-તપના આરાધકોને શોધી ભક્તિ કરવાનું શરૂ કર્યું. યોગ્ય અવસરે રાજાએ પણ ગુણવાન એવા જિનદત્તને નગરશેઠના પદથી વિભૂષિત કર્યા.

એક દિવસ ગુણાનુવાદની દ્રષ્ટિથી ઈન્દ્રસભામાં ઈન્દ્રે ઉત્તમ ગુણીયલની પ્રસંશા કરી પણ રત્નશેખર દેવને ઈન્દ્રના શ્રીમુખે થતી સામાન્ય માનવીની પ્રસંશા ન રુચિ. પરીક્ષા કરવા શ્રાવકનું રૂપ કરીએ જિનદત્ત નગરશ્રેષ્ઠી પાસે આવ્યો. શ્રેષ્ઠીએ ઘણાં જ ભાવથી નવા આગંતુક શ્રાવકની ઉમળકાથી ભક્તિ કરી બીજું કાંઈ કામ હોય તો જણાવવા વિનંતી કરી.

પરીક્ષા કરવા માટે આવેલા દેવે જિનદત્ત પાસે પોતાની પત્ની રીસાઈ ગઈ છે. તેને રાજી કરવા મૂલ્યવાન એકાવલી હારની માંગણી કરી. જે નગરશેઠે ઘણાં જ શુભ ભાવથી તીજોરીમાંથી તરત કાઢી આપ્યો. આ કારણે દેવ શેઠ ઉપર ઘણો જ પ્રસન્ન થયો અને પુણ્યવૃષ્ટિ કરી ચિંતામણિ રત્ન આપી સ્વસ્થાને ગયો.

◆ચિંતામણિ રત્ન મનોવાંછીત પૂરક છે. શેઠ તેના પ્રભાવે અનેક દીન દુ:ખીના દુ:ખ દૂર કરવા લાગ્યા. સાધુને એષણીય ભક્ત પાન લાવી આપી વૈયાવચ્ચ કરવા લાગ્યા. આ રીતે પોતાનું લીધેલું વ્રત ઘણી જ ઉદારતાથી પાળવા લાગ્યા.

એક દિવસ ચાર જ્ઞાનના ધણી શ્રી રત્નપ્રભ ગુરુના ઉપદેશથી વૈરાગ્યવાન થઈ પત્ની-પરિવાર સાથે ચારિત્ર અંગિકાર કર્યું. તે ભવ આરાધના સહિત પૂર્ણ કરી પ્રથમ ગ્રૈવેયકે જન્મી, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી તીર્થંકર નામકર્મ ભોગવી નિર્વાણ (મોક્ષ) પામશે.

સાધર્મિક ભક્તિ એક એવી પ્રવચનપદ અંતર્ગત પ્રવૃત્તિ છે જેથી આપનાર-લેનાર બન્ને ધન્ય બને, શાતા પામે. ધર્મનો મહિમા વધારી સર્વ જીવોને શાસનના અનુરાગી બનાવે છે.

❋

---

◆ તુમ સમ્મત્તેલદ્ધે ચિંતામણિ કપ્પપાય વબ્ભહીએ. (ઉવસગ્ગહરં)

૪

# શ્રી આચાર્ય પદ

## દુહો

છત્રીશ છત્રીશ ગુણો, યુગપ્રધાન મુણિંદ;
નિજમત પરમત જાણતાં, નમો નમો તે સૂરિંદ. ૧

**દુહાનો અર્થ :**

છત્રીશ છત્રીશી ગુણોએ શોભિત, યુગપ્રધાન, મુનિઓના ઈંદ્ર અને સ્વમત-પરમતના જાણ એવા સૂરીંદ્રને નમસ્કાર થાઓ. ૧

## ઢાળ

(આવો આવો રે સયણ, ભગવતી સૂત્રને સુણિયે–એ દેશી)

સરસતી ત્રિભુવનસ્વામિની દેવી, સિરિદેવી યક્ષરાયા;
મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, સેવે નિત્ય સુખદાયા.
ભવિ તુમે વંદો રે, સૂરીશ્વર ગચ્છરાયા. ભવિ. ૧
ત્રણ કાળના જિન વંદન હોયે, મંત્રરાજ સ્મરણથી;
યુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી. ભવિ. ૨
પડિરૂવાદિક ચોદ ગુણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ;
બાર ભાવના ભાવિત નિજ આતમ, એ છત્રીશ ગુણવર્મ. ભવિ. ૩
આઠ પ્રમાદ તજી ઉપદેશે, વિકથા સાત નિવારે;
ચાર શિક્ષા કરી જન પડિબોહે, ચઉ અનુયોગ સંભારે, ભવિ. ૪
બારશેં છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા;
આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપસમાધિ ઉલ્લસંતા ભવિ. ૫
યુગપ્રધાન સૂરિ ત્રેવીશ ઉદયે, દોય હજાર ને ચાર;
સમયાગમ અનુભવ અભ્યાસી, થાશે જગજન મનોહાર. ભવિ. ૬
એ પદ સેવતો પુરુષોત્તમ નૃપ, જિનવરપદવી લહિયા;
સૌભાગ્યલક્ષ્મી સૂરિ ભાવે ભજતાં, ભવિકજીવ ગહગહિયા. ભવિ. ૭

**ઢાળનો અર્થ :**

૧. શ્રી સરસ્વતી, ૨. ત્રિભુવનસ્વામિની દેવી, ૩. શ્રીદેવી, ૪. યક્ષરાજ અને

૫. મંત્રરાજ આ પાંચ પ્રસ્થાન સેવતા અને નિરંતર સુખને આપનારા એવા ગચ્છના રાજા સૂરીશ્વરને હે ભવ્યજનો ! તમે વંદન કરો. ૧

મંત્રરાજ (સૂરિમંત્ર)ના સ્મરણથી ત્રણે કાળના જિનેશ્વરોને વંદન થાય છે. ભાવાચાર્ય પંચાચારરૂપ ચારિત્રને પાળનાર હોવાથી યુગપ્રધાન સમાન કહેવાય છે.૨

આચાર્ય ભગવંત પ્રતિરૂપાદિક ચૌદ ગુણને ધારણ કરનારા, ક્ષમા વગેરે દશ યતિદર્મને પાળનારા અને બાર ભાવનાવડે પોતાના આત્માને ભાવિત કરનારા એ રીતે (૧૪+૧૦+૧૨=૩૬) છત્રીશ ગુણને ધારણ કરનાર હોય છે. ૩

આઠ પ્રકારના પ્રમાદને તજીને ઉપદેશ આપનારા, સાત પ્રકારની વિકથાને નિવારનારા, આક્ષેપિણી આદિ ચાર પ્રકારની ઉપદેશશૈલીથી લોકોને પ્રતિબોધ કરનારા અને ચાર અનુયોગોને સંભારનારા આચાર્ય ભગવંતો હોય છે. ૪

બારસે છન્નું (૩૬ છત્રીશી x ૩૬ = ૧૨૯૬) ગુણે કરીને શોભતા એવા સુધર્માસ્વામી અને જંબૂસ્વામી વગેરે થઈ ગયા છે. તેમને સ્વરૂપસમાધિમાં ઉલ્લાસવાળા વર્ત્તમાન આચાર્યને જોવાથી જ જોયા એમ માનવું. ૫

આ પાંચમા આરામાં ત્રેવીશ ઉદયમાં કુલ બે હજાર ને ચાર યુગપ્રધાન આચાર્યો થવાના છે કે જેઓ વર્ત્તમાન આગમના પૂર્ણ અનુભવપૂર્વક અભ્યાસી અને જગતના જીવોના મનને આનંદ આપનારા થશે. ૬

આ આચાર્યપદની સેવા કરવાથી પુરુષોત્તમ રાજા તીર્થંકરપદવી પામ્યા. સૌભાગ્યલક્ષ્મીથી યુક્ત એવા આચાર્ય ભગવંતની ભાવપૂર્વક સેવા કરવાથી ભવ્યજીવો આનંદથી ગહગહે છે. ૭

**''તીર્થંકર સમા આયરિયા''**

**વિવરણ :**

રૂપી-અરૂપી એવા દેવતત્ત્વનો વિચાર કર્યા પછી ગુરૂતત્ત્વનો વીશસ્થાનકમાં ચોથા આચાર્ય પદના વિચારનો પ્રારંભ થાય છે.

**(૧) શાસ્ત્રમાં આચાર્યના નીચે મુજબના પ્રકાર દર્શાવ્યા છે.**

૧. **પ્રવર્જિકાચાર્ય** - સંયમ, દીક્ષા, વ્રતોચ્ચાર આપનારા
૨. **ઉદ્દેશાચાર્ય** - પ્રથમથી જ સૂત્રનો ઉદ્દેશ કરે (કહેનારા)
૩. **વાચનાચાર્ય** - આગમ સૂત્રની વાચના-પાઠ આપનાર
૪. **દિગાચાર્ય** - સચિત્ત-અચિત્ત-મિશ્રવસ્તુ સંયમાર્થે લેવા વાપરવાની અનુજ્ઞા આપનાર.●

● ધનગિરિ મુનિને સચિત્ત વસ્તુ લાવવા ગુરુએ આજ્ઞા આપેલ. (વજ્રસ્વામિ)

**૫. સમુદ્દેશાનુચાર્ય** - ઉદ્દેશાચાર્યના અભાવે તે જ શ્રુતનો અર્થ ભણાવે, સૂત્રને સ્થિર કરવાનું કહે અને બીજાને ભણાવવાની અનુજ્ઞા આપનાર.

**૬. આમ્નાચાર્ય** - ઉત્સર્ગ-અપવાદરૂપ અર્થને સમજાવનાર, ઉપકારી ગુરુ યોગ્ય સાધુને સ્થાપનાચાર્ય અને વિચારવાની અનુજ્ઞા આપે.

**(૨) ઠાણાંગ સૂત્રમાં આચાર્યની ૮ સંપત્તિ નીચે મુજબ વર્ણાવી છે.**

**૧. આચારસંપત્તિ** - મહાવ્રતાદિના આચારોને પાળવામાં દ્રઢ અપ્રમત્ત.

**૨. શ્રુતસંપત્તિ** - ષડદર્શનનાજ્ઞાતા, બહુશ્રુત, શબ્દોચ્ચારના પાલનમાં પ્રવિણ.

**૩. શરીર સંપત્તિ** - ૩૨ લક્ષણવંત, પ્રભાવક, સુશોભિત, સંઘયણ, તેજસ્વી, સ્વરૂપવાન.

**૪. વચન સંપત્તિ** - મધુરવચની, આદેયનામકર્મી, વચન શાસ્ત્રોક્ત.

**૫. વયના (વાચના) સંપત્તિ** - ઉદ્દેશ્ય, સમુદ્દેશ્ય, વાચનાગ્રાહય, પ્રિય, શ્રવણીય.

**૬. મત્તિ સંપત્તિ** - શ્રુતજ્ઞાન ચિંતનાત્મક, અવગ્રહાદિ ભેદથી યુક્ત બુદ્ધિ.

**૭. સંગ્રહ (પરીક્ષા) સંપત્તિ** - શિષ્યસંપદા, શ્રાવક સંપદામાં વાત્સલ્યાદિના કારણે પ્રભાવક, જ્ઞાની, શાસનપ્રત્યે બહુમાન રાખનારા.

**૮. પ્રયોગસંપત્તિ** - આત્મપરીક્ષા, ક્ષેત્ર પરીક્ષા, પુરુષપરીક્ષા, વસ્તુ પરીક્ષામાં ચતુર.

**(૩) ઠાણાંગ સૂત્રમાં આચાર્યના બીજા ચાર લક્ષણ કહ્યા છે.**

**૧. આમળા જેવા** - ચૂસ્ત અને કડક સંયમ પાળનારા

**૨. દ્રાક્ષ જેવા** - સ્વભાવથી ઋજુ અને પ્રાજ્ઞ

**૩. ખીર જેવા** - શાસન પ્રભાવક, સ્વ પરના ગુણ પોષક

**૪. ઈક્ષુરસજેવા** - મધુર ઉપદેશક, જન્મ-મરણનો થાક ઉતારનારા.

**(૪) પંચિંદિય સૂત્રના આધારે આચાર્ય :**

૫ ઇન્દ્રિયોના વિષયો પર કાબૂ રાખનારા, ૯ બ્રહ્મચર્યની વાડને ધારનાર, ૪ કષાયથી દૂર રહેનારા, ૫ મહાવ્રતોને સ્વીકારનારા, ૫ આચાર પાળનારા, પાંચ સમિતિ પાળનારા અને ૩ ગુપ્તિ ધારનારા, કુલ-૩૬ ગુણો. (આવા બીજા ૩૬ પ્રકારો છે.) શરૂના ૧૮ જીવનોપયોગી કહેવાય. બાકીના ૧૮ ગુણવૃદ્ધિકારક કહેવાય.

**(૫) આરાધક - સાધક :**

શાસ્ત્રોમાં આચાર્યો પદવીધર થયા પછી જિનશાસનની પ્રભાવના કરવામાં મદદરૂપ થાય તેથી પંચ પ્રસ્થાનની નીચે મુજબ આરાધના કરે, રોજ યથાશક્તિ જાપ કરવામાં ઉદ્યમશીલ (સૂરિમંત્રનો) હોય છે.

| ક્રમ | પીઠ | જાપ | દિવસ | તપસ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ઉપ. | આયં. | નિવિ. |
| ૧ | વિદ્યાપીઠ | ૧૨૦૦૦ | ૨૧ | ૨ | ૩ | ૧૬ |
| ૨ | સૌભાગ્યપીઠ | ૧૨૦૦૦<br>૧૬૦૦૦ | ૧૪ | ૨ | ૫ | ૭ |
| ૩ | મંત્ર/લક્ષ્મી પીઠ | ૧૨૦૦૦ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૪ | ગણીપીઠક યક્ષ | ૧૨૦૦૦ | ૨૫ | ૨ | ૬ | ૧૭ |
| ૫ | મેરુ પીઠ | ૧ લાખ | ૧૬ | - | ૧૬ | - |

આ આરાધના કરતી વખતે વિશેષ નિયમોનું પાલન કરવાનું હોય છે. એક યા તેથી વધારે વખત કરી શકાય છે. સાધુ જીવનમાં આગમના જોગ જ્યારે કરવામાં આવે છે ત્યારે ખાસ એક આચાર્ય (જોગ કરેલાની) જરૂર પડે છે.

(૬) ગણધર, શ્રુતકેવલી, પૂર્વધર, યુગપ્રધાન, ગચ્છાધિપતિ, આદિ બધા જ મહાપુરુષો એક યા બીજી રીતે આચાર્યપદ સાથે સંકળાયેલા છે. તેઓ નામાચાર્ય દ્રવ્યાચાર્ય, સ્થાપનાચાર્ય ભાવાચાર્ય-૪ અનુયોગમાં પણ સુપ્રસિદ્ધ છે.

આચાર્ય પદનો કેટલોક પરિચય ઉપર પ્રમાણે આપ્યા પછી હવે મૂળ વાત ઉપર નજર નાખીએ. આચાર્ય પદીનું મૂળ શરીર (પ્રારંભ) સાધુ પદથી શરૂ થાય છે. તે કારણે તેઓને ૨૭ ગુણથી બીરાજમાન પણ કહી શકાય. તેઓ પીત (પીળા) વર્ણી હોય છે. સંસારમાં સુવર્ણની સાથે તેઓની ઉપમા અપાય છે. સુવર્ણનો ૧ વિષઘાતી, ૨ રસાયણ, ૩ માંગલિક, ૪ વિનીત, ૫ં પ્રદક્ષિણાવર્ત, ૬ ગૌરવયુક્ત, ૭ અદાહ્ય અને ૮ અકાટ્ય એવા ગુણ છે. તેની તુલનામાં આચાર્યોના જીવનમાં તેવા ગુણ જોવા મળે છે. પદ્મપ્રભુને વાસુપૂજ્ય ભગવાનની એજ કારણે (ગુરુ-ગ્રહ) આરાધના થાય છે. પીળો વર્ણ સ્થંભીત કરવા માટે સુપ્રસિદ્ધ છે.

શ્રમણ જે દિવસે સંયમ લે તે પછી ક્રમશઃ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપમાં વૃદ્ધિ કરતા હોય છે. માટે જ ૬ઠ્ઠા ગુણસ્થાનકથી ક્રમશઃ આગળ વધીને ૧૪મા ગુણસ્થાનકે પહોંચે છે. શ્રાવકને સાધુના મા-બાપની ઉપમા આપેલ હોવાથી તેઓ શ્રમણોની સેવા ચાકરી ઘણી જ ઉત્તમ ◆પ્રકારે કરતા હોય છે. બીજા શબ્દમાં સંઘ એ પચ્ચીસમો તીર્થંકર છે. આવો પ્રભાવશાળી સંઘ વિવિધ રીતે જિનશાસનની શોભા વધારનાર હોવાથી તે પણ તીર્થંકરાદિ માટે સત્કારણીય છે.

◆ જઘન્ય–આહાર દ્વારા, મધ્યમ–વસ્ત્ર, પાત્ર દ્વારા, ઉત્કૃષ્ટ–પુત્ર-પુત્રી વહોરાવવા દ્વારા.

ચતુર્વિધ સંઘમાં આચાર્યના નામે જે મહિમા ગવાય છે. તેમાં દીર્ઘદ્રષ્ટિથી જોવા જઈશું તો સ્પષ્ટ સમજાશે કે આચાર્ય પોતાના નિમિત્તે જિનશાસનની પ્રભાવના વધુમાં વધુ કેવી રીતે થાય તેજ વિચારતા હોય છે. સંસારમાં તીર્થંકરને પણ 'ગુરુ' (જગગુરુ-જયવીયરાય, જગગુરુ-જગચિંતામણિ, ગુરુજણપૂઆ-જયવીયરાય) પદથી વંદન કરાય છે. એટલે દેવ-ગુરુને ધર્મમાં ગુરુની ઘણી જવાબદારી જિનશાસનની શોભા વધારવા માટે કહી છે.

આચાર્યો તીર્થંકર જેવા વાણીના ૩૪ અતિશયવંત ન હોય છતાં વીતરાગ દેવાધિદેવની વાણીને ૧. **આક્ષેપણી** - શ્રોતાઓને આકર્ષિત કરનારી, ૨. **વિક્ષેપણી** – ભોગ વિલાસથી શ્રોતાઓને મુક્ત કરનારી, ૩. **સંવેદની** – નરકાદિ ગતિઓના દુ:ખોથી ભય પેદા કરાવનારી અને ૪. **નિર્વેદની** – કામભોગથી વૈરાગી-ત્યાગી પમાડનારી કરાવનારી હોય છે. તેથી જ શાંત સુધારસ જેવી વાણી સૌ સાંભળી ધન્ય બને છે. સાંભળ્યા પછી તેઓ જીવનમાં કાંઈક સાધના-ઉપાસના-આરાધના-પ્રભાવના કરીને જાય છે. કેટલાક મહાપુરુષોએ નીચે મુજબ જિન શાસનને સેવા અર્પણ કરી અથવા જીવન ધન્ય કરી ગયા છે.

- વજસ્વામી - આકાશગામિની વિદ્યા દ્વારા દુકાળમાંથી સુકાળવાળી મહાપુર નામની નગરીમાં સંઘને લઈ ગયા.
- હેમચંદ્રાચાર્ય - જીવનમાં ૩।। કરોડ શ્લોકની રચના કરી.
- માનતુંગસૂરિ - ભકતામર સ્તોત્રની રચના દ્વારા ધર્મ પ્રભાવના કરી.
- હરિભદ્રસૂરિ - ૧૪૪૪ ગ્રંથો (શાસ્ત્રો) લખ્યા.
- વિજયહીરસૂરિ - અકબર બાદશાહને પ્રતિબોધી જીવદયા પ્રેમી બનાવ્યો.
- સ્વયંભવસૂરિ - પુત્રના કલ્યાણ માટે દશવૈકાલિક સૂત્રની રચના કરી.
- વિજયસેનસૂરિ - યોગશાસ્ત્રની એક ગાથાના ૭૦૦ અર્થ કર્યા.
- સોમપ્રભસૂરિ - કલ્યાણસાર શ્લોકના ૧૦૦ અર્થ કર્યા.
- મલ્લવાદિસૂરિ - એક શ્લોકના આધારે ૧૦ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથ લખ્યો.
- મુનિસુંદરસૂરિ - ૧૦૮ કટોરીના આવાજથી શતાવધાન કર્યા.
- આર્યરક્ષિતસૂરિ - દેવતાને નિગોદનું સૂક્ષ્મ સ્વરૂપ કહી પ્રતિબોધ્યો.
- મુનિચંદ્રસૂરિ - શ્રીપાળ-મયણાને સિદ્ધચક્રજીનું આરાધન બતાડ્યું.
- સિદ્ધસેનસૂરિ - વિક્રમરાજાને પ્રતિબોધી શત્રુંજય તીર્થનો સંઘ કઢાવ્યો.
- બપ્પભટ્ટસૂરિ - ૭૦૦ ગાથાનો સ્વાધ્યાય કરતા.
- વિજયસૂરિ - ૨૦૦૦ ગાથાનો રોજ સ્વાધ્યાય કરતા.

❖ માનદેવસૂરિ - આચાર્ય પદ પછી છ વિગઈ અને ભક્તની ગોચરીનો ત્યાગ.

❖ ધર્મઘોષસૂરિ - આચાર્ય પદ પછી માત્ર જુવારની રોટલી વાપરી.

❖ પાદલિપ્તસૂરિ - વિદ્યાદ્વારા રોજ પાંચતીર્થની યાત્રા કરતા.

❖ આર્યસિમીત - કન્ના-બેન્ના નદીને સ્થિર કરી સંઘને સામે પાર લઈ ગયા.

❖ ઉમાસ્વાતિ - તત્ત્વાર્થાધિગમ સૂત્ર રચના.

❖ અભયદેવસૂરિ - નવાંગી (શાસ્ત્ર) ગ્રંથો ઉપર ટીકા લખનાર.

આવા અનેકાનેક આચાર્યો ભવિષ્યના સંઘ માટે વિવિધ પ્રવૃત્તિ કરી ગયા.

આચાર્યો ૧. વેદાન્ત, ૨. વૈશેષિક, ૩. ન્યાય, ૪. જૈમિનીય, ૫. સાંખ્ય, ૬. યોગ, એવા છ દર્શનના જ્ઞાતા હોય છે. જૈન ધર્મ એકાંતવાદી નથી અનેકાંતવાદી છે. તે સમજાવવા સિદ્ધ કરવા માટે તેઓમાં છ દર્શનનું જ્ઞાન હોય છે. તથા ભક્તિયોગ ક્રિયાયોગ વિ.ની જરૂરીયાત શ્રી સંઘને પ્રવચનાદિ માધ્યમ દ્વારા સમજાવે છે. સંસારમાં મનુષ્યો ચર્મચક્ષુ કહેવાય. દેવો અવધિચક્ષુ સમજાવા. સજ્જનો વિવેક ચક્ષુવાળા હોય તો મહાપુરુષો-જ્ઞાનીઓ શાસ્ત્ર ચક્ષુવાળા હોય છે. તેથી સર્વજ્ઞ કથીત એ ધર્મોપદેશ આપી શકે. નિત્ય મનન, ચિંતન, નિદિધ્યાસન તેઓ કરતા હોય છે.

આચાર્ય-ઉપાધ્યાય કે સાધુ જે કોઈ પંચ મહાવ્રતધારી સર્વવિરતિધર આત્મા હોય તેઓને હિતશિક્ષા અથવા સંયમીજીવન સંબંધી ચર્ચા નીચેના આગમ ગ્રંથોમાં ઉપકારી મહાવીર પ્રભુએ ધર્મદેશના દ્વારા કહી છે.

❖ દશાશ્રુતસ્કંધ - દેવ-ગુરુ સંબંધી કલ્પ-આચાર.

❖ બૃહત્ કલ્પ - સંયમી જીવન અને આચાર.

❖ વ્યવહાર કલ્પ - પદની યોગ્યતા (જવાબદારી) શિક્ષા-આચાર.

❖ જીત કલ્પ - પ્રાયશ્ચિત્તના ૧૦ પ્રકાર તથા આલોચના

❖ મહાનિશિથ - દુષ્કૃતની નિંદા, આલોચના, શુદ્ધિકરણ.

❖ દશવૈકાલિક - મનકમુનિને ઉદ્દેશી શ્રમણ ધર્મના આચારનું પ્રતિપાદન.

❖ પિણ્ડનિર્યુક્તિ - સંયમીઓના કલ્પ્ય-અકલ્પ્ય એવા આહારની ચર્ચા.

❖ આચારાંગ - સંયમી જીવનના આચાર માટેના વિચાર.

❖ કલ્પવસંતિકા - સંયમી રાજકુમારો અને દેવલોક.

❖ પુષ્પિયા - સ્વચ્છંદી સંયમી જીવન અને ૧૦ દેવીઓ.

આચાર્યો કે સાધુઓ ઉપદેશ આપતી વખતે અથવા જાપ-સાધના કરતી વખતે વિશિષ્ટ પ્રકારની મુદ્રાનો ઉપયોગ કરે છે. મુદ્રા પણ એક વાણી-વચનનું કાર્ય કરે છે. મુદ્રા સાધકને આસનની જેમ અપ્રમત્ત રહેવા કામ આવે છે. મનના ભાવ-વિચારો

મુદ્રા દ્વારા જલ્દી સમજાઈ જાય છે. પંચાંગ પ્રણિપાત મુદ્રા-દ્વારા જ્યારે દેવ-ગુરુ-જ્ઞાનને વંદન કરાય છે ત્યારે મોઢેથી સૂત્ર, કાયાથી મુદ્રા અને મનથી ભાવના દર્શન થાય છે. ધાર્મિક અનુષ્ઠાનો કે પ્રતિક્રમણાદિમાં પણ મુદ્રાનો ઉપયોગ થાય છે. તે હિતકારી છે.

કેટલીક મુદ્રાના નામો – ૧. સૌભાગ્યમુદ્રા, ૨. સુરભિમુદ્રા, ૩. મહામુદ્રા, ૪. પ્રવચન મુદ્રા, ૫. પરમેષ્ઠીમુદ્રા, ૬. અંજલિમુદ્રા, ૭. ધેનુમુદ્રા, ૮. મત્સ્યમુદ્રા, ૯. વંદન મુદ્રા.

**મુદ્રા અને શ્રમણ :**

આચાર્યો – પ્રવચન મુદ્રામાં ઉપદેશ આપે.

ઉપાધ્યાય – અનુયોગ મુદ્રામાં જ્ઞાન વાચના આપે.

સાધુ – સ્વાધ્યાય, જાપ, કાઉસ્સગ્ગ મુદ્રામાં કરે.

સ્થાપનાચાર્યજી – સ્થાપન મુદ્રામાં સ્થાપના થાય.

આચાર્યો શાસનના સ્થંભ કહેવાય. જિનશાસન ઉપર કોઈ વિઘ્ન આવ્યું હોય આવવાનું હોય ત્યારે આ આચાર્યો જ વિઘ્નને દૂર કરવા પ્રયત્ન કરતા હોય છે. અને પાંચમા આરાના અંત સુધી એ પ્રયત્ન કરતાં જ રહેશે.

## આચાર્યપદના આરાધક પુરુષોત્તમ રાજા :

જગતમાં જીભ અને દાંત એ બેમાં જીભ ભોગવે (ખાઈ જાય) અને દાંત ભોજનને ખાવાલાયક બનાવે. તેમ પુણ્ય અને પુરુષાર્થની સ્પર્ધા થતી જોવા મળે છે. પુણ્ય-ભૂતકાળમાં નિર્માણ કરેલું છે, જ્યારે પુરુષાર્થ વર્તમાન કાળની પુણ્ય ભોગવવાની પ્રવૃત્તિ છે. તેથી જ આચાર્ય પદનું આરાધન કરનાર આત્મા આવતી કાલે (ભવે) સર્વોત્તમ પદનો અવશ્ય સ્વામી થાય.

પુરુષોત્તમ રાજાએ આ પદની આરાધના કેવી રીતે કરી તેનો થોડો અનુભવ કરી લઈએ.

પદ્માવતી નગરીમાં પુરુષોત્તમ રાજા નીતિ નિયમથી રાજ્ય કરતો હતો. તેને તેવોજ ધર્માનુંરાગી સુમતિનામે મંત્રી રાજ્યની શોભા કીર્તિ વધારવા પ્રયત્ન કરતો હતો.

એક દિવસ રાજ સભામાં કુડ-કપટમાં નિપુણ એવો કપાલી યોગી આવ્યો. રાજાએ યથોચિત સત્કાર કરી આવવાનું પ્રયોજન પૂછ્યું. યોગીએ કહ્યું, છ મહિનાથી હું એક સાધના કરું છું પણ ઉત્તરસાધક વિના એ સિદ્ધ થતી નથી. આપના જેવા પરોપકારી જો મને અનુમતિ આપે તો મારું જીવન ધન્ય થઈ જાય.

રાજાએ પરોપકારની ભાવનાથી ઉત્તરસાધક થવાની અનુમતિ આપી.

અવસર જોઈ મંત્રીએ સમકિત અને મિથ્યાત્વી સંબંધી ધર્મની વાતો કરી. મિથ્યામતિવાળા પ્રપંચી-સ્વાર્થી અને વિઘ્નકર્તા હોય છે. તેથી એવી વ્યક્તિથી અળગા રહેવું પરિચય ન કરવો એમ શાસ્ત્રમાં કહ્યું છે. છતાં આપની મરજી ચેતીને વિચારીને પ્રવૃત્તિ કરવા વિનંતી.

રાજા અંધારી રાત્રે યોગી સાથે અરણ્યમાં ગયા. ત્યાર બાદ યોગીએ સ્મશાનમાં ઝાડ ઉપર લટકતું મનુષ્યનું શબ લાવવા કહ્યું. રાજાએ સાહસ કરી ઝાડ ઉપર ચડી શબના બંધન તોડી નીચે નાખ્યું. તે દરમ્યાન રાજાની કુળદેવીએ રાજાને ચેતવી દીધો. આ યોગી તને અગ્નિ કુંડમાં નાખી સુવર્ણપુરુષ બનાવવા ઈચ્છે છે. માટે સાવધાન થઈ 'ૐ કાર' મંત્રાક્ષરનો મનમાં જાપ કરજે. જ્યારે યોગીના મસ્તકમાં પ્રકાશ જૂએ ત્યારે ભૂલ્યા વગર મને યાદ કરજે. બાકી હું સંભાળી લઈશ.

બનવાકાળ થયું પણ એવું. યોગી કપટ કરી મંત્રજાપ કરી રાજાને અગ્નિ કુંડમાં હોમવા પ્રયત્ન કરે છે, પણ સફળ થતો નથી. છેવટે રાજ્યની કુળદેવીએ યોગીને અગ્નિકુંડમાં નાખ્યો. ફળસ્વરૂપ સુવર્ણ પુરુષ તૈયાર થઈ ગયો. રાજાએ દેવીના કથન મુજબ સુવર્ણ પુરુષનો નગરીમાં પ્રવેશ કરાવ્યો. હવે રાજા સુવર્ણ પુરુષના કારણે અનેકાનેક દીન-દુઃખીના દુઃખોનો નાશ ઉદારતાથી કરે છે.

ઘણો કાળ વીત્યા પછી રાજા પોતાને આવેલા સ્વપ્નના આધારે પ્રિયંકા નગરીની પદ્મશ્રી રાજકન્યા સાથે લગ્ન કરે છે. બન્ને જીવોએ ધર્મ ધ્યાન ઉત્તમ પ્રકારે કરવામાં મન ચોટાડ્યું હતું. વિષય સુખ ભોગવતાં પુરુષસિંહ નામે પુત્ર થયો. અચાનક રાણીને દાહજ્વર ઉપડ્યો. ઘણાં ઉપાય કર્યા કામ ન આવ્યા. છેવટે રાણીનું આયુષ્ય પૂર્ણ થયું.

એક દિવસ નગરીમાં ચાર જ્ઞાનના ધણી શ્રી દેવમુનિશ્વર પધાર્યા. રાજા-પ્રજા મુનિવર્યશ્રીની દેશના સાંભળવા ઉમળકાભેર પહોંચી ગઈ. મુનિશ્રીએ ઉપદેશમાં કહ્યું, રાગ અને દ્વેષ શત્રુ છે. રાગ એટલે સંસારમાં નશ્વર વસ્તુ ઉપર મોહ કરવો પછી ભલે એ પરિવારના મેમ્બર પણ કેમ ન હોય. તેથી જન્મ મરણ વધે છે. કોઈ પણ દિવસ આ રાગ દશા જીવનમાં વૈરાગ્ય પ્રગટ્યા વિના ઘટવાની નથી. વૈરાગ્ય ભાવના જ ત્યાગી બનાવશે ને ત્યાગી જ વીતરાગ થશે. માટે રાગની માત્રા ઘટાડો.

જ્ઞાની ભગવંતની વાણીએ રાજા પ્રતિબોધ પામ્યો. સત્ય સમજ્યો ને પુત્ર પુરુષસિંહને સિંહાસન ઉપર બેસાડી ગુરુ ભગવંતના ચરણોની સેવા કરવા સંયમી થઈ ગયો. નિરતિચાર ચારિત્ર પાળી નવ પૂર્વના જ્ઞાની પણ થયા.

એક દિવસ ધર્મધ્યાન કરતાં રાજાને માતા-પિતા આ ભવના પરમ ઉપકારી ભલે કહેવાય પણ ગુરુ તો ભવોભવના ઉપકારી છે. ભવોદધિથી પાર ઉતારનારા છે. તેઓની મન-વચન-કાયાથી સેવા-વિનય-ભક્તિ કરવી જ જોઈએ.* ગુરુભક્તિ શુભ નામકર્મ, તીર્થંકર નામકર્મનો બંધ કરાવે છે. એ કારણે રાજર્ષિએ વિવિધ રીતે ગુરુની ભક્તિ શરૂ કરી.

ઈન્દ્રસભામાં ઈન્દ્રે ગુણાનુંરાગી થઈ મુનિની સેવા ભાવનાની ખૂબ અનુમોદના કરી જે મિથ્યાદ્રષ્ટિ દેવને રુચિ નહીં. મનુષ્યલોકમાં આવી મુનિની ગુરુની સેવા ભાવનાની નિંદા કરવા લાગ્યો. પરંતુ મુનિ તો ગુરુની ગુરુપદની નિષ્કામભાવે સેવા કરવાના અનુરાગી હતા. તેથી દેવના વચનની કાંઈ અસર ન થઈ. છેવટે કંટાળી પોતા દ્વારા થએલી બાળચેષ્ટા માટે મિચ્છામી દુક્કડં આપી-ખમાવી દેવલોકે ગયો.

મુનિ પણ અંત સમય નજીક આવેલ જાણી અણસણ સ્વીકારી આયુષ્યપૂર્ણ કરી અચ્યુતકલ્પમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપદ પામી શાશ્વત સુખના ભોક્તા બન્યા.

આ છે ગુરુ ભક્તિનો પ્રભાવ ! તસ્મૈ શ્રી ગુરવે નમઃ

અધ્યાપકથી ૧૦ ગુણા ઉપકારી આચાર્ય (પ્રિન્સિપાલ)
આચાર્યથી ૧૦૦ ગુણા ઉપકારી પિતા
પિતાથી ૧૦૦૦ ગુણા ઉપકારી માતા
માતાથી ૧૦૦૦૦ ગુણા ઉપકારી ત્યાગી, તપસ્વી ગુરુ
ગુરુથી અનંત ગુણા ઉપકારી વીતરાગ તીર્થંકર ભગવાન.

★ બાહુબલીજીએ ૫૦૦ મુનિની સેવા કરી હતી



# ૫

# શ્રી સ્થવિર પદ

**દુહો**

**તજી પર પરિણતિ રમણતા, લહે નિજ ભાવ સ્વરૂપ;**
**સ્થિર કરતાં ભવિલોકને, જય જય સ્થવિર અનૂપ. ૧**

**દુહાનો અર્થ :**

પર-પરિણતિમાં રમણતા તજીને પોતાના ભાવ-સ્વરૂપમાં રમતા અને ભવ્યજીવોને ધર્મમાં સ્થિર કરનારા એવા સ્થવિર ભગવંત જય પામો. ૧

**ઢાળ**

(તપશું રંગ લાગ્યો – એ દેશી)

**પંચમ પદને ગાઈએ રે, ભાવ થિવિર અધિકાર રે;**
**લૌકિક માતપિતા કહ્યા રે, લોકોત્તર વ્રતધાર.**
**ગુણિજન વંદો રે, થિવિર મહારાજ, દુરિત નિકંદો રે. ૧**
**સંયમયોગે સીદતા રે, બાલગિલાનાદિ સાધુ રે;**
**યથોચિત સહાય દેવે કરી રે, ટાલે સર્વ ઉપાધિ. ગુ. ૨**
**વીશ વર્ષ પર્યાયથી રે, સાઠ વર્ષ વય હુંત રે;**
**ચોથા અંગ ઉપર ભણ્યા રે, શ્રુતથિવિરા એ ભણંત. ગુ. ૩**
**મેઘ અઈમત્તા થિર કર્યા રે, ત્રિશલાનંદન દેવ રે;**
**પચાસ સહસ સાધુસાધવી રે, સંબંધ કહી કામદેવ. ગુ. ૪**
**ઠાણાંગે દશ થિવિરા કહ્યા રે, રત્નત્રયના નિધાન રે;**
**તે ઈહાં પ્રશસ્તભાવે ગ્રહ્યા રે, દ્રવ્યાદિક અનુમાન. ગુ. ૫**
**તપ શ્રુત ધીરજ ધ્યાનથી રે, દ્રવ્યગુણ પર્યાય જ્ઞાતા રે;**
**સ્વરૂપરમણ થિવિરા ભલા રે,નહિ પલિતાંકુર ત્રાતા. ગુ. ૬**
**એ પદ સાધતો ભાવથી રે, પદ્મોત્તર મહારાય રે;**
**તીર્થંકરપદવી લહી રે, સૌભાગ્યલક્ષ્મી સુખદાય. ગુ. ૭**

**ઢાળનો અર્થ :**

પાંચમા પદમાં ભાવસ્થવિરનો અધિકાર છે. લૌકિક સ્થવિર માતા-પિતા વગેરે વૃદ્ધ હોય તે સમજવા અને લોકોત્તર સ્થવિર મહાવ્રતોને ધારણ કરનાર વૃદ્ધ મુનિ જાણવા.

હે ગુણીજનો ! તમે સ્થવિર મહારાજને વંદન કરો. અને તમારા દુરિત-પાપનું નિકંદન કરો. ૧

સ્થવિરમુનિઓ સંયમયોગમાં સીદાતા એવા બાળગ્લાનાદિ સાધુઓને યથોચિત સહાય આપવાવડે તેમની સર્વ ઉપાધિ દૂર કરે છે. ૨

વીશ વર્ષથી ઉપરાંત દીક્ષાપર્યાયવાળા હોય તે પર્યાયસ્થવિર, સાઠ વર્ષથી ઉપરાંતની વયવાળા હોય તે વયસ્થવિર અને ચોથું અંગ જે સમવાયાંગ તે ઉપરાંત અભ્યાસવાળા હોય તે શ્રુતસ્થવિર કહેવાય છે. ૩

ત્રિશલામાતાના પુત્ર મહાવીર પરમાત્માએ પચાસ હજાર (૧૪ હજાર સાધુ અને ૩૬ હજાર સાધ્વી) સાધુ-સાધ્વી વચ્ચે કામદેવ શ્રાવકનો સંબંધ કહીને મેઘકુમાર તથા અઈમત્તા મુનિને સ્થિર કર્યા છે. ૪

ઠાણાંગસૂત્રના દશમા ઠાણામાં દશ પ્રકારના સ્થવિરો કહ્યા છે. તે રત્નત્રયના નિધાન જેવા હોય છે. તેને અહીં દ્રવ્યાદિકને અનુમાને પ્રશસ્તભાવે ગ્રહણ કરેલા છે. ૫

૧ તપસ્થવિર, ૨ શ્રુતસ્થવિર, ૩ ધૈર્યસ્થવિર, ૪ ધ્યાનસ્થવિર, ૫ દ્રવ્યસ્થવિર, ૬ ગુણસ્થવિર, ૭ પર્યાયસ્થવિર, ૮ જ્ઞાનસ્થવિર અને ૯ સ્વરૂપ રમણસ્થવિર આ નવે પ્રકારના સ્થવિરો સ્થવિરપણાને યોગ્ય છે. દશમા માત્ર ૧૦ વયસ્થવિર કે જેને ધોળા વાળ આવેલા હોય છે તે ખાસ ત્રાતા-રક્ષણકારક નથી. ૬

આ સ્થવિરપદનું ભાવપૂર્વક આરાધન કરવાથી પદ્મોત્તર રાજા તીર્થંકરપદવીને પામ્યા છે અને સુખ આપનાર સૌભાગ્યલક્ષ્મીને પણ પામેલા છે. ૭

**વિવરણ :**

આંબાના ઝાડ ઉપર સર્વ પ્રથમ 'મોર' આવે પછી 'કાચી કેરી' થાય. તે પછી કેરી (પરિપક્વ-મોટું ફળ) થાય અને તેને ઉતારી ઘાસ આદિમાં સંસ્કારીતા કરવામાં આવે ત્યારે કેરી ટુકડા કે રસરૂપે ભોજનમાં પીરસાય. તેમ સાધુ જીવનમાં સ્થવિર એટલે પરિપક્વતાને પામેલા નીચે મુજબના ૧૦ ◆ગુણીયલ આત્માઓની વાત ઠાણાંગ સૂત્રમાં આપી છે.

- ✤ શ્રુતસ્થવિર - ચોથા સમવાયાંગ સૂત્ર સુધીના જ્ઞાતા.
- ✤ પર્યાયસ્થવિર - ૨૦ કે તેથી વધુ વર્ષના દીક્ષા પર્યાયવાળા.
- ✤ વય(ઉંમર) સ્થવિર - ૭૦ કે તેથી વધુ વર્ષની ઉંમરવાળા.
- ✤ તપ સ્થવિર - તપશ્ચર્યાદિમાં ઉગ્ર તપસ્વી હોય.
- ✤ લોકોત્તર સ્થવિર - મહાવ્રતોને ધારણ કરનાર વૃદ્ધ મુનિ.

◆ ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંવર, સત્ય, શૌચ, આકિંચન, બ્રહ્મચર્ય.

✤ લૌકિક સ્થવિર - માતા-પિતા આદિ વૃદ્ધો તે.
✤ ગુણ સ્થવિર - બીજાથી ગુણોમાં મોટા હોય તે.
✤ પર્યાય સ્થવિર - દીક્ષીદિ પર્યાયમાં મોટા હોય તે.
✤ સ્વરૂપ રમણ સ્થવિર - આત્મ મરણતામાં જે આગળ વધ્યા હોય તે.
✤ રત્નત્રયી સ્થવિર - દર્શન-જ્ઞાન-ચારિત્રમાં મોટા હોય તે.

વ્યવહારીક ભાષામાં સંસારી વ્યક્તિ માટે ઠરેલ, પાકો ઘડો, ગંભીર, જ્ઞાનને વાગોળનારા, દીર્ઘદ્રષ્ટા જેવો શબ્દ પ્રયોગ આપણે સૌ કરીએ છીએ. ટૂંકમાં આવા માનવી ઓછાબોલા વિચારપૂર્વક ભવિષ્યને નજર સામે રાખનારા કે નવી અયોગ્ય પરંપરાનો જન્મ ન થાય તેવી દ્રષ્ટિથી જીવન જીવવાનું માનનારા કહીશું.

શાસ્ત્રોમાં જે ૧૦ યતિધર્મનો અધિકાર આવે છે. તે બધાય ગુણ આ મહાપુરુષના જીવનમાં સહજતાથી જોવા મળે. જેની જીવનચર્યા શાસ્ત્રની સાથે સુસંગત હોય તે વ્યક્તિને ઘણી દીવાળી જોનાર પીઢ કહીશું તો ખોટું નથી.

ભોજનમાં મગ-તુવેર-ચણાની દાળના વડા થાય છે. તેની કથા ઘણી સુપ્રસિદ્ધ છે. જેટલો આનંદ દહીવડા ખાવામાં ખાનારને થાય તેથી અનેક ઘણું કષ્ટ બનાવનારને થાય છે. તેમ સાધુ-ગણિ-પન્યાસ ઉપાધ્યાય કે આચાર્ય થવા જેટલા સહેલા છે તેથી વધુ અગ્નિપરીક્ષાની જેમ સ્થવિર થવું (કહેવડાવવું) અઘરું છે. સ્થવિર ઓછું બોલે પણ પ્રમાણોપેત બોલે. તેમનું વચન સ્વીકારનીય હોય. ઘણાં મહાપુરુષો આવા સ્થવિરની પ્રસંગે પ્રસંગે શાસન પ્રભાવના માટે સલાહ અભિપ્રાય લેતા હોય છે.

'ક્રિયાએ કર્મ અને ઉપયોગે ધર્મ' આ સૂત્ર હંમેશાં સ્થવિર નજર સામે રાખે. તોજ પાત્રાની પડીલહેણ કરતાં (વક્કલચિરિ), ઈરિયાવહિ વિધિ કરતાં (અઈમુત્તામુનિ), નિરવદ્યસ્થાને ગોચરી પરઠવતાં (સુવ્રતમુનિ), મોદકને પરઠવવા માટે ચૂરો કરતાં (ઢંઢણ અણગાર), પર્વ દિવસે આહાર કરતાં (કુરગડુમુનિ) કે ઉપાશ્રયનો કાજો કાઢતાં અવધિજ્ઞાનની કક્ષાએ પહોંચનારા મુનિ અર્થાત્ સ્થવિર કક્ષાના શ્રમણ ઘણાં જ પરિણામે ભવભીરૂ હોય. સો ગળણે પાણી ગાળનારા કહેવાય.

શાસ્ત્રોમાં નવકારશી કરનાર તપસ્વી ૧૦૦ વર્ષના નરકના દુઃખોથી બચે. શુદ્ધ સામાયિક કરનાર ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમથી અધિક દેવગતિનું આયુષ્ય બાંધે અથવા લાખ ખાંડી સોનૈયાનું દાન આપી જે પુણ્ય બંધાય તેટલું એક શુદ્ધ સામાયિક કરનાર પામે, શાશ્વત નવકાર મહામંત્રનું સાતઅક્ષરનું માત્ર એક પદ સ્મરણ કરનાર ૫૦ સાગરોપમના પાપનો ક્ષય કરે, વિગરે જે કાંઈ કહ્યું છે તેની પાછળ સ્પષ્ટ સ્થવિર આત્માનો વિચાર છૂપાયો છે. એના વિના ક્રિયા-જાપ કે આરાધના સુવિશુદ્ધ થવી અસંભવ છે. સ્થવિર પુરુષો મન-વચન-કાયાથી એકાગ્ર

થએલા જ હશે. આરાધનાની દરેક ક્ષણ સ્વની શોધમાં સ્વની ઉપાસનામાં કે સ્વને સ્વના સ્થાને પહોંચાડવામાં ઉદ્યમી હોય.

સ્થવિર હંમેશાં પોતે અલ્પજ્ઞાનીની કક્ષામાં રહે. કેવળજ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જાણવા, સમજવા, વિદ્યા પ્રાપ્ત કરવા એ જિજ્ઞાસા ભાવે નાના-મોટાનો ભેદ ભૂલવા● પ્રયત્ન કરે. (૧) સત્સંગના કારણે જીવનમાં હિતકારી શિખામણ મળે. (૨) કર્મક્ષય યા નવા કર્મ ન બંધાય તેવી પ્રવૃત્તિ સમજાય. (૩) વિનય-નમ્રતાનો વિકાસ થાય. (૪) ગુણીના ગુણનો ઉપાસક થાય. (૫) ત્યાગી-તપસ્વીની અનુમોદના કરવાની ભાવના થાય.

સ્થવિર પુરુષો સુખની ગવેષના ન કરે. સુખ અંદરમાં જ છે. સંસારીની અપેક્ષાએ સર્વવિરતિધર ૫૦ % સુધી દેશવિરતિ ધર ૨૫ ટકા માર્ગાનુંસારી જીવ ૧૦ % જ્યારે ચોવીશે કલાક આર્ત-રૌદ્ર ધ્યાનમાં રાખનાર ૧ % પણ સુખી નથી. મોક્ષગામી જીવ શાશ્વત સુખના સ્વામિ હોવાથી ૧૦૦ % સુખી થઈ શકે છે. સુખ ખરી રીતે જગતમાં નથી સ્વમાં છે. માન્યતા સુધરે તો સુખ જીવની પાસે જ છે. ઈચ્છા એ જ મહા દુઃખ છે.

એકક્ષણ સ્થવિરના જીવનમાં જો ડોકીયું કરીશું તો એ જીવ ઘણાં ગંભીર અને દ્રઢ વિચારધારાને વળગેલો હશે. જેમ સમકિતી આત્મા સુદેવ, સુગુરુને સુધર્મનો જ ઉપાસક સાધક હોય કુદેવ-કુગુરુ કુધર્મની સાથે તો આભડછેડ. અભડાઈ ન જવાય તેવો વ્યવહાર રાખે. મુખ્યત્વે ઉપાસના એવી કરવી કે જેથી જીવન શુદ્ધિના પગથીયે ચડે. પોતાનું લક્ષ પ્રાપ્ત કરવા માટે એ બીજાની સલાહ ન લેતા શાસ્ત્રવચનનો વાસ્તવિક અર્થ કરવા સમજવા પ્રયત્ન કરે. કર્મના મર્મને જેણે જાણ્યો છે એ આત્મા અધવચ્ચે અટવાઈ ન જાય. એનો આહાર શુદ્ધ વિચાર શુદ્ધ, જ્ઞાન શુદ્ધ, પ્રવૃત્તિ શુદ્ધ હોય તેથી અઘાતીકર્મ જીવનના અંત સુધી સારો સાથ આપે. ઘાતીકર્મ ઢીલા કરવા માટે એ પ્રયત્નશીલ રહે. આથી એ સુખની પાછળ દોડે નહિં પણ સુખ એની પાછળ આટા મારે.

સ્થુલીભદ્રજીનું નામ શાસ્ત્રકારો ૮૪ ચોવીશી સુધી અમર રહેશે એમ બ્રહ્મચર્ય વ્રતના કારણે કહે છે જ્યારે વંદન કરવા આવી રહેલ પોતાની બહેનોને પોતે કેવળજ્ઞાની છે તે બતાડવા સિંહનુંરૂપ ધારણ કર્યું. ફળ સ્વરૂપ ગુરુએ બાકીની વાચના અર્થથી આપવાની બંધ કરી. 'મારુષ મા તુષ' પદ કંઠસ્થ કરવા ૧૨ વર્ષ લગાડનાર માસતુષ મુનિએ પદના મર્મને જીવનમાં ઉતારતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. આ છે સ્થવિર જીવની અપ્રગટ સ્થવિરાઈ.

---

● 'બાલાદાપિ ગ્રાહ્ય વચનં'

કલ્પસૂત્ર – આગમનું નવમું વ્યાખ્યાન સ્થવિરાવલી ઉપર થોડી જો દ્રષ્ટિ ફેરવીશું તો તેમાં અનેકાનેક સ્થવિર પુરુષોના નામો ને કામો નજરે ચડ્યા વિના નહિં રહે. આવા વંદનીય-પૂજનીય-સન્માનનીય પુરુષોને કોટી કોટી વંદન કરવાનું કોણ ચૂકે ? મહાપુરુષો આચાર પાળવા માટે કડક-કઠીન હોય જ્યારે જગતના કલ્યાણ માટે કમળ કરતાં વધુ કોમળ હોય.

સ્થવિરની આટ આટલી યોગ્યતા ક્યાંથી આવી ? એવો કોઈ પ્રશ્ન કરે તો જવાબ માટે અનુભવી સ્થવિરો પાસે જવું પડે. કારણ, સ્થવિર ગમે તે પંચમહાવ્રતધારીને કહી શકાય. તેના માટે ગણિ-પન્યાસ-ઉપાધ્યાય કે આચાર્ય પદથી વિભૂષિત હોવા જોઈએ તેવો નિયમ નથી. જે મહાવ્રતધારીમાં વાત્સલ્ય, પરોપકારી, અસ્થિરને સ્થિર કરવાની ભાવના યા કાંઈક કરી છૂટવાની રગેરગમાં તમન્ના● હોય તે આત્મા ઉપર જણાવેલા ૧૦ સ્થવિરોમાંથી કોઈ પણ ૧–૨ સ્થવિરના સ્થાનને શોભાવી શકે છે.

અચાનક યાદ આવ્યું. રામે દરીયામાં પત્થર નાખ્યો તો તે ડૂબી ગયો. જ્યારે ભક્ત હનુમાને રામના નામે પત્થર નાખ્યો તો તે તરી ગયો. તેમ સ્થવિરના આરાધનાનો મંત્ર જેના કંઠમાં ગોઠવાઈ ગયો તે ભક્ત-આરાધક સંસાર સાગરને શું તરી ન જાય ? માટે જ સ્થવિરનું સ્મરણ સ્થવિર બનાવે યાવત્ તીર્થંકર પદના અધિકારી બનાવે.

સ્થવિરમાં એવી કઈ શક્તિ હોય કે જેના કારણે એના પરિચયથી બધા ધર્મમાં સ્થીર થઈ જાય ? સ્થવિરમાં-બધાજ મહાવ્રતધારીની ગણના આવે. એટલે જે મહાપુરુષમાં શબ્દમાં વાત્સલ્ય ભરાયું હોય (ઉદા-સંકલ્પ-ધર્મથી લાભ થશે. દ્રષ્ટિ-કૃપાની વૃષ્ટિ અંજન દ્વારા થતી હોય, સ્પર્શમાં મધ્યબિંદુમાં વાસક્ષેપ દ્વારા આશિષ અને શબ્દોચ્ચાર નિથ્થારપારગાહોહ) તો તે પુણ્યવાન જીવ આદરનીય બને. આ ગુણ ખાસ સ્થવિરમાં વણાયેલો હોય છે.

અંતે સ્થવિર પદના આરાધનાના મંત્રના શબ્દો ઉપર જો નજર ફેરવવામાં આવે તો આવા વિવિધ કક્ષા-ગુણના સ્થવિરોને હું ભાવથી નમસ્કાર કરું છું. ગુણીશું ગુણ પૂજા એ ન્યાયે એમનામાં રહેલા ગુણોમાંથી આરાધક ચતુર્વિધ સંઘમાંથી ગમે તે હોય તે ગુણવાન બને, ઈચ્છીત ફળ, તીર્થંકર નામકર્મ યા મોક્ષ પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

## સ્થવિર પદના આરાધક પદ્મોત્તર રાજા :

ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળબંધાય. તેમ જીવનમાં ગુણાનુરાગી

● તીર્થંકરનો આત્મા સવિજીવ કરું શાસન રસિકની ભાવના ભાવે તે રીતે.

આત્મા સદ્‌ગુણનો જીવનમાં સંચય કરે તો એ પણ શૂન્યમાંથી સર્જન કરી શકે છે. માળાના ૧-૧ મણકા ઉપર મંત્રનું સ્મરણ કરતાં ક્રમશઃ ૧ માળા કે અનેક માળા દ્વારા ધારેલી શક્તિની ભેટ જાપ કરનારાને અવશ્ય પ્રાપ્ત થાય છે.

સ્થવિરપણું જીવનમાં પ્રગટાવવા રાજા પદ્મોત્તરે જે પુરુષાર્થ કર્યો તે થોડો જોઈ લઈએ.

વારાણસી નગરીનો રાજા પદ્મોત્તર ઘણો ચતુર હતો. તેની રાજસભામાં શુભાપુરી નગરીના જયરાજ રાજાની પદ્મિની, કુમુદિની અને ગજપુર નગરીના સિંહરથ રાજાની ભોગવતી અને વિભ્રમવતી એમ ચાર કન્યાના ચિત્રો રાજસભામાં ચિત્રકાર લઈ આવ્યો હતો. ચિત્ર જોયા પછી પૂર્વભવના ઋણાનુબંધના કારણે એ ચારે સાથે રાજાએ લગ્ન કર્યા. ચારે કન્યાઓ રાજાને અને પરિવારને આનંદ પમાડતી હતી.

એક દિવસ નગરીમાં દેવપ્રભ આચાર્ય વિપુલ પરિવારની સાથે પધાર્યા. રાજા-પ્રજા ગુરુભગવંતની દેશના સાંભળવા આદરપૂર્વક ગઈ. જ્ઞાની ગુરુવર્યે જેમ વીતરાગ પરમાત્માની સ્વદ્રવ્યથી અષ્ટ પ્રકારી પૂજા અષ્ટકર્મ નિવારણાર્થે કરીએ છીએ તેમ ગુરુની પણ ◆૧૦ સમાચારી સાચવી સેવા-સુશ્રૂષા કરવી જોઈએ એનાથી આ ભવ પરભવમાં શાતાવેદનીય કર્મનો બંધ (ઉદય) થાય છે.

ઉપકારી ગુરુદેવની વાણી સાંભળી રાજાએ જિજ્ઞાસાભાવે પૂછ્યું કે, મારી ચાર રાણીને મારા ઉપર અને મને એમના ઉપર પ્રિતિ કેમ થઈ ? તેઓ સગી બેનોની જેમ જીવન કેમ જીવે છે ?

જ્ઞાનીઓ સંસારની વાતમાં રસ ન લે પણ આ પૂર્વભવના કર્મની લીલા છે. ભાગ્યવાન ! પૂર્વભવે તમે નંદન નામે શેઠના દાસ હતા. સદ્‌ભાગ્યે એક સુંદર કમળપુષ્પ લઈ જતા હતા. ત્યારે ચાર કુમારિકાઓએ આ નાજુક-સુંદર-કમળ અન્ય સ્થળે ન વાપરતાં તેના દ્વારા વીતરાગ પ્રભુની પુષ્પપૂજા કરવા તમને પ્રેરણા કરી. તમે પણ એ મુજબ ખૂબ જ ભાવથી પ્રભુના ચરણે પુષ્પ ચડાવી અપૂર્વ આનંદનો અનુભવ કર્યો. તમને પ્રેરણા આપનાર બેનોનો ખૂબ મનથી આભાર પણ માન્યો.

અષ્ટપ્રકારીપૂજા-જળપૂજા–જ્ઞાનાવરણીય, ચંદનપૂજા–વેદનીય, પુષ્પપૂજા–(શુભ)નામકર્મ, ધૂપપૂજા–મોહનીય, દીપપૂજા–દર્શનાવરણીય, અક્ષતપૂજા–આયુષ્ય, નૈવેદ્યપૂજા–ગોત્રકર્મ અને ફળપૂજા-અંતરાય કર્મ સાથે સંકળાયેલ છે. તમે ઉત્તમ

◆ ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવસ્યક, નૈષેધિકી, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના, નિમંત્રણા, ઉપસંપદા.

પુષ્પપૂજા કરી શુભ નામકર્મથી રાજા થયા. પૂજા કરવા માટે પ્રેરણા કરનાર ૪ કન્યા તમારી રાણી થઈ.

ઉપકારી ગુરુના વચનથી રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. સત્ય વસ્તુનું ભાન થયું. આવતી કાલના કર્તવ્ય પૂરા કરવા વૈરાગ્યવાન થઈ રાણીઓની સાથે ચારિત્ર અંગિકાર કર્યું. સંયમ લીધા પછી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા મનને જોડી દીધું. ફળ સ્વરૂપ રાજા-અગ્યાર અંગના જ્ઞાતા થયા.

એક દિવસ ગુરુમુખે જ્ઞાનનું અજિરણ અભિમાન અને જ્ઞાનની સફળતા વિનય ગુણમાં સાંભળી. વિનય વિના બધું નકામું સમજાયું. તેથી આજીવન સ્થવિરાદિનો વિનય કરવો-ભક્તિ કરવી એવો રાજાએ સંકલ્પ કર્યો. કુરગુડુ મુનિ ગ્લાન-તપસ્વી-વૃદ્ધની ઉત્તમ સેવા કરી હતી. તેમ મારે પણ ભક્તિ પહેલાં, પછી ભોજન-આહાર લેવો. એવો એનો નિત્યક્રમ બની ગયો.

જગતમાં પ્રસંશક ઓછા અને નિંદક વધારે જોવા મળે છે. તેમ એક સમ્યગ્દ્રષ્ટિદેવે રાજર્ષિમુનિની સેવાગુણની પ્રસંશાકરી જ્યારે મિથ્યા દ્રષ્ટિ દેવે નિંદા કરી છતાં મુનિએ બન્ને જીવો પ્રત્યે સમભાવ રાખ્યો. જ્યારે અન્ય શિવપંથી સન્યાસી પાસે એ બન્ને દેવ શુક-પોપટનું રૂપ ધારણ કરી ગયા. પોપટ મૌન રહ્યો, પોપટીએ સંન્યાસીની નિંદા કરી જે સાંભળી સંન્યાસી કોપાયમાન થઈ તેને મારી નાખ્યો.

સમ્યગ્રદ્રષ્ટિ દેવને હવે સમજાવવાનો અવસર આવ્યો. તેને મિથ્યાદ્રષ્ટિને સમતા-સમભાવમાં રહેલા ફાયદા જૈન મુનિના જીવન ઉપરથી સમજાવ્યા. અંતે બન્ને દેવ રાજર્ષિમુનિ દ્વારા સ્થવિરની જે સેવા થાય છે તેના ગુણ ગાતા સ્વસ્થાને ગયા.

રાજર્ષિમુનિ પણ સેવા કરતાં મહાશુક્ર દેવલોકે ગયા. ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકરપદ ભોગવી મોક્ષે જશે.

કહ્યું છે, સેવાના ફળ હંમેશાં મીઠાં જ હોય.

૬

# શ્રી ઉપાધ્યાય પદ

દુહો

બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૧

**દુહાનો અર્થ :**

સૂક્ષ્મ બોધ વિના જીવને તત્ત્વની પ્રતીતિ-ખાત્રી થઈ શકતી નથી. તેથી સૂક્ષ્મ બોધ થવા માટે જે શિષ્યોને સૂત્રો ભણાવે છે અને પોતે પણ ભણે છે. એવા સિદ્ધાંતમાં ગવાયેલા પાઠક ઉપાધ્યાય મહારાજ જયવંતા વર્ત્તો. ૧

ઢાળ

(રસીયાની દેશી)

શ્રી ઉવજ્ઝાય બહુશ્રુત નમો ભાવશું, અંગ-ઉપાંગના જાણ, મુણીંદા;
ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવપલ્લવ પહાણ, વિનીતા. શ્રી. ૧
અર્થ સૂત્ર કહેવાના વિભાગથી, સૂરીશ્વર પાઠક સાર, સોહંતા;
ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજ પરે અણગાર, મહંતા, શ્રી. ૨
ચોદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત, વિદિતા;
ગ્રહણ આસેવન શિક્ષાદાનથી, સમય જાણે અનેકાંત, સુજ્ઞાની. શ્રી. ૩
આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ, વિચારી;
પચવીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચવીશી ગુણરાગ, સુધારી. શ્રી. ૪
પય ભર્યો દક્ષિણાવર્ત્ત શંખ શોભિયે, તેમ નય ભાવ પ્રમાણ, પ્રવીણા;
હય ગય વૃષભ પંચાનન સારિખા, ટાળે પરવાદી અભિમાન, અદીના. શ્રી. ૫
વાસુદેવ નરદેવ સુરપતિ ઉપમા, રવિ શશી ભંડારી રૂપ, દીપંતા;
જંબૂ સીતનદી મેરુ મહીધરો, સ્વયંભૂ ઉદધિ રયણ ભૂપ, ભણંતા. શ્રી. ૬
એ સોલ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યયને રસાળ, જિણિંદા;
મહીંદ્રપાળ વાચકપદ સેવતો, સૌભાગ્યલક્ષ્મી સુવિશાળ, સૂરીંદા. શ્રી. ૭

**ઢાળનો અર્થ :**

બહુશ્રુત એવા ઉપાધ્યાયને ભાવપૂર્વક નમસ્કાર થાઓ. જેઓ અંગ અને

ઉપાંગસૂત્રોના જાણનારા છે. પોતે ભણે છે અને શિષ્યોને પણ નવપલ્લવિત કરે છે. ૧

અર્થ અને સૂત્ર કહેવાના વિભાગથી આચાર્ય અને ઉપાધ્યાય કહેવાય છે. અર્થાત્ આચાર્ય અર્થ કહે છે અને ઉપાધ્યાય મૂળ સૂત્ર ભણાવે છે. આચાર્યરૂપ રાજાની પાસે ઉપાધ્યાય યુવરાજ જેવા હોય છે અને ત્રીજે ભવે અવિનાશી સુખ-મોક્ષ મેળવે છે. ૨

ચૌદ પ્રકારના દોષથી ભરેલા અવિનીત શિષ્યને પણ જેઓ પંદર ગુણવાળા કરે છે. ગ્રહણ અને આસેવન એ બંને પ્રકારનું શિક્ષણ આપે છે અને અનેકાંત સિદ્ધાંતને તેઓ જાણે છે. ૩

વાંદણાના પચીશ આવશ્યક શિષ્યોને શીખવે છે, ત્યાગ કરવા યોગ્ય પચીશ ક્રિયાનો ત્યાગ કરાવે છે, પાંચ મહાવ્રતની પચીશ ભાવનાઓ ભાવે છે. શુભ એવા પચવીશ ગુણના રાગી હોય છે. ૪

દૂધથી ભરેલો દક્ષિણાવર્ત્ત શંખ જેમ શોભે છે તેમ જે નય, ભાવ અને પ્રમાણમાં પ્રવીણ હોવાથી ઉપાધ્યાય મહારાજ શોભે છે. તેમજ જેઓ ૧ હાથી, ૨ ઘોડો, ૩ વૃષભ અને ૪ સિંહની ઉપમાને યોગ્ય છે. તેમજ પરવાદીના અભિમાનને અદીનપણે ટાળનારા છે. ૫

વળી એ ઉપાધ્યાયજીને ૫ વાસુદેવ-નરદેવ, ૬ ઈંદ્ર, ૭ સૂર્ય, ૮ ચંદ્ર, ૯ ભંડારી (કુબેર), ૧૦ જંબૂવૃક્ષ, ૧૧ સીતા-નદી, ૧૨ મેરુપર્વત, ૧૩ સ્વયંભૂરમણ, ૧૪ સમુદ્ર, ૧૫ રત્ન તેમજ ૧૬ ભૂપની ઉપમાઓ ઘટી શકે છે. ૬

એ સોળ ઉપમાઓ બહુશ્રુત એવા ઉપાધ્યાયને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઘટાવેલી છે. એ ઉપાધ્યાયપદને સેવવાથી મહીંદ્રપાળ તીર્થંકર થયેલ છે અને સુવિશાળ સૌભાગ્યલક્ષ્મી પામ્યા છે. ૭

**હાથીને મણ, કીડીને કણ બરાબર છે.**

**વિવરણ :**

શરીરના કારણે હાથી અને કીડીના ખોરાકમાં ફરક છે. તેમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે ઉપાધ્યાય ને સાધુના જ્ઞાનમાં એક જ્ઞાની તો બીજા જ્ઞાનના સાધક છે. ઉપાધ્યાયનું કાર્યક્ષેત્ર આચાર્યના કાર્યોમાં સાથ આપવાનું ને સાધુના માટે સારણા-વાયણા-ચોયણા-પડીચોયણા દ્વારા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર કરવાનું છે. બીજા શબ્દમાં ગચ્છ-સમુદાયની સંભાળ રાખવી એ મુખ્ય પ્રવૃત્તિ છે.

ઉપાધ્યાયજીને ઉત્તરાધ્યયન સૂત્રમાં હાથી, ઘોડા, ઋષભ, સિંહ, વાસુદેવ,

ઈન્દ્ર, સૂર્ય, ચંદ્ર, ભંડારી, જંબુવૃક્ષ, સીતાનદી, મેરુપર્વત, સ્વયંભૂરમણ સમુદ્ર, રત્ન, ભૂપ વિગેરે ૧૬ ઉપમા આપી છે. બીજી રીતે યુવરાજ તરીકે પણ વર્ણવ્યા છે. આધુનિક વિચારમાં આચાર્યએ જૈન શાસનના વ્યવસ્થાપક છે. જ્યારે ઉપાધ્યાય શિક્ષણદાતા અને સાધુ એ મદદકર્તા અનુમોદક છે.

વીતરાગ પરમાત્મા જ્યારે અર્થથી દેશના આપે એ દેશનાને એકાગ્રતાથી શ્રવણ કરી ગણધરો સૂત્રમાં આરુઢ કરે. એ સૂત્રમાં કંડારાયેલી દેશનાનું રક્ષણ વાચના દ્વારા ઉપાધ્યાયજીઓ કરે. જ્ઞાન પિપાસુ આત્માને એ દેશનાનું રસાસ્વાદન કરાવે. આમ ૨૫૦૦/૨૬૦૦ વર્ષથી એ દેશના દીર્ઘજીવી રહી અને હજી ૧૮૦૦૦ વર્ષ સુધી પરંપરામાં શિષ્યને આપવા દ્વારા સુરક્ષિત રહેશે. ઉપાધ્યાયજી પ્રભુની દ્વાદશાંગી જે અર્થથી શાશ્વતી છે તેને શબ્દથી શિષ્ય-પ્રશિષ્યને આપવા દ્વારા અખંડીત રાખવા પ્રયત્ન કરે.

ઉપાધ્યાયજી મ. સાહિત્યના સર્જનહાર પણ કહેવાય. આજથી ૨૦૦/૨૫૦ વર્ષ પહેલાં એક કાળ હતો જ્યાં નજર નાખો ત્યાં ઉપાધ્યાયજી મ. કલમને તાડપત્રના પાનાં ઉપર કાંઈક ને કાંઈક આધ્યાત્મિક-ન્યાયતર્કાદિ વિષયો પર લખતા જ હોય. જે આજે અનેક ગ્રંથોમાં અનેક નામોથી સુપ્રસિદ્ધ છે.

ઉપાધ્યાય મ. તો સમ્યગ્જ્ઞાનના દાનેશ્વરી કહેવાય છે. વ્યવહારિક જ્ઞાન તો ૧૫ દિવસ-મહિનો કે વર્ષ સુધી ટકે જ્યારે આ આત્મલક્ષી જ્ઞાન તો, જન્મોજન્મ સુધી દીર્ઘકાલીન ટકનારું છે. એના અધિકારી તરીકે પોતે યથા શક્તિ ગ્રહણ કરે ને બીજાને જ્ઞાન ગ્રહણ કરવા પ્રોત્સાહિત કરે. પરંપરા વધારનારું કામ આ જ્ઞાન દ્વારા થાય છે. ગારુડી મંત્રણ જેવું સંસારના રાગાંધ, ક્રોધાંદ, માનાંદ દશાને દૂર કરનારું આ જ્ઞાન ભવિ જીવોને પરમોપકારી છે.

પંચ પરમેષ્ઠીના ચોથા પદે બિરાજમાન લીલો (નીલો) રંગ અધિષ્ઠાતા ઘણાં આત્માઓને ધર્મના લીલાછમ બગિચાથી પ્રસન્ન કરી દે છે. રોડ ઉપર લીલા કલરનું સિગ્નલ જેમ પ્રવાસીને જવાની રજા આપે છે. તેમ આ લીલા (નીલા) વર્ણવાળા ઉપાધ્યાયજી મ. ધર્મીને ધર્મ મંદિરમાં પ્રવેશવા, શુભ આરાધના કરવા અમૂલ્ય તક આપે છે. નમો ઉવજ્ઝાયાણં પદનું આરાધન કરવાથી ગુણીયલ પુરુષોના ગુણોનું આપણા જીવનમાં વિનીયોગ થાય. આ વિનીયોગ એટલે ઉપાધ્યાય જે જ્ઞાનના ભંડાર છે, તે જ્ઞાન આપણામાં વિનયના શુભ માધ્યમથી પ્રવેશે. વાચનાના બે પ્રકાર કરવા હોય તો એક તત્ત્વ ગર્ભિત વાચના બીજી ધર્મકથાગર્ભિત વાચના. આમ કહેવાની પાછળ ઉપાધ્યાયજી શિષ્યને શાસ્ત્રનું ને વ્યવહારનું જ્ઞાન આપે એમ સમજવું.

ખરી રીતે ઉપાધ્યાયજી જ્ઞાનના ધારક છે, પોષક છે, રસિક છે અને વિકસાવનારા છે. આવો સદ્ગુણ અન્ય વ્યક્તિમાં ઓછો જોવા મળે. તેઓના સમાગમમાં મિથ્યાત્વી, અજ્ઞાની કે અલ્પજ્ઞાની એક વખત આવી જાય તો તેઓ વિવિધ યુક્તિઓથી એ જીવને ◆જાનવર નહિં પણ ભાગ્યવાન તો અવશ્ય બનાવી દે.

વર્તમાન કાળમાં આંગળીના વેઢાં ઉપર જૂનાં સાક્ષર એવા ઉપાધ્યાયજીના નામો લોકજીભે નીચે મુજબ ચડ્યા છે. તેઓની કૃતિઓ ઘણી આવકારદાયી અને ભવિષ્યવાણી દર્શાવનારી છે.

- કાઉસ્સગ્ગ ધ્યાનમાં ૪-૫ કલાકમાં સત્તરભેદીપૂજા બનાવનાર. સકલચંદ્રજી
- ૬૪ પ્રકારી તથા અન્ય પૂજા વિગેરેના રચયિતા. વીરવિજયજી
- શ્રીપાળરાજાનો રાસ-(અપૂર્ણ) બનાવનાર. વિનયવિજયજી
- સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી સાહિત્ય લખનાર. યશોવિજયજી
- અનેક સ્તવન પદ-ભાવવાહી તાત્વીકરચના કરનાર. ઉદયરત્નજી
- શાસન પ્રભાવના, અકબર બાદશાહની ધર્મભાવના જાળવનાર. શાંતિચંદ્રજી
- જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિના રચયિતા. સમય સુંદરજી
- ૨૪ તીર્થંકરના ગૂઢ અર્થવાળા ભાવવાહી સ્તવન બનાવનાર. દેવચંદ્રજી
- ઉપા. મેઘવિજયજી, ઉપા. માનવિજયજી, ઉપા. કલ્યાણવિજયજી, ઉપા. કીર્તિવિજયજી, ઉપા. ન્યાયવિજયજી વિગેરે મહાપુરુષો.

ઉપાધ્યાયજી મ. શિષ્યોને ખાસ વાચના (જ્ઞાન) આપવાનું, જ્ઞાનની આરાધના-રૂપ ઉપકારક પ્રવૃત્તિ કરતા હોય છે. તેમાં જ્ઞાનદાતા સન્મુખ શિષ્યે વાંચના સમયે ખાસ નીચેની સૂચનાઓને ધ્યાનમાં રાખવાની હોય છે.

(૧) વાચના સાંભળતાં ઉંઘવું નહિં. અપ્રમાદી-રુચિયાન રહેવું.
(૨) પરસ્પર વાત ન કરવી, વિકથા ન કરવી, વાચનાના વિષયને વાગોળવો.
(૩) મન-વચન-કાયાને ગોપવી આસન લગાવવું. કાયાના ૧૨ દોષ નિવારવા.
(૪) વાચના બહુમાનપૂર્વક પૂજ્ય ભાવે કલ્યાણકારી છે એ દ્રષ્ટિએ આનંદપૂર્વક સાંભળવી. મારા કલ્યાણ માટે કર્મ ખપાવવા ઉપયોગી છે એમ માનવું.
(૫) શ્રવણ કરતાં હાથ જોડવા, વિનય જાળવવો.
(૬) એકાગ્રતાથી તન્મય થઈ શ્રવણ કરવું. ધારણા શક્તિથી ધારી લેવું.

હકીકતમાં સંસારમાં રસોઈયો સારો હોય, રસવંતિ રસોઈ કરી હોય, ખાનારને ભૂખ હોય, પ્રસન્નતા હોય, તો ભોજન કર્યા પછી શરીર સુખાકારી બને. ચિંતાથી જો

◆ પૂચ્છે ન હીનાઃ પશુભિઃ સમાના.

બળતો હોય, શરીરમાં રોગ હોય, શાંતિથી ખાવાનું સમજાયું ન હોય તો એ ભોજન કાંઈ ફળ ન આપે. તેમ વાચના-અંગે સમજવું.

જ્ઞાન પ્રાપ્તિ માટે શુશ્રુષા-સાંભળવાની ઈચ્છા. **શ્રવણ** - સાંભળવું. **ગ્રહણ** - જ્ઞાનને ગ્રહણ-સ્વીકાર કરવું. **ધારણ** - યાદ કરવું. (વાગોળવું.) **ઉહ** - તર્કથી સ્થિર કરવું (થવું). **અપોહ** - ઉંડાણથી સૂક્ષ્મમાં જવું. અર્થ અને તત્ત્વજ્ઞાનના સહારે નિશ્ચયાત્મક જ્ઞાન મેળવવું. આ વાતો પણ મહત્વની સમજવી.

ઉપાધ્યાયજી મહારાજ પાસેથી પાંચ વિભાગે જ્ઞાન મેળવવાની પરંપરા છે. **(૧) વાચના** - સંબંધી ઉપર થોડા વિચારો કર્યા. તેની સાથે શિષ્યની જ્ઞાન પ્રાપ્તિની જિજ્ઞાસા કેવી હોવી જોઈએ એની પણ ચર્ચા કરી. હવે **(૨) પૃચ્છના** - જ્ઞાન લીધા પછી કાંઈક જાણવા-સમજવાની જરૂર પડે તો તે અંગે સમાધાન વિવેકથી મેળવવું. **(૩) પરાવર્તના** - જ્ઞાન હૃદયમાં (મનમાં) સ્થિરતા પામે સંસ્કારીત થાય તે માટે ફરી યાદ કરવાના પ્રયત્ન કરવો તે. **(૪) અનુપ્રેક્ષા** - સૂત્ર-અર્થ ને નજર સામે રાખી ઊંડી વિચારણા કરી સૂત્રના મહિમાને અવધારવો-તેના શુદ્ધ ઉચ્ચારણ દ્વારા થતા લાભ (પુણ્ય)ને સ્વીકારવા. **(૫) ધર્મકથા** - સમ્યગ્જ્ઞાનથી, સૂત્રજ્ઞાનથી જે જે જીવોને લાભ થયો તે ધર્મકથા દ્વારા અધ્યયન કાળમાં અવસરોચીત યાદ કરવી-કહેવી.●

સાધુને આચારનું જ્ઞાન આપવાની ભાવનાથી ઉપાધ્યાયજી ખાસ ૨૨ પરિષહ, તેને સમભાવે જીતનારા મહાપુરુષો, કર્મ અને ગુણસ્થાનકને વાચનામાં પ્રસંગોપાત સમજાવતા હોય છે. આચાર-એ એક સાધુ જીવનનું મહત્વનું અંગ છે. તેથી ધારેલું કાર્ય સાધુ સિદ્ધ કરી શકે છે. 'વાણી તેવું વર્તન'નો અપ્રગટ આચારમાં સંદેશ છૂપાયો છે. આ રહ્યા એ નવતત્ત્વ-સંવર તત્ત્વમાં કહેલા ૨૨ પરિષહ.

| ક્રમ | ગુણસ્થાનક | કર્મોદય | પરિષહ (નંબર મુજબ નામ સમજવા) |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૩ | અશાતાવેદનીયના ઉદયથી | ૧,૨,૩,૪,૫,૯,૧૧,૧૩ ૧૬,૧૭,૧૮ (કુલ-૧૧) |
| ૨ | ૧ થી ૧૨ | જ્ઞાનાવરણીયના (ક્ષયોપશમ) | ૨૦ |
| ૩ | ૧ થી ૧૦ | જ્ઞાનાવરણીયનો ઉદય | ૨૧ |
| ૪ | ૧ થી ૧૨ | લાભાંતરાયનો ઉદય | ૧૫ |
| ૫ | ૧ થી ૯ | દર્શન મોહનીયનો ઉદય | ૨૨ |
| ૬ | ૧ થી ૯ | ચારિત્ર મોહનીયનો ઉદય | ૬,૭,૮,૧૦,૧૨,૧૪,૧૯ (કુલ-૭) |

● ઈચ્છામિખમા... શ્રી કૃષ્ણ, ઈરિયાવહિયં... અઈમુત્તા, નવકારમંત્ર-શ્રીમતિ. લઘુશાંતિ, ઉવસગ્ગહરં, સંતિકરં વિ.

| ક્રમ | નામ | સહન કરનાર | ક્રમ | નામ | સહન કરનાર |
|---|---|---|---|---|---|
| ૧ | ક્ષુધા | હસ્તિમિત્ર | ૧૨ | આક્રોશ | અર્જુનમાલી |
| ૨ | પીપાસા | ધર્મશર્મમુનિ | ૧૩ | વધ | સપરિવાર સ્કંધક |
| ૩ | શીત | સાધુચતુષ્ક | ૧૪ | યાચના | બલભદ્ર |
| ૪ | ઉષ્ણ | અરહન્નકમુનિ | ૧૫ | અલાભ | ઢંઢણ અણગાર |
| ૫ | દંશ | શ્રમણભદ્ર સાધુ | ૧૬ | રોગ | કાલવૈશિક |
| ૬ | અચેલક | સામદેવર્ષિ | ૧૭ | તૃણસ્પર્શ | ભદ્રમહર્ષિ |
| ૭ | અરતિ | અર્હદત્ત મુનિ | ૧૮ | મલ | સુનંદશ્રાદ્ધ |
| ૮ | સ્ત્રી | સ્થુલભદ્રમુનિ | ૧૯ | સત્કાર | સાધુશ્રાદ્ધ |
| ૯ | ચર્યા | સંગમાચાર્ય | ૨૦ | પ્રજ્ઞા | સાગરાચાર્ય |
| ૧૦ | નૈષેધિકી | કુરુદત્ત સુતર્ષિ | ૨૧ | અજ્ઞાન | અંશકટા પિતૃ મુનિ |
| ૧૧ | શય્યા | સોમદત્ત સોમદેવર્ષિ | ૨૨ | સમ્યક્ત્વ | આષાઢાચાર્ય |

સાધુ જીવનમાં પરિષહની જેમ ૨૫ ક્રિયાઓનો પણ વિચાર અવશ્ય જાણવા સમજવા લાયક છે 'ક્રિયા એ કર્મ' એ કથન અનુસાર પાપ અથવા પુણ્યનો બંધ આ આત્મા ક્ષણે ક્ષણે કરે છે. તેથી જ ૨૫ પાપ બંધની (૧૮ પાપસ્થાનકની જેમ) ક્રિયા થોડી જાણી લઈએ. (૨૫ ક્રિયાની વિગત ૧૩માં ક્રિયાપદમાં જુઓ.)

ઉપાધ્યાયજી જેમ જ્ઞાનના ઉપાસક તેમ સમકિતના સ્વામી પણ છે ને દાતા પણ છે. સાથોસાથ સમકિત ચાલ્યું ન જાય તેની ચિંતા કરનારા છે. બીજા જીવો સમકિત પામી જાય તેવી શુભ ભાવના ભાવનારા હોય છે. સમકિત બીજાને પ્રાપ્ત થાય તે માટે **શમ** - શાંતિ, **સંવેગ** - વૈરાગ્ય, **નિર્વેદ** - સંસાર પર કંટાળો, **અનુકંપા** - દયા અને **આસ્તિક્યપણું** - દ્રઢ શ્રદ્ધા શ્રદ્ધાળુ સંઘમાં રાખવા પ્રયત્ન કરતા હોય છે. સમકિતને અશુદ્ધ કરનારા, નિંદા, અવહેલના, આશાતનાથી દૂર રહેવા ઉપાધ્યાયજી પ્રેરણા પણ આપે છે.

ઉપાધ્યાય પદની આરાધના કરતી વખતે ખાસ અગિયાર અંગ અને બાર ઉપાંગરૂપે આગમોના નામની મંત્રસ્મરણ પૂર્વક આરાધના તથા બહુશ્રુત એવા ઉપાધ્યાયજીની આરાધના કરી શ્રુતાનુરાગી જીવો સ્વ-પરનું કલ્યાણ કરવા માટે નિમિત્તરૂપ થાઓ એ જ ભાવના.

### ઉપાધ્યાય પદના આરાધક રાજા મહેન્દ્રપાલ :

બાળકને ઉછેરવા ધાવમાતા. પાઠશાળામાં સંસ્કારી જ્ઞાન આપવા ગુરુમાતા. જન્મ આપવા માટે જન્મમાતા. પશુને ટ્રેનિંગ આપનાર રીંગ માસ્ટર. સંસાર સમુદ્ર

તરવા માટે ધર્મમાતા. દેશવિરતિ-સર્વવિરતિ જીવન શાસ્ત્રોક્ત રીતે જીવવા માટે અષ્ટ પ્રવચન માતા તેમ અયોગ્ય શિષ્યને યોગ્ય બનાવનાર ઉપાધ્યાય છે.

ગુરુ ક્યારે પ્રસન્ન થાય ? શિષ્ય વિનય-વિવેક સાચવે. જીવન સમર્પણ કરે એવા ગુરુને સમર્પિત થએલા મહેન્દ્રપાલનું થોડું ચરિત્ર જોઈએ.

સોપારકપટ્ટણ નામના નગરમાં મહેન્દ્રપાલ રાજા રાજ્ય કરતો હતો. રાજાને એક કલ્યાણમિત્ર જેવો શ્રુતશીલ નામે બુદ્ધિમાન પ્રધાન મિત્ર હતો. રાજાને મિત્ર ઘણો પ્રિય હોવાથી અવાર નવાર તેની સાથે એ ધર્મચર્ચા કરે. પ્રણ પોતાની મિથ્યા માન્યતા ત્યજે નહિં. ન છૂટકે શબ્દથી સ્વીકારે પણ આચરણમાં મૂકે નહિં. મિત્ર આશાવાદી હતો. એક દિવસ જરૂર અસર થશે તેમ એ માનતો હતો.

એક દિવસ નગરી બહાર બગીચામાં માતંગની સ્ત્રી પંચમ નાદયુક્ત મધુર ગાન કરતી ઝાડની નીચે બેઠી હતી. તેના મધુર અવાજના કારણે રાજા તેના ઉપર મોહિત થયો. મિત્ર શ્રુતશીલને આ બનાવની ખબર પડતાં તેણે રાજાને સમજાવ્યો કે, પર-સ્ત્રી માતા સમાન કહેવાય. તેની ઉપર કુદ્રષ્ટિથી જોવું, મનમાં વિચારવું એ પાપ છે. એથી અપકીર્તિ થાય છે. તેમનું બહુમાન કરીએ તો કલાની કદર થઈ ગણાશે પણ રાજા ન સમજ્યો.

કલ્યાણમિત્રે ઉપકારની ભાવનાથી રાજાનું ભલું થાય તે માટે રાજ્યની અધિષ્ઠાયિકા દેવીનું આરાધન સ્મરણ કર્યું. દેવીએ પ્રસન્ન થઈ જ્યારે પૂછ્યું, ત્યારે શ્રુતશીલ મિત્રે રાજાની બુદ્ધિ નિર્મળ કરવા સમ્યગ્જ્ઞાન આપવા વિનંતી કરી. દેવીએ કહ્યું, જ્યારે રાજા ઘણો પશ્ચાતાપ કરે ત્યારે મને યાદ કરજે એમ કહી દેવી અદૃશ્ય થઈ. જતાં જતાં રાજાના શરીરમાં વ્યાધિનો પ્રવેશ કરાવતી ગઈ.

ચાર દિવસથી રાજા વ્યાધિથી દુ:ખી થયો હતો. વ્યાધિને દૂર કરવાના ઉપાયો અનેકને પૂછ્યા, બાહ્ય ઉપાયો સાંભળ્યા પણ મનનું સમાધાન ન થયું. તે દરમ્યાન નગરીમાં ગુણના નિધિ શ્રીષેણમુનિ પધાર્યા. ગુરુને વંદન કરવા રાજા-મંત્રી-કલ્યાણમિત્ર સાથે ગયા. અવસર જોઈ રાજાએ મુનિને મનથી કરેલા-થએલા પાપની શુદ્ધિ કેવી રીતે થાય ? તે વિવેકપૂર્વક પૂછ્યું.

ઉપકારી ગુરુએ કહ્યું, શુદ્ધિ બે પ્રકારે થાય છે. બાહ્ય-અભ્યંતર. શરીર મલીન થયું હોય તો જલાદિકથી અથવા ઔષધીથી શુદ્ધ થાય. તે બાહ્યશુદ્ધિ અને જ્ઞાન-ધ્યાન-તપરૂપ પ્રાયશ્ચિત્તાદિથી અંતરની અભ્યંતર શુદ્ધિ થાય.● મનથી કરેલા પાપની શુદ્ધિ અભ્યંતર રીતે થાય. કામરાગ-સ્નેહરાગ-દ્રષ્ટિરાગથી જેનું મન અપવિત્ર

● સામુદાયિક પાપ પણ જ્યારે થાય ત્યારે તેનું પણ પ્રાયશ્ચિત લેવું હિતાવહ છે.

થયું છે તે બાહ્ય જળાદિ ઉપચારથી શુદ્ધ નહિં થાય. એ માટે સમ્યગ્જ્ઞાન ને ક્રિયા ઉપાય છે.

ગુરુનો ઉપદેશ શ્રવણ કરી અંતર શુદ્ધિ માટે કલ્યાણમિત્ર શ્રુતશીલ સંયમ-ચારિત્ર લઈ ધન્ય બન્યો. રાજા પણ હવે વ્યાધિ દૂર કરવા વૈરાગ્યવાન થવા લાગ્યો. રાજ્યની અધિષ્ઠાયિક દેવીએ રાજાનું મન ધર્મના સહારે પવિત્ર થતું જોઈ વ્યાધિથી તેને મુક્ત કર્યો. અવસર જોઈ રાજાએ પણ શ્રુતકેવળી સંમતભદ્રાચાર્ય પાસે શુભ ભાવે ચારિત્ર અંગિકાર કર્યું. હવે રાજર્ષિ મુનિ ગુરુની દેશના વારંવાર શ્રવણ કરવા લાગ્યા. તે દરમ્યાન ગુરુમુખે વીશસ્થાનકની આરાધનાનો મહિમા તથા એક યા અનેક પદનું ઉત્તમ કોટિનું આરાધન તીર્થંકર નામકર્મ બંધાવવા માટે નિમિત્તરૂપ થાય છે એવું વચન સાંભળ્યું.

મહર્ષિને આરાધન કરવું જ હતું તેમાં આ માર્ગદર્શન મળવાથી છઠ્ઠા ઉપાધ્યાય પદનું બહુશ્રુતની સેવાનું આજીવન વ્રત લીધું. જ્ઞાનીની બહુશ્રુતની સેવા જીવનમાં જ્ઞાનાવરણીય કર્મ ક્ષય માટે ઉપયોગી થઈ. હવે રાજર્ષિ વધુમાં વધુ શુભ ભાવે સેવા કરવા લાગ્યા. સેવાથી ગુરુના કૃપાપાત્ર થવાય અને કૃપાપાત્ર થવાથી જ્ઞાનનો ક્ષયોપશમ વધારે ખુલતો જાય.

આજે રાજર્ષિ ગ્લાન સાધુને માટે નિર્દોષ કોળાપાકની શોધમાં ગોચરી અર્થે નગરમાં નિકળ્યા હતા. બીજી તરફ એક દેવે મુનિની પરીક્ષા કરવા ધનદશેઠ શ્રાવકનું રૂપ કર્યું. કપટી એવા ધનદશેઠે મુનિને કોળાપાકની વિનંતી કરી. પણ શેઠને અનિમેષ નેત્રવાલા (દેવમાયા) જોઈ રાજર્ષિ ગોચરી ગ્રહણ કર્યા વિના પાછા ફર્યા. ત્યાર પછી જ્યાં જ્યાં રાજર્ષિ જાય ત્યાં આ દેવમાયા ગોચરી અશુદ્ધ કરતા. ટૂંકમાં રાજર્ષિની સેવા ભાવનાની પરીક્ષા કરવા આવેલ દેવે મુનિના શુદ્ધ પરિણામ જાણી, અંતે પ્રગટ થઈ મુનિની સ્તવના કરી સ્વસ્થાને ચાલ્યો ગયો.

મહેન્દ્રપાલ મુનિએ સંયમી જીવનમાં એક તરફ અગ્યાર અંગ સુધીનું અધ્યયન કર્યું જ્યારે બીજી તરફ બહુશ્રુતની સેવા સુશ્રુષા કરી. આ રીતે તીર્થંકર નામકર્મ જ્ઞાન અને સેવાથી પુણ્ય બાંધી એ જીવ સમભાવે આયુષ્ય પૂર્ણ કરી નવમાં ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર સ્વરૂપે જન્મી મોક્ષમાં જશે. તેજ રીતે કલ્યાણમિત્ર શ્રુતશીલ પણ એ જ તીર્થંકરના ગણધર થઈ અવ્યાબાધ સુખને પામશે.

૭

# શ્રી સાધુ પદ

**દુહો**

**સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;**
**સાધે શુદ્ધાનંદતા, નમો નમો સાધુ શુભરંગ. ૧**

**દુહાનો અર્થ :**

જેઓને સ્યાદ્‌વાદગુણ પરિણમ્યો હોય, સમતાના સંગમાં રમતા હોય અને શુદ્ધ આનંદપણાને સાધતા હોય એવા સાધુ મુનિરાજને શુભ આનંદપૂર્વક નમસ્કાર થાઓ. ૧

**ઢાળ**

(કમલપરીક્ષા કરણકુમાર ચલ્યો રે – એ દેશી)

**મુનિવર તપસી ઋષિ અણગારજી રે, વાચંયમ વ્રતી સાધ;**
**ગુણ સત્તાવીશે જેહ અલંકર્યા રે, વિરમિ સકલ ઉપાધિ.**
**ભવિયણ ! વંદો રે, સાતમું પદ ભલું રે. ભવિ. ૧**

**નવવિધ ભાવલોચ કરે સંયમી રે, દશમો કેશનો લોચ;**
**ઓગણત્રીશ પાસત્થા ભેદ છે રે, વારે તસ નહિ જગ શોચ. ભવિ. ૨**

**દોષ સુડતાલીશ આહારના વારતા રે, અતિક્રમ ન કરે ચાર;**
**મુનિને અર્થે સમારે મંદિરા રે, પરિહરે એહ આચાર. ભવિ. ૩**

**નરના દોષ અઢાર નિવારીને રે, દીક્ષા શિક્ષા દીએ સાર;**
**પુણ્ય પાપ પુદ્‌ગલ હેયરૂપતા રે, સમભાવે મુક્તિ સંસાર. ભવિ. ૪**

**સત્યહેતુ ભવઅટવી મૂકવા રે, ફરશ્યું છઠ્ઠું ગુણઠાણ;**
**યોગ અધ્યાતમ ગ્રંથની ચિંતના રે, કિરિયા નાણ પહાણ. ભવિ. ૫**

**પૂરવ વ્રતવિરાધક યોગથી રે, કૂટલિંગીપણું થાય;**
**દંભજાળ જંજાળ સવિ પરિહરે રે, ચરણરસિક કહેવાય. ભવિ. ૬**

**કોડિ સહસ નવ સાધુ સંયમી રે, સ્તવિયે ગીતારથ જેહ;**
**વીરભદ્ર પરે તીર્થપતિ હુવે રે, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ. ભવિ. ૭**

**ઢાળનો અર્થ :**

મુનિવર, તપસ્વી, ઋષિ, અણગાર, વાચંયમ, વ્રતી અને સાધુ એ બધાં

એમનાં જ બીજાં નામો છે અને જેઓ સત્તાવીશગુણે અલંકૃત છે, તેમ જ સાંસારિક સર્વ ઉપાધિથી વિરમેલા છે એવા સાધુ મુનિરાજોનું સાતમું પદ છે. ભવ્યજનો ! તમે એ સુંદર સાતમા સાધુપદને વંદન કરો. ૧

એ મુનિઓ નવ પ્રકારનો (પાંચ ઈન્દ્રિયોનો સંયમ અને ચાર કષાયનો નિગ્રહ) ભાવલોચ કરે છે અને દશમો મસ્તક આદિના કેશનો લોચ કરે છે. ૨૯ પાસત્થા આદિના જે ભેદો છે તેને વર્દનારા છે, વળી તેમને આ જગત સંબંધી શોક હોતો નથી. ૨

મુનિ ભગવંતો આહાર સંબંધી ૪૭ દોષોને ટાળનાર હોય છે. ચાર પ્રાકારના અતિક્રમ વગેરે કરતા નથી અને જે મકાન મુનિરાજ માટે સમારવામાં આવે તેમાં રહે નહિ એવો તેમનો આચાર છે. ૩

અઢાર દોષરહિત મનુષ્યને દીક્ષા અને હિતોપદેશ આપે છે. તત્ત્વદ્રષ્ટિએ પુણ્ય ને પાપ બંનેના પુદ્ગલોને હેયરૂપે જાણે છે, સંસાર અને મોક્ષમાં સમભાવે વર્તે છે. ૪

આ સંસારરૂપ અટવીને તજી દેવા માટે સત્ય હેતુરૂપ છઠ્ઠું ગુણસ્થાન જેમને સ્પર્શેલું છે. યોગ અને અધ્યાત્મ સંબંધી ગ્રંથોનું જેઓ ચિંતન કરે છે. ક્રિયા અને જ્ઞાન બંનેને યથાયોગ્ય પ્રધાનપણે જેઓ સેવે છે. ૫

જેમણે પૂર્વભવમાં વ્રતની વિરાધના કરી હોય તેમને જ કુટલિંગપણું પ્રાપ્ત થાય છે તથા ઉત્તમ મુનિઓ તો સર્વ પ્રકારની દંભજાળ અને જંજાળનો ત્યાગ કરે છે તેથી જ તેઓ ચારિત્રના રસિયા કહેવાય છે. ૬

ઉત્કૃષ્ટપણે નવહજાર ક્રોડ સંયમી-સાધુ હોય છે તે ગીતાર્થોને સ્તવીએ. એ પદને આરાધવાથી પ્રાણી વીરભદ્રની જેમ તીર્થંકરપદ પામે છે અને સૌભાગ્યલક્ષ્મીરૂપ ગુણના પરસ્વરૂપ બને છે. ૭

**★ સાધના કરે તે સાધુ ★ મૌન રહે તે મુનિ ★ શ્રમ કરે તે શ્રમણ**
**★ તપ કરે તે તપસ્વી ★ ત્યાગ કરે તે ત્યાગી.**

**વિવરણ :**

સાધુ-શ્રમણ-મુનિ-ઋષિ-મહાત્મા-સંયમી-ક્ષમાશ્રમણ વિગેરે સાધુના ગુણ નિષ્પન્ન નામ છે. ●પાંચ મહાવ્રતધારી ૨૭ ગુણથી વિભૂષિત શ્યામ વર્ણવાળા વંદનીય-પૂજનીય પુરુષને સાધુ (ગુરુ) કહેવાય છે. ગુ-અંધકાર, રુ-નિવારણ કરનારને ગુરુ કહેવાય.

● પ્રાણાતિપાત વિરમણવ્રત-૮૧, મૃષાવાદ વિરમણ વ્રત-૩૬, અદત્તાદાન વિરમણવ્રત-૫૪, મૈથુન વિરમણ વ્રત-૨૭, પરિગ્રહ વિરમણવ્રત-૫૪, રાત્રીભોજન પરિમાણ વ્રત-૩૬, કુલ-૨૮૮.

સાધુને જ્ઞાન પ્રાપ્તિ માટે સાધના કરવી પડે છે. આગમોનું જ્ઞાન નીચે મુજબની તપસ્યા-આરાધના કરે તે પછી જ મેળવી શકે છે. એવી જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં આમન્યા (આજ્ઞા) બતાવી છે.

**નવદીક્ષીતને** - આવશ્યક ૬+૨, દશવૈકાલિક ૧૫+૪, માંડલી ૭+૧ જોગ કુલ ૩૫ દિવસના કર્યા પછી જ વડીદીક્ષા આપવામાં આવે છે. ત્યાર પછી ઉત્તરાધ્યયન-૨૮, આચારાંગ-૨૪+૨૬, કલ્પસૂત્ર-૩૦, નંદી-૮, મહાનિશીથ-૫૨, ભગવતિ-૧૮૦, એમ ગણિ પદ પૂર્વે ૩૪૮ દિવસના આગમ સંબંધી યોગાવહન વડીલોની નિશ્રામાં આચાર્ય (ઉત્તરસાધક)ના સહયોગથી કરવાના હોય છે. (જોકે હજી બીજા પણ આગમ સૂત્ર સાથે સંકળાયેલા જોગ મુનિ કરે.)

સાધુ ગોચરી જાય ત્યારે પણ ખાસ ગ્રહસ્થ સંબંધી-૧૬, સાધુ સંબંધિ ઉત્પાદનના-૧૬, સાધુ+ગ્રહસ્થ સંયુક્ત એષણા સંબંધી-૧૦, કુલ-૪૨ દોષરહિત આહાર-પાણી પ્રાપ્ત કરે. ગાય ચરે તેમ સાધુ ૨-૫ ઘરેથી ગોચરી લે. બીજા શબ્દમાં ભ્રમર ફૂલને કીલામણા ન થાય તેમ રસ ચુસે, તેમ સાધુ અંતપંત ભીક્ષા ગોચરી લે. તેજ રીતે ગુરુવંદન સંબંધિ-૩૨ દોષથી મુક્ત રહે. ગુરુની ૩૩ આશાતના ન થાય તેની કાળજી રાખે. આ એક સાધુ જીવનની પ્રગતિની રૂપરેખા છે.

સંયમી જીવનમાં ૧૭ પ્રકારે સંયમ પાળવાનું હોય છે. તે ઉપરાંત કરણસિત્તરી (ક્રિયાના) ૭૦ અને ચરણસિત્તરી (ચારિત્રના) ૭૦ પ્રકારો પાળવા માટેનો આગ્રહ રાખવાનો હોય છે. સાધુનું જીવન એક આદર્શ જીવન કહેવાય માટે તેની ભાષા (વાણી) ઘણી જ ઉપયોગવાળી હિતકારી મધુર સત્ય હોય છે. સાધુથી દિવસભરમાં સામુદાયિક રીતે જે કાંઈ પાપ-દોષ લાગે તે માટે પ્રતિક્રમણમાં ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ (◆વર્ષ ભરમાં કુલ ૧૮૧૨ લોગસ્સ) અને વર્ષભરમાં છૂટા છૂટા ●૩૦ ઉપવાસનું જ્ઞાની ભગવંતે પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું છે. આ ઉપરાંત સ્વતંત્ર જીવનમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની વિરાધના કરી હોય તે મુજબનું *પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે વિશેષ રીતે સ્વીકારવાનું હોય છે. આ પ્રાયશ્ચિત જલ્દી પૂર્ણ કરવું પડે. તપ-આરાધના માટે અને કર્મક્ષય પાપક્ષય માટે કરવાનું હોય છે.

સાધુ આત્મનિરીક્ષણ કરનારા હોય છે. તેથી બીજાની ભૂલ હોય તો પણ જતું કરવા-ભૂલી જવા પ્રયત્ન કરે. ક્ષમાના મુખ્ય પાંચ વિભાગ નીચે મુજબ થાય

---

◆ દિવસ સંબંધી – ૪ x ૩૬૫ = ૧૪૬૦, પાક્ષિક સંબંધી – ૨૧ x ૧૨ = ૨૫૨, ચઉમાસિક સંબંધી – ૩ x ૨૦ = ૬૦ અને સંવત્સરીના ૪૦ લો. કુલ = ૧૮૧૨.

● પક્ખિના ૨૧ ઉપવાસ, ચોમાસીના ૬ ઉપવાસ અને સંવત્સરીના ૩ ઉપવાસ = ૩૦ ઉપવાસ.

★ પ્રાયશ્ચિત્તના આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાર્યોત્સર્ગ, તપ, છેદ, મૂલ અને અનવસ્થાપ્ય નામના ૧૦ પ્રકાર પણ છે.

(૧) ઉપકાર ક્ષમા, (૨) અપકાર ક્ષમા, (૩) વિપાક ક્ષમા, (૪) વચન ક્ષમા, (૫) ધર્મ ક્ષમા, ખાસ કરી ધર્મરક્ષા કર્મબંધથી બચાવે છે. અને એટલા જ માટે સાધુ દિવસમાં બે વાર પ્રતિક્રમણના માધ્યમથી કષાયો જીતવા, ભૂલો થઈ હોય તો તેનો સ્વીકાર કરવા 'ક્ષમા' મિચ્છામી દુક્કડંની આપ-લે કરવા પ્રેરાય છે.

સાધુ તો વંદનીય છે જ પણ તેના ઉપકરણ પણ વંદનીય છે. અધિકરણ એ પાપ કાર્યમાં વપરાય માટે પાપ બંધાવે અને ઉપકરણ એ પુણ્ય કાર્યમાં વપરાય માટે પાપથી બચાવે. આ રહ્યો એ ઉપકરણનો અલ્પ પરિચય.

- **ઓઘો-રજોહરણ** : કર્મ રજને દૂર કરે. સાધુનું જીવદયા પાળવા માટેનું મુખ્ય ઉપકરણ (પ્રતિક).
- **કામળી** : જયણા-જીવદયા પાળવા ઉનનું બનેલું વસ્ત્ર કામળી કાળના સમયે શરીર ઉપર ધારણ કરે.
- **સંથારો** : સાધનાનો શ્રમ ઉતારવા કરે સંથારો. સવારે નવી ભાવનાથી જાગવા સથવારો. ૩૦x૭૨ સાઈઝનું જાડું ઉનનું વસ્ત્ર.
- **ઉપકરણ** : સાધુનો વેષ શ્વેત વસ્ત્ર. દેવો ઝંખના કરે, માનવો તેને નમન કરે.
- **પોથી** : શાસ્ત્ર. શાસ્ત્રનો જ્ઞાનનો ખજાનો, અક્ષર કરે સાક્ષર.
- **પાતરાં** : પાત્ર થવા માટે કાષ્ટના પાત્રમાં આહાર ગ્રહણ કરે-વાપરે.
- **દાંડો** : ત્રણ દંડથી વિરામ પામવા મોક્ષદંડથી હાથને શોભાવે.
- **માળા** : હાથમાં માળા મુખમાં પ્રભુનો જાપ દૂર કરે સંતાપ.
- **દંડાસણ** : ભૂમિ પ્રમાર્જના કરી બેસે. રાત્રે ગમણાગમણ કરવા વાપરે.

(૧) આ વેશ દ્રવ્યથી ભાટચારણે પહેર્યો જ્યારે મંત્રીએ સાધુ સમજી વંદન કર્યા તેથી ભાટચારણના વિચાર પલટાયા. દ્રવ્યમાંથી ભાવવેષ પહેરી તરી ગયા.

(૨) માત્ર ખાવા માટે દ્રુમક ભીખારીએ મુનિવેશ પહેર્યો પણ એક રાત્રીમાં સંયમ ધર્મની અનુમોદનાના પ્રતાપે એ સંપ્રતિ રાજા થયો.

(૩) નજર સામે ખીટીએ ટાંગેલા ઓઘાને જોઈ નંદીષેણ મુનિ ફરી ગણિકાના વચનના કારણે સંયમી થયા.

(૪) લોહીથી ખરડાયેલ મુહપત્તી જોઈ ખંધક મુનિના બેન-બનેવી તરી ગયા.

(૫) ઓઘો–મુહપત્તી પાછો આપવા જતાં સાચી સમજના કારણે મેઘકુમાર તથા અષાઢાચાર્ય સંયમમાં સ્થિર થયા.

(૬) ૧૮૦૦૦ સાધુને વંદના કરી ૩ નરકના દલિકો ઓછા કર્યા વિગેરે. આવો છે ચારિત્રના વેશનો મહિમા.

મુનિ જીવન ધ્યાનાગ્નિથી શુદ્ધ–પવિત્ર થાય છે. એટલું જ નહિં ૧. પાત્રાની પડીલહેણ કરતાં વક્કલચિરી, ૨. મોદકને પરઠાવતાં ઢંઢણ અણગાર, ૩. નૂતન મુનિને ખમાવતાં ચંડરૂદ્રાચાર્ય, ૪. કેવળીની આશાતનાનો પશ્ચાતાપ કરતાં ચંદનબાળાજી, ૫. સોનીના પરિષહને સહન કરતાં મેતારજમુનિ વિગેરે પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા. માટે જ હંમેશાં વૈરાગ્યમય ભાવના ભાવવી જોઈએ કે, **"સસનેહી પ્યારા રે, સંયમ કબ હી મિલે."**

મુનિ સવારથી સાંજ સુધી દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધના કરવામાં પ્રવૃત્તિશીલ હોય. વૈયાવચ્ચ કરવાની તક એ શોધતા જ હોય. એ માટે શાસ્ત્રમાં ◆૧૦ આત્મા વૈયાવચ્ચ કરવા માટે યોગ્ય છે એમ કહ્યું છે. મુનિ એ કથન નજર સામે હંમેશાં રાખે. વૈયાવચ્ચ કરવાથી મુનિ જીવન ધન્ય બને છે, પવિત્ર બને છે, કૃપાને પાત્ર બને છે. એ વાત હંમેશાં તેઓ મનમાં વાગોળતા હોય છે.

શાસ્ત્રોમાં શ્રમણને ભારવાહક (વજન ઉપાડનાર)ની સરખામણી એ માટે કરી છે કે, (૧) મુનિ અનંતકાલીન મિથ્યાત્વનું જીવન બદલનારા-ત્યાગનારા છે. (મજુર વજનના કારણે ખભા બદલે), (૨) સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ જીવન ત્યજનારા છે. (મજુર થાક, શરીરની શંકા દૂર કરવા ઉભો રહે.), (૩) સર્વવિરતિ જીવન સ્વીકારી આરાધના-સાધનામાં નિત્ય આગળ વધે (મજુર ધર્મશાળા-ઝાડનીચે વિશ્રામ લે), (૪) છઠ્ઠા ગુણસ્થાનકથી ૧૪માં ગુણસ્થાનક સુધી પ્રગતિ કરી સિદ્ધશીલા ઉપર મોક્ષે જાય. (ભાર તેના માલિકને સુપ્રત કરી શાંતિ પામી સ્વ-ઘરે જાય.)

ત્યાગી-તપસ્વી-જ્ઞાની-ધ્યાની-મુનિઓની સેવા–સુશ્રુષા જે શુભભાવે કરે તે આત્મા બાહુબલીજીની જેમ બીજે ભવે બળ પ્રાપ્ત કરે. મુનિને કલ્પનીય આહારાદિની ભક્તિ કરે તો તેથી આઠે કર્મની પ્રકૃતિ ગાઢ હોય તો શિથીલ થાય. કર્મની સ્થિતિ લાંબી હોય તો અલ્પકાલીન થાય. પુણ્યાનુબંધી પુણ્ય બાંધે.● કહેવાનું તાત્પર્ય એજ કે સેવા-સુશ્રુષા એ અપ્રતિપાતિ ગુણ છે. વિકાસ પામે. જ્યારે જ્ઞાન-તપ એ પ્રતિપાતિ છે. તેજ રીતે શરીર દ્વારા આ જીવ અશુભ કર્મ બાંધે તો આત્માને ભોગવવા પડે અને મનના શુભ પરિણામથી સુપાત્રમાં દાનાદિ કર્મ કરે તો આત્માના જન્મ-મરણ જલ્દી ઘટે.

સાધુ પદ એક એવું પદ છે કે, અરિહંત-સિદ્ધને સન્માનનીય બનાવે. આચાર્ય-ઉપાધ્યાયદિને માનપાન અપાવે. અર્થાત્ પંચ પરમેષ્ઠીના પાંચે પદ સાધુ (ચારિત્ર) પદથી સંકળાયેલા છે. જ્યાં નજર નાખો ત્યાં વર્તમાનમાં કે ભૂતકાળમાં એ સાધુ

---

◆ આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવ દીક્ષીત, ગ્લાન, સ્થવિર, સમનોજ્ઞ, સંઘ, કુલ, ગણ.

● શાલીભદ્ર, ધનસાર શ્રેષ્ઠી

પદના અધિકારી હતા. આવું સર્વોપયોગી ઉપકારી સાધુ પદ ૧૫ કર્મભૂમિમાં સર્વત્ર વિજયવંત રહો.

સાધુ વિરતિધર્મ સ્વીકારે તે પૂર્વે દાનાદિ ૪ ધર્મનું યથાશક્તિ આરાધન કરે. જ્યારે એ મુનિ થાય ત્યારે સૂક્ષ્મભાવે ચારે ધર્મનું પાલન કરે. તેથી કહેવાય છે કે, શ્રાવક સવા (૧।) વસા જીવદયાનું પાલન કરે જ્યારે સાધુ-૧૬ વસા જીવદયાનું પાલન કરવા આગ્રહ રાખે. જીવદયા જ્યારે પાળવાની વાત આવે ત્યારે જયણાપૂર્વક ●આઠ પ્રકારે જીવદયા એ પાળે. સાધુ સંયમ ધર્મનો સ્વીકાર કરે ત્યારે નવો જન્મ લીધો કહેવાય. આઠ પ્રવચન માતાઓ તેમનું પાલન કરે. જ્યારે દશ યતિધર્મ તે શ્રમણના પિતા તુલ્ય કહેવાય. સંયમી જીવન આ જન્મમાં મુખ્યત્વે બાળપણમાં લેનાર માટે પૂર્વભવના સંસ્કાર કારણ બને છે. યુવાવસ્થામાં વૈરાગ્યમય ઉપદેશ શ્રવણ યા વાંચન નિમિત્તરૂપ બને અને છેલ્લે ગમે તે અવસ્થામાં દીક્ષા લેવા અસાર સંસારના ખાટાં-મીઠાં અનુભવ પ્રેરણા આપનાર બને છે. સાધુ થવા ઉંમર કે બીજા પ્રશ્નો નડતા નથી.

'મૌન રહે તે મુનિ' – મૌન શા માટે રહે ? વચન-ભાષા વર્ગણાના પુદ્‌ગલો કારણ વગર ન વાપરવા તે માટે મૌન રહે. મનન-ચિંતનમાં સમયનો સદુપયોગ કરવા માટે મૌન રહે. વિચારોને પરિપક્વ-સ્થિર કરવા મૌનનું આલંબન લે. શુદ્ધ આચાર પાળવા દ્વારા બોલ્યા વગર બીજા જીવોને સંયમધર્મની અનુમોદના કરવા ભાવના થાય તેથી મૌન રહે. કહ્યું પણ છે, 'મૌનમ્ સર્વાર્થ સાધનં'.

મુનિઓ અપરિગ્રહી હોય, *૯ કલ્પી વિહાર કરી સંયમ યાત્રા, તીર્થ યાત્રા કરે, વસ્ત્રાદિની નિત્ય પ્રતિલેખના કરે. મલિન વસ્ત્રને અલ્પ જળના ઉપયોગથી શુદ્ધ કરે. સ્વાવલંબી જીવનમાં માથાના વાળનો લોચ કરી કાયકષ્ટ સહે. ઉઘાડે પગે વિચરી જયણાપૂર્વક પૃથ્વીતલને પાવન કરે. અશુચિમય દ્રવ્યોને યોગ્ય ભૂમિ ઉપર પરઠવી સાધુ-ધર્મના આચારને પ્રસંગે પ્રસંગે પાળે. આ છે એ આદર્શ મુનિના જીવનના આચાર.

'તપ કરે તે તપસ્વી' મુનિ બાહ્ય-અભ્યંતર ૧૨ પ્રકારના તપ કરવાના રસિયા હોય. તીર્થંકર પરમાત્મા પણ નિર્વાણ સમયે તપ કરી અણાહારી પદના સ્વામી થાય છે. સવાર, સાંજ-રાત્રે પણ મુનિ સ્વાધ્યાય-ધ્યાન-જાપાદિ તપ વિવિધ પ્રકારે કરે. ગોચરી જાય અને કોઈ કારણ વશાત ગોચરી ન મળે તો તપોવૃદ્ધિ સમજી સમભાવ કેળવે અને ગોચરી મળે તો સંયમવૃદ્ધિના કારણે અનાસક્ત રીતે આહાર વાપરે.

---

● દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા, સ્વરૂપદયા, અનુબંધ દયા, વ્યવહાર દયા, નિશ્ચલ(ય) દયા.

* શેષકાળના ૮ મહિનાના ૮ વિહાર અને એક ચોમાસાના પ્રવેશ માટે એમ ૯ કલ્પી વિહાર.

જન્મ મરણનો સરવાળો સાધના, 'મુનિવર પરમ દયાળ' એ કથન અનુસાર મુનિઓ સાનુકુળ કે પ્રતિકુળ સંયોગોમાં કષાયો ઉપર કાબુ રાખનારા હોય છે. સંસાર બગાડનાર-વધારનાર કર્મ છે અને તે મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગના કારણે થાય છે. તેથી મુનિ જીવન સમતા-પરમ કરુણામય હોવું જોઈએ. કરુણા-દયા એ જૈનધર્મની માતા છે. દીનતાનો ક્ષય એટલે દીક્ષા. આ સંસારમાં જેટલા પણ પ્રકારના ભય છે, તે બધા સંયમી જીવનમાં નાશ પામે છે. પોતે અભય બને છે ને બીજાને અભય બનાવે છે.

'યતિધર્માનુરક્તાનામ્' યોગશાસ્ત્રમાં શ્રાવકના વિશેષણમાંનું આ એક વિશેષણ છે. શ્રાવક સાધુની ભક્તિ-સેવા-ઉપાસના કરવાનો અનુરાગી હોય યાવત્ સાધુપણું સ્વીકારવાની ભાવના ભાવવાવાળો હોય. અભયકુમાર મંત્રીએ એક દિવસ ઉદ્‌ઘોષણા કરી જે શ્રાવકધર્મ (૧૨ વ્રત) સ્વીકારે તેને રજતનો ઢગલો અને જે સર્વવિરતિ ધર્મ (પાંચ મહાવ્રત) સ્વીકારે તેને સુવર્ણનો ઢગલો આપવામાં આવશે. આ છે સાધુ ધર્મના અનુરાગનું ઉદાહરણ.

સાધુ પદની આરાધનાનો મંત્ર **'નમો લોએ સવ્વ સાહૂણં'** છે. આ મંત્ર દ્વારા આ સંસારમાં અઢી દ્વીપમાં જેટલા પણ સાધુ (પાંચેય પરમેષ્ઠી પણ સાધુ પ્રથમ થયા પછી જ આગળ વધ્યા) છે તે સર્વેને દ્રવ્ય-ભાવથી નમસ્કાર કરાય છે. તેજ રીતે આરાધના ૨૭ ખમાસમણા આપી કરાય છે. તે વખતે જે મંત્ર બોલાય છે તેમાં છ કાય ૫-૧ પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિય પરિષહ, ત્રણ ૩ યોગ આદિને યાદ કરવામાં આવે છે. કહ્યું છે, જંગમ તીરથ મુનિ ઉપકારી. આવી સાધુ પદની જે આત્મા ત્રિવિધે આરાધના કરે તે ભવસાગરને તરી જવા માટે સુપાત્ર બને છે.

ધન્ય છે એ આરાધકને ધન્ય છે એ આરાધના ને !

**સાધુ જીવનની વાતો-સંખ્યા (અંક)ની કરામતો :**

૧. આત્મા - આત્માને શાશ્વત સ્થાને લઈ જાય.

૨. જીવ - સંસારી છે. મોક્ષગામી થવા પ્રયત્ન કરે છે.

| | |
|---|---|
| ૨।। દ્વીપમાં જ વિદ્યમાન હોય. | ૩ ગુપ્તિ દ્વારા આત્માને શુદ્ધ કરે. |
| ૩ શલ્યથી જીવન દૂર રાખે. | ૪ કષાયથી જીવન મુક્ત રાખે. |
| ૪ ધર્મનો ઉપદેશ આપે-પાળે. | ૪ કથા ન સાંભળે, ન કરે. મુક્ત રહે. |
| ૫ ઈન્દ્રિયને વશ કરે. | ૫ આચાર - પાળે. |
| ૫ મહાવ્રત સ્વીકારે, પાલન કરે. | ૬ કાયની જયણા-રક્ષા કરે. |
| ૬ લેશ્યા - ૩ પાળે ૩ ત્યજે. | ૭ ભયથી નિર્ભય રહે. |
| ૭ લક્ષણો - ભાવસાધુના હોય. | ૭ ક્ષેત્રને પુષ્ટ કરે. |

| | |
|---|---|
| ૮ કર્મથી રહિત થવા પ્રયત્ન કરે. | ૮ પ્રવચન માતાને પાળે-આચરે. |
| ૮ મદથી અભિમાનાદિથી દૂર રહે. | ૯ બ્રહ્મચર્યની નવવાડ પાળે. |
| ૯ કલ્પી - વિહાર કરે. | ૯ કોટી (પ્રકાર)ના પચ્ચક્ખાણ લે. |
| ૧૦ યતિધર્મને આચરે-સ્વીકારે. | |

## સાધુ પદના ઉત્તમ આરાધક વીરભદ્ર :

આરાધનાનો પ્રતિસ્પર્ધી શબ્દ વિરાધના છે. એકનું ફળ લક્ષ્ય સુધી પહોંચવું જ્યારે બીજાનું ફળ જ્યાં છે ત્યાંથી પાછા ફરવું. સાધુના જીવનમાં સંયમ સિંહની જેમ લેવાનું ને પાળવાનું શાસ્ત્રમાં કહ્યું છે. કદાચ શિયાળની જેમ સંયમ લઈ સિંહની જેમ પાલન કરે તે ધન્યવાદને પાત્ર છે. પરંતુ સિંહની જેમ લઈ શિયાળની જેમ ઢીલા થઈ પાલન કરવું એ નકામું છે.

ચાલો-વીરભદ્રે સાધુ પદનું આરાધન કેવી રીતે કર્યું તે જોઈએ.

અવંતિદેશમાં વિશાલા નગરીમાં ઋષભદાસ શેઠ અને વીરમતી શેઠાણી રહેતા હતા. તેમના ઘરે વીરભદ્ર નામે પુત્રનો જન્મ થયો. પુત્રને વિવિધ કળાથી શેઠે કુશળ બનાવ્યો. યોગ્ય ઉંમર થતાં ખંડપત્તનના સાગરદત્ત શ્રેષ્ઠીની પ્રિયદર્શના પુત્રી સાથે પુત્રના લગ્ન કરી શ્રેષ્ઠીએ પોતાની જવાબદારી પૂર્ણ કરી.

સસરા-સાગરદત્તના આગ્રહથી જમાઈ થોડા દિવસ તો સાસરે રહ્યા. પણ એક દિવસ વીરભદ્ર જમાઈએ વિચાર્યું કે, સંસારમાં બાહુબળે જીવે તે ઉત્તમ. બાપના નામે જીવે તે મધ્યમ. માતા (મામા)ની ઓળખે જીવે તે અધમ અને સસરાના ગામે-નામે જીવે તે અધમાધમ. માટે મારે ભાગ્ય અજમાવવા અહીંથી જવું ઉચિત છે. એમ વિચારી સસરાની રજા લઈ એ સિંહલદ્વીપ પહોંચ્યો. પુણ્યવાનના પગલે પગલે નિધાનની જેમ ત્યાં રૂપ પરિવર્તની દિવ્ય ગુટીકા પ્રાપ્ત થઈ એટલું જ નહિં પણ ગુટીકાના પ્રભાવે સ્ત્રીરૂપ ધારણ કરી રાજકન્યા સાથે પ્રીતિ બાંધી. છેલ્લે મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું તેથી રત્નાકર રાજાએ રાજકન્યા અનંગસુંદરીનાં લગ્ન પણ વીરભદ્ર સાથે કર્યા.

વીરભદ્રે નવી પત્ની અને દાયજામાં મળેલ વૈભવ લઈને સ્વગૃહે જવા સમુદ્રમાં પ્રવાસ શરૂ કર્યો પણ દુર્ભાગ્યે વહાણ ભાંગ્યું ને કન્યા એક પાટીયાના સહારે બીજા કિનારે પહોંચી. વીરભદ્ર પણ સાતમાં દિવસે રત્નપુર પહોંચી ગયો. અચાનક રત્નપ્રભ વિદ્યાધરે વીરભદ્રને આશ્રય આપ્યો ને પોતાની ગુણવાન પુત્રી રત્નપ્રભાને ઉત્સવથી પરણાવી. સાથે જમાઈને ગગનગામીની અને આભોગિની વિદ્યા ભેટ કરી. આમ વીરભદ્ર ત્રણ પત્ની, વિદ્યા અને ઋદ્ધિ-સિદ્ધિનો સ્વામી થયો.

સમયના પ્રવાહે વીરભદ્રની ત્રણે પત્નીઓ અચાનક સુવ્રતા સાધ્વી પાસે ઉત્તમ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવા ભેગી થઈ. સાધ્વીજીએ બ્રહ્મચર્યની, એક પતિવ્રતાની, જૈન

ધર્મની શિક્ષા આપી ત્રણેને શિયળ ધર્મમાં સ્થિર કરી. હવે એ ત્રણે સ્વામીનાથ વિનાની હોવાથી પર પુરુષને જોતી નથી, મળતી નથી, વાત કરતી નથી. એના આ દ્રઢ નિશ્ચયની પ્રસંશા જ્યારે રાજસભામાં થઈ તે અવસરે વીરભદ્ર વામનનું રૂપ કરી ત્યાં આવી ચડ્યો. રાજાએ રાજસભામાં એ ત્રણે સ્ત્રીઓની પ્રસંશા કરી તેઓની સાથે જે વાત કરશે તે મારો પરમમિત્ર થશે, રાજ્યમાન્ય થશે. અવસર જોઈ વામને રાજાની એ વાત સ્વીકારી. રાજા વિ. સાથે વામન ઉપાશ્રયે ગયો. ત્યાં એ કન્યાઓની સામે રાજાની આજ્ઞાથી એક કથા (પોતાના જીવનની) કહેવાની શરૂ કરી. જ્યાં અડધી કથા થઈ ત્યાં કથા કહેવાનું બંધ કર્યું. તેથી એ કન્યાઓએ બાકીની કથા પૂર્ણ કહેવા વિનંતિ કરી. આ રીતે દૈવયોગે વીરભદ્ર પોતાની પત્નીઓ સાથે રાજાનો સન્માનીય થયો.

ખંડપત્તન નગરમાં અઢારમાં શ્રી અરનાથ પ્રભુ વિચરતા પધાર્યા. સાગરદત્ત શ્રેષ્ઠી વીરભદ્ર જમાઈ, ત્રણ પત્ની સહ પ્રભુની દેશના સાંભળવા આડંબર સહિત ગયા. પ્રભુએ રાગ-દ્વેષને શત્રુની ઉપમા આપી તેનાથી બચવા માટે ઉદ્યમ કરવા મૈત્રી આદિ ભાવના જીવનમાં ઉતારવા ઉપદેશ આપ્યો. દેશના બાદ જિજ્ઞાસા ભાવે શ્રેષ્ઠીએ પોતાના જમાઈ કયા કારણે સુખ-દુઃખ પામ્યા તે શંકા દૂર કરવા વિનંતી કરી.

શ્રેષ્ઠીનું સમાધાન કરતાં ભગવંતે કહ્યું-વીરભદ્ર પૂર્વભવે નિર્ધન છતાં નીતિ નિયમનો રાગી જિનદાસ નામે શ્રાવક હતો. એક દિવસ ચૌદમાં શ્રી અનંતનાથ ભ.ને ચોમાસી તપના પારણે ઉત્તમ ભાવથી શુદ્ધદાન આપી પારણું કરાવ્યું. દાનના ૧૦ પ્રકારમાંથી તેઓએ ધર્મદાન આપવાથી દેવતાઓએ બાર ક્રોડ સોનૈયાનિ વૃષ્ટિ સહિત અહોદાનં અહોદાનં ની ઉદ્‌ઘોષણા કરી. આ રીતે એ શ્રાવક ધનવાન બન્યો. ત્યાર પછી સુપાત્રે આપેલા દાનની એ નિત્ય અનુમોદના કરવા લાગ્યો. મળેલા ધનને સાત ક્ષેત્રમાં ઉદારતાથી વાપરવા લાગ્યો.

ઉપકારી ભગવંતના શ્રીમુખે પૂર્વભવે કરેલી ભક્તિની વાત જાણી આ ભવે પરિવાર સાથે સંયમ અને સંયમીની ભક્તિ કરવાનો નિર્ધાર કર્યો. પોતાની પાસે દ્રવ્ય અલ્પ હોય પણ ભાવ મહાન રાખવાથી (શાલીભદ્ર) પુણ્યાનુબંધી પુણ્ય થાય. જ્યારે દ્રવ્ય આપ્યા પછી અનુમોદનાનાં બદલે પાછું લેવાની અયોગ્ય ભાવના (મમ્મણશેઠ) કરનાર પુણ્યાનુબંધી પાપનો બંધ કરે. કોઈ જીવે ભક્તિ કરી હોય પોતે નિર્ધારિત ભક્તિ કરવાનું ભૂલી ગયા હોય તો તેની અનુમોદના કરવી (જીરણશેઠ) એવા કરણ-કરાવણ-અનુમોદનાના ઉત્તમ વિચારો કેળવી ૫૦૦ શ્રેષ્ઠીઓની સાથે ચંદ્રસાગર ગુરુ પાસે ૩૦૦ વર્ષ બાદ ચારિત્ર અંગિકાર કર્યું.

ઉપકારી ગુરુએ દેશનામાં સાધુ અને સાધુની ભક્તિ અંગે વિવેચન કરી

તપસ્વીઓના મહાત્મ્યને વર્ણવ્યું. આ વાત વીરભદ્ર મુનિએ જાણી સાધુની ઉત્તમ ભાવે સેવા-ભક્તિ કરવાનો અભિગ્રહ લીધો.

મુનિ રોજ વૈયાવચ્ચ પ્રસન્નતાથી કરે છે. તે દરમ્યાન માસક્ષમણના તપસ્વીની ભક્તિ કરવાની તક મળી. જો કે આ તપસ્વી દેવમાયા હતી અને વારભદ્ર મુનિની પરીક્ષા કરવા જ તેઓ આવેલા. મુનિ તપસ્વીની ભક્તિ કરવા નદી (કોરી) ઓળંગી નગરીમાં ગયા. પણ પાછા ફરતાં નદીમાં દેવમાયાથી પાણી આવ્યું. તેથી મુનિ તપસ્વીની ભક્તિ કરવા માટે ન જઈ શક્યા. મનમાં પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. આથી દેવે પ્રગટ થઈ મુનિની સ્તુતિ કરી.

નિરતીચાર પણે ચરિત્ર પાળી આયુષ્ય પૂર્ણ કરી બારમાં અચ્યૂત કલ્પમાં દેવ થયા. ત્યાથી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પ્રાપ્ત કરી અનેક જીવોપર ઉપકાર કરી મોક્ષે પધારશે.

| **ચતુર્વિધ સંઘની** | **આશાતના કરનાર** | **આરાધના કરનાર** |
|---|---|---|
| અરિહંત ભગવાન | ગૌશાલક-જમાલી | દેવપાલ રાજા |
| સિદ્ધ ભગવાન | અભિચકુમાર (સિદ્ધ થએલા પિતાની) | હસ્તીપાલ રાજા |
| આચાર્ય મહારાજ | ગંગાચાર્યના શિષ્યો | પુરુષોત્તમ રાજા |
| ઉપાધ્યાય મહારાજ | ................. | માહેન્દ્રપાલ રાજા |
| સાધુ મહારાજ | નાગેશ્રી બ્રાહ્મણી | વીરભદ્ર રાજા |
| | ધર્મરૂચિ અણગાર | |
| | વડીલ સાધુ કુરગડુમુનિ | |
| | નૂતનમુનિ ચંડ રૂદ્રાચાર્ય | |
| સાધ્વી મહારાજ | ચંદનબાળા મૃગાવતિ ક્ષમાપના કરી કેવળી | |
| શ્રાવક | ગૌતમસ્વામી - આનંદ શ્રાવક | પુણીયો-સુવ્રતશેઠ |
| શ્રાવિકા | મૂળા શેઠાણી-ચંદનબાળા (વસુમતિ) | જયંતિ-સુલસા શ્રાવિકા |

**સંયમીનો પરિવાર**

| | | |
|---|---|---|
| પિતા–ધૈર્ય | માતા–ક્ષમા | ભાઈ–વિવેક |
| માસી–મોક્ષની રુચિ | મિત્ર–પરોપકાર | પત્ની–સમતા |
| પુત્ર–વૈરાગ્યવાન જ્ઞાન | પુત્રવધુ–સમ્યગ્બુદ્ધિ | સેવક–પાપક્ષયની પ્રવૃત્તિ |
| | પુત્રી–કરુણા, દયા | |
| ક્રોધ–ત્યાગ કરજો | માન–ભૂલી જજો | માયા–મિત્રને ભૂલાવશે |
| લોભ–બધા પાપનું મૂળ | ક્ષમા–સ્વીકારજો, આપજો | નિખાલસતા–જીવન જીવજો |
| વિનય–હંમેશાં કરજો | દાન–લક્ષ્મી આપી આનંદીત | |

૮

# શ્રી જ્ઞાન પદ

**દુહો**

**અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતી;**
**સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૧**

**દુહાનો અર્થ :**

અધ્યાત્મ સંબંધી જ્ઞાનથી સંસારના ભ્રમણનો ભય નાશ પામે છે. આત્માનો સાચો ધર્મ જ્ઞાન છે. તેથી જ્ઞાનની રીતિને–પ્રવૃત્તિને નમસ્કાર થાઓ. ૧

**ઢાળ**

(અરણિક મુનિવર ચાલ્યાં ગોચરી – એ દેશી)

**જ્ઞાનપદ ભજીએ રે જગત સુહંકરું, પાંચ એકાવન ભેદે રે;**
**સમ્યગ્જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે. જ્ઞાનપદ૦ ૧**
**ભક્ષ્યાભક્ષ્ય વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે;**
**ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતી પ્રકાશ્યો રે. જ્ઞાનપદ૦ ૨**
**મનથી ન જાણે રે કુંભકરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશે રે;**
**જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાસે રે. જ્ઞાનપદ૦ ૩**
**કંચનનાણું રે લોચનવંત લહે, અંધો અંધ પુલાય રે;**
**એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાનપદ૦ ૪**
**જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂલ રે;**
**જ્ઞાની જ્ઞાનતણી પરિણતિથકી, પામે ભવજળ કૂલ રે. જ્ઞાનપદ૦ ૫**
**અલ્પાગમ જઈ ઉગ્રવિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;**
**ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયક્લેશ તસ હુંત રે. જ્ઞાનપદ૦ ૬**
**જયંત ભૂપોરે જ્ઞાન આરાધતો, તીર્થંકરપદ પામે રે;**
**રવિ શશી મેહ પરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી હિત કામે રે. જ્ઞા૦ ૭**

**ઢાળનો અર્થ :**

જગત્માં વાસ્તવિક સુખની ઉત્પત્તિ કરનાર જ્ઞાનપદ છે. તેથી તેની સેવા કરીએ. તે જ્ઞાન મૂળભેદે પાંચ પ્રકારે અને ઉત્તરભેદે એકાવન પ્રકારે છે. શ્રી જિનેશ્વર ભગવંતે કહેલું સમ્યગ્જ્ઞાન મનુષ્યોની જડતાનો-અજ્ઞાનદશાનો ઉચ્છેદ કરે છે. ૧

હંસ જેમ દૂધ અને પાણીને જુદા પાડે છે તેમ ભક્ષ્ય અભક્ષ્ય વગેરેનો વિવેક જ્ઞાનથી જ પ્રગટ થાય છે. આ જીવના સંપૂર્ણ જ્ઞાનનો અનંતમો ભાગ અપ્રતિપાતી કહ્યો છે. અર્થાત્ તે કદી અવરાતો જ નથી, સદૈવ ઉઘાડો જ રહે છે. ૨

જે માણસ મનથી ઘડો બનાવવાની વિધિ ન જાણતો હોય તે ઘડો કેવી રીતે બનાવી શકે ? દયાથી પણ પહેલા જ્ઞાનની જરૂર છે. સત્ અસત્ ભાવોનો પ્રકાશ જ્ઞાનવડે જ થાય છે. ૩

નેત્રવાળો મનુષ્ય સોનાનું નાણું મેળવી શકે છે. અંધ માણસ તો એક અંધની પાછળ બીજો, બીજાની પાછળ ત્રીજો એમ ચાલ્યો જાય છે. તેવી રીતે એકાંતવાદી મનુષ્ય તત્ત્વ પામી શકતો નથી, સ્યાદ્વાદી-અનેકાંતવાદી જ જ્ઞાનના રસ સંબધી સમુદાયને મેળવી શકે છે. ૪

જ્ઞાનથી ભરેલા ભરતચક્રવર્તી વગેરે સંસારને તરી ગયા છે. જ્ઞાન એ સર્વગુણોનું મૂળ છે જ્ઞાની આત્મા જ્ઞાનના પરિણામથી સંસારસમુદ્રના કિનારે પહોચી શકે છે. ૫

અલ્પજ્ઞાની મુનિ ઉગ્ર વિહાર કરે, પ્રવૃત્તિમાં સતત ઉદ્યમવંત રહે તો પણ ઉપદેશમાળામાં તેવા અલ્પજ્ઞાનીની ક્રિયાને ફક્ત કાયક્લેશ રૂપ કહી છે. ૬

જયંતરાજા જ્ઞાનપદનું આરાધન કરવાથી તીર્થંકરપદને પામ્યા છે. સૂર્ય, ચંદ્ર ને મેઘની જેમ જ્ઞાન અનંત ગુણવાળું છે. અને સૌભાગ્યલક્ષ્મીને પ્રાપ્ત કરાવનાર તેમજ હિતકારી છે. ૭

- **જ્ઞાનસ્ય ફલં વિરતિ,**
- **પઢમં જ્ઞાનં તઓ દયા**
- **જ્ઞાન વિના પશુ સારીખા,**
- **જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ**
- **જ્ઞાયતે ઈતિ જ્ઞાનમ્ ।**
- **જ્ઞાનાંજન શલાકયા.**

**વિવરણ :**

સંસારને સમજવા માટે, જીવના સ્વરૂપને જાણવા માટે, જન્મમરણ ઘટાડવા માટે, જો કોઈ સાધન હોય તો તે જ્ઞાન છે. જ્ઞાન દીપક સમાન છે. ત્રીજું નેત્ર છે. ચોરી ન શકાય તેવું ધન છે. બીજો સૂર્ય છે. આંધળાની લાકડી છે. સમુદ્ર વિનાનું અમૃત, ઔષધિ વિનાનું રસાયન અને ગરજ વિનાનું ઐશ્વર્ય છે.

જ્ઞાનના મુખ્યત્વે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ અને કેવળજ્ઞાન એવા પાંચ પ્રકાર છે. તેમાં પ્રથમ બે પરોક્ષ છે. બાકીના ૩ પ્રત્યક્ષ છે.

| જ્ઞાન | ભેદ | ઉપસ્થિતિ | કાળ સ્થિતિ |
|---|---|---|---|
| મતિજ્ઞાન | ૨૪ (૩૨) | ઈન્દ્રિય-મનથી થાય. | ઉત્કૃષ્ટથી |
| શ્રુતજ્ઞાન | ૧૪ (૨૦) | શબ્દને સાંભળવાથી થાય. | ૬૬ સાગરોપમ |
| અવધિજ્ઞાન | ૬ | ક્ષેત્રની મર્યાદામાં થાયે | ૬૬ સાગરોપમ |
| | | દેવ-નરકને જન્મથી હોય | ૬૬ સાગરોપમ |
| મનઃપર્યવજ્ઞાન | ૨ | મનના ભાવને જેના દ્વારા જાણી શકાય | દેશ ઉણી પૂર્વ કોટી વર્ષ |
| કેવળજ્ઞાન | ૧ | ચરાચર પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન | સાદિ અનંતકાળ સુધી |

આ સંસારમાં જે કાંઈ પદાર્થો છે તેને જ્ઞાની પુરુષોએ ૩ વિભાગમાં છૂટા પાડયા છે. ૧. **હેય** - જાણવા લાયક, ૨. **જ્ઞેય** - ત્યજવા લાયક, ૩. **ઉપાદેય** - સ્વીકારવા લાયક છે. તેજ રીતે ગણધર ભગવંતો સર્વ પ્રથમ તીર્થંકર પરમાત્માને ત્રણ વખત વિનયપૂર્વક પ્રશ્ન પૂછે - હે પ્રભુ ! 'કિં તત્ત્વં'. કેવળજ્ઞાની પ્રભુ વર્તમાન કાળ બહુજ સૂક્ષ્મ હોવાથી પ્રથમ ક્ષણે જવાબ આપે, **ઉપન્નેઈવા** - ઉત્પન્ન થાય છે. બીજી વખત જવાબ આપે, **વિગમેઈવા** - વિલીન (નાશ) થાય છે. જ્યારે ત્રીજી વખત જવાબ આપે, **ધુવેઈવા** - અમુક સમય સુધી એ સ્થિર (કાયમ) રહે. આ પ્રશ્નોત્તરીના કારણે ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે. કેવા પ્રશ્ન કેવા ઉત્તર અને કેવું તેનું પરિણામ !

પૂ. ઉમાસ્વાતિ મ. પ્રશમરતિ ગ્રંથમાં શ્રુતજ્ઞાનની સુલભતા જ્ઞાનીના સંપર્કથી (નિશ્રા) અને જ્ઞાન પ્રાપ્તિના ઉદ્યમમાં છૂપાઈ છે. એમ જણાવી જ્ઞાનને જાપ દ્વારા, ખમાસમણ દ્વારા, કાર્યોત્સર્ગ દ્વારા, જ્ઞાનના બહુમાન (પૂજન) દ્વારા, જ્ઞાનની આરાધના કરવાની પ્રેરણા આપી છે. સામાન્ય રીતે જે વસ્તુ મેળવવી હોય તે વસ્તુ (જ્ઞાન)ના પ્રત્યે અહોભાવ અત્યંત જરૂર છે. જ્ઞાનાચારના આઠ● અતિચારનો સાર ઉપરના બે પદમાં સમાઈ જાય છે, સમાવી શકાય છે.

કેવળજ્ઞાની એટલે સંપૂર્ણ જ્ઞાની. હવે તેઓ કોઈ પણ પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અજ્ઞાની નથી. કેવળજ્ઞાની એટલે જ ઘાતી કર્મનો ક્ષય જેમણે કર્યો છે તે. હવે તેમાં કેટલાક આત્મા 'અંતકૃત કેવળી' હોય છે એટલે ઘાતીકર્મ ખમાવી કેવળી થઈ અંતર્મુહૂર્તમાં* (અલ્પ સમયમાં) ચાર અઘાતી કર્મનો પણ ક્ષય કરી નિર્વાણ પામી મોક્ષે જાય. (૨) બીજા કેટલાક આત્માઓ 'સામાન્ય કેવળી' હોય છે. અર્થાત્

● કાલે, વિનય, બહુમાન, ઉપધાન, ગુરુને ઓળવવા નહિ, સૂત્ર શુદ્ધ બોલવા, અર્થ શુદ્ધ કરવા, સૂત્ર અર્થને શુદ્ધ ભણવો.

★ મરૂદેવામાતા

ઘાતીકર્મ ખપાવી કેવળી થઈ ◆અંતર્મુહૂર્ત કરતાં વધુ સમય સુધી આ સંસારમાં ઉપદેશ આપી અંતે ચાર ઘાતીકર્માનો ક્ષય કરી, આયૂષ્ય પૂર્ણ કરી શિવરમણી-મોક્ષને પામે. (૩) હવે જે આત્માઓએ તીર્થંકર નાંમકર્મ બાંધ્યું છે તે ચારઘાતી કર્મનો ક્ષય કરી ભાવજિન સ્વરૂપે સમવસરણમાં બિરાજી ચતુર્વિધ શ્રી સંઘની, ગણધરાદિની સ્થાપના કરી ૩૫ ગુણથી શોભતી આયુષ્ય કર્મ જ્યાં સુધી હોય ત્યાં સુધી અનેકાનેક વખત દેશના આપી અંતે અણસણવ્રત સ્વીકારી મોક્ષે જાય તે 'તીર્થંકર કેવળી' સમજવા. જો કે ત્રણેનું કેવળજ્ઞાન સરખું પણ આયુષ્ય કર્મના કારણે આ વિભાગ સામાન્ય બુદ્ધિવાળા જીવોને આશ્રયી દર્શાવ્યા છે.

કેવળજ્ઞાન-સંપૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે એ આત્માએ ચારે ઘાતીકર્મનો ક્ષય કરેલો હોવો જોઈએ. ઉદા. બાહુબલીજીને ૧૨ મહિના બાદ અભિમાન ત્યજ્યા પછી જ કેવળજ્ઞાન થયું. મરૂદેવી માતાને પુત્રના મોહનો ત્યાગ કર્યા પછી વૈરાગ્યભાવે હાથીની અંબાડી ઉપર કેવળજ્ઞાન થયું. ગૌતમસ્વામીજીને રાગદશાના પરિણામ વીતરાગ અવસ્થામાં પલટાવ્યા પછી જ કેવળજ્ઞાન થયું. ટૂંકમાં આત્મગુણનો ઘાત કરનાર ચાર ઘાતીકર્મનો ક્ષય કેવળજ્ઞાન આપે છે.

ઉપાધ્યાય વીરવિજયજી મ. આયુષ્યકર્મ પૂજામાં એક દ્રષ્ટાંત આપે છે, કે મુનિને અલ્પ સમયમાં જ મોક્ષ પ્રાપ્ત થવાનું હતું પણ આયુષ્ય કર્મના ૭ લવ જેટલા દલિકો ઓછા પડ્યા જ્યારે બીજી તરફ એક છઠ્ઠ તપનું પુણ્ય ઓછું પડ્યું. તેથી એ આત્મા મનુષ્યગતિમાંથી આયુષ્ય પૂર્ણ કરી ૩૩ સાગરોપમના આયુષ્યવાળા સર્વાથસિદ્ધ વિમાનમાં દેવપણાને પામ્યો. ત્યાનું આયુષ્ય પૂર્ણ ભોગવી બીજે ભવે મનુષ્ય થઈ ઉત્તમ આરાધન કરી મોક્ષે જશે. આજ રીતે અવધિજ્ઞાનની પ્રાપ્તિમાં કાજો કાઢી રહેલા મુનિએ હાસ્ય-મોહનીય કર્મ નડ્યું. અવધિજ્ઞાન ન થયું. માતા રૂદ્રસોમાને પ્રસન્ન કરવા આર્યરક્ષિત પુત્રે પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા ગુરુના ચરણે જીવન અર્પણ કર્યું.

જ્ઞાનની આરાધના જેમ મોક્ષની નજીક લઈ જાય છે, તેમ જ્ઞાનની નાની-મોટી વિરાધના ભવભ્રમણ વધારે છે. સ્થુલભદ્રજીએ ૭ બહેનો સામે મેળવેલા જ્ઞાનનું પ્રદર્શન કરવા સિંહનું રૂપ લઈ બાલચેષ્ઠા કરી તેથી ચાર પૂર્વનું અર્થ સહિતનું જ્ઞાન તેઓ ન પામ્યા. વરદત્તકુમારે પૂર્વ ભવમાં મુનિઓને વાચના આપવાનું બંધ કર્યું તેથી તેમજ શ્રેષ્ઠી પુત્રી ગુણમંજરીએ બાળકોના પુસ્તકો બાળી બાળકોને જ્ઞાનથી વંચીત રાખ્યા તેથી બીજા ભવે બન્ને મૂંગા-મંદબુદ્ધિવાળા રોગી થયા. આનો અર્થ એજ થયો કે, સંસાર વધે તેવા જ્ઞાનની (મિથ્યાજ્ઞાન) કાંઈ કિંમત નથી. ભવભ્રમણ ઘટે તેવું જ્ઞાન જ આદરનીય પ્રસંશનીય છે. તેનું બીજું નામ-સમ્યગ્જ્ઞાન. જે આત્મા તેની વિશિષ્ટ રીતે આરાધના કરે તેના જ્ઞાનાવરણીય કર્મ ખપે છે.

◆ તીર્થંકર ૨૪.

આ જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે વ્યવહારથી ખાલી હાથે જાય છે. બધા નશ્વર પદાર્થો અહિં મૂકી જાય છે. છતાં પુણ્યને પાપની સાથે જ સંજ્ઞા પણ લઈ જાય છે. સંજ્ઞા એ પણ એક જાતનું જ્ઞાન (જાણકારી) કહી શકીએ. બીજી ગતિમાં ગયા પછી એ જીવ ત્યાં ખાવા લાગે છે. ભય પામે છે. મૈથુન અને પરિગ્રહમાં ખોવાઈ જાય છે. તે ચારે સંજ્ઞાઓથી બચવા-ઘટાડવા માટે ખાસ પ્રયત્ન કરવા.● શાસ્ત્રકારો કહે છે, તો જ જીવ શિવપણાને સહેલાઈથી પામશે.

### પઢમં જ્ઞાનં તઓદયા :

જે કર્મ અજ્ઞાની જીવ ક્રોડો વર્ષે પણ ખપાવી ન શકે તે કર્મ ખપાવવા માટે જ્ઞાનીને શ્વાસોશ્વાસ જેટલો સમય પણ ઘણો કહેવાય. જેની પાસે જ્ઞાન છે એ જ્ઞાનના કારણે ઉત્તમ પ્રકારની જીવદયા-દયાધર્મને પાળી શકે છે. એમ દશવૈકાલિક આગમ ગ્રંથમાં કહ્યું છે. જૈન ધર્મ સ્યાદ્વાદને માને છે. તેથી સંસારમાં જે કાંઈ રાગ-દ્વેષ-વિષય-કષાય થાય છે એ મૈત્રી આદિ બાર ભાવના ભાવે તો તેના સહારે ઓછા થાય યા ન થાય. નિશ્ચયનય અને વ્યવહારનયની અપેક્ષાએ પણ જ્ઞાન જીવનમાં ઘણું જ કામ આવે છે. નિશ્ચયનય ભૂત-ભવિષ્યકાળ સાથે સંકળાયેલ આગ્રહી વિચાર છે. વ્યવહારનય એ વર્તમાનકાળ માટે સમાધાન કારી વિચાર કરે છે. સમયોચિત્ત જ્ઞાન એમાંથી રસ્તો કાઢી આપે છે. નિશ્ચયનય ખોટો નથી પણ જીવે વ્યવહારનયની અપેક્ષાએ પ્રવૃત્તિ કરવી જોઈએ.*

સંસારદાવાનલ સ્તુતિની ત્રીજી ગાથામાં જ્ઞાનનો મહિમા સારી રીતે વર્ણવેલ છે. જ્ઞાન સમુદ્ર સરખું અગાધ છે. (કેવળજ્ઞાન સંપૂર્ણ છે.) જ્ઞાન સરોવર જેવું છે. (ગણધરોનું શ્રુતજ્ઞાન મર્યાદીત છે.) જ્ઞાન કુવા-વાવડી જેવું છે. (જ્ઞાનવૃદ્ધ મુનિવરો લિમિટેડ જ્ઞાન ધરાવે છે.) જ્ઞાન-ખાબોચિયા જેવું અલ્પ છે. (તત્ત્વજિજ્ઞાસુનું જ્ઞાન) આ ઉપમાઓ જ્ઞાનના કિનારાને સમજવા માટે લખેલ છે. સંસારમાં અલ્પજ્ઞાનીને અભિમાનનું, તપસ્વીને ક્રોધનું, ક્રિયા-વિધિ કરનારને પરનિંદાનું અને ભોજનને વિશુચિકા (અપચો)નું અજીર્ણ થાય છે. તેથી એ બધું નિષ્ફળ ઠરે છે. માટે જ જ્ઞાન મેળવનારે હજી હું અલ્પજ્ઞાની છું એવા વિચાર હંમેશા રાખવા જોઈએ.

### જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ :

મનુષ્ય ક્ષણે ક્ષણે ક્રિયા-પ્રવૃત્તિ કરે જ છે. પાગલ આખો દિવસ ઘાંચીના બળદની જેમ નિરર્થક ભટકે છે. એ અર્થ વગરની ક્રિયા છે. જ્યારે જ્ઞાની વિવેકપૂર્વક સમય-શક્તિને બચાવી શાંતિથી ભાવક્રિયા કરે છે. ભાવપૂર્વકની પ્રવૃત્તિ મોક્ષ નજીક લઈ જાય છે. ધ્યાન પણ એક એવી પ્રવૃત્તિ છે કે, અજ્ઞાની આર્ત-રૌદ્ર ધ્યાન કરી નવું

---

● (૧) તપ, (૨) નિર્ભયપણું, (૩) બ્રહ્મચર્ય, (૪) અપરિગ્રહપણું.

* નિશ્ચયનય હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર; પુણ્યવંત પ્રાણીયા, પામે ભવનો પાર.

પાપ બાંધે છે. જ્યારે કર્મના મર્મને સમજનાર ધર્મ-શુકલ ધ્યાન કરી વિચારો સ્થિર કરે છે. પાપનો ક્ષય કરવા માટે ધ્યાન *અગ્નિ જેવું કામ કરે છે. ધારેલું કાર્ય પાર પાડવા માટે ધ્યાન◆ ઘણું ઉપયોગી છે.

ઘણાં ક્રિયાને જડ કહે છે. પણ હકીકતમાં એ ક્રિયામાં જ્ઞાનનો-ભાવનો અભાવ છે. કરવા ખાતર વેઠરૂપે જે કોઈ ક્રિયા થતી હોય તેનું પરિણામ શૂન્ય છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે, અલ્પજ્ઞાની ઉગ્ર વિહાર કરે, સતત પ્રવૃત્તિમાં રહે છતાં તેની ક્રિયા ફળવંતી નથી. અજ્ઞાની યા નવો નિશાળીયો સર્વ પ્રથમ દ્રવ્ય ક્રિયા કરે પછી તેમાં સોનામાં સુગંધની જેમ ભાવક્રિયાના પ્રાણ પૂરે. જતે દિવસે એ ક્રિયા ફળવંતી અવશ્ય બને. (વિદ્યા કાલેન પચ્યતે.)

મૃત્યુ-મરણને પણ સફળ કરવું હોય તો તે માટે પણ જ્ઞાન ઘણું ઉપકારક છે. પત્ની મદનરેખાએ પતિ યુગબાહુને અંત સમયે વૈરાગ્યની વાતો સંભળાવી, સાંત્વન આપી (સમાધિમરણ) અપાવ્યું. જ્યારે શ્રેણિક રાજા અંત સમયે આર્તધ્યાન કરી અશુભ લેશ્યાના કારણે નરકે ગયા. તેજ રીતે મમ્મણ શેઠ બે બળદોમાં આસક્ત થઈ નરકગતિને પામ્યા. કપિલાદાસી દાન આપવા છતાં પુણ્ય બાંધી ન શકી.

જ્ઞાન અખૂટ ખજાનો છે. માત્ર 'નમો અરિહંતાણં' એક પદના પંન્યાસ હર્ષકુલ ગણિએ કર્તા-કર્મ-ક્રિયાપદના આધારે ૧૧૦ અર્થ કર્યા છે. જો એક પદના આટલા અર્થ થઈ શકતા હોય તો એ પદ ૫૦ સાગરોપમના પાપનો નાશ કરે તેમાં નવાઈ નથી. જ્ઞાનથી ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક જાગે છે. આ છે જ્ઞાનની બલિહારી.

કોઈ પણ આત્મા સંયમના માર્ગે જવા તૈયાર થાય ત્યારે મુખ્ય વૈરાગ્યમય દેશના (જ્ઞાન) કામ કરે છે. દેશના દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત સાંભળવા મળે છે. બીજી રીતે સંવેદિની, આક્ષેપિણી, વિક્ષેપણી અને નિર્વેદીની દેશના જ્ઞાનીઓ આપે છે. શ્રવણકર્તા પોતાના કર્મ અનુસાર એ દેશનામૃતનું પાન કરી જીવન સુધારે માટે જ જ્ઞાનગર્ભિત દેશના સાંભળવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. પૂજા અને દેશનામાં તેથી જ દેશનાને પ્રધાનતા અપાઈ છે.

પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકર ભ. શાસનની સ્થાપના કરે. જ્યારે દીક્ષા લીધા પછી તેઓને મનઃપર્યવજ્ઞાન થાય એનો અર્થ એ કે, કેવળજ્ઞાન એ શાસનની સ્થાપના કરાવે જ્યારે મનઃપર્યવ સંસાર ત્યાગનું ફળ આપે. શાસનની સ્થાપના પછી જે કલ્યાણકારી ઉપદેશ પ્રભુએ આપ્યો એ ઉપદેશને શ્રુતજ્ઞાન કહીશું તો આજ સુધી એ (શ્રુતજ્ઞાને) પ્રભુના ઉપદેશામૃતને આગમ ગ્રંથો દ્વારા જાળવ્યું-

---

* સવ્વપાવપ્પણાસણો.

◆ ચાર ધ્યાનના ૪-૪ કુલ પ્રકાર ૧૬ છે.

ફેલાવ્યું-સાચવ્યું છે. એટલું જ નહિં પાંચમા આરાના અંત સુધી એ શ્રુતજ્ઞાન જ ભવિ જીવોને ધર્મમાં સ્થિર કરશે.

વીશસ્થાનકની આરાધનમાં એક એક પદની ૨૦x૨૦=૪૦૦ નવકારવાળી ગણાય છે. કુલ ૪૦૦x૨૦=૮૦૦૦ માળા અટલે ૮ લાખ મંત્રનો જાપ થયો. જાપથી મન સ્થિર તો જરૂર થાય છે. સાથોસાથ એટલો સમય જીવ શુભ વિચારોમાં સ્થિર થાય એ વ્યવહારીક રીતે લાભ થયો. આધ્યાત્મિક લાભ આરાધનાની પાછળ, જે ખરો લાભ તીર્થંકર નામકર્મ નિકાચનાનો છે તે અદ્‌ભૂત છે. તીર્થંકરની પદવી પોતે તરે ને બીજા અનેકાનેકને તારનારી છે. આવો જ્ઞાનની આરાધના એવી કરીએ, સ્મરણ એવું કરીએ જેથી ભવનો અંત થાય.

જીવમાત્રનો ઉદ્ધાર કરનાર સમ્યગ્‌જ્ઞાનને કોટીશઃ વંદના.

**જ્ઞાનપ્રાપ્તિ કરી ધન્ય બન્યા :**

★ પૂર્વજન્મ કૃત - વજસ્વામીજીએ પારણામાં ૧૧ અંગ શીખ્યા.

★ પિતૃ વાત્સલ્ય કૃત - મનક મુનિએ દશવૈકાલિક દ્વારા આત્મકલ્યાણ કર્યું.

★ નિમિત્ત કૃત - આર્દકુમાર ધર્મ પામ્યા.

★ પુરુષાર્થ કૃત - માસતુષ મુનિ ૧૨ વર્ષે કેવળી થયા.

★ પ્રમાદ કૃત - ભાનુદત્તમુનિ ૧૪ પૂર્વધર પ્રમાદને વશ થઈ જ્ઞાન ભૂલી ગયા.

★ પોપટીયું જ્ઞાન - વિસ્મૃત થઈ જાય, અસર ન કરે.

★ સંસ્કાર પોષક જ્ઞાન - સંસ્કારી બનાવે, અલ્પકાળમાં પરીપક્વ બનાવે.

★ જ્ઞાનભક્તિરૂપ - કુમારપાળ મહારાજાએ તાડપત્રની પ્રાપ્તિ માટે અઠ્ઠમ કર્યો.

★ આર્યરક્ષિતે માતાને રાજી રાખવા ૧૦ પૂર્વ ભણવા ગયા.

★ શ્રવણ કૃત - સ્વાધ્યાય સાધ્વીજીએ કર્યો ને વજસ્વામીને પૂર્વ કંઠસ્થ થયા.

★ જાતિસ્મરણ કૃત - નલિનીગુલ્મ વિમાનનું અધ્યયન સાધુ કરતા હતા, જ્યારે એ સાંભળી અવંતિ સુકુમાલને જાતિસ્મરણ જ્ઞાન થયું.

## જ્ઞાનપદના આરાધક શ્રી નૃપ જયંતદેવ :

જ્ઞાનથી આત્મા પવિત્ર થાય છે. મન અસ્થિર હોય તો સ્થિર થાય છે. જ્ઞાનથી ચારિત્ર અને ચરિત્ર નિર્મળ-પવિત્ર થાય છે. યાવત્ અવ્યાબાધ મોક્ષ સુખ મળે છે. માટે આર્યદેશ, ઉત્તમ કુળ, નિરોગી કાયા મેળવ્યા પછી સમ્યગ્‌જ્ઞાનની આરાધના કરો.

જયંતદેવ રાજાનું ચરિત્ર આવું જ કાંઈક સમજાવે છે. થોડું તે પણ જોઈ-જાણી-સમજી-વિચારી લઈએ.

કોશાંબી નગરી ઘણી પ્રાચીન નગરી છે. એ પુણ્યનગરીમાં જયંતદેવ રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ નિત્યક્રમ પ્રમાણે રાજા પરિવાર સાથે ઉદ્યાનમાં ક્રિડા કરવા ગયો. પાછા વળતાં તેણે માર્ગમાં સુવર્ણકમળ ઉપર બીરાજમાન કેવળી યશોદેવમુનિને દેશના આપતા જોયા.

રાજા ધર્માનુરાગી હતો. ધર્મ વધુ સમજવા મળશે તેથી જ્ઞાની ભગવંતની દેશના સાંભળવા બેસી ગયો. દેશના સાંભળતાં રાજાએ ગુરુવર્યને વિનયપૂર્વક પૂછ્યું, પ્રભુ ! હું જ્ઞાની કે અજ્ઞાની ?

ઉપકારી જ્ઞાની ભગવંતે કહ્યું, રાજન્ ! આ સંસારના સ્વ-સ્વરુપને જેણે જાણ્યો નથી, સમજ્યો નથી. જાણ્યા સમજવા છતાં તે અસાર સંસારમાં, વિષય કષાયમાં લીન છે એ જીવને જ્ઞાની કેમ કહેવાય ? આધિ-વ્યાધિ-ઉપાધિથી ઘેરાયેલા સંસારને જોવા છતાં તેમાં જ પડ્યા રહેવાનું જેને પસંદ હોય એને જ્ઞાની કેમ કહેવાય ? જ્ઞાની તે છે જે સ્વ-પરના કલ્યાણના માર્ગને અપનાવે.

ગુરુના અમૃતમય વચન શ્રવણ કરી રાજા સંવેગ પામે છે. પોતાના પુત્ર જયવર્માને રાજારૂઢ કરી ક્યારે હું આ અસાર સંસારને છોડી સંયમ લઈ ધન્ય બનું એ ભાવના સાથે નગરીમાં જાય છે. હવે રાજાને એક જ રટણ લાગી છે કે, 'ક્ષણ એક લાખેણી જાય રે...' ક્ષણને સફળ કરવા, ગુરુના ચરણે જીવન અર્પણ કરવા, શુભ ઘડીની રાહ જુએ છે. ખરેખર એ ઘડી આવી ને રાજા સંયમી બન્યો.

સંયમી જીવનના સ્વીકાર પછી સંયમીએ જ્ઞાનશાળામાં જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે. રાજા પણ એ પંથે આગળ વધ્યો પણ મોહનીય કર્મના ઉદયથી શાતાગારવમાં એ લુબ્ધ બનવા લાગ્યો. શિથીલ પરિણામી થયો. મેળવેલ જ્ઞાન પર્યાપ્ત છે. વધુ મેળવવાની જરૂર નથી એવા વિચારવાળો થયો. અવસર જોઈ ગુરુદેવ રાજાને (રાજર્ષિને) કહ્યું, નૂતનમુનિ ! પ્રમાદનો ત્યાગ કરો, આદર્શ સંયમ જીવન જીવવાનો અનુરાગ કરો. પ્રમાદવશ પૂર્વે પણ ◆પૂર્વધર-શ્રુતકેવળી-ત્યાગ મુનિઓ સંયમી થઈ સંસાર વધારનારા થયા છે. આ બહુમૂલ્ય સંયમી જીવન સાધના-આરાધના માટે છે. જ્ઞાનનો અંતરમાં દીપ જલાવી અજ્ઞાનના અંધકારને ઉલેચી નાખો. જ્ઞાન કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ઓછું જ છે.

રાજર્ષિ ચેતી ગયા. પ્રમાદને ખંખેરી જ્ઞાનની સાધનામાં લાગી ગયા. આ જીવન-આયુષ્ય જ્ઞાનની પ્રાપ્તિ માટે ઓછું પડશે તેવું એમને સમજાઈ ગયું. માટે હે જીવ ! અપ્રમત્ત ભાવે ગુરુના ઉપદેશને યથાર્થ કરી લે. બસ તે જ દિવસથી જ્ઞાન

---

◆ ચૌદ પૂર્વધર શ્રી ભાનદત્તમુનિ ૧૩ કાઠીયાના કારણે નરકે ગયા.

પ્રાપ્ત કરવા લાગ્યા. પરિણામ સુધારી જ્ઞાનના ઉપયોગ દ્વારા કર્મ ન બંધાય તે રીતે પ્રવૃત્તિ કરવા તન્મય થઈ ગયા.

મુનિ તો હવે ઘણાં સાવધ થયા હતા. છતાં તેઓનો ઉપયોગ કેટલો જાગતો છે, તે શોધવા ઈન્દ્ર મહારાજા પદ્મીની જેવી સ્વરૂપવાન સોળ શણગાર સજેલી સ્ત્રીનું રૂપલઈ મુનિવર્યશ્રી પાસે પહોંચી ગયા. મુનિ તરત જ્ઞાનચક્ષુથી સ્ત્રીને દેવસ્વરૂપે ઓળખી ગયા. તેથી ઈન્દ્રને તેમાં સફળતા ન મળી. બીજી વખત બ્રાહ્મણનું રૂપ કરી મુનિ પાસે આવી ઉપકારી ગુરુને પૂછ્યું, મારું આયુષ્ય કેટલું છે ? જવાબમાં નૂતન મુનિ દેવમાયાને પામી ગયા અને કહ્યું, "ભૂદેવ ! તમારું આયુષ્ય બે સાગરોપમમાં કાંઈક ન્યૂન છે." ઈન્દ્રની હજી મુનિના જ્ઞાનની પરીક્ષા કરવાની ભાવના થઈ. તેથી પ્રત્યક્ષ થઈ, સ્તુતિ કરી નિગોદના સ્વરૂપને સમજાવવા વિનંતી કરી.

મુનિરાજે કહ્યું, હે સૂરેશ્વર ! જીવો એક સાથે ઉત્પન્ન થાય અને સાથે મરે. શ્વાસોશ્વાસ અને આહાર પણ સમૂહમાં સાથે લે તેને નિગોદના જીવો કહેવાય છે. ચૌદરાજ લોકમાં નિગોદના અસંખ્યાતા ગોળા છે અને એકેક નિગોદના ગોળામાં અનંતા જીવોનો સમૂહ છે. એ જીવો અસંખ્યાત આત્મપ્રદેશવાળા હોય છે. તથા એકેક આત્મપ્રદેશે અનંતી કર્મ વર્ગણા છે. એ વર્ગણામાં અનંતા પરમાણુઓ છે. હજી આગળ વિચારીએ તો એ એકેક પરમાણુમાં અનંતા ગુણ પર્યાય છે. બીજી રીતે નિગોદના જીવો સૂક્ષ્મ અને બાદર છે. આ રીતે વીતરાગ પરમાત્માએ નિગોદનું વર્ણન કર્યું છે.●

મુનિશ્રીના શ્રી મુખે નિગોદનું સ્વરૂપ સાંભળી ઈન્દ્ર પ્રસન્ન થયા. ત્યાંથી મુનિના ગુરુ પાસે જઈ પૂછ્યું, "હે પરમોપકારી ગુરુદેવ ! નૂતનમુનિ આટલા સૂક્ષ્મ જ્ઞાનોપયોગી છે, તેથી તેઓ ક્યું ફળ પામશે ?" ગુરુએ કહ્યું, હે દેવેન્દ્ર ! એ મુનિ તપ-જપ-આરાધના ઉપરાંત ખાસ સૂક્ષ્મ જ્ઞાનોપયોગવાન છે. આવી જાગ્રત જ્ઞાનની સાધના હોવાથી એ તીર્થંકર પદને પામશે. અહીંથી આયુષ્ય પૂર્ણ કરી મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ ભોગવી પરમપદ પામશે.

જયંતદેવ મુનિ (રાજા) માત્ર જ્ઞાનપદની ઉત્કૃષ્ટ આરાધનાના અને સૂક્ષ્મજ્ઞાનના આરાધક થઈ જેમ મુક્તિ મંદિરે પહોંચ્યા, તેમ અન્ય જીવો પણ કર્મની નિર્જરા જ્ઞાનની આરાધના દ્વારા કરી ધન્ય બને.

---

● આર્યરક્ષિતસૂરિ પાસે નિગોદનું સ્વરૂપ જાણી દેવ સંતોષ પામ્યો.

# શ્રી સમ્યગ્ દર્શન પદ

### દુહો

લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૧

**દુહાનો અર્થ :**

શ્રી કેવળી ભગવંતે જે લોકાલોકના ભાવ જે પ્રમાણે કહેલ છે, તે પ્રમાણે જ સત્ય કરીને અવધારે કબૂલ કરે તેનું નામ સમ્યગ્દર્શન છે, તેને મારો નમસ્કાર થાઓ. ૧

### ઢાળ

(નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર – એ દેશી)

શ્રી દર્શનપદ પામે પ્રાણી, દર્શનમોહની દૂર રે;
કેવળી દીઠું તે મીઠું માને, શ્રદ્ધા સકળ ગુણ ભૂર રે.
પ્રભુજી ! સુખકર સમકિત દીજે. ૧
વિઘટે મિથ્યા પુદ્ગલ આતમથી, તેહ જ સમકિત વસ્ત રે;
જિનપ્રતિમા દર્શન તસ હોવે, પામીને સમકિત દસ્ત રે. પ્રભુજી. ૨
દોવિધ દર્શન શાસ્ત્રે ભાખ્યું, દ્રવ્ય ભાવ અનુસાર રે;
જે નિજ નયણે ધર્મને જોવે, તે દ્રવ્યદર્શન ધાર રે. પ્રભુજી. ૩
જિનવંદન પૂજન નમનાદિક, ધર્મબીજ નિરધાર રે;
યોગદૃષ્ટિસમુચ્ચય માંહે, એહ કહ્યો અધિકાર રે, પ્રભુજી. ૪
યદ્યપિ અબલ અછે તોહી પણ, આયતિ હિતકર સોય રે;
સિજ્ઝંભવ પરે એહથી પામે, ભાવદર્શન પણ કોય રે. પ્રભુજી. ૫
સમકિત સકળ ધર્મનો આશ્રય, એહના ષટ્ ઉપમાન રે;
ચરિત્ર નાણ નહિ વિણ સમકિત, ઉત્તરાધ્યયન વખાણ રે. પ્રભુજી. ૬
દર્શન વિણ કિરિયા નવિ લેખે, બિંદુ યથા વિણ અંક રે;
દશમાંહે નવ અંક અભેદ છે, તેમ કુસંગે નિઃકલંક રે. પ્રભુજી. ૭
અંતર્મુહૂરત પણ જે જીવે, પામ્યું દર્શન સાર રે;
અર્ધા પુદ્ગલ પરિયટમાંહે, નિશ્ચય તસ સંસાર રે. પ્રભુજી. ૮

ગતસમકિત પૂરવબદ્ધાયુષ, દો વિનુ સમકિતવંત રે;
વિણ વૈમાનિક આયુ ન બાંધે, વિશેષાવસ્યક કહંત રે. પ્રભુજી. ૯
ભેદ અનેક છે દર્શનકેરા, સડસઠ ભેદ ઉદાર રે;
સેવતો હરિવિક્રમ જિન થાયે, સૌભાગ્યલક્ષ્મી વિસ્તાર રે. પ્રભુજી. ૧૦

**ઢાળનો અર્થ :**

દર્શનમોહનીય કર્મ દૂર થવાથી પ્રાણી સમ્યગ્દર્શન પામે છે. તે જીવ કેવળી ભગવંતે દીઠેલું અને પ્રરૂપેલું મીઠું એટલે સત્ય માને છે. શ્રદ્ધા સર્વ ગુણોમાં મુખ્ય છે હે પ્રભુ ! મને સુખકારી એવું આ સમકિત આપો. ૧

આત્માને લાગેલા મિથ્યાત્વ મોહનીયનાં દળિયાં વિનાશ પામે તેનું નામ વાસ્તવિક સમકિત છે. સમકિતરૂપ ફળને પામેલાને જ જિનપ્રતિમાના સત્યરૂપે દર્શન થાય છે. ૨

શાસ્ત્રમાં દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે સમકિત કહ્યું છે. જે પોતાના નેત્રોથી ધર્મને-ધર્મના સાધનોને જુવે તે દ્રવ્ય દર્શન કહેવાય છે. ૩

જિનવંદન, પૂજન, નમન વગેરે ધર્મના બીજ છે એમ નિર્ધારવું-જાણવું. યોગદૃષ્ટિસમુચ્ચય નામના ગ્રંથમાં તેનો અધિકાર કહ્યો છે. ૪

જો કે આ દ્રવ્યદર્શન નિર્બળ ગણાય છે, તો પણ તે આગામી કાળે અવશ્ય હિતકારક છે. શય્યંભવભટ્ટની જેમ એવા દ્રવ્યદર્શનથી પણ કોઈ પ્રાણી ભાવદર્શન પામી શકે છે. ૫

સમકિત એ સર્વધર્મના આશ્રયસ્થાન તુલ્ય છે. તેને છ ઉપમા આપી છે. સમકિત વિના વાસ્તવિક ચારિત્ર અને જ્ઞાન હોતાં નથી એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલ છે. ૬

અંક વિના જેમ બિંદુ એટલે મીંડા લેખે નથી અર્થાત્ કિંમત વિનાના છે. તેમ સમકિત વિનાની ક્રિયા લેખે લાગતી નથી. દશ અંકમાં જેમ નવનો અંક અભેદ છે (ગમે તે અંકે નવને ગુણવામાં આવે છતાં તે પોતાનું નવપણું છોડતો નથી) તેમ સમકિતી જીવ કુસંગમાં પણ નિષ્કલંકપણે રહે છે. ૭

અંતર્મુહૂર્ત્ત માત્ર પણ જે જીવ સારભૂત એવું સમ્યગ્ દર્શન પામે તો તે જીવનો અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળથી વધારે સંસાર નિશ્ચે હોતો નથી. અર્થાત્ તેટલા કાળમાં તે જીવ અવશ્ય મોક્ષ પામે છે. ૮

સમકિત આવીને ચાલ્યું જાય અથવા સમકિત પામ્યા અગાઉ આગામી ભવનું આયુષ્ય બાંધેલું હોય તો તે જીવ ચાર ગતિમાંથી જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે

ગતિમાં જાય છે, શ્રેણીક નરકે ગયા. પણ જો તેમ ન હોય તો વૈમિનિક દેવ સિવાય બીજું આયુષ્ય બાંધતો નથી અર્થાત્ મનુષ્ય કે તિર્યંચ સમકિત અવસ્થામાં આયુષ્ય બાંધે તો વૈમાનિકદેવનું જ આયુષ્ય બાંધે એમ વિશેષાવશ્યકમાં કહેલ છે. ૯

સમકિતના અનેક ભેદ છે. તેમાં મુખ્યપણે ૬૭ ભેદ છે. સમ્યગ્દર્શનપદનું સેવન કરવાથી હરિવિક્રમ રાજા તીર્થંકરપદ પામ્યા છે. અને વિસ્તારવાળી સૌભાગ્ય લક્ષ્મીને પામ્યા છે. ૧૦

★ દર્શન વિનાની ક્રિયા, બિંદુ વિણ જિમ અંક.

**વિવરણ :**

યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં સમ્યગ્દર્શનના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારો કહ્યા છે. જિનદર્શન-પૂજન-નમનાદિ ધર્મ જે પોતાની બુદ્ધિથી કરે-આચરે તે દ્રવ્ય દર્શન. જ્યારે ભવિષ્યમાં હિતકારી હોય, સત્ય ગ્રહણ કર્યું હોય, સાચી સમજણ થઈ ચૂકી હોય, કેવલી એ જે કહ્યું તે સાચું એમ માને તે ભાવ દર્શન. ◆ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, સમકિત એ ધર્મનો આશ્રય છે. ચારિત્ર અને જ્ઞાન વિનાનું દર્શન લુકખું કહીશું તો ખોટું નથી. એકડા વિનાના મીંડા વ્યવહારમાં જેમ નકામા છે તેમ દર્શન વિનાની ક્રિયા સમજવી.

સમકિતના ભેદ અનેક છે. છતાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે જલદી સમજ પડે તે માટે ૧૨ વિભાગમાં સમકિતના ૬૭ ભેદ વર્ણવ્યા છે. આ વાત સમજાઈ જાય એટલે જીવનમાંથી મિથ્યામતિના પુદ્ગલો ખસી જાય. દર્શન મોહનીય કર્મ ખપી જાય. આવું ઉત્તમ દર્શન કદાચ અંતર્મુહૂર્ત સુધી પણ પામે તો પણ તે આત્માનો અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન કાળનો સંસાર ઓછો થઈ જાય. પછી માત્ર દર્શન શુદ્ધ કરતા જવું ને સંસારને ઘટાડતા જવું. કેવો છે સમ્યગ્દર્શનનો મહિમા.

દર્શન એટલે શ્રદ્ધા, જ્ઞાન એટલે જાણવું, ચારિત્ર એટલે આચરવું અને તપ એટલે કરવું આવો ટૂંકો તેનો અર્થ થાય. સમ્યગ્ એટલે સાચી રીતે સારી રીતે જ્યાં સુધી આવો દ્રઢ વિશ્વાસ એટલે સુદેવમાં વીતરાગી દેવતત્ત્વ, સુગુરુમાં ત્યાગી મહાવ્રતધારી ગુરુતત્ત્વ અને સુધર્મમાં અહિંસામૂલક ધર્મતત્ત્વ માનવામાં નહિં આવે ત્યાં સુધી બાકીની ક્રિયા અર્થહીન સમજવી. ભોજનમાં મીઠું બહુ જ ઓછું નખાયેલું હોય છે છતાં તેની કિંમત ઘણી છે. મીઠાં વગરનું ભોજન નિરસ યા સ્વાદ વિનાનું લાગે, કુદેવમાં દેવત્વ જેવું જોઈએ તેવું નથી. કુગુરુમાં પણ જેવી અપેક્ષા રાખી છે તેવું ગુરુપણું નથી. કુધર્મમાં પણ સંસારમાં ડૂબી રહેલાને તારવા ઉદ્ધરીત કરવાની શક્તિ-અનુકુળતા નથી. તેથી ખાસ સુદેવ, સુગુરુ અને સુધર્મનો આગ્રહ સમ્યગ્દર્શી

◆ સ્વયંભવ બ્રાહ્મણ સાચુદર્શન પામી સંયમી થયા, ચોથું પટ્ટધરપદ પામ્યા.

જીવનમાં રાખે છે. અડગ શ્રદ્ધાના કારણે મહાપાપી અર્જુનમાળી પણ શાંત થઈ ગયો હતો. જ્યારે ક્ષાયિક સમકિતના સ્વામી શ્રેણિકે પણ જીવનમાં કર્મની લીલા આગળ કોઈનું ચાલતું નથી એમ માની અનેક વખત પોતાના સમકિતને શુદ્ધ રાખવા વિચારો શુદ્ધ, સ્થિર રાખ્યા હતા.

''અંધ-અપંગ ઈષ્ટ ઠામ લે'' આ એક પ્રાચીન કડી છે. એમાં દર્શન ને જ્ઞાનના સહયોગથી આત્મા ઈષ્ટ-ઈચ્છીત સ્થળ પ્રાપ્ત કરી શકે છે, એવો મૂક સંદેશ છે. ઉદા. જંગલમાં બે ઝાડના ઓટલા ઉપર બે વ્યક્તિ બેઠી છે. એક અંધ છે બીજો અપંગ છે. બન્નેને જંગલની બહાર જવું છે, પણ શરીરની ખામીના કારણે મુંઝાયા છે. છેવટે અપંગે અંધને કહ્યું, ઉભો થઈ હું કહું તેમ ધીરે ધીરે મારી પાસે આવ. તારી આ ક્રિયાના કારણે મારી પાસે આવ્યા પછી હું તારા ખભાં ઉપર બેસી જઈશ. પછી એકબીજાના સહકારથી એટલે આંખેથી હું જોઈ તને રસ્તો બતાડીશ તે પ્રમાણે તું ચાલીશ તો આપણે બન્ને જંગલની બહાર નિકળી જઈશું. આનું જ નામ - ''જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ:.''

દર્શનની શુદ્ધિ માટે શ્રદ્ધા-જ્ઞાન-આચારને પ્રયત્ન (કષ્ટ) જરૂર છે. ગુણની પ્રાપ્તિ માટે ગુણીની આરાધના કરવી જ પડશે. ઉપરના ચારમાંથી એક-બે ભૂલ્યા તો બધું નકામું સમજવું. દર્શન-શ્રદ્ધા-વફાદારી વિના બધું નકામું થાય છે. જેમ વૈદ્યકીય જ્ઞાન વિનાનો વૈદ્ય કે કર્માદિના જ્ઞાન વિનાનો મનુષ્ય નકામો છે, તેમ શ્રદ્ધા વિના બધું નિરર્થક છે.

આ સંસારમાં નમસ્કાર કરવા લાયક પંચપરમેષ્ઠી જ છે, એ વાત પહેલા સમજી લેવા જેવી છે. પછી એક બીજા એક બીજાના પૂરક છે, એ સમજાઈ જશે. અરિહંતના શાસનમાં જ સિદ્ધગતિનું જ્ઞાન થાય, આરંભ થાય અને એક આત્મા સિદ્ધ થાય તે પછી જ બીજો (પંચ પરમેષ્ઠીનો) આત્મા અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે. ટૂંકમાં દર્શન એ મનમાં વસાવવાનું છે અને જ્ઞાનને આચારમાં લાવવાનું છે. એ બન્નેની શક્તિનું મિલન આત્મકલ્યાણ કરાવશે.

''તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્ દર્શનં'' (તત્ત્વાર્થ સૂત્ર)
''જિણ પણત્તં તત્તં ઈઅ સમ્મત્તં સૂએ ભણિઅં''
''સમકિત દાયક ગુરુતણો, પચ્ચુવરાણ ન થાય''
''એયાઈ નવપયાઈ......''

આ શાસ્ત્રોક્ત વચનોનો સાર એ જ છે કે, રત્ન જેમ સ્વાવલંબી પ્રકાશમાન છે. તેમ સમ્યગ્દર્શનને પામેલો આત્મા ક્રમશઃ શાશ્વત સુખનો ભોક્તા બની શકે છે. ક્ષાયિક સમ્યક્ત્વ જીવનમાં એક જ વાર આવે છે. ઉપશમ સમકિત પાંચવાર જ્યારે

ક્ષયોપશમ સમકિત *અસંખ્ય વખત જીવનમાં આવ-જા કરે છે. ●જીવનમાં એક વખત અલ્પસમય માટે ચારિત્ર ન હોય તો પણ તે આત્મા મોક્ષે જઈ શકે છે. કેવળી થઈ શકે છે. પણ જેના જીવનમાં સમકિત-સમ્યગ્દર્શન નથી એ આત્મા કેવળી કે મોક્ષગામી ન થાય. સમકિત એ જીવન મહેલનો પાયો છે.

સમ્યગ્દર્શનમાં લૌકિક ધર્મથી સર્વ પ્રથમ બચવું જોઈએ અને લોકોત્તર ધર્મમાં વસવું, સ્થિર થઈ જવું જોઈએ. જો દ્રષ્ટિ સુધરે✚ તો દ્રષ્ટિદોષ દૂર થાય. દર્શનના ૮ આચારો અતિચારની આઠ ગાથામાં નીચે મુજબ દર્શાવ્યા છે. આચારને અપનાવો તો અતિચાર દૂર થશે.

**દર્શનાચારના આચાર :**

| | |
|---|---|
| ★ નિસ્સંકિઅ - શંકારહિત | ★ ઉવહૂવ - ગુણપ્રસંશા |
| ★ નિકંક્ખિઅ - કાંક્ષારહિત | ★ સ્થિરિકરણ - સ્થિર કરવું |
| ★ નિવતિગિચ્છા - ધૃણા ન કરવી | ★ વચ્છલ - ભક્તિ |
| ★ અમૂઢ દ્રષ્ટિ - મોહિત ન થવું | ★ પ્રભાવના - વિસ્તારવું. |

**દર્શનાચારના અતિચાર :**

| લૌકિક | લોકોત્તર |
|---|---|
| ★ દેવગત - અન્ય દેવ | ★ દેવગત - વીતરાગી પાસે સંસારી યાચના |
| ★ ગુરુગત - સંસારી ગુરુ | ★ ગુરુગત - ત્યાગી પાસે સંસારવૃદ્ધિ ભાવ |
| ★ પર્વગત - હોળી, બળેવ વિ. ધર્મ | ★ ધર્મગત - સુખશાંતિ માટે ધર્મ-તપ. |

આત્મા સત્ય દર્શનની નજીક પહોંચતો નથી એનું કારણ પણ કર્મ જ છે. દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃતિ છે. તેના મુખ્ય બેજ વિભાગ છે. એક દર્શનાવરણીય કર્મ જોવાની ક્રિયામાં અવરોધ કરે છે. અને બીજું પ્રમાદ જન્ય કર્મ. મળેલી શક્તિનો ઉપયોગ કરવામાં રોકે છે. એ બન્ને પરસ્પર સંકળાયેલા છે. તેથી ધાર્યું કામ પાર પડતું નથી.

કર્મ સિદ્ધાંતમાં ક્રિયમાન, સંચિત પ્રારબ્ધ પ્રદેશોદય અને રસોદય એવા પાંચ કર્મ ભોગવવાની અનુભવ કરવાની પદ્ધતિ છે. કેટલોક કર્મ સ્વાભાવિક રીતે ભોગવાઈ જાય છે. જીવને કાંઈ ખબર પણ પડતી નથી. ત્યારે કેટલાક દીર્ઘ કાળ કે આજીવન ભોગવવા પડે છે. અને તેથી વર્તમાન ભવમાં ધાર્યું પરિણામ આવતું નથી. દર્શનાવરણીય

---

★ હીંચકો જેમ ઉચે જાય ને નીચે આવે તેમ.

● આ ઉપરાંત સ્યાદ્વાદ, વેદક, નિસર્ગ, અધિગમ જેવા બીજા ભેદ પણ છે.

✚ મોતિયાનું ઓપરેશન થાય તો જોવાની શક્તિ વિકાસ પામે.

કર્મને કાયા સાથે થોડો સંબંધ છે. જો મનુષ્ય પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીત અવસ્થા નજર સામે રાખી પાંચે ઈન્દ્રિયો દ્વારા વીતરાગ દેવાધિદેવની ઉત્તમ ભાવથી સેવા ભક્તિ કરે તો બેડો પાર થઈ જાય. યાદ રાખવું કે– ૩૨ લક્ષણવંતી કાયા વારંવાર મળતી નથી. અને ધર્મ કરવાના સાધનો નિમિત્તો પણ અનુકુળ વારંવાર મળતા નથી

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જે જીવ હળુકર્મી હોય, પાપભીરું હોય, વ્રત-પચ્ચક્ખાણ કરવાનો-સ્વીકારવાનો અનુરાગી હોય, સુદેવ-ગુર-ધર્મ પ્રત્યે દ્રઢ માન્યતા-શ્રદ્ધાને રાખનારો હોય એવા જીવને બહુમૂલ્ય એવું સમ્યગ્દર્શન-સમકિત પ્રાપ્ત થાય. તે પછી દર્શનાવરણીય કર્મ ક્ષય કરતાં વાર ન લાગે. શાસ્ત્રોમાં તેના અનુસંધાનમાં નીચેના અનુકૂળ-પ્રતિકૂળ વિચારો આપ્યા છે.

મિથ્યાત્વના પાંચ પ્રકાર : (૧) **અભિગ્રહિક** - મનમાં ખોટી પકડ રાખનાર, (૨) **અનાભિગ્રહિક** - ભેદને ન જાણનાર, (૩) **અભિનિવેશિક** - શાસ્ત્રને માને પણ સ્વીકારવામાં ઉણપ, (૪) **સાંશયિક** - શંકા-કુશંકાઓ દરેક અવસરે ઊભી કરે. (૫) **આનાભોગિક** - અજ્ઞાન-અજાણપણું દર્શાવે. આના કારણે તારકતત્ત્વની નિંદા, અવહેલના, આશાતના જાણે-અજાણે કર્યા જ કરે. ફળસ્વરૂપ સમ્યક્ત્વરૂપી વૃક્ષના મૂળમાં અગ્નિ પ્રગટાવવા સમાન પ્રવૃત્તિ થાય છે એમ સમજવું.

જીવનમાં સમ્યગ્દર્શન સમકિતની પ્રાપ્તિ છે. તે માટેની પરીક્ષા પાંચ દ્રષ્ટિએ નીચે મુજબ કરી શકાય.

| | | |
|---|---|---|
| ૧. સમ | - સમભાવ, સમતા, ક્રોધનો નિગ્રહ | ઉદા-સુવ્રતશેઠાદિ |
| ૨. સંવેગ | - મોક્ષપ્રાપ્તિ માટેની ભૂખ-રુચિ | ઉદા-અભયકુમારાદિ |
| ૩. નિર્વેદ | - સંસાર પ્રત્યે અરુચિ. અણગમો | ઉદા-સ્થુલિભદ્રાદિ. |
| ૪. આસ્તિક્ય | - દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે આકર્ષણ અખૂટ શ્રદ્ધા | ઉદા-સુલસાશ્રાવિકા |
| ૫. અનુકંપા | - સ્વાર્થ વિનાની નિઃસ્વાર્થભાવની કરુણા | ઉદા. જગડુશા |

ઉપરની પાંચે પરીક્ષા જીવનને નવપલ્લવીત કરે છે. અલ્પકાળમાં સાધવા જેવું ઘણું સાધી લે છે. સુગંધ વિનાના ફૂલમાં રૂપ હોવા છતાં એ ફૂલની જેમ કિંમત નથી. તેમ જેના જીવનમાં સમ્યગ્દર્શન નથી, સમકિત નથી એ મનુષ્ય હોય તો પણ બીજા શબ્દમાં ચૈતન્ય વિનાનું શરીર કહી શકાય.

શાસ્ત્રોમાં ભવની ગણત્રી સમકિતની પ્રાપ્તિ પછી કહી છે. તે પૂર્વેના જેટલા પણ જન્મ-મરણ આ જીવે કર્યા તે નકામા છે. નંદ મણિયાર ધનપતિ હતો. પ્રભુવીર પાસે વ્રત પણ લીધા પરંતુ મિથ્યાત્વીના સંગથી મિથ્યામતિથી એ ભવ હારી ગયો. દેડકાનો અવતાર પામ્યો. સદ્‌ભાગ્યે માત્ર 'મહાવીર' શબ્દ શ્રવણ કરી જાતિસ્મરણ

દ્વારા પશ્ચાતાપ કરી તરી ગયો. પ્રભુ વીરે ત્રીજા ભવે કપિલ રાજપુત્રને "ત્યાં પણ ધર્મ છે અહિં પણ ધર્મ છે" એવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરી તો જન્મ-મરણ વધી ગયા. માટે જ સમકિત પામ્યા પછી હારી ન જવાય તેની વિશેષ કાળજી રાખવી અત્યંત જરૂરી છે. જેમ સમ્યગ્દર્શન મળવું દુર્લભ છે, તેમ તેને સાચવવું વધુ કઠીન છે.◆

કોશાવેશ્યાને સ્થુલિભદ્ર મહારાજે ચાતુર્માસ કરી શ્રાવિકા બનાવી એ શ્રાવિકાએ ચોમાસુ કરવા પધારેલા સિંહ ગુફાવાસી મુનિને સંયમમાં સ્થિર કર્યા. રાજિમતિજીએ પણ રહનેમિ (દીયર)ને સંયમમાં સ્થિર કર્યા. સુલસા શ્રાવિકાએ અંબડ પરિવ્રાજકને જીવનમાં રહેલી શ્રદ્ધાનો અનુભવ કરાવ્યો. આવા અનેક આત્માઓ દર્શનના આલંબનથી પોતે તર્યા ને બીજા આત્માઓને પણ તાર્યા.

દરેક મહિને કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ આવે છે. છતાં શુકલપક્ષનું માન સમાજમાં ઘણું છે. તેમ સમકિત પૂર્વીનું જીવન કૃષ્ણપક્ષી અંધકારમય છે. જ્યારે સમકિત પ્રાપ્ત કર્યા પછીનું જીવન શુકલપક્ષી આનંદદાયી છે. પૂર્ણ થવાને યોગ્ય છે.

ધાવમાતા રાજાના બાળકને ઉછેરે, વાત્સલ્ય આપે છતાં એ પોતાના બાળક જેવું તો નહિં જ. તેમ જ્ઞાનીઓએ સંસારીને કર્તા ભાવથી નહિં પણ સાક્ષી ભાવથી આ સંસારમાં રહેવા ઉપદેશ આપ્યો છે. તેથી કર્મબંધ ઓછો થાય, વિષય-કષાય ઓછા બંધાય. શુદ્ધ કાઉસ્સગ્ગ-જેમ ૧૨ (૧૬) આગારો સાચવી થાય છે. તેમ સમકિતના પણ સંકટની સાકળની જેમ રાજાભિયોગેણં, ગણાભિયોગેણં વિગેરે પાંચ આગારો દ્વારા સમ્યક્ત્વની રક્ષા કરવાની હોય છે.

કર્મ ઉદયના કારણે નંદિષેણમુનિ ગણિકાને ત્યાં ગોચરી ગયા. ત્યાં ધર્મલાભના સ્થાને અર્થલાભને ગણિકાએ માગ્યો. જવાબમાં પૂરા ૧૨ વર્ષ તેઓ ગણિકાને ત્યાં રહ્યા, પણ સમ્યગ્દર્શનમાં પૂર્ણ શ્રદ્ધા હોવાથી રોજ ૧૦ આત્માને ધર્મ પમાડ્યા પછી જ ભોજન કરવાની ટેક રાખી. આ રીતે ૪૩૭૯ આત્મા તો બાર વર્ષમાં પ્રતિબોધ પામ્યા. પણ છેલ્લે દિવસે ૯ પ્રતિબોધ પામ્યા. એક પ્રતિબોધ ન પામ્યો તેથી ગણિકા અકળાઈ ગઈ. ઉતાવળથી કીધું, ૧૦મા તમે પ્રતિબોધ પામી જાઓ. આ વેણ સાંભળી પોતે પ્રતિબોધ પામી ઓઘો અને મુહપત્તિ લઈ ચાલી નિકળ્યા.

જીવ જેમ સમ્યગ્દર્શનના સહારે મોક્ષ સુધી જાય તેમ જીવનમાં સમ્યગ્દર્શન ન હોય તો દુર્ગતિ-નરકગતિનો પણ અતિથી થાય. ઉદા. બ્રહ્મદત્ત તથા સુભુમચક્રી રાજ્યના લોભના કારણે નવ વાસુદેવ, પ્રતિવાસુદેવ આરંભ સમારંભાદિ કારણે, રાત્રી ભોજન રસપૂર્વક કરવાના કારણે, મમ્મણ શેઠ ધનની ઘેલછા (આસક્તિ)ના

◆ ધન-મેળવવું, મેળવ્યા પછી સાચવવું, કોઈ ચોરી ન જાય, લૂટી ન જાય, ઈર્ષા કરી ન જાય વિ. ધનની પાછળ કથા છે.

કારણે, તંદુલીયો મત્સ્ય દુર્ધ્યાનનાં કારણે, મહારોગી, આરંભ સમારંભ, ધર્મ-વિમુખાદિના દુષણના કારણે નરકે ગયા.

ઉજ્જૈની નગરીમાં ધનપાલ અને શોભન બે ભાઈ એક રાજપંડિત તો બીજા સંયમી જ્ઞાનવૃદ્ધ હતા. જો કે ધનપાલને નાના ભાઈએ દીક્ષા લીધી એ ન ગમી એટલે દ્વેષથી રાજ્યમાં મુનિનું આગમન ઓછું થાય એવું કર્યું. શોભન મુનિને આ પ્રવૃત્તિ ન ગમી રગેરગમાં સમ્યકત્વ હતું તેથી તેઓ વિહાર કરતાં ઉજ્જૈની આવ્યા. કુદરતી મોટાભાઈ માર્ગમાં જ મળ્યા પણ ભાઈએ મુનિને ન ઓળખ્યા. મુનિ શુદ્ધઆચાર-ક્રિયા કરી ભાઈના ઘરે રહ્યા. ધીરે ધીરે ભાઈના દુરાગ્રહને મીટાવી દીધો. ભાઈને શ્રદ્ધાવાન બનાવ્યા. શ્રમણ ધર્મના અનુરાગી કર્યા.

ગમે તે સમજો. વીશસ્થાનકના ૧-૧ પદ જીવનની ગાડીને દુર્ગતિમાંથી પાછી વાળે છે. તીર્થંકર નામકર્મ જેવા ઉત્તમ પદના અધિકારી બનાવે છે. યાવત્ મોક્ષમાળા પહેરાવી અજરામર પદને અર્પે છે. આપણે સૌ એ જ પંથના પથિક બનીએ શિવરમણીને વરીએ ને મનુષ્યજન્મ સફળ કરીએ.

### દર્શનપદના આરાધક શ્રી હરિવિક્રમ રાજા :

કાદવમાંથી જ ક્રમશઃ નિર્મળ કમળ ઉગે તેમ સંસારીઓમાંથી જ પાપભીરૂ આત્મા સમકિતધારી થાય. શૃગિમત્સ્ય ખારા સમુદ્રમાંથી જ શોધીને મીઠું જળ પીએ. તેમ અસાર સંસારમાંથી જ સારભૂત ભવિજીવ સમ્યકત્વ પામે. જેના જીવનમાં પર પદાર્થની ઈચ્છા ઘટે શુદ્ધ તત્ત્વની રુચિ પ્રગટે એજ દુર્લભ એવું સમ્યગ્દર્શન પામે.

જેનું દર્શન પદનાં આરાધકનું જ્ઞાન પ્રમાણભૂત થાય. એ જીવ દ્રવ્ય ભવથી જીવનમાં ચારિત્ર વૃક્ષને રોપે યાવત્ મોક્ષ ફળને પામે. તેવા આદર્શ આરાધક આત્મા-હરિવિક્રમરાજાનું અલ્પ જીવન નિર્મળ આરીસામાં જોઈ લઈએ.

હસ્તિનાપુર નગરી ૩ તીર્થંકર, ૩+૩ ચક્રવર્તીની જન્મભૂમિ સુપ્રસિદ્ધ હતી. તે જ નગરીમાં હરિષેણ રાજા રાજ્ય કરતો હતો. તેને હરિવિક્રમ નામે ગુણવાન પુત્ર હતો. સમય જતાં રાજાએ પુત્રને ૩૨ રાજકન્યા પરણાવી પોતાનું ઉત્તર દાયિત્વ પૂર્ણ કર્યું.

દુર્ભાગ્યવશાત પુત્રના શરીરમાં અસહ્ય એવા આઠ રોગોએ પ્રવેશ કર્યો. જેમ જેમ રોગને દૂર કરવા રાજા ઉપચાર કરાવે તેમ તેમ રોગ વધારે ને વધારે પુત્રને દુઃખ આપે. કંટાળી પુત્રે નગરીના માનીતા ધનંજય યક્ષની માનતા માની તેની આરાધના શરૂ કરી. અચાનક એ ગામમાં કેવળજ્ઞાની ત્યાગી મુનિરાજની પધરામણી થઈ. કુમાર મુનિના દર્શને ગયો ત્યાંજ ત્યાગી ગુરુવર્યના દર્શન માત્રથી નિરોગી થયો. કાયા પૂર્વવત્ થઈ ગઈ.

કુમાર પ્રસન્ન થઈ નિત્ય ગુરુના દર્શને જવા લાગ્યો. ગુરુએ ઉપદેશામૃતમાં કહ્યું, હે ભાગ્યવાનો ! તમે પાપ કર્મથી હંમેશાં દૂર રહો. આ જીવે જે સમયે જેવા પરિણામે કર્મ બાંધ્યું હોય તે તેવી જ પરીસ્થિતિમાં કર્મનું ફળ આપે છે. કર્મનું આગમન અને ગમન (જવું) બધું જ સ્થિતિ (સમય) પ્રમાણે નક્કી જ છે. કોઈ કર્મને લાવતું નથી કે કાઢતું નથી. નિયતિવાદ ના ધોરણે એ બધુ સ્વાભાવિક થાય છે. દુઃખમાં આર્તધ્યાન કરવું એટલે દુઃખને વધારવું. જ્યારે ધર્મધ્યાન પાપ બંધથી બચાવે છે. માટે શ્રદ્ધા રાખો જિનપૂજા આદિ કરી જીવન ધન્ય કરો.

ગુરુનો ઉપદેશ સાંભળી કુમારે પોતાને અસહ્ય રોગનો પ્રતિકાર કેમ કરવો પડ્યો ? તે જણાવવા વિનંતિ કરી. જ્ઞાની ગુરુવર્યે કુમારના પૂર્વ ભવને ટૂકમાં દર્શાવતા કહ્યું. હે રાજપુત્ર ! પૂર્વભવે પણ તમે રાજપુત્ર હતા. પણ વ્યસની શિકારી અનીતિમય જીવન જીવનારા હતા. એક દિવસ તમે જંગલમાં મુનિની સાથે અવ્યવહાર કર્યો. મુનિને પ્રાણરહિત કર્યા. તમારા આવા કુકર્મના કારણે મંત્રી અને પ્રજાએ તમોને પદ્દભ્રષ્ટ કર્યા. હવે સ્વચ્છંદ રીતે બીજી વખત તમે મુનિના પ્રાણ લેવા તેજો લેશ્યાનો ઉપયોગ કર્યો.

અજ્ઞાનતાથી એ ભવમાં અને બીજા ભવમાં ઘણા તમે પાપ બાંધ્યા છેલ્લે ગુણસુંદરના ભવમાં સત્કર્મ બાંધવાની બુદ્ધિ જાગી. તેથી આ ભવે રાજપુત્ર થઈ સમજણ ના કારણે આત્મ-કલ્યાણની ભાવના જાગી હવે તેમાં સ્થિર થઈ સમ્યગ્ દર્શનની ઉપાસના કરો.

ઉપકારી ગુરુની કલ્યાણકારી વાણી સાંભળી કુમાર સમ્યગ્દર્શનમાં સુદેવ-ગુરુ-ધર્મની આરાધના-ઉપાસનામાં મગ્ન થયા. દ્રઢ થયા. એક દિવસ ધનંજય યક્ષે કુમારને પોતે માનેલી માનતા પૂર્ણ કરવા આજ્ઞા કરી. પણ હવે હરિવિક્રમ એ વાત સ્વીકારવા તૈયાર નથી. તેને યક્ષને કહ્યું. જે બીજાને સુખ આપે છે એજ સુખી થાય છે. બીજાને દુઃખ આપવા ભોગ ચઢાવવાની પ્રવૃત્તિ હું કરીશ નહિ. મારા રોગ ફકત ઉપકારી ગુરુના દર્શનથી દૂર થયો છે. માટે હું કાંઈ શાસ્ત્ર વિરોધ કરીશ નહીં.

યક્ષે કુમારની વાત સાંભળી કોપાયમાન થઈ તેના ઉપર જોરથી પ્રહાર કર્યો. પરિણામે કુમાર બેશુદ્ધ થયો. શીત ઉપચારથી જ્યારે સારું થયું ત્યારે ફરી બીજીવાર યક્ષે કુમારને મારી નાખવાની ધમકી આપી. ત્યારે પણ કુમારે શાંત થઈ યક્ષને અહિંસા ધર્મ સ્વીકારો તો હું તમારું સન્માન કરીશ એવો હિતોપદેશ આપ્યો. ભાગ્ય યોગે યક્ષ સુધરી ગયો. કુમારની સદ્દધર્મ ઉપરની અડગ શ્રદ્ધાથી એ પ્રસન્ન થઈ કાંઈ પણ કામ હોય તો યાદ કરવા વિનંતી કરી સ્વ-સ્થાને નિકળી ગયો.

હરિવિક્રમ રાજાએ હવે સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે શિખરબંધી સુંદર જિનાલય બનાવી ચંદ્રકાન્ત મણિની ભ. ઋષભદેવની પ્રતિમા સ્થાપીત કરી ચંદ્રમુનિના ઉપદેશથી પુત્રને રાજગાદી ઉપર બેસાડી દીક્ષા લીધી. નિરતિચાર પણે ચારિત્ર પાળતાં દ્વાદશાંગીના જ્ઞાતા થયા. વીશ સ્થાનકની આરાધનામાં ખાસ નવમાં દર્શનપદનો મહિમા સાંભળી જાતિ અનુભવ કરી વિવિધ પ્રકારે દ્રઢતાપૂર્વક સમ્યગ્દર્શનનું પાલન કરવા લાગ્યા.

જીવનના અંતસમયે પણ દેવતાએ સાર્થવાહનું રૂપ ધારણ કરી મુનિની પરીક્ષા કરવા વિવિધ પ્રયત્નો કર્યા પણ દરેક વખતે એ નિષ્ફળ ગયો. છેવટે દેવમાયા સંહરી તેઓના પવિત્ર દ્રઢ સમ્યગ્ દર્શનનો મહિમા વધાર્યો.

અંતે આયુષ્ય પૂર્ણ કરી વિજયવિમાનમાં દેવ થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી પૂર્વ વિદેહમાં તીર્થંકર નામકર્મ ભોગવી અનંત સુખના ભોક્તા બન્યા.

## ૧૦

# શ્રી વિનય પદ

**દુહો**

**શૌચમૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર;**
**ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. ૧**

**દુહાનો અર્થ :**

શૌચમૂળ ધર્મ કરતાં પણ મહાગુણવાન અને સર્વધર્મના સારભૂત તેમજ અનંતગુણના મૂળરૂપ એવા વિનય આચારને નમસ્કાર થાઓ. ૧

**ઢાળ**

(માળા કિહાં છે રે – એ દેશી)

**વિનયપદ દશમું પ્રકાશ્યું, પંચ ભેદ સામાન્યે રે;**
**દશવિહ તેર પ્રકારે જાણો, બાવન ભેદ વિધાને રે.**
**વિનયપદ સેવો રે, અરિહંતા જિહાં મુખ્ય. વિનય. ૧**
**છાસઠ ભેદ સિદ્ધાંતે ગાયા, સઘળાં ગુણનો આધાર રે;**
**શમદમાદિક ગુણ સવિ સાચા, રાચ્યાં જે વિનય વિચાર રે. વિનય. ૨**
**અરિહાદિકનો ભાવ પ્રશસ્તે, વિધિએ વિનય કરંતો રે;**
**આહારી પણ ઉપવાસતણું ફળ, નિરંતર અનુસરતો રે. વિનય. ૩**
**દોય હજાર ને બોલ ચિહુંતર, દેવવંદનવિધિ સારો રે;**
**ચારશે બાણું બોલ વિચારી, ગુરુવંદન અવધારો રે. વિનય. ૪**
**ગુરુવિનયે રત્નત્રય પામે, સંવર તપ નિજ્જરણા રે;**
**કર્મક્ષયે કેવળગુણ તેહથી, મોક્ષ અનંત સુખ વરણા રે. વિનય. ૫**

**ઢાળનો અર્થ :**

વિનયપદ દશમું કહ્યું છે. તેના સામાન્યે પાંચ ભેદ છે. વિશેષથી દશ ભેદ, તેર ભેદ તેમજ બાવન ભેદ છે એવા વિનયપદને સેવો. જેમાં અરિહંતનો વિનય મુખ્ય છે. ૧

વિનયના છાસઠ ભેદ પણ સિદ્ધાંતમાં કહ્યા છે. વિનય સર્વ ગુણોનો આધાર છે. શમ દમ વગેરે ગુણો પણ જે વિનયાચારમાં રાચ્યા (મગ્ન) હોય તેના જ સત્ય ગણાય છે. ૨

અરિહંત વગેરેનો પ્રશસ્ત ભાવે વિધિપૂર્વક વિનય કરનાર આહાર કરવા છતાં પણ હંમેશા ઉપવાસનું ફળ પામે છે. ૩

દેવવંદનવિધિના ૨૦૭૪ ઉત્તરભેદ (દેવવંદન ભાષ્યમાં) કહ્યા છે અને ગુરુવંદનના ૪૯૨ ભેદ (ગુરુવંદન ભાષ્યમાં) કહ્યા છે તે વિચારી ગુરુવંદનને અવધારો-સમજો. ૪

ગુરુમહારાજનો વિનય કરવાથી રત્નત્રયી (દર્શન-જ્ઞાન-ચારિત્ર)ની પ્રાપ્તિ થાય છે. તેનાથી સંવર થાય, તપથી થતી નિર્જરા થાય, ઘાતીકર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનરૂપ ગુણની પ્રાપ્તિ થાય અને પરિણામે વિનયવાન મોક્ષમાં અનંત સુખને પણ પામે છે. ૫

પાંચ પ્રકારના વંદનમાં ભાવવંદનની પ્રાપ્તિ શુભ ઉપયોગથી થાય છે અને અરિહંત આદિનો વિનય કરવાથી ચેતન તદ્રૂપ થાય છે. ૬

દ્રવ્ય તથા ભાવ એ બંને પ્રકારના ભયથી વિશુદ્ધ એવા આ પદને સેવવાથી ધન્ના શેઠ શ્રદ્ધા, જ્ઞાન અને તત્ત્વ રમણતારૂપ ભાવચારિત્ર પામીને સૌભાગ્યલક્ષ્મી વડે દીપતા થયા છે. અર્થાત્ તીર્થંકરપદને પામ્યા છે. ૭

★ **વિનય ધમ્મો મૂલ.** ★ **વિદ્યા વિનયેન શોભતે.**

★ **સર્વેષાં કલ્યાણાનાં ભાજનં વિનયઃ પ્રશમરતિ.**

**વિવરણ :**

પ્રથમગણધર શ્રી ગૌતમ સ્વામીનું નામ જ્યારે પણ લઈશું ત્યારે તેઓને અનંત લબ્ધિનિધાન-વિનયગુણના ભંડાર એમ બોલી વંદન કરવાનું સહેજે મન થઈ જશે.

'માન' જેમ મનુષ્યનું દુષણ છે તેમ 'વિનય' એ ગુણ છે. જ્યાં વિનય છે ત્યાં વિદ્યા અવશ્ય નિવાસ કરવાની અને તો જ સમકિત આત્માને પ્રાપ્ત થાય.●

ઉત્તરાધ્યયન સૂત્રમાં 'વિનય' નામનું સર્વપ્રથમ ૪૮ શ્લોકવાળું અધ્યયન છે. આખું આગમ ૩૬ અધ્યયન ૧૭૧૬ શ્લોકવાળુ ગદ્ય-પદ્યમાં લખાયેલું છે. પ્રભુ વીરની અંતીમ પાપ-પુણ્યના વિચારોને આવરી લેતી ૧૬ પહોરની દેશના આ આગમ સૂત્રમાં ગુંથાઈ છે તેથી તેનું મહત્વ ઘણું છે.

તપ ધર્મના ખાસ અભ્યંતર ભેદમાં વિનયધર્મને સ્થાન આપ્યું છે. ગુણીનો વિનય કરવો-રાખવો-સાચવવો એ પણ અપ્રગટ તપ છે. તેથી જીવનમાં પૂજ્યો પ્રત્યેના પૂજ્યભાવમાં વૃદ્ધિ થાય છે. બીજા શબ્દમાં પૂજ્યોને આ રીતે જીવન સમર્પણ

---

● રે જીવ ! માન ન કિજીએ.....

થાય છે. શરણ લેવું-સ્વીકારવું એટલે પૂજ્યોની કૃપા-આશીર્વાદ પ્રાપ્ત કરવા. વિનય અંગેની વાંદણા-અબ્ભુટ્ઠીઓ સૂત્રમાં પણ સારા શબ્દોમાં ચર્ચા કરી છે.

વિનય – તીર્થંકર, સિદ્ધ, કુળ, ગણ, સંઘ, જ્ઞાન, જ્ઞાની, ધર્મ, ચારિત્રધર◆ કુલ–૧૩નો કરવામાં આવે છે.

સત્સંગ અને વિનય બન્ને રૂપિયાના બે પાસાની જેમ છે. પૂજ્યોનો સત્સંગ વિનય ગુણ વિકસાવે. વિનય ગુણીના ગુણ જોઈ-ગાઈ અલ્પ માત્રામાં સંસ્કારી જીવનમાં સ્થિર થાય. ઉપદેશ દ્વારા વૈરાગ્યમય વિચારો જાણી સત્સંગમાં વૃદ્ધિ થાય. કંબલ-સંબલ નામના વાછરડા જિનદત્ત શ્રેષ્ઠીના સંગથી ધર્મના રંગથી રંગાઈ ગયા. ત્યાગી-તપસ્વીના પરિચયથી, વિનય કરવાની, એ ગુણો મેળતવાની ભાવના સહેજે જીવનમાં થાય.

વ્યવહારમાં માતા-પિતા-વડીલનો વિનય કરી આશિષ મેળવાય છે. ધન પ્રાપ્તિના સાધનોનો વિનય (બહુમાન) કરી નીતિપૂર્વકના ધનનું આગમન ઈચ્છાય છે. સમ્યગ્જ્ઞાનના પુસ્તકનું બહુમાન-પૂજન-વંદન કરી જીવનમાં એ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે મહત્વાકાંક્ષા સેવાય છે. એજ રીતે દર્શન-ચારિત્ર માટે સમજવું. શ્રેણિક રાજાએ ચાંડાલ દ્વારા વિદ્યા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો, પણ અવિનયના કારણે વિદ્યા પ્રાપ્ત ન થઈ. જ્યારે અભયકુમારના સૂચનથી વિદ્યા પ્રાપ્ત કરવા સુધારો કર્યો, વિનય સાચવ્યો કે તરત વિદ્યા પ્રાપ્ત થઈ. આટલો વિનયનો પ્રભાવ છે.

ગુરુની ૩૩ આશાતનામાં શિષ્ય દ્વારા થતા અવિનય માટે રોજ વંદનની વિધિ વખતે મિચ્છામી દુક્કડં મંગાય છે. ક્ષમા માંગવાથી, વિનય સાચવવાથી જાગૃતિ આવે છે. વિનય એ પ્રગતિની નિશાની છે. અવિનય એ અયોગ્ય આચારણની નિશાની છે. માનવી દર્પણમાં મુખ જુએ ત્યારે પોતાની ખામીને શોધે છે. ખામીના કારણે બીજા મશ્કરી કરશે, હસશે એ તેને ગમતું નથી માટે તૈયાર થયા પછી એ દર્પણમાં જૂએ પણ દર્પણ જ જો ખામીવાળો-મેલો હોય તો ? અર્થાત્ માનવી અયોગ્ય આચરણ, અવિનય કરતો હોય તો પ્રતિબિંબ સારું જોવા ન મળે.

કેટલાક સ્વાર્થથી, મતલબથી અથવા કર્તવ્યના કારણે સામી વ્યક્તિનો વિનય હાથ જોડી, સલામ ભરી કરતા હોય છે. પણ આ વ્યવહાર સામાન્ય થયો. જ્ઞાનીઓ પૂજ્યભાવે પૂજ્ય વ્યક્તિ યા પદનો વિનય કરવાનું-સાચવવાનું કહે છે. અન્નદાનથી જેમ પેટ ભરાય તેમ અવિનયથી આશાતના અવહેલના થાય તો વિનયથી આરાધના અને આચારનો સુધારો થાય. ગુરુના વિનયથી સંવર-તપ-નિર્જરાનો લાભ થાય.

વિનયપદની આરાધનામાં ખમાસમણા આપતી વખતે બાવન ભેદનું જ્ઞાન

◆ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણિ.

થાય છે. જો કે વિનયના ૫/૧૦/૧૩/૧૬ ભેદો પણ થાય છે. અપ્રગટ રીતે વિનય કોણે કોનો કરવો તેનું માર્ગદર્શન ખમાસમણના મંત્રમાંથી જાણવા મળે છે. મુખ્યત્વે શ્રદ્ધા અને તત્ત્વરમણતા વિનયની પાછળ છૂપાયેલી ભૂમિકા છે.

કોઈપણ આવશ્યક ક્રિયા વિનય-વિવેકથી કરવી જોઈએ. તેથી સર્વકાળે સર્વ સ્થળે વિનયનું પ્રાધાન્ય જોવા મળે. જેના જીવનમાં વિનય નથી ત્યાં વિવેક પણ નથી અને જ્યાં વિવેક નથી ત્યાં દેવ-ગુરુની ભક્તિ પણ ફળ દાઈ નથી. ભક્તિમાં જે શક્તિ છે તે બીજે ક્યાંય જોવા નહિં મળે. આરાધક દેવ કે દેવી વિગેરેને પ્રસન્ન કરવા માટે તપ-જપની સાથે વિનય હોવો જોઈએ, સમર્પણ ભાવ હોવો જોઈએ.

વિનય એક જમાનામાં બહેનો જે વડીલવર્ગની લાજ કાઢતા હતા તેની પાછળ મર્યાદા-પૂજ્યભાવ-આમન્યા-સ્થિરતા-આશિષ-સન્માન-કૃપા જેવી અનેક વાતો છૂપાઈ હતી. જે વ્યક્તિ વીતરાગનો-શાસ્ત્રનો વિનય કરે તે કર્મ ખપાવે. ગુરુ જણનો વિવેક કરે તે ધર્મબુદ્ધિ મેળવે. જેમ ધનપતિ ને ધન જોઈએ તેમ જ્ઞાનથી બધું જ મળે છે. જેને જ્ઞાનની ભૂખ હોય તે સર્વ કાંઈ મેળવવા ભાગ્યશાળી થાય.

યુગલિક કાળના યુગલિયાઓ પહેલા, બીંજા અને ત્રીજા આરામાં ૧૦ જાતિના કલ્પવૃક્ષ પાસે પ્રથમ જરૂરીઆત પ્રમાણે જ યાચના કરતાં અને તે બધું માનપૂર્વક તેઓને મળતું હતું. પણ જેમ જેમ કાળ બદલાતો ગયો તેમ તેમ માંગવાની પદ્ધતિ પણ બદલાતી ગઈ. પરિણામે વિનય-વિવેકના અભાવે કલ્પવૃક્ષે બધું આપવાનું બંધ કર્યું. અંતે યુગલિયાઓને પોતાના જીવન નિર્વાહ માટે પદ્ધતિ શોધવી પડી.

**વિનય** – **વિ** = વિશેષપૂર્વક, **નય** = લઈ જાય. એટલે જેનો તમે વિનય કરો તે તમને આપે છે. માત્ર વિનયને કરતાં ને લઈ જતાં આવડવું જોઈએ. વિનયી સમજદાર પુણ્યવાન ગુણવાન હોય છે. જેના જીવનમાં અવગુણ છે તે વિનય કરવા, નમ્ર બનવા, ઝુકી જવા તૈયાર ન થાય. જ્યાં હોય ત્યાંથી પાછા ફરે.

પાદલિપ્તસૂરિ ૧૦૮ ઔષધીઓનો પગમાં લેપ કરી આકાશગામીની વિદ્યાથી પાંચ તીર્થની યાત્રા કરવા રોજ જતા હતા. સિદ્ધપુરુષ નાગાર્જુને આ વાત જાણ્યા પછી એ લેપમાં વપરાતી ઔષધી શોધવા પ્રયત્ન કર્યો. પ્રયત્નથી પરમેશ્વર મળે તેમ ૧૦૭ ઔષધીઓ તેને જડી ગઈ. તેથી એ પણ ઉડવા તો લાગ્યો પણ પડી જતો. અંતે એક દિવસ નાગાર્જુને પૂ. પાદલિપ્તસૂરિ મ.નો વિનય કરી ૧૦૮મી ઔષધી જાણી લીધી. આ છે વિનયનો પ્રભાવ.

શાસ્ત્રમાં એક દ્રષ્ટાંત આવે છે. બે ભાઈ છે. એક દ્રવ્યથી રાજ્ય ભોગવે છે, બીજો સંયમ પાળે છે. કોઈ અવસરે બન્નેના ભાવ પલટાઈ ગયા. જે રાજ્યનો ભોગી અને નિત્ય આહારી છે તે ઉપવાસી અને સંયમનો અભિલાષી બન્યો. બીજો ભાઈ જે સંયમનો રાગી હતો તે રાજ્યનો લોભી થયો સાથે ઉપવાસી અને તપસ્વી હતો તે

નિત્ય આહારી થયો. આ કથાની પાછળ પણ વિનય અને વિવેકના સિદ્ધાંતો ઘર કરી ગયા છે. ટૂંકમાં વિનય એ બાહ્ય–અભ્યંતર જીવન સુધારે છે. સમતા-શાંતિ-સમાધિ આપે છે.

રાજા મહારાજા જ્યારે વીતરાગ પરમાત્માના દર્શન પૂજન કરવા જાય ત્યારે રાજચિહ્નરૂપે મુગુટ, છત્ર, ચામર, ઉપાનહ (જોડાં) અને શસ્ત્ર આ પાંચ વસ્તુ વિનયનો અભિગમ સાચવવા માટે જિનમંદિરની બહાર મૂકીને અંદર પ્રવેશ કરતા હતા. તેવો નિયમ છે કે ચતુર્વિધ સંઘ પણ જિનમંદિરમાં પ્રવેશ પૂર્વે 'નિસિહિ' શબ્દ બોલે, તેમાં પણ વિનય-વિવેકના પડછાયા જોવા મળે છે.

દાન-શીલ-તપ-ભાવાદિ ધર્મનું પાલન અનેકાનેક આત્મા કરે છે. પણ તેમાં જે ભાવના-આપવા લેવાની પદ્ધતિ-ધર્મ પ્રત્યેની અભિરુચિ-પુણ્યોપાર્જન કરવાની દ્રષ્ટિ, દ્રવ્યની શુદ્ધિ માટે હોવી જોઈએ તે નથી દેખાતી. તે વાત વિનય-વિવેકના ત્રાજવે તોળવામાં આવે તો ખબર પડે. નીચેના કેટલાક પુણ્યવાનો તે તે ધર્મનું ઉત્તમ પ્રકાર પાલન કરી ધન્ય બન્યા હતા. દરેક ક્રિયામાં વિનય-વિવેક દેખાતા હતા.

| | | | |
|---|---|---|---|
| ★ દાનધર્મ | - શાલીભદ્રજી | ★ શિયળધર્મ | - સ્થુલિભદ્રજી |
| ★ તપધર્મ | - ઢંઢણ મુનિ | ★ ભાવધર્મ | - જીરણ શેઠ |
| | કુરગડુ મુનિ | ★ સેવાધર્મ | - બાહુબલીજી |
| ★ જ્ઞાનસાધના | - માસતુષ મુનિ | ★ સામાયિકધર્મ | - પુણ્યાશ્રાવક |
| ★ ક્ષમા આપનાર | - ઉદાયન રાજા | ★ પ્રાયશ્ચિત્ત કરનાર | - અઈમુત્તામુનિ |

યાદ રાખવું, ધન પેટ ભરાય ત્યાં સુધી અલ્પ સમય શાંતિ આપશે. જ્યારે ધર્મ જન્મોજન્મ આ ભવ–પરભવમાં સુખ-શાંતિ-સમાધિ આપશે.

વિદ્યા અને વિનયને સારો મેળ છે. શાસ્ત્રમાં એ માટે ચાર પગથિયા દર્શાવ્યા છે. ૧. તદ્‌ભવ મોક્ષગામિ જીવ શુદ્ધમતિ વાલો છે. ૨. આસન્નભવિ જીવ યોગ્યમતિનો સ્વામી છે. ૩. દુર્ભવિનો જીવ મંદમતિથી જીવન વેડફનાર છે. જ્યારે ૪. અભવિનો જીવ દુર્ગતિનો અનુરાગી છે.

જે જીવ અવિનીત હોય તે (૧) આજ્ઞા ન માનનાર, (૨) અંદરથી શત્રુતા રાખનાર, (૩) અજ્ઞાની (શિક્ષીત છતાં અશિક્ષીત જેવો), (૪) ગુરુથી દૂર વસનાર, (૫) મીઠાં વચન પણ તેને કડવા લાગે, (૬) હિતશિક્ષા ક્રોધ કરાવે, વિગેરે લક્ષણવાળો હોય તેથી તેનો આ ભવ નકામો જાય પછી ભવભ્રમણ ક્યાંથી સુધરે ?

કેરી સંયોગથી પાકી થાય. મીઠો રસ ખાવાને લાયક થાય તેમ ભવભ્રમણ ઘટાડવા માટે ગુરુ કે કલ્યાણમિત્રની સાથે વિનય ઘણું અસરકારક કામ કરે છે.★

★ તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ.

અરિહંતાદિનો પ્રશસ્ત ભાવે વિનય કરનાર ભોજન કરી ઉપવાસનું ફળ પામે. દેશવિરતિ ધર્મ અને સર્વવિરતિ ધર્મના જે અણુવ્રત યા મહાવ્રતો છે. તેની પ્રરૂપણા વિનય-વિવેક ધર્મના માટે છે. જીવને જેટલી જરૂરીઆત છે તેથી વધુ સ્વીકારવી નહિં અને જે સ્વીકારેલી છે તેથી ઓછી વાપરવી પાપના બંધથી અળગા રહેવા માટેની ભાવના વિનયના કારણે અપનાવી શકાય છે. તો જ અણુવ્રત કે મહાવ્રતધારી આત્મા ક્રમશઃ આગળ વધે, કર્મ રહિત થઈ શકે.

ગુરુઓ પાસે પાઠ-વાચના જ્યારે લેવાય છે ત્યારે જે ૩ ◆આદેશ માગવામાં આવે છે તથા જ્ઞાન જે પાંચ● પદ્ધતિથી લેવાય છે, તેની પાછળ નમ્રતા-વિનય સાચવવાનો જ ભાવ છે. જ્ઞાનીઓએ કમ ખા, ગમ ખા, નમ જા,ની હિતશિક્ષા તેથી જ આપી છે. શરીરની સ્વસ્થતા મનને પ્રસન્ન રાખે. મનની નિર્મળતા જ્ઞાન પ્રાપ્તિ માટે ઘણી ઉપયોગી બને.

પશુ જેમ ખાધા પછી વાગોળે છે, તેમ વિનય પદ વાગોળવાને વિચારવાને ચિંતન કરવાનો સંદેશ આપે છે. જે જીવ આ સંદેશાને માથે ચઢાવે છે, તેનું કલ્યાણ થાય છે. કલ્યાણવાંછુ આત્મા સંદેશાને જીવનમાં ઉતારી ધન્ય બને. દેવવંદન ભાષ્યમાં ૨૦૭૪ અને ગુરુવંદન ભાષ્યમાં ૪૯૨ ભેદ સમજવા જેવા છે.

### વિનયપદ આરાધક ધનદેવ :

રાજ્યમાં કોટવાલનું કામ કરતા પિતાના પુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. તેથી એ ઓછું બોલે છે. એક દિવસ પિતાએ રાતના ચોકી કરવાનું કામ પુત્રને સોપ્યું. પુત્ર રાતના મીઠાં અવાજે પાંચ શ્લોક બોલતો રાઉન્ડ મારે છે. રાજાએ નવા આવેલા કોટવાલ પુત્રને બોલાવી શ્લોક અર્થ સાથે પૂછ્યો. પુત્રે કહ્યું, "જન્મ દુઃખ છે, વૃદ્ધાવસ્થા દુઃખ છે, પત્ની પરિવાર દુઃખ છે, મરણ પણ દુઃખ છે. માટે હે જીવ ! જાગતો રહેજે, જાગતો રહેજે.✤

પુત્ર રાજાને શ્લોક સંભળાવી સીધો ગુરુના ચરણે સંયમ લેવા નિકળી પડ્યો. તેમ ધનશેઠે વિનય પદ આત્મસાત કેવી રીતે કર્યું તે જોઈએ.

મૃતિકાનગરીમાં રાજા જિતારી રાજ્ય કરતો હતો. નગરીમાં સમ્યગ્દ્રષ્ટિ એવા સુદત્તશ્રેષ્ઠીને ધન અને ધરણ નામે બે પુત્ર હતા. એક જ માતાના બે સંતાન છતાં કર્મના કારણે ધન ગુણવાન ને ધરણ નિર્ગુણી હતો. હંમેશાં ધરણ મોટા ભાઈનું અહિત કરવામાં ઈર્ષા અદેખાઈની મદદ લેતા. ભાઈની પ્રગતિ તેને ખુંચતી હતી.

---

◆ ૧. વાયણા સંદિસાહું ? ૨. વાયણા લેશું ? ૩. વાયણા પ્રસાદ કરાવશોજી ?

● વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા.

✤ જન્મ દુઃખં, જરા દુઃખં, મૃત્યુ દુઃખં પુનઃ પુનઃ.

એક દિવસ ધરણે ધનને અશુભ ભાવે કહ્યું, પિતાની કમાણી ઉપર જીવવું યોગ્ય નથી. માટે ચાલો પરદેશ જઈ કમાણી કરી આવીએ. શુદ્ધ મનવાળો ધન તૈયાર થઈ ગયો. બન્ને પ્રવાસે નિકળ્યા. માર્ગમાં ધરણ-ધન વચ્ચે હરિફાઈ થઈ. ધરણે પૂછ્યું, સુખ ધર્મથી મળે કે પાપથી ? ધને તરત કહ્યું કે, આ જગતમાં સુખ ધર્મથી જ મળે. છેવટે આનો નિર્ણય એક અજ્ઞાની ગામડીયા પાસે કરાવ્યો. ગામડીયો એ ખરેખર ગામડીયો જ હતો. લાંબો વિચાર કર્યા વગર કહ્યું, અધર્મથી જ સુખ મળે.

જે હારે તેની આંખો ખેંચી કાઢવી. એ શરત અનુસાર ધને આંખો ખેંચી આપી. ભાઈને દુ:ખી કરવાનું કામ પૂર્ણ કરી ધરણ ઘરે પાછો ગયો. ધન જંગલમાં શાંતિથી નિરાધારપણે ધર્મ કરવા લાગ્યો. કુદરતે વનદેવતાએ ધનને પુણ્યાત્મા જાણી ઉપકારની ભાવનાથી દિવ્ય અંજનથી તેના નેત્રો જેવા હતા તેવા નિર્મળ કર્યા. સાથે દિવ્ય અંજન પણ બીજા દ્રષ્ટિ વિહોણાને દ્રષ્ટિ સુધારવા માટે આપ્યું.

ધન ધર્મના પ્રભાવે આ રીતે સુખી થયો. ફરતો ફરતો સુભદ્રપુર આવ્યો. આ નગરીની રાજપુત્રી પ્રભાવતી પ્રજ્ઞાચક્ષુ હતી. રાજાએ નગરીમાં ઢંઢેરો પીટાવ્યો હતો કે, જે વ્યક્તિ રાજપુત્રીના નેત્ર ખોલી આપે તેને અડધું રાજ્ય અને પુત્રી રાજા આપશે. ધને ઉપકારની ભાવનાથી પડહ ઝીલ્યો. દીવ્ય ઔષધી દ્વારા રાજકન્યા દેખતી થઈ. રાજા-પ્રજા રાજી થયા. ધન ધર્મના પ્રભાવે રાજા બની ગયો.

ધરણાને ધર્મના પ્રભાવે ધન રાજા થયો તેવા ખબર મળવાથી ફરીથી એ દુ:ખી થયો. ધનને દુ:ખી કરવા માટે એ ધન પાસે આવ્યો. ધન લાગણીથી ભાઈને ભેટી પડ્યો. જ્યારે ધરણે ભાઈના સસરા અરવિંદ રાજાને ધન ચંડાળ છે, તેવું સમજાવી મારી નાખવાનો પ્લાન કર્યો. રાજાએ પણ વગર વિચારે તપાસ કર્યા વગર મારવાનું નક્કી કરી રાત્રે જમાઈને તેડાવ્યો. કુદરતી રીતે જમાઈને બદલે ધરણ આવ્યો ને રસ્તામાં મારાઓએ તેને મારી નાખ્યો.

ઈર્ષા-અદેખાઈના અશુભ ફળ જોઈ ધન હવે વૈરાગી થયો. ધર્મમાં દ્રઢ થયો. પુત્રને માત-પિતાને સોંપી ભુવનપ્રભ મુનિ પાસે સંયમ સ્વીકાર્યું. વિનયપૂર્વક જ્ઞાન-ધ્યાન ને ત્યાગમય જીવન ગુરુની નિશ્રામાં પસાર કરવા લાગ્યો.

એક દિવસ ગુરુએ વિનયગુણ ઉપર ઉપદેશ આપતાં કહ્યું, જેમ ચારિત્ર તારનાર છે તેમ વિનય ઉદ્ધારક છે. વિનયના કારણે જીવનમાં સર્વગુણ વધે છે. વિનય જીવનને વધુ શોભાવે છે. અષ્ટકર્મનો ક્ષય કરાવી મોક્ષે પહોંચાડે છે.

ગુરુના શ્રી મુખે વિનયનો મહિમા જાણી ધનદેવ મુનિ ત્રિકરણ શુદ્ધિએ વિનયને જીવનમાં વણી લીધો. જેના કારણે અંતે સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી સહસ્ત્રાર દેવલોકે ગયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રે તીર્થંકર થઈ મોક્ષે જશે.

# શ્રી ચારિત્ર (આવશ્યક) પદ

દુહો

રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧

**દુહાનો અર્થ :**

રત્નત્રયીની આરાધના વિના બધી સાધના હંમેશાં નિષ્ફળ કહેલી છે. ભાવરત્નનું નિધાન સંયમી જીવ છે. તે જય પામો, જય પામો. ૧

ઢાળ

(અજિત જિણંદશું પ્રીતડી – એ દેશી)

ચારિત્રપદ શુભ ચિત્ત વસ્યું, જેહ સઘળા હો નયનો ઉદ્ધાર;
આઠ કરમ ચય રિક્ત કરે, નિરુત્તે હો ચારિત્ર ઉદાર. ચા૦ ૧
ચારિત્રમોહ અભાવથી, દેશસંયમ હો સર્વસંયમ થાય;
આઠ કષાય મિટાવીને, દેશવિરતિ હો મનમાં ઠહરાય. ચા૦ ૨
બાર કષાય મનથી મટે; સર્વવિરતિ હો પ્રગટે ગુણરાશિ;
દેશથી સર્વસંયમ વિષે, અનંતગુણી હો વિશુદ્ધિ સમાસ. ચા૦ ૩
સંયમ ગુણઠાણ ફરસ્યા વિના, તત્ત્વરમણતા હો કેમ નામ કહેવાય;
ગજપાખર ખર નવિ વહે, એહની ગુરુતા હો આતમમાં સમાય. ચા૦ ૪
વર્ષ સંયમના પર્યાયમાં, અનુત્તરનાં હો સુખ અતિક્રમ હોય;
શુક્લ શુક્લ પરિણામથી, સંયમથી હો ક્ષણમાં સિદ્ધિ જોય. ચા૦ ૫
સર્વસંવર ચારિત્ર લહી, પામે અરિહા હો સહિ મુક્તિનું રાજ;
અનંતરકારણ ચરણ છે, શિવપદનું હો નિશ્ચય મુનિરાજ. ચા૦ ૬
સત્તરભેદ સંયમતણાં, ચરણસિત્તરી હો કહી આગમમાંહિ;
વરુણદેવ જિનવર થયો, વિજયલક્ષ્મી હો પ્રગટે ઉચ્છાહિ. ચા૦ ૭

**ઢાળનો અર્થ :**

ચારિત્રપદ મારા મનમાં વસ્યું છે. જે ચારિત્રપદ સર્વ નયના ઉદ્ધારરૂપ છે. આઠ કર્મના ચય-સમૂહને જે રિક્ત-ખાલી કરે તે ચારિત્ર કહેવાય છે, એમ ચારિત્ર શબ્દનો નિરુક્તાર્થ છે. ૧

ચારિત્રમોહનીયનો ક્ષયોપશમરૂપ અભાવ થવાથી દેશ સંયમ (શ્રાવકપણું) અને સર્વસંયમ (મુનિપણું) પ્રાપ્ત થાય છે. આઠ કષાય (૪ અનંતાનુબંધી અને ૪ અપ્રત્યાખ્યાની દૂર થવાથી મનમાં દેશવિરતિ ભાવ સ્થિર થાય છે. ૨

બાર કષાય (૪ અનંતાનુબંધી, ૪ અપ્રત્યાની અને ૪ પ્રત્યાખ્યાની) મનમાંથી મટે ત્યારે ગુણના સમૂહરૂપ સર્વવિરતિ ભાવ પ્રગટે છે. દેશસંયમ કરતાં સર્વસંયમમાં અનંતગુણી વિશુદ્ધિનો સમાસ થાય છે. ૩

સંયમનું ગુણસ્થાન ફરસ્યા વિના તત્ત્વરમણતા કઈ રીતે પ્રાપ્ત થઈ કહેવાય ? હાથીના શણગારભૂત આભૂષણ ગધેડો વહન કરી શકે નહિ. એની ગુરુતા (શોભા) તો શ્રેષ્ઠ આત્મામાં જ સમાઈ શકે છે. ૪

એક વર્ષ જેટલા શુદ્ધ સંયમના પર્યાયથી અનુત્તર વિમાનના દેવો કરતાં પણ વિશેષ આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે. સંયમથી શુક્લ પરિણામની વૃદ્ધિ થવાથી ક્ષણમાં સિદ્ધિપદને પણ જીવ પ્રાપ્ત કરી શકે છે. ૫

અરિહંત પણ સર્વસંવરરૂપ ચારિત્ર પામીને મુક્તિનું રાજ્ય પામે છે. નિશ્ચયથી શિવપદનું અનંતર (નજીકનું) કારણ ચારિત્ર છે અને તેને પાળનારા મુનિરાજ છે. ૬

સંયમના મુખ્ય ભેદ સત્તર કહ્યા છે. તેમજ ચરણસિત્તરી રૂપ (૭૦) ભેદ પણ આગમમાં કહ્યા છે. આ પદનું આરાધન કરવાથી વરુણદેવ તીર્થંકરપદવી પામેલ છે અને તેમને ઉત્સાહપૂર્વક વિજયલક્ષ્મી પ્રગટી છે. ૭

★ **સસનેહી પ્યારા રે, સંયમ કબહી મિલે.** ★ **જ્ઞાનસ્ય ફલં વિરતિ.**

★ **ત્યજવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ.**

**વિવરણ :**

ચારિત્રને ચરિત્ર અથવા સંયમ-સમય-સંગમ શબ્દમાં નજીવા ફેરફાર છે. છતાં એક બીજા પૂરક છે. જેમ કે જેનું ચારિત્ર (જીવન) સારું તેનું ચારિત્ર (સંયમ) સારું. આત્મા સંયમ ક્યારે લે ? જ્યારે સમય પાક્યો હોય, ચારિત્રના અંતરાય તૂટ્યા હોય અથવા ગુરુનો સંગમ યથા સમયે થયો હોય. સાધુનું જીવન સાદું (આડંબર વિનાનું) હોય છે.

આવા ચારિત્રધર આત્માનું કન્યા જેમ સાસરે જાય ત્યારે સગપણ બદલાઈ જાય તેમ સંસારી જ્યારે સંયમી થાય ત્યારે તેનો પરિવાર પણ શાસ્ત્રીય દ્રષ્ટિએ નીચે મુજબ બદલાઈ જાય છે.

ચારિત્ર લીધા પછી કર્મક્ષય કરવાની તક મળે, નમ્રતાદિ ગુણોનો વિકાસ થાય, ત્યાગી-તપસ્વી-જ્ઞાનીનો સત્સંગ પરિચય થાય, વૈરાગ્યમાં વૃદ્ધિ કરનારા

નિમિત્તો મળે. આવી તક સંસારી જીવને સંપૂર્ણ પણે ન મળે. ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થવાથી શ્રાવકપણું યા સાધુપણું પ્રાપ્ત થાય.

ચારિત્ર માટે ૧. શ્રદ્ધા, ૨. ભાસન, ૩. રમણતાનો ક્રમ નજર સામે આરાધકે રાખવો જોઈએ. સર્વપ્રથમ ચારિત્ર મારું કલ્યાણ કરશે તેવી શ્રદ્ધા-વિશ્વાસ જન્મે પછી જેની ઉપર શ્રદ્ધા થાય તેમાં છેલ્લું જે ધ્યેય હોય તે ભાસવા-દેખાવવા લાગે પછી અંતિમ લક્ષ સુધી પહોંચવાની જીવનમાં રમણતા આવે. શુદ્ધ ચારિત્ર પાળવાની તાલાવેલી લાગે. આવા ચારિત્રના બે ભેદ કરવા હોય તો દેશવિરતિ અને સર્વવિરતિ થઈ શકે છે. તેજ રીતે આ ચારિત્ર પ્રવૃત્તિ સ્વરૂપ અને નિવૃત્તિ સ્વરૂપ પણ કહી શકાય. કારણ, જીવ પહેલા પ્રવૃત્તિ કરે અને પછી સંસારથી નિવૃત્તિ લેવા પ્રયત્ન કરે. એક દ્રવ્ય ચારિત્ર, બીજું ભાવ ચારિત્ર.

સંસારી ત્યાગનો અનુરાગ દેશવિરતિના ત્રીજા શિક્ષાવ્રતને સ્વીકારી શરૂ કરે. શિક્ષાવ્રત-૨ ઘડી (**સામાયિક**) ૧૬+૪=૨૦ ઘડી (**દેસાવગાસિ**) ૪ પહોર યા ૮ પહોર (**પૌષધ**) અને ૮ પહોર+ઉપવાસ+એકાસણું (**અતિથીસંવિભાગ**) દ્વારા સાધના શરૂ કરે અને પછી સર્વવિરતિ જ્યારે સ્વીકારે ત્યારે આજીવન ચારિત્રના પચ્ચક્ખાણ લે. દેશવિરતિધર જીવ ૮ કષાય (૪ અનંતાનુબંધી, ૪ અપ્રત્યાખ્યાની) નિવારવા માટે પ્રયત્ન કરે. જ્યારે સર્વવિરતિ લે ત્યારે ૧૨ કષાય (૪ અનંતાનુબંધી, ૪ અપ્રત્યાખ્યાની, ૪ પ્રત્યાખ્યાની) ત્યજી શુદ્ધ ચારિત્ર પાળવા આગ્રહ રાખે.

ચારિત્ર એ નવપદમાં ૮મું, ધર્મમાં ત્રીજું અને વીશસ્થાનકમાં ૧૧મું પદ છે. નવપદમાં સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારીશું તો તેમાં ૧-૨ સાધ્ય વર્ગ છે. ૩-૪-૫ સાધક વર્ગ છે અને ૬ થી ૯ સાધન વર્ગ છે. તેજ રીતે પ્રથમ ૧ થી ૫ પદના પદી પૂજ્યોએ જીવનમાં ચારિત્ર પદ સ્વીકાર્યું હતું. તેથી જ કહેવાય છે કે, ચારિત્ર વિણ કલ્યાણ નહિ, મોક્ષ-મુક્તિ નહિ. જે આત્માને પોતાના અવિરતિમય જીવન પ્રત્યે અરુચિ થાય એવું જીવન જીવવું ખૂંચે એ જ શુદ્ધ ચારિત્રનો અનુરાગી થઈ શકે.

તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બિરાજે ત્યારે તથા સર્વવિરતિ સ્વીકારે ત્યારે 'નમો તિથ્થસ્સ' કહે તેમ ઈન્દ્ર મહારાજા પોતાની સભામાં બેસે ત્યારે 'વિરતિ ધર્મને પ્રણામ' કરીને બેસે. ચેનું કારણ એ જ કે, જીવનમાં સામાયિક પ્રત્યે અનુરાગ છે. વિરતિધર્મ પ્રત્યે માન છે. પણ પોતે મનથી ઘણા ચંચળ છે. વિચાર કરે ત્યાંજ વૈક્રિય શરીર દ્વારા પાપની લીલા અનુભવવા બેસી જાય. માટે દેવો સામાયિક લઈ શકતા નથી. ક્ષાયિક સમકિતી આત્મા (શ્રેણિકરાજા) પણ સામાયિક વ્રત પચ્ચક્ખાણથી વંચીત હોય છે.

નવકારમંત્રના-૬૮ અક્ષર છે. સંસારદાવા-એક દ્વિભાષી અને જોડાક્ષર વિનાની

(થોય) સ્તુતિ છે. તેમ વિરતિના પચ્ચક્ખાણનું કરેમિભંતે સૂત્ર-૮૬ અક્ષરનું શાશ્વતું સૂત્ર છે. આ અક્ષરોનું ઉચ્ચારણ કર્યા પછી શ્રાવક ૨ ઘડી ૬ કોટીના પચ્ચક્ખાણ લઈ શુદ્ધ સામાયિક કરે તો તે આત્મા તરત જ ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમથી અધિક દેવગતિનું આયુષ્ય બાંધે. તકલીફ એજ છે કે, આ આત્મા એકચિત્તે, શુદ્ધમને, સમભાવે ૩૨ દોષરહિત ધર્મધ્યાનમાં પોતાનો સમય પૂરો કરતો નથી.

શાસ્ત્રમાં સામાયિકના નીચે મુજબ ૮ પ્રકાર વર્ણવ્યા છે.

| નામ | અર્થ | ઉત્તમ આરાધક |
|---|---|---|
| ૧. સામાયિક | - સમતાભાવ રાખવો. | દમદમન્ત રાજા |
| ૨. સમયિક | - દયા સહિત કરવું. | મેતાર્યમુનિ |
| ૩. સમવાદ | - રાગ-દ્વેષ ત્યજી વ્યવસ્થિત બોલવું. | કાલકાચાર્ય |
| ૪. સમાસ | - થોડા અક્ષરમાં જ તત્ત્વને જાણવું. | ચિલાતીપુત્ર |
| ૫. સંક્ષેપ | - થોડા અક્ષરમાં દ્વાદશાંગીનો અર્થ વિચારવો. | લૌકીકાચાર્ય પંડિતો |
| ૬. અનવદ્ય | - પાપ વગરનું આદરવું. | ધર્મરુચિ અણગાર |
| ૭. પરિજ્ઞા | - તત્ત્વનું જાણપણું (જે સામાયિકમાં હોય). | ઈલાચીકુમાર |
| ૮. પ્રત્યાખ્યાન | - નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કરવો. | તેતલીપુત્ર |

એજ પ્રકારે સામાયિકના – સમ્યકત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક (૧૨) અને સર્વવિરતિ સામાયિક (૫) ભેદ (ચારિત્ર) છે.

ચારિત્રના જેમ ૧૭ પ્રકાર (ભેદ) છે તેમ કરણ સિત્તરી (ક્રિયાત્મક પ્રવૃત્તિ)ના ૭૦ અને ચરણસિત્તરી (આચરણાત્મક)ના ૭૦ ભેદ છે. જે આત્મા ૧૨ મહિના સુધી નિરતિચાર પણે ચારિત્રધર્મનું ઉત્તમોત્તમ પાલન કરે તે અનુત્તરવાસિ દેવના સુખને પણ ઓળંગી જાય. માત્ર મોક્ષનગરી સુધી પહોંચવા માટેના જે ચાર દરવાજા છે એ આરાધનાની સાથે ખોલવા પ્રયત્ન કરવો પડે.● પ્રભુવીરે નરકગતિથી બચવા શ્રેણિક રાજાને પચ્ચક્ખાણ, અહિંસા, સુપાત્રેદાન અને સામાયિક એ ચાર સાધનો બતાડેલા પણ એ જીવ કાંઈ કરી ન શક્યો. ટૂંકમાં સામાયિક-ચારિત્ર નરકગતિને નિવારે છે.

પૂ. ઉપા. વીરવિજયજી મહારાજે પૂજામાં કહ્યું છે કે, 'બે ઘડી પણ મળો એકાંતે' પ્રભુની સાથે મિલન થાય તો શાશ્વત-અચલ સુખ સાધતા વાર નહિં લાગે. સામાઈય વયજુત્તો સૂત્રમાં 'બહુસો સામાઈયં કુજ્જા' વારંવાર સામાયિક કરવા જોઈએ એમ કહી ચારિત્રધર્મની આરાધનાનો મહિમા વધાર્યો છે. પૂ. કેશી ગણધરના સમાગમમાં અંબડ પરિવ્રાજક આવેલો. એ તાંત્રિક હતો, સાધક હતો. ગણધર

● ૪ દરવાજા : ૧. દર્શન–આંખ દ્વારા જોવું, ૨. જ્ઞાન–કાન દ્વારા જાણવું, ૩. ચારિત્ર–પગ દ્વારા આચરવું, ૪. તપ–શરીર દ્વારા કરવું.

ભગવંતે એ જીવને દેશવિરતિ ધર્મનો અનુરાગી બનાવ્યો. તેની પાસે સમ્યક્ત્વનો પણ સ્વીકાર કરાવ્યો. અણુવ્રતનું અણિશુદ્ધ પાલન પોતે અને પોતાના ૭૦૦ અનુયાયી (શિષ્યો) પણ કરતા હતા. 'રંગ લાગ્યો ચોળ મજીઠરે' એ પૂજાની ઉક્તિ અનુસાર સામાયિક-ચારિત્ર વ્રતનું પણ અપૂર્વ રીતે તેઓએ પાલન કર્યું હતું.

ચારિત્ર પદને આવશ્યક પદ પણ કહેવાય છે. તેથી ટૂંકમાં છ આવશ્યક ઉપર થોડી વિચારણા કરી લઈએ.

સામાયિક, ચઉવિસત્થો, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ એની ગણત્રી છ આવશ્યકમાં આવે છે. શ્રાવકે સવારે ઉઠીને આ છએ આવશ્યકનું પાલન કરવું જોઈએ. કરેમિભંતે સૂત્રમાં પણ આ આવશ્યકના વિચારો તત્ત્વ બુદ્ધિથી કરી શકીશું. છ આવશ્યકમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની આરાધના આરાધક કરે છે. સામાયિક એ પણ એક પ્રકારનું આવશ્યક જ છે.

છ આવશ્યકના કલ્પના-બુદ્ધિથી અવનવા અર્થ જોઈ લઈએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સામાયિક | ધર્મતત્ત્વ | જનરલ હોસ્પિટલ | ચારિત્રાચારની શુદ્ધિ | અર્થે સમભાવમાં વૃદ્ધિ |
| ૨ | ચઉવિસત્થો | દેવતત્ત્વ | સર્જન ડૉક્ટર | દર્શનાચારની શુદ્ધિ | અર્થે સમ્યગ્દર્શન શુદ્ધિ |
| ૩ | વંદન | ગુરુતત્ત્વ | રેસિડેન્સિયલ ડૉક્ટર | જ્ઞાનાદિકની વૃદ્ધિ | અર્થે નીચગોત્રનો ક્ષય |
| ૪ | પ્રતિક્રમણ | ધર્મતત્ત્વ | એક્સરસાઈઝ- (શુદ્ધિકરણ) | સર્વ આચાર- અતિચારની શુદ્ધિ | આશ્રવને રોકે |
| ૫ | કાઉસગ્ગ | ધર્મતત્ત્વ | આરામ, ધ્યાનમગ્ન | વીર્યાચારની શુદ્ધિ | પાપની આલોચના કરે |
| ૬ | પચ્ચક્ખાણ | ધર્મતત્ત્વ | અનુપાન દવા | તપાચારની શુદ્ધિ | ઈચ્છાનો નિરોધ કરે. |

ચારિત્રપદની કહો કે આવશ્યકપદની કહો, આરાધના કરતી વખતે ઉપકરણની આવશ્યકતા હોય છે. અધિકરણ એ પાપ બંધાવનાર-વધારનાર સાધન છે. જ્યારે ઉપકરણ પાપનો ક્ષય કરાવનારા સાધનો છે. ઘણાં ખરા ઉપકરણ જીવદયા પાળવા માટે ઉનના બનાવવામાં-વાપરવામાં આવે છે. કેટલાક ઉપકરણને જોઈ લઈએ.●

**(૧) ઓઘો (રજોહરણ) ચરવળો :** સાધુને માટે ઓઘો શ્રાવકને માટે ચરવળો, નંદીષેણ મુનિ આ ઓઘાના દર્શન કરી તરી ગયા. મેઘકુમાર આ ઓઘાને ભ. મહાવીર સ્વામીને પાછો આપવા જતાં તરી ગયા.

**(૨) મુહપત્તી (મુખવસ્ત્રિકા) :** જ્ઞાનની આશાતનાથી બચવા બોલતી વખતે મુખ આગળ કપડાનું બનાવેલ ઉપકરણ. મુહપત્તીની પડીલહેણ કરતાં ૫૦-૪૦ બોલ દ્વારા જીવનમાં પ્રવેશેલા અશુભ તત્ત્વ સંસ્કારો દૂર કરવાની ભાવના ભાવવામાં આવે છે. ખંધકમુનિની મુહુપત્તી જોઈ રાજા-રાણી તરી ગયા.

● જુઓ પ્રકરણ-૭, સાધુ પદ.

**(૩) કટાસણું (ઉનનું આસન) :** જેની ઉપર બેસીને ધર્મારાધના કરાય છે. પુણિયા શ્રાવકે આ કટાસણા ઉપર બેસી શુદ્ધ સામાયિક કર્યા.

**(૪) સંથારો :** જેના કારણે મેઘકુમાર સંયમમાં અસ્થિર થયા હતા. પ્રભુવીરે તેઓને સ્થિર કર્યા. સુવા માટે ઉપયોગમાં આવતું ઉનનું વસ્ત્ર.

**(૫) કામળી :** સિંહગુફાવાસી મુનિ જેના કારણે સંયમ ધર્મ ભૂલ્યા. કોશાવેશ્યા (શ્રાવિકા)એ સ્થિર કર્યા. કામળી કાળમાં જીવની દયા પાળવા માટે વપરાય.

**(૬) નવકારવાળી :** જાપ કરવામાં સુતરાઉ દોરાની બનાવેલ માળા જે નિત્ય જાપ કરતાં કામમાં આવે, મણકા-૨૭/૩૬/૧૦૮.

**(૭) સાધુનો વેષ :** દેવતાઓ ઝંખે તો પણ ન મળે તેવો વેષ. ભાટચારણે આ વેષ પહેરી ઉદાયન મંત્રીને ધર્મ સંભળાવ્યો તેથી મંત્રી સમાધિમરણ પામ્યા. ભાટચારણની ભાવના બદલી ભાવપૂર્વક આ વેશ પહેરી જીવન ધન્ય કર્યું.

**(૮) પાત્રા :** અનંત લબ્ધિનિધાન ગૌતમસ્વામીના નામે પ્રસિદ્ધિ પામેલ કાષ્ટના પાત્રા. અઈમુત્તામુનિ-વક્કલચિરી પાત્રાના કારણે કેવળજ્ઞાની થયા.

**(૯) સ્થાપનાચાર્યજી :** પ્રભુવીર પછી પ્રથમ પાટે બિરાજેલા ગણધર શ્રી સુધર્મા સ્વામીના નામે ધર્મક્રિયા કરતી વખતે સ્થાપવામાં આવતી સ્થાપના. (નવકાર પંચિંદિય સૂત્રવાળું પુસ્તક)

**(૧૦) પોથી (શાસ્ત્ર) :** સામાયિકમાં કે સાધુ જીવનમાં સમતાનો લાભ અપાવનાર ગ્રંથ. અજ્ઞાન ત્યારે જ દૂર થાય જ્યારે શાસ્ત્ર-ગ્રંથોનું વાંચન થાય. વાંચતા અને જ્ઞાનને વંદના કરતાં પાત્રતા વધે.

**(૧૧) દાંડો-દંડાસણ (મોક્ષદંડક) :** ખાસ કાષ્ટનું બનેલું ઉપકરણ. આ ઉપકરણનું વિશિષ્ટ રીતે તપ પણ થાય છે. મોક્ષની યાદી અપાવનાર દાંડો, અને નિશી (રાત્રી)એ ગમણાગમણમાં ઉપયોગી થાય. ઉપાશ્રયમાં કાજો કાઢવા કામ આવે તે દંડાસણ. (મુનિ ઉપાશ્રયમાં કાજો કાઢતા હતા પણ અવધિજ્ઞાનનાં કારણે હસવું આવ્યું ને જ્ઞાન ખસી ગયું.)

ઈતિહાસમાં ભ.મહાવીર સ્વામીના જીવન ચરિત્ર ઉપર થોડી નજર નાખીશું તો પ્રભુવીર જ્યારે ત્રીજા મરીચિના ભવમાં હતા, ત્યારે ભ. ઋષભદેવના શિષ્ય હોવા છતાં કર્મની કહાનીએ મુંઝવી દીધા. ઉત્સૂત્ર પ્રરૂપણા દ્વારા નીચ ગોત્રકર્મનો બંધ થયો અને ત્રિદંડીવેશના કારણે ચારિત્રના પાલનમાં થોડો સુધારો કરવાની ભાવના ભાવી. પરિણામે કાયાની માયાને વશ થઈ ત્રિંદડીવેશ તેઓએ સ્વીકાર્યો. કુલ-૩,૫,૬,૮, ૧૦,૧૨,૧૪ અને ૧૬ એમ ૮ ભવ સુધી ત્રિદંડી વેશ દ્વારા જીવન પસાર કર્યું.

ત્રિદંડી વેશની સ્વીકૃતિ – ૧. ત્રણદંડ સહિત છું માટે ત્રિદંડી ચિહ્ન, ૨. મસ્તક ઉપર ચોટલી, ૩. અણુવ્રતધારી, ૪. ચંદનાદિ વિલેપનથી સુવાસિત, ૫. મોહ સહિત છત્રધારી, ૬. પગમાં પાવડી, ૭. ભગવા વસ્ત્રધારી, ૮. પરિમિત જળથી સ્નાન, ૯. હાથમાં જાપ કરવા માટે માળા.

કર્મવિજ્ઞાનમાં મોહનીય કર્મના ૨૮ ભેદ છે. તેમાં ફકત ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ થાય. આ ૨૫માં ૧૬ કષાયના અને ૯ નોકષાયના. કષાયના માટે દરેક જીવ એક યા બીજી રીતે ઓછા કે વધુ માત્રામાં ક્રોધ-માન-માયા-લોભ કરે જ છે. હવે રહ્યા ૯ નોકષાય. આ નવે નવ ભેદ સાનુકૂળ ઉપસર્ગ યા કર્મ બંધાવનારા છે. ચારિત્રધર આત્મા અથવા સંસારી જીવ મોહ પામી આ કર્મ બાંધે છે. વ્યવહારથી હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-દુર્ગંછા-પુરુષવેદ-સ્ત્રીવેદ-નપુંસકવેદ સાવ નકામા લાગે પણ તેના પરિણામ ઘણાં દુઃખદાયી હોય છે.

શાસ્ત્રમાં કહ્યું છે –

**અક્ખાણરસણી, કમ્માણ મોહણી, વયાણ તહમેવ બંભવયં ।**
**ગુત્તીણ મનગુત્તીણ, ચઉરો દુક્ખેણ જિયન્તિ ।।**

ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મમાં મોહનીય, વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિમાં મનગુપ્તિ એ ચાર જીતવા દુર્લભ છે.

ચાલો, પુરુષાર્થ કરી ચારિત્રના જીવનને સફળ કરીએ.

## ચારિત્ર પદના આરાધક અરૂણદેવ :

સંસાર તરવા માટે ગુણસ્થાનકના ચૌદ પગથિયાં ચઢવા પડે છે. અનંતકાળથી આ જીવ અનેક ગતિ-જાતિમાં જ્યારે જન્મે ત્યારે પ્રાયઃ મિથ્યાત્વના પહેલા પગથિયે હોય છે. પછી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યા મુજબ દુર્લભ એવા મનુષ્ય જન્મને પામે છે. ત્યાર પછી પણ ૧. મનુષ્યપણું, ૨. વીતરાગની વાણીનું શ્રવણ, ૩. એ વચન ઉપર શ્રદ્ધા અને છેલ્લે, ૪. સંયમ-ચારિત્રમાં પુરુષાર્થ-સ્વીકાર કરે તો ૮૪ લાખના ફેરાનો અંત આવે.

અંત માટે ત્યાગ જોઈએ. ત્યાગની ભાવના દ્રઢ પાળવા ચારિત્ર જોઈએ. અરૂણદેવે ચારિત્રપદનું આરાધન કરી તીર્થંકર નામ કર્મ કેવી રીતે બાંધ્યુ તે જોઈએ.

મણિમંદિર નગરીના મણિશેખર રાજાનો અરૂણદેવ નામે પુત્ર હતો. નામની જેમ દૈવીરૂપધારી પુણ્યવાન ને કલાવાન હોવાથી એ સર્વત્ર આવકાર પામતો. એક દિવસ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. એક રૂપવાન સ્ત્રી હીંડોળે હિંચતી જોઈ યૌવન વયના કારણે એના રૂપનું એ પાન કરે તે દરમ્યાન કોઈ વિદ્યાધરે કુમાર અને તેના

મિત્રને આકાશમાર્ગે ઉપાડી અરણ્યમાં મૂક્યા. કુમારે આમ અચાનક સ્થળાંતર કરનાર વિદ્યાધર સાથે યુદ્ધ કરી તેને પરાસ્ત કર્યો.

અરણ્યમાં ફરતા કુમારે લક્ષ્મીદેવીના મંદિર પાસે એક રૂદન કરતી બાળા અને વૃક્ષપર ઉંધે મસ્તકે બાંધેલ પુરુષને જોયા. તપાસ કરતા બાળાએ કહ્યું, એ વિદ્યાધરનો સ્વામી છે, તેને બંધનથી મુક્ત કરો. કુમારે લક્ષ્મીદેવીને પ્રાર્થના કરી. દેવી પ્રસન્ન થવાથી વિદ્યાધરને મુક્ત કરવા વિનંતિ કરી. અરૂણદેવે વિદ્યાધરને મુક્ત કર્યો. વિદ્યાધરે બંધન મુક્ત થવાથી અભયદાન આપનાર કુમારને પ્રજ્ઞપ્તિ આદિ ૧૦ વિદ્યાઓ આપી.

હવે કુમાર વિદ્યાના બળે અરણ્યમાં નિર્ભયપણે વિચરે છે. ફરતાં ફરતાં શાંતિનાથ ભ.નું મંદિર જોતાં ત્યાં જઈ અનુકૂળતા પ્રમાણે ભાવથી પુષ્પાદિ પૂજા કરી. તે અવસરે ત્યાં કોઈ દેવીએ આકાશવાણી કરી, હે કુમાર ! શાંતિદેવી કન્યાના અને વિદ્યાધરોના તમે સ્વામી થાઓ. થોડા જ દિવસોમાં દેવીના વચન અનુસાર કુમારના શાંતિદેવી સાથે લગ્ન થયા ને વિદ્યાધરોનો એ સ્વામી પણ થયો.

પુણ્યવાનના પગલે પગલે નિધાનની જેમ હવે કુમાર-પત્ની-મિત્રાદિ પરિવાર સાથે ઋદ્ધિ-સિદ્ધિપૂર્વક પોતાના ઘરે પાછો આવ્યો. માતા-પિતા-પ્રજા યુવરાજને જોઈ હર્ષઘેલા થયા. હવે કુમારે જયંતસ્વામી ચારણ મુનિના સત્સંગથી સમકિતનો સ્વીકાર કરી ધર્મમય, આરાધનામય, ત્યાગમય જીવન જીવવાનું નક્કી કર્યું. કુદરતી રીતે પિતા મણિશેખર રાજર્ષિના દર્શનથી અરૂણદેવને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમાં પૂર્વભવના ઉપકારમય ચરિત્ર-જીવન જોયું.

મુક્તિપુરી નગરીમાં પૂર્વભવે કુમાર વૈદ્યરાજ હતો. તેને એક તપસ્વી મુનિરાજને સુઝતું ઔષધ આપી સેવા કરી. મુનિએ પણ યોગ્ય આત્મા જાણી પાપ-પુણ્યની વ્યાખ્યા સમજાવી. બીજી રીતે વૈદ્ય ભારેકર્મી હોવાથી આર્તધ્યાનથી મરીને ૫૦૦ વાનરીઓનો સ્વામી થયો. અરણ્યમાં ફરતાં ફરી એજ મુનિને જોઈ જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી મુનિની પૂર્વ જન્મની જેમ જંગલમાંથી ઔષધીઓ શોધી તેનો યોગ્ય ઉપચાર કરી મુનિને શલ્યરહિત કર્યા. મુનિએ તિર્યંચજીવ હોવા છતાં એ પણ મનુષ્યની ભાષા સમજશે એમ વિચારી ઉપદેશ આપી વ્રતધારી બનાવ્યો.

પૂર્વભવની અપૂર્ણ આરાધના વર્તમાન ભવે ભાવથી સામાયિકાદિ વ્રત સ્વીકારી ૩ દિવસ અનશન કરી, આરાધના કરી વાનરમાંથી રાજપુત્ર થયો છે. હવે આ ભવમાં પણ ઉત્તમ કોટીની આરાધના-વ્રત સ્વીકારાદિ કરી ધન્ય થા. વારંવાર ઉત્તમકુળ, જૈનધર્મ, ધર્મવાસિત માત-પિતા વિગેરે મળતા નથી. માટે મનુષ્ય જન્મને હવે સફળ કર.

પૂર્વભવ અને વર્તમાન ભવને બરાબર મેળવી અરુણકુમારે પુત્રને રાજગાદી આપી શ્રી પ્રભાચાર્ય પાસે સર્વવિરતિ વ્રત-સંયમ લીધું. અપ્રમત્ત ભાવે ગુરુની નિશ્રામાં જ્ઞાનધ્યાન કરતાં દ્વાદશાંગીના જ્ઞાતા થયા. ગુરુ મુખેથી મુનિ જીવન સાધના માટેનું છે. તે જાણ્યા બાદ વીશસ્થાનકમાંથી ચારિત્ર પદની આરાધના કરવા મન વાળી લીધું. પોતે ચારિત્રવાન છે અને ઉત્તમ પ્રકારે ચારિત્રપદની જપ-તપ-ધ્યાન-સાધના દ્વારા જો આરાધના કરવામાં આવે તો ભાવના સફળ થાય એવા શુભ આશયથી પ્રયત્ન શરૂ કર્યા.

સામાયિક આવશ્યકથી સંયમ નિર્મળ થાય. ચઉવીસત્થો આવશ્યકથી સમકિત શુદ્ધ થાય, વંદન આવશ્યકથી ગુરુજનની પ્રીતિ-ભક્તિ પ્રાપ્ત થાય, પ્રતિક્રમણ આવશ્યકથી આત્મગર્હા થાય, કાઉસગ્ગ આવશ્યકથી ચારિત્રના અતિચાર–અંતરાય દૂર થાય અને પચ્ચક્ખાણ આવશ્યકથી તપની-કર્મની વિશુદ્ધિ થાય. ટૂંકમાં આ છ આવશ્યક દિવસને-જીવનને-પવિત્ર કરે છે. અને બીજી રીતે ચારિત્રપદનું ઉત્તમોત્તમ આરાધન કરવા તક આપે છે.

અરુણદેવ રાજર્ષિ કેવી ચારિત્રની આરાધના કરે છે. તેની પરીક્ષા લાગલગાટ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ દ્વારા લક્ષ્મી દેવીએ છ મહિના સુધી કરી. દરેક ક્ષણે મુનિ શુદ્ધ પરિણામવાળા જોઈ દેવીએ પ્રત્યક્ષ થઈ ક્ષમા માંગી. સ્તુતિ કરતાં કહ્યું, હે મુનિ ! સંસારમાં દ્રવ્યાવશ્યકનું આરાધન કરનારા ઘણાં છે. પણ આપના જેવા ભાવાવશ્યકના આરાધક વિરલા જ છે. આપને હું વંદન કરું છું.

અરુણદેવમુનિ અંતે અનસન કરી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપદ પામી જન્મ-જરા-મરણના દુઃખોનો ક્ષય કરી શાશ્વત સુખને પામશે.

# ૧૨

# શ્રી બ્રહ્મચર્ય પદ

### દુહો

જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનનાં કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયલ સુદેહ. ૧

**દુહાનો અર્થ :**

શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનમંદિર કંચનના કરાવે તેના ફલ કરતાં પણ બ્રહ્મચર્યથી વધારે ફળની પ્રાપ્તિ થાય છે. એવા શિયળવંતના ઉત્તમ દેહને નમસ્કાર થાઓ. ૧

### ઢાળ

(કયું જાણું કયું બની આવહી – આ દેશી)

બ્રહ્મચર્યપદ પૂજીએ, વ્રતમાં મુકુટ સમાન હો વિનીત;
શિયળ સુરતરુ રાખવા, કહી નવવાડ ભગવાન હો વિનીત.
નમો નમો બંભવયધારિણં. ૧

કૃત કારિત અનુમતિ તજે, દિવ્ય ઓદારિક કામ હો વિનીત;
ત્રિકરણયોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિનીત. નમો૰ ૨

દશ અવસ્થા કામની, ત્રેવીશ વિષય હરંત હો વિનીત;
અઢાર સહસ શીલાંગરથે, બેઠા મુનિ વિચરંત હો વિનીત. નમો૰ ૩

દ્રવ્યથી ચાર દારા તજે, ભાવે પરપરિણતિ ત્યાગ હો વિનીત;
દશ સમાહિઠાણ સેવતાં, ત્રીશ અબંભ નામ યાગ હો વિનીત. નમો૰ ૪

દીયે દાન સોવન કોડીનું, કંચનચૈત્ય કરાય હો વિનીત;
તેહથી બ્રહ્મવ્રત ધારતાં, અગણિત પુણ્ય સમુદાય હો વિનીત. નમો૰ ૫

ચોરાશી સહસ મુનિદાનનું ગૃહસ્થભક્તિફળ જોય હો વિનીત;
ક્રિયાગુણઠાણે મુનિ વડા, ભાવતુલ્ય નહિ કોય હો વિનીત. નમો૰ ૬

દશમે અંગે વખાણીયો, ચંદ્રવર્મા નરીંદ હો વિનીત;
તેમ આરાધી પ્રભુતા વર્યો, સૌભાગ્યલક્ષ્મી સૂરીંદ હો વિનીત. નમો૰ ૭

**ઢાળનો અર્થ :**

સર્વ વ્રતોમાં મુકુટ સમાન એવા બ્રહ્મચર્યપદની પૂજા કરીએ. શિયળરૂપી

કલ્પવૃક્ષની રક્ષા કરવા માટે ભગવાને નવ વાડો કહી છે. હે વિનીત આત્મા ! બ્રહ્મવ્રતધારીને નમસ્કાર કરો. ૧

દિવ્ય (વૈક્રિય) અને ઓદારિક એમ બે પ્રકારના કામ ભોગને કૃત. કારિત અને અનુમતિ એ ત્રણ પ્રકારે ત્રિકરણ (મન-વચન-કાયાના) યોગથી પરિહરે-ત્યાગ કરે. એ રીતે એના ગુણના ધામરૂપ અઢાર (૨x૩=૬x૩=૧૮) ભેદો થાય છે. ૨

બ્રહ્મવ્રતધારી જીવ કામની દશ અવસ્થા અને પાંચ ઈંદ્રિયોના ત્રેવીશ વિષયો (૮ સ્પર્શ, ૫ રસ, ૨ ગંધ, ૫ વર્ણ અને સચિત્ત-અચિત્ત ને મિશ્ર એમ ત્રણ જાતના શબ્દ) જાણીને તેને દૂર કરે. અઢાર હજાર શીલાંગરૂપ રથમાં બેસીને મુનિ મહારાજા વિચરે. ૩

બ્રહ્મવ્રતધારી દ્રવ્યથી ચાર પ્રકારની (કુમારિકા, કુભાંગના, વિધવા અને વેશ્યા) સ્ત્રીઓને તજે અને ભાવથી પરપરિણતિનો ત્યાગ કરે, દશ સમાધિસ્થાનને સેવે અને ત્રીશ પ્રકારના અબ્રહ્મનો ત્યાગ કરે. ૪

કરોડો સોનૈયાનું દાન આપે અને સોનાનું ચૈત્ય કરાવે તેના કરતાં પણ બ્રહ્મવ્રત ધારણ કરવાથી અગણિત પુણ્યના સમૂહની પ્રાપ્તિ થાય છે. ૫

ચોરાશી હજાર મુનિને દાન દેવાનું ફળ એક ગૃહસ્થ દશામાં રહેલા બ્રહ્મચારી સ્ત્રી-પુરુષ (વિજયશેઠ અને વિજયારાણી)ની ભક્તિ કરવાથી પ્રાપ્ત થવાનું શ્રી જિનેશ્વરે કહેલ છે. ક્રિયા-સંબંધી ગુણઠાણામાં મુનિ મોટા કહેવાય છે પણ ભાવતુલ્ય બીજું કોઈ ગણાતું નથી. ૬

દશમાં (પ્રશ્નવ્યાકરણ નામના) અંગમાં આ બ્રહ્મચર્યનો મહિમા વખાણ્યો છે. આ પદનું આરાધન કરવાથી ચંદ્રવર્મા નામના રાજા પ્રભુતા-તીર્થંકરપદને પામ્યા છે અને સૌભાગ્ય-લક્ષ્મીરૂપ સુરેન્દ્રપણાની પ્રાપ્તિ તેમને થઈ છે. ૭

**★ નમો નમો બંભવયધારિણં. ★ એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે.**

**વિવરણ :**

સ્વામીવાત્સલ્ય (સાધર્મિક ભક્તિ) સર્વ ધર્મમાં જેમ શ્રેષ્ઠ કહ્યું છે. તેમ અણુવ્રત કે મહાવ્રતમાં બ્રહ્મચર્ય મુગટ સમાન આદરનીય સન્માનનીય છે. આ જગતમાં સંસાર જો વધતો હોય નરકગતિના કલ્પનાતીત દુઃખ અનુભવ કરવા પડતા હોય તો તેનું મુખ્ય કારણ અબ્રહ્મનું સેવન છે.

શાસ્ત્રમાં બ્રહ્મચારી આત્માની સુરક્ષા માટે જીવનને ફરતી નવ વાડ બાંધવાની સ્વીકારવાની કહી છે. આ વાડ એના લીધેલા વ્રતને અખંડીત સુવિશુદ્ધ રાખે છે. વિમલ કેવલીને એક ભક્તે વિનંતિ કરી કે,૮૪ હજાર સાધુઓની અથવા ૧૦ હજાર

શ્રાવકોની માટે વિવિધ રીતે ભક્તિ કરવી છે. કૃપા કરી મને લાભ આપો. ઉપકારી આ પ્રસંગ કપીલ કેવળીના નામે પણ પ્રસિદ્ધ છે. જ્ઞાની ભગવંતે શ્રાવકની ભક્તિ કરવાની ભાવનાને આવકારી સાથોસાથ આટલાબધા સાધુ-શ્રાવકોની ભક્તિ કરવા કરતાં (આરંભ-સમારંભના પાપથી બચવું હોય તો) તમો આદર્શ રીતે બ્રહ્મચર્યવ્રતનું સુવિશુદ્ધ પાલન કરતાં એવા વિજયશેઠ-વિજયા શેઠાણીની જો ભક્તિ કરશો તો મહાન લાભ થશે. શ્રાવકે ગુરુના માર્ગદર્શન મુજબ પુણ્યાત્માને શોધી ભક્તિ કરવા પ્રયત્ન શરૂ કર્યો. સવાયો લાભ લીધો. કચ્છમાં જઈ વિજયશેઠ-શેઠાણીને શોધી સાધર્મિક ભક્તિ કરી.

કહેવાય છે કે, ચક્રવર્તી પાસે ઋદ્ધિ-સિદ્ધિમાં ૧૪ રત્નની અંદર એક પંચકલ્યાણી અશ્વ-ઘોડો હોય છે. તેની પાસે ખાસ બ્રહ્મચર્યનું પાલન કરાવવામાં આવે છે. તેથી એ અશ્વનો મહિમા અખંડિત રહે છે. આયુષ્યપૂર્ણ કરી ૮મા દેવલોકે એ અવતાર પામે છે.

દેવગતિના દેવો ૪ પ્રકારના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક હોય છે. તેમાં ખાશ કરીને ૧ થી ૧૨ દેવલોકમાં વસનારા વૈમાનિક દેવો નીચેની પદ્ધતિથી ખાસ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેમ કહીશું તો ખોટું નથી.

૧-૨ દેવલોકના જીવો મનુષ્યની જેમ કાયાથી ભોગ ભોગવે.

૩-૪ દેવલોકના જીવો માત્ર દેવીના શરીરને સ્પર્શ કરી આનંદ પામે.

૫-૬ દેવલોકના જીવો માત્ર દેવીના રૂપને જોઈ આનંદ પામે.

૭-૮ દેવલોકના જીવો માત્ર દેવીના શબ્દને સાંભળી આનંદ પામે.

૯-૧૦ દેવલોકના જીવો માત્ર દેવીના ચિંત્વનથી આનંદ પામે.

૧૧-૧૨ દેવલોકના જીવો દેવીઓને નજરે જુએ પણ નહિં.

શાસ્ત્રમાં ૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી પદવીધર વિશિષ્ટ પ્રકારની સૂરિમંત્રની પંચપ્રસ્થાનની જ્યારે આરાધના કરે ત્યારે સ્ત્રીનો પડછાયો પણ ન જૂએ. આ વિશિષ્ટ પ્રકારની આરાધના જિનશાસનની પ્રભાવના માટેની શક્તિની ઉપાસના રૂપે કરે.

વ્યવહારમાં (૧) હજારો રાણી હોવા છતાં રાવણે સીતાનું હરણ કર્યું. (૨) મણિરથ રાજાએ મદનરેખાના કારણે યુગબાહુનું ખૂન કર્યું. (૩) સરસ્વતિ સાધ્વીને ગર્દભીલ રાજાએ અંતઃપુરમાં રાખી. (૪) પ્રજાપતિ રાજાએ પુત્રી સાથે લગ્ન કર્યું. (૫) ચંદ્રશેખર રાજાએ પરણીત બેનને પોતાની સોક્ય બનાવી. (૬) મધુરાજાએ કનકપ્રભ રાજાની પત્ની-ઈન્દ્રમાલાને પત્ની બનાવી. (૭) ચંડપ્રદ્યોત રાજાએ રૂપવાન દાસીનું હરણ કરી પટ્ટરાણી બનાવી. (૮) પોતાના રૂપના કારણથી બીજા લલચાઈ

જતા જીવોને બચાવવા સાધ્વી થઈ કલીષ્ટ તપ કરી કદરૂપ થયા. અનસન પણ કર્યું છતાં કર્મે દુઃખી કરી. (૯) અપરિગૃહીતા ઉર્વશીદેવીમાં આસક્ત થએલ મિત્રને જ્યોર્તિમાલી દેવે (ગૌતમસ્વામીનો જીવ) સ્થિર કર્યા. (૧૦) નવ નારદ એકજ શિયળ વ્રતના કારણે મોક્ષે ગયા.

આવા અનેકાનેક પ્રસંગો રાગદશાના કારણે વિષયોના કારણે જીવો ઈચ્છાએ અનિચ્છાએ અબ્રહ્મનો અનુભવ કરે છે. તેથી જન્મ-મરણ વધે છે. માટે જ સ્વદારા-સંતોષવ્રત દેશવિરતિધર શ્રાવકોએ લેવું ને શુદ્ધતાથી પાલન કરવું જોઈએ.

શરીરમાં આહારથી રસ, રસથી લોહી, લોહીથી માંસ, માંસથી ચરબી ચરબીથી હાડકાં, હાડકાંથી મજ્જા અને મજ્જાથી વીર્ય અથવા શુક્ર બને છે. આ સાત ધાતુથી બનતું વીર્ય અબ્રહ્મના સેવનથી નાશ થાય છે. દરેક ધાતુને બીજા ધાતુમાં રૂપાંતર થવા સાત-સાત દિવસ લાગે છે. એટલે વીર્ય બનતા ૪૯ દિવસ લાગે. જ્યારે માત્ર એક વખત અબ્રહ્મનું સેવન કરનાર ૨ થી ૯ લાખ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની હિંસા કરનાર કહેવાય છે. અબ્રહ્મના કારણે શરીર ઘસાય, અકાળે રોગ-વૃદ્ધાવસ્થા યા નબળાઈ પણ આવે.

અંતરાય કર્મના પ્રભેદ વીર્યાન્તરાય સાથે બ્રહ્મચર્યનો ઘણો નજીકનો સંબંધ છે. તેથી બ્રહ્મના સેવનના કારણે કર્મનો બંધ થાય છે. જેનો વિસ્તૃત અધિકાર ઉત્તરાધ્યયન, પ્રશ્નવ્યાકરણ, જ્ઞાનસાર, દશવૈકાલિક, ભગવતિજી, ઉપદેશપ્રાસાદ, સૂત્રકૃતાંગ, સંબોધસિત્તરી જેવા અનેક ગ્રંથોમાં મળે છે.

બ્રહ્મચર્યના પાલનમાં દ્રઢ એવા આચાર્ય બપ્પભટ્ટસૂરિ, સીતા, કલાવતી, દ્રૌપદી, સુભદ્રા, સુવ્રતશેઠ જેવા અનેક આત્માઓએ દુઃખદાઈ ઉપસર્ગો સહયા હતા. તેથી દેવતા પણ આવી આકર્ષાઈ ગયા હતા. શાસ્ત્રમાં શુદ્ધ બ્રહ્મચર્યની સેવન માટે અતિ ભોજનથી દૂર રહેવાની સલાહ આપી છે. અર્થાત્ ભોજન વિષય-વિકારોને પોષણ આપે છે. કુસ્થાન, કુસંગ, કુસાહિત્ય દર્શન-વાંચન મન વચન કાયાને બગાડે છે. ટૂંકમાં ગુણની વૃદ્ધિ કરે તે માટે વિચારોની શુદ્ધિ જોઈએ.

કામવાસના પુરુષ કરતાં સ્ત્રીઓને આઠગણી જાગ્રત હોય છે. અને દીર્ઘકાળે તે શાંત થાય છે. આ એક હિંસા-(અનુબંધ હિંસા) છે કે જે મોજશોખ યા ઈચ્છાના કારણે થાય છે. હેતુરૂપ હિંસા-રસોઈ વેપાર આદિમાં થાય. સ્વરૂપ હિંસા-ધર્મ કાર્યાદિમાં જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવાથી થાય છે. જ્યારે ઉપરની અનુબંધ હિંસા વિના કારણે સંસાર વધારનારી જન્મ-મરણ કરાવનારી છે. માટે બ્રહ્મચર્યનું મન-વચન-કાયાથી પાલન કરવા આગ્રહ રાખવો જોઈએ.

વેદ–પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એવા વેદના ૩ પ્રકાર છે. આત્મા

મોક્ષમાં ત્યારે જ જાય જ્યારે આ વેદની વિટંબણા દૂર કરે. બ્રહ્મચર્યના શુદ્ધ પાલનમાં આ વેદનું પણ અવાંતર રીતે મહત્વ દર્શાવવામાં–કહેવામાં આવ્યું છે. મંત્રની ફળશ્રુતી બ્રહ્મચર્યની પવિત્રતા ઉપર છૂપાઈ છે. દ્રૌપદી સતી વિકટ સંયોગોમાં ફસાઈ ગઈ હતી. તરત મહાસતીએ એકાગ્રતાથી નમસ્કાર મહામંત્રનું સ્મરણ શરૂ કર્યું. પરિણામે સૌધર્મેન્દ્રનું વિમાન અટકી ગયું. જ્ઞાનથી ઈન્દ્રે કારણ શોધ્યું, સેનાપતિ દ્વારા સંકટ દૂર કરાવ્યું. પછી જ વિમાન આગળ ગયું.

બ્રહ્મચર્યને સ્થાને બીજો એક શબ્દ બ્રહ્મતેજ વપરાય છે. માંડવગઢના રાજા જયસિંહનો ધર્મનિષ્ઠ-વિશ્વાસપાત્ર પેથડ મંત્રીએ ભરયુવાનીમાં (૩૨ વર્ષની વયે) બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. એક વખત રાણી લીલાવતીની દાસી મંત્રીના ઘરે આવેલી વાતવાતમાં કહ્યું રાણીસાહેબને તાવ આવે છે. ઘણા ઉપચાર કર્યા જતો નથી. ત્યારે મંત્રીશ્વરના પત્નીએ મંત્રીના પૂજાના વસ્ત્ર આપીને કહ્યું, કપડું ઓઢાડજો, તાવ ચાલ્યો જશે. અને બ્રહ્મતેજના કારણે એમ જ થયું. રાજાનો રણરંગ હાથી જ્યારે તોફાને ચડ્યો ત્યારે પણ આ વસ્ત્રે જ તેને શાંત કર્યો.

જનમ જનમની અબ્રહ્મની ખીણમાં પડેલ આત્મા સદ્ગુરુઓના શુભ આશીર્વાદથી બ્રહ્મચર્યની શિખર ઉપર આરુઢ થાય છે. એ આત્મા દાનધર્મ વડે પરિગ્રહની સંજ્ઞાને નિર્મળ કરે છે. નબળી-દબાવી દે છે. દાન એટલે ત્યાગ કરવો. જે ત્યાગનો માર્ગ અપનાવે તેને સંગ્રહ કરવો ગમે જ નહિં. શીલ-મૈથુન-સંજ્ઞાની સામે લડવું પડે. અનાદિની આ કામાશક્તિવાલી સંજ્ઞા વિશિષ્ટ પ્રયત્ન કર્યા વિના વશ થાય જ નહિં. તપ-આહારસંજ્ઞાને પાતળી પાડે છે. જ્યારે ભાવધર્મનું સમ્યગ્જ્ઞાન ચિંતન સંસાર યાત્રાને મોક્ષયાત્રામાં ફેરવી દે. આ બધુ નિષ્ઠાનો અંશ જીવનમાં આવે તો શક્ય છે.

'અખિયનમેં અવિકારા' એ કવિની કલ્પના બ્રહ્મચર્યની સાધનામાં ઘણી જરૂર છે. જ્યાં વિકાર છે ત્યાં પતન છે. જ્યાં અવિકાર છે ત્યાં ઉત્થાન છે. મારી આંખોમાં એવું અંજન કરી દો, એવી ભક્તિ ભરી દો જેથી હું અવિકારી બનું.

ઈતિહાસ કહે છે કે સીતાજીએ રાવણને સ્પષ્ટ શબ્દમાં કહ્યું હતું કે, ૩।। હાથની મર્યાદા રેખાની અંદર ભૂલે ચૂકે આવતા નહિં. જે પળે એ મર્યાદાની રેખા ઓળંગશો તે ક્ષણે સીતા નહીં પણ સીતાનું કલેવર (મડદુ) તમોને જોવા મળશે. ટૂંકમાં મર્યાદા-બ્રહ્મચર્યનું રક્ષણ કરવા રામબાણ ઉપાય છે.

જ્યારે રાવણ સીતાજીને ઉપાડી જાય છે. ત્યારે પોતે ક્યા માર્ગે ગયા તેની સાક્ષી તરીકે સીતાજી કાનના કુંડલ માર્ગમાં નાખતાં ગયાં. રામચંદ્રજીના હાથમાં એ કુંડલ આવ્યા. લક્ષ્મણજીને પૂછ્યું, આ કુંડલ કોના છે ? લક્ષ્મણજીએ જવાબ આપ્યો,

ભાભીશ્રી કેવા કુંડલ પહરેતા હતા તેની મને ખબર નથી, પણ ભાભીશ્રીના પગે રોજ પ્રણામ કર્યા છે તેથી ઝાંઝર કેવા પહેરતાં હતાં તેની મને ખબર છે. કહેવાનો અર્થ એજ કે, દ્રષ્ટિદોષ જ માનવીને પતનની પગદંડીએ ચડાવે છે.

બ્રહ્મચર્ય અને ઈન્દ્રિય પરસ્પર શત્રુ પણ છે ને મિત્ર પણ છે. ઈન્દ્રિય જેના ઉપર (મનુષ્ય) રાજ્ય કરે તેને નબળો-પાયમાલ કરી નાખે અને એજ ઈન્દ્રિય ઉપર જે (મનુષ્ય) રાજ્ય કરે તે બધું જ મેળવી શકે છે. હાથીને પકડવા માટે હાથણીનું વિશાળ ચિત્ર જંગલમાં રાખવામાં આવે ને તેની પાસે ખાડો કરી નજીવું ઘાસ બિછાવવામાં આવે તો એ હાથી કામાંધ જેવો થઈ હાથીણી સાથે ગેલ કરવા, આનંદ કરવા ચિત્રની પાસે જાય ને ત્યાં ખાડામાં ફસાઈ જાય. આવા બળવાન હાથીની પાસે ધાર્યું કામ કરાવવા મહાવત પણ તે વખતે મદદરૂપ થતો નથી.

રાજા ભર્તુહરી જ્યારે રાણી પિંગલામાં આસક્ત હતા. ત્યારે રાણીના-સ્ત્રીના શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની વાતો શ્રૃંગારશતક ગ્રંથમાં ઘણી લખી. પણ જ્યારે અમર ફળના કારણે સ્ત્રીના ચરિત્રનો રાજાને અનુભવ થયો. ત્યારે એજ રાજાએ વૈરાગ્યશતક લખ્યું. તેમાં બ્રહ્મચર્યના સંબંધી શ્લોકમાં લખ્યું.

ભીક્ષામાં સત્વહીન નીરસ ભોજન મળે તો આનંદ માનનારા, સુવા માટે પત્થરવાલી ખરબચડી જમીન મળે તો પણ ચલાવી લેનારા, શરીરને ઢાંકવા માટે મેલાંઘેલાં-અપૂરા-જીર્ણવસ્ત્ર પહેરી જંગલમાં વિચરનારા એવા મુનિ-બાવા-ફકીરને પણ ઈન્દ્રિયજન્ય વિષયો શાંતિથી સમાધિમાં લીન થવા દેતા નથી. ખરેખર, વિષયો ! તમે વિષ જેવા છો.

સંસારમાં ગૃહસ્થાશ્રમ, વૃદ્ધાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમમાં નિવાસ કરવો સહેલો છે. પણ બ્રહ્મચર્યાશ્રમમાં મન-વચન-કાયાની શુદ્ધિથી રહેવું દુષ્કરમાં પણ દુષ્કર છે. માટે જ સંભૂતિવિજયજી ગુરુદેવ કોશાવેશ્યાને ત્યાં ચાતુર્માસ કરી આવેલા સ્થુલિભદ્રજીને દુષ્કર-દુષ્કર-દુષ્કર તમે કાર્ય કર્યું તે માટે ધન્યવાદ આપ્યા. બાવીશ પરિષહમાં સ્ત્રી એ એક અનુકૂળ પરિષહ છે. તેને જીતવો ઘણો દુષ્કર છે. બ્રહ્મચર્યવ્રતધારી જીવને કામની-૧૦ અવસ્થા અને પાંચ ઈન્દ્રિયોની ૨૩ વિષયોને જાણી લેવા અને દૂર રહેવા પ્રયત્ન કરવો પડે છે.

આજના જમાનામાં વિડીયો કેમેરા દ્વારા એક નહિં અનેક સ્થળ ઉપર ચેકીંગ કરવું વ્યવહારથી શક્ય છે પણ સમ્યગ્જ્ઞાન દ્વારા જીવની પરિણતિ ઉપર ધ્યાન રાખવું, શુદ્ધ પરિણતિનું પ્રમાણપત્ર આપવું અઘરું છે. જે આત્મા **બ્રહ્મ** એટલે આત્મા અને **ચર્ય** એટલે શુભ ભાવે વિચરે તેને બ્રહ્મચર્ય કહેવાય. છ'રિપાલીત તીર્થભૂમિની સ્પર્શના કરવા માટે નિકળેલા સંઘના શ્રાવક-શ્રાવિકાને તેજ કારણે તેટલા સમય માટે

બ્રહ્મચારી કહેવાય છે. સંસારની યાત્રા જન્મ-મરણ વધારનારી છે. જ્યારે તીર્થભૂમિની સ્પર્શના કરવા માટે નિકળેલો યાત્રાસંઘ જન્મ-મરણ ઘટાડનાર, પાપનો ક્ષય કરનાર છે. ધર્મના વિરતિમય અનુષ્ઠાનમાં પણ તેથી બ્રહ્મચર્યનું પાલન કરવાનું કહ્યું છે.

કલ્પસૂત્રમાં કુમારનંદી-નાગિલ શ્રાવકનો એક પ્રસંગ આવે છે. કુમારનંદી ૫૦૦ કન્યા (પત્ની)નો સ્વામી છે. મૃત્યુ પછી તેનો જન્મ હાસા-પ્રહાસા નિમ્નશ્રેણીની દેવીના પતિ તરીકે થવાનો છે. છતાં દેવીઓ તેને જલ્દી બળી મરવા, હાસા-પ્રહાસાનો સ્વામી થવાનું નિયાણું કરવા પ્રેરે છે. કુમારનંદીને કલ્યાણમિત્ર-નાગિલ શ્રાવક ઘણું સમજાવે છે. ૫૦૦ કન્યાનું જીવન ન બગાડવા પ્રેરે છે પણ બધું પત્થર ઉપર પાણી ! બળીને-નિયાણું કરી મરે છે. તેની પાછળ માત્ર સ્ત્રીલંપટપણું-અબ્રહ્મપણું જ કારણ છે. તેથી જ મહાપુરુષોએ ગાયું છે, 'શિયળ સમો વ્રતકો નહિં.'

'દેહસ્ય સારં વ્રત ધારણં ચ' દેહ-શરીર મળ્યું છે તો તેની ખરી સાર્થકતા વ્રત-સ્વીકારવામાં છે. એકથી ચાર ઈન્દ્રિયવાળા તીર્યંચ, નરક અને દેવગતિના ૭૦ લાખ યોનિમાં જન્મેલા જીવોને દેહ મળ્યો છે. પણ દેહ દ્વારા સુકૃત્ય કરી સફળ કરવાની દ્રષ્ટિ-ભાવના-અનુકૂળતા તેઓને મળી નથી. મનુષ્ય દેહ દ્વારા તપ-જપ-આરાધના કરી શકે છે. ઉપસર્ગ આવે તો પ્રસન્ન ભાવે સહન કરી શકે છે. તેથી બ્રહ્મચર્યનું આ દેહ દ્વારા પાલન કરી લેવું એજ કલ્યાણનો માર્ગ છે.

યોગશાસ્ત્રમાં સાધુની શુદ્ધવ્રત પાલન માટેની ૫-ભાવના કહી છે. ૧ શુદ્ધ-નિર્દોષ વસ્તીની જયણા. ૨. રાગમય કથાનો ત્યાગ. ૩. પૂર્વાનુંભૂત સ્મરણ ત્યાગ. ૪ સ્ત્રીના અંગોપાંગ જોવા-વિભૂષાનો ત્યાગ અને ૫. પૌષ્ટીક વિગઈ યુક્ત આહારનો ત્યાગ. આ ભાવનાઓ મહાવ્રતધારીને જાગૃત રાખે છે. જીવનમાં મહાભાગ્યે જે વ્રત લેવા ભગિરથ પુરુષાર્થ કર્યો તેનું સુવિશુદ્ધ પાલન કરવા આ ભાવનાઓ અતિ આવશ્યક છે.

વૈરાગ્યને વધારવા, વ્રતને સ્વીકાર કરવા, અનિત્યાદિ બાર ભાવનાઓ જો નજર સામે રાખવામાં આવે તો સંસારમાં જીવવાની અને નાની નાની વાતો દ્વારા કષાયોને વશ થવાની ટેવ સુધરી જાય. મનુષ્યગતિમાં કે દેવગતિમાં મળેલું સુખ દુઃખમાં પરિવર્તીત ન થાય તે માટે આ ભાવનાઓ બચાવે છે. શરીર થોડાં વર્ષો માટે ભાડે લીધું છે. જો આ વાત સમજમાં આવી જાય તો નિશ્ચિત સાધવાનું સાધી લેવાય. ટૂંકમાં સાદો વેશ, સાદી વાણી અને સારા વિચારો જીવનમાં ઘણાં જરૂરી છે.

ધર્મરત્ન પ્રકરણ ગ્રંથમાં સંસારનો પરિચય કરાવતાં રચયિતા મહાપુરુષે કહ્યું છે કે, સંસાર ૧. દુઃખરૂપ છે, ૨. દુઃખદાઈ ફળ આપનાર છે, ૩. દુઃખનો અનુબંધક છે, ૪. વિંટબણા-આપત્તિરૂપ છે, ૫. સાર વગરનો અસાર છે. આ વાત જાણ્યા-

સમજ્યા-વિચાર્યા પછી ભાવશ્રાવક બ્રહ્મચર્ય સ્વીકારવા-પાળવા વિલંબ ન કરે. 'ક્ષણ એક લાખેણી જાય રે' આ વાત ધ્યાનમાં રાખી મળેલા દુર્લભ જન્મને સફળ કરે. ભીડ વગેરેમાં (૧) વિજાતીય સામાન્ય સ્પર્શ, (૨) સ્વપ્નદોષ, (૩) શારીરિક વ્યાધિના કારણે સેવા લેવી પડે તો તેની જયણા રાખવામાં આવે છે.

શ્રાવકના અતિચારમાં ખાસ-બ્રહ્મચર્યની બાબતમાં ગ્રહિત-અગ્રહિત બેનો સાથે અસભ્ય વ્યવહાર ન કરવા ભારપૂર્વક કહેવામાં આવેલ છે. તેના બદલે બેનોને ઉંમરના આધારે માતા-બેન-પુત્રી તરીકે માનવી-સ્વીકારવી શોભાસ્પદ છે. બ્રહ્મચર્ય સંબંધી પાંચ અતિચાર દર્શાવવામાં આવ્યા છે. (૧) અપિરિગ્રહીતા ગમન (૨) ઈત્વર પરિગ્રહિતા ગમન (૩) અનંગક્રિડા (૪) પરવિવાહ કરણ અને (૫) તીવ્ર કામાભિલાષ.

મુખ્યત્વે અબ્રહ્મનું સેવન સ્વાર્થના કારણે, બાહ્ય પ્રેમ-લાગણીના કારણે, વિષયોને આધિન હોવાના કારણે થાય તેમ કહી શકાય. આ દૂષણથી બચવા માટે જીવનની શુદ્ધ આચરણાનો સ્વીકાર આવશ્યક છે. બ્રહ્મચર્યની શુદ્ધિ સાચવવા ૧૦ સમાધિના સ્થાનને સાચવે-સ્વીકારે-જાળવે એ જ શોભાસ્પદ છે. મુનિઓ ૧૮,૦૦૦ શીલાંગરથના ધારક હોય છે. તેથી લીધેલું વ્રત અણિશુદ્ધ પાળી શકે છે.

અજિતશાંતિ સ્તવમાં બે ભગવાનની વિવિધ રીતે સ્તવના કરી છે. એ સ્તવ ઉપર પૂ. અભયદેવસૂરિ તેના અર્થને હાવભાવપૂર્વક વર્ણવે છે. દેવ-દેવી કઈ રીતે પ્રભુભક્તિ કરે છે તે શ્રૃંગાર રસથી કહે છે. તે વાત રાજપુત્રી મદનમંજરીએ સાંભળી અને સૂરિની રાગી થઈ. રાજપુત્રીને શિષ્યના રાગમાંથી મુક્ત કરવા અને વૈરાગ્યરસથી ભીંજાવી દેવા ગુરુ જિનેશ્વરસૂરિએ અર્થને વૈરાગ્યરસ દ્વારા દ્વિઅર્થી કરવા શિષ્યને આજ્ઞા કરી. પરિણામે અભયદેવસૂરિ અને રાજપુત્રી બન્ને વૈરાગ્યવાન થયા અને શુદ્ધ બ્રહ્મચારી થયા.

બ્રહ્મચર્યના પાલન વખતે ખાસ સાધકે આહાર ઉપર કંટ્રોલ રાખવો જોઈએ. છ વિગઈમાંથી ઓછામાં ઓછી વિગઈનું સેવન, તળેલું, મીઠાઈનું અલ્પમાત્રામાં સેવન, ખાધેલું પચી ગયા પછી જ ભોજન કરવાની ભાવના વિ.ના કારણે બ્રહ્મચર્ય શુદ્ધ પાળી શકાય. તેજ રીતે રાગના કારણે, વિષયના કારણે જે આપઘાત-મૃત્યુ પામે છે તે દુષણ પણ બ્રહ્મચર્યના પાલનથી ટળી જાય છે. કહેવાનું તાત્પર્ય એજ કે, વ્યવહારીક, લૌકિક કે આધ્યાત્મિક રીતે બ્રહ્મચારીનું જીવન આદર્શમય હોય છે.

**બ્રહ્મચર્ય વ્રતપદના આરાધક ચંદ્રવર્મા રાજવી :**

શરીર ઔદારિક અને વૈક્રિય આદિ પુદ્‌ગલોનું બને છે. તેની વધુ માવજત કરનારને વધારે પરાધીન બનવું પડે છે. પાપનો અનુરાગ વધારે છે. અનુભવીઓએ કહ્યું છે :

* મૌન કલેશ-કંકશથી બચાવે, બોલકો સંસાર વધારે.
* જ્ઞાન અજ્ઞાનકષ્ટથી બચાવે, પ્રમાદી જીવન બગાડે.
* ધ્યાન પાપવિચારોથી અટકાવે, ચિંતા શરીર રોગી કરે.
* મમતા ભયથી બચાવે, ઉંઘતો જન્મ-મરણ બગાડે.

માટે જ ચંદ્રવર્મા રાજાએ નશ્વર એવા શરીર દ્વારા શું સારું કર્યું તે તપાસી લઈએ.

માકંદપુરી નગરમાં ચંદ્રવર્મા રાજા રાજ્ય કરતો હતો. રાણી ચંદ્રાવતી રાજાની ધર્મભાવનામાં વૃદ્ધિ કરતી હતી. એક દિવસ રાજા નગરીમાં પધારેલા ચાર જ્ઞાનના ધણી ચક્રેશ્વર આચાર્યનો ધર્મોપદેશ સાંભળવા ઉદ્યાનમાં જતો હતો. માર્ગમાં બે રૂપવાન તેજસ્વી યુવાનમુનિને કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલા જોઈ તેઓને ભાવપૂર્વક વંદના કરી. રાજાએ ગુરુ પાસે આવી વંદના કરી પૂછ્યું, હે કૃપાનિધિ ! મને માર્ગમાં મળેલા બે સુકુમાર દેહવાળા મુનિએ શા માટે ચારિત્રધર્મ સ્વીકાર્યો ? શા માટે ધ્યાનમાં આરુઢ થયા ? કૃપા કરી મારી જિજ્ઞાસા પૂર્ણ કરો. અત્યારે તો એ કાચી ઉંમરવાળા છે.

જ્ઞાની ગુરુએ રાજાની જિજ્ઞાસા પૂર્ણ કરતાં કહ્યું, રાજન ! આ સંસારમાં પાપનો બાપ લોભ છે. તેનો પિતા રાગ છે અને પિતામહ મોહ છે. અને એ જ ઉત્પત્તિનું સ્થાન છે. માટે એ બન્ને મુનિનો ભૂતકાળ ને તેઓના વૈરાગ્યના કારણ માટે કહું છું.

પહેલા મુનિ પૂર્વ અવસ્થામાં મદનશ્રેષ્ઠી હતા. તેઓને પરસ્પર કલેશ કરનારી ચંડા-પ્રચંડા નામે બે પત્ની હતી. કલેશના કારણે ઘરમાં અશાંતિ હતી. લક્ષ્મી પણ રીસાઈ ગઈ હતી. બન્ને પત્નીઓ મંત્રવાદી હોવાથી શ્રેષ્ઠીને કાંઈ સુખ નહોતું. એક દિવસ શ્રેષ્ઠી કીધા વગર દેશાંતર ચાલ્યા ગયા. કેટલાક દીવસે કાશીપુરીમાં ધનાઢ્ય એવા ભાનુશેઠને ત્યાં પહોંચ્યા. ભાનુશેઠને કુળદેવીએ સ્વપ્નમાં પુત્રી વિદ્યુલત્તાને મદનશ્રેષ્ઠીની સાથે પરણાવવા કહ્યું હતું તે અનુસાર મોટી આશાએ વિદ્યુલત્તા સાથે વિવાહ કર્યો. પણ બન્ને પત્ની કરતાં ત્રીજી પત્ની વધારે મંત્ર-તંત્રને જાણનારી નીકળી. આમ, શ્રેષ્ઠીનું જીવન સ્ત્રી સંગના લોભે ઘણું દુ:ખી થયું.

બીજા મુનિ પૂર્વ અવસ્થામાં ધનદેવ નામે હતા. તેઓએ પણ એક સ્ત્રી પર બીજી સ્ત્રા કરી મન શાંત થશે એમ માન્યું. પણ બાહ્ય દ્રષ્ટિએ દિવસે શાંત રહેલી બન્ને પત્નીઓ રાતના ઘરની બહાર જઈને કાંઈક અયોગ્ય કાર્ય કરતી. શંકાશીલ ધનદેવે જ્યારે એ નજરો નજર જોયું ત્યારે તેનું મન શમશમી ગયું. તે દરમ્યાન શ્રીમતિ નામે ત્રીજી પત્ની કરી. ત્રણનું તિખડ થવાથી અને એ ત્રણે પત્નીઓ મંત્રવાદી હોવાથી

ધનદેવનું જીવન આપત્તિથી ઘેરાઈ ગયું. ન શાંતિથી રહેવાય ન શાંતિથી જીવાય.

કુદરતી રીતે ધનદેવ શેઠ અને મદનશ્રેષ્ઠી નગરીની બહાર શ્રી ઋષભદેવ પ્રાસાદમાં પ્રભુના દર્શન કરતાં ભેગા થયા. દેરાસરની બહાર નીકળી ઓટલા ઉપર સામસામા ચિંતાગ્રસ્થ અવસ્થામાં બેઠા. થોડીવારમાં જ્યારે પરસ્પર ઔપચારિક વાતો થઈ ત્યારે પોત-પોતાની વિતક કથાઓ પરસ્પર કરીને બન્નેએ પોતાના મનને હલકું કર્યું.

ધનદેવ અને મદનશ્રેષ્ઠીને હવે અરસપરસ સ્ત્રીઓના લોભના કારણે દુઃખી થયા તે વાત સમજાઈ ગઈ. બન્ને સંસારથી વૈરાગ્યવાન થયા અને દેશના સાંભળી ગુરુની નિશ્રામાં ચારિત્ર સ્વીકારી ધન્ય બન્યા. રાજન ! તમે જે બે મુનિ જોયા એની જ આ સ્ત્રીઓના કારણે ઉત્પન્ન થએલી દુઃખદાઈ કથા છે.

ચંદ્રવર્મા રાજા બે મુનિના જીવન પરિવર્તનની અને ચક્રેશ્વર આચાર્ય ગુરુદેવની વૈરાગ્ય વાતો શ્રવણ કરી પ્રતિબોધ પામ્યો અને પુત્રને રાજગાદી આપી સંયમના માર્ગે ચાલી નિકળ્યા.

સંયમ એટલે ચારિત્ર. ચારિત્ર એટલે પાંચ મહાવ્રતોનું ઉત્તમ પ્રકારે પાલન. મહાવ્રતોમાં પણ બ્રહ્મચર્યવ્રતનું સુવિશુદ્ધ આરાધન. આ રીતે ચંદ્રવર્મા રાજા મહાવ્રતની આરાધનમાં, જ્ઞાનની સાધનામાં તલ્લિન થયા છે. ત્રિકરણયોગે એમાં ક્ષતિ-ખામી ન આવે તેની કાળજી રાખે છે. ગુરુએ વીશસ્થાનકનો મહિમા જે વર્ણવ્યો, તેમાં અસ્ખલીત બ્રહ્મચર્ય પદ દ્વારા આત્મસાધના કરી રહ્યા છે. આ રીતે ઉચ્ચ ભાવે એક ભવમાં અનેક ભવોને સુધારવાની તક ઝડપી લીધી.

'કરણ-કરાવણ-અનુમોદન સરીખા ફળ પાવે' એ પદ્ધતિએ દેવગતિમાં રાજર્ષિ મુનિની ઈન્દ્ર દ્વારા પ્રસંશા સાંભળી વિજયદેવ, મુનિની પરીક્ષા કરવા આવ્યો. અપ્સરાનું વૃન્દ ઉભું કરી નાટ્યારંભ ચાલુ કર્યો. અનેક રીતે મુનિના મનને દૂષિત કરવા પ્રયત્ન કર્યા પણ સફળતા ન મળી. છેવટે દેવ પ્રસન્ન થઈ મુનિની સ્તવના કરી. શીલના પ્રભાવથી જિનપદ પામનારા મુનિનો મહિમા વધાર્યો.

ચંદ્રવર્મા મુનિ આયુષ્ય પૂર્ણ કરી બ્રહ્મલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુડરીકીણી નગરીમાં તીર્થંકર પદ પામી અક્ષય પદના સ્વામી થશે.

ત્રિકરણયોગે વંદન હો એ મુનિને !

# ૧૩

# શ્રી ક્રિયા (શુભધ્યાન) પદ

## દુહો

આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
તત્ત્વારથથી ધારિયે, નમો ક્રિયા સુવિશાળ. ૧

**દુહાનો અર્થ :**

આત્મબોધ વગરની જે ક્રિયા છે તે તો બાળકની ચાલ જેવી છે. તત્ત્વાર્થ આદિ ગ્રંથોથી આત્મબોધ ધારીએ અને અત્યંત વિશાળ એવા ક્રિયાપદને નમસ્કાર કરીએ. ૧

## ઢાળ

(સુણ બહેની પિલુડો પરદેશી – એ દેશી)

ધ્યાન ક્રિયા મનમાં આણીજે, ધર્મશુક્લ ધ્યાયીજે રે;
આર્ત્તરોદ્રનાં કારણ કિરિયા, પચવીશને વારીજે રે,
ધ્યાનક્રિયા ભજો નિશદિન પ્રાણી. ૧

કંચનકાંતિ પરમેષ્ઠીરૂપે, લોકાલોક પ્રમાણે રે;
સર્વ શાંતિકર ભાળ ઠેકાણે, ધ્યાવો પ્રણવ ગુણખાણ રે. ધ્યાન૦ ૨

તેર ક્રિયાઠાણ તેર કાઠિયા તજી, કરણસિત્તરી ભજીએ રે;
યોગ અડદિટ્ઠિ સમ્યક્ત્વ કિરિયા; આતમ સુખકર જજીએ રે. ધ્યાન૦ ૩

પહેલી ચઉદિટ્ઠિ જ્ઞાનાધારે, રત્નત્રયાધારે ચાર રે;
અડ કર્મક્ષયે ઉપશમે વિચિત્રા, ઓઘદૃષ્ટિ બહુ પ્રકારે રે. ધ્યાન૦ ૪

વિષ ગરલ હીનાદિક વારો, તદ્ધેતુ અમૃત ધારો રે;
પ્રીતિ ભક્તિ વચન અસંગે, શુભ પરિણતિ સુધારો રે. ધ્યાન૦ ૫

અંતરતત્ત્વ વિષય પ્રતિતે, એ જ્ઞાન કિરિયા સાચી રે;
અક્રિયાવાદી કૃષ્ણપક્ષીઓ, શુકલપક્ષીઓ ક્રિયાવાદી રે. ધ્યાન૦ ૬

અશુભ ધ્યાનઠાણ ત્રેશઠ વાદી, ધ્યાનશતક મન ધારી રે;
હરિવાહન તીર્થંકર હુઓ, સોભાગ્યલક્ષ્મી દિલધારી રે. ધ્યાન૦ ૭

**ઢાળનો અર્થ :**

ધ્યાનક્રિયા મનમાં ધારણ કરીએ. ધર્મધ્યાન અને શુક્લધ્યાન ધ્યાઈએ. આર્ત્તધ્યાન

અને રૌદ્રધ્યાનના કારણભૂત પચીશ ક્રિયાઓને દૂર કરીએ. હે પ્રાણી ! તમે રાત્રિ દિવસ ધ્યાનક્રિયાને ભજો. ૧

જેમનું સ્વરૂપ લોકાલોકમાં વિસ્તાર પામેલું છે એવા સુવર્ણની કાંતિમય પંચપરમેષ્ઠિરૂપ-ૐકારને સર્વ શાંતિને કરનાર ભાલસ્થળે (કપાળને ઠેકાણે) સ્થાપન કરી ગુણના સ્થાનરૂપ તેનું ધ્યાન કરીએ. ૨

તેર ક્રિયાના સ્થાનકો અને તેર કાઠીયાઓને તજીને કરણ-સિત્તરીના ૭૦ ભેદોને સેવીએ. યોગની આઠ દૃષ્ટિ તેમજ આત્માને સુખકર એવી સમ્યક્ત્વપૂર્વકની સંયમની ક્રિયાને પૂજીએ-તેનું સેવન કરીએ. ૩

આઠ દૃષ્ટિમાં પહેલી ચાર દૃષ્ટિમાં જ્ઞાનની મુખ્યતા હોવાથી તે જ્ઞાનાધારે કહેલી છે અને બીજી ચાર દૃષ્ટિ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને આધારે કહેલી છે. આઠ કર્મના ક્ષય તથા ઉપશમથી તેના વિચિત્ર ભેદો થાય છે અને ઓઘદ્રષ્ટિ તો ઘણાં પ્રકારની કહેલી છે. ૪

વિષ, ગરલ અને હીન વગેરે અનુષ્ઠનોને છોડી તદ્ધેતુ અને અમૃત અનુષ્ઠાનને ધારણ કરો તેમજ પ્રીતિ, ભક્તિ, વંચન અને અસંગ આ ચાર પ્રકારના અનુષ્ઠાન આચરીને શુભ પરિણામને સુધારો. ૫

અંતઃકરણમાં તત્ત્વભૂત વિષયની પ્રતીતિ થાય ત્યારે એ જ્ઞાનક્રિયા સાચી જાણવી. બાકી જે અક્રિયાવાદી છે તે ક્રિયાને નિષ્ફળ માનીને તજી દેવાનું કહેનારા છે, તે કૃષ્ણપાક્ષિક છે અને ક્રિયાવાદી છે તે ક્રિયા કરવાનું કહે છે તે શુકલપાક્ષિક છે. ૬

અશુભધ્યાનના ૬૩ સ્થાનકો છે, તેને ધ્યાનશતકમાં વાંચી, મનમાં ધારી તેને છોડી દેવાં. આ પદના આરાધનથી હરિવાહન રાજા હૃદયમાં સૌભાગ્યલક્ષ્મીને ધારણ કરી તીર્થંકર થયા છે. ૭

**★ જ્ઞાનસ્ય ફલં વિરતિ ★ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ ★ ક્રિયાએ કર્મ.**

**વિવરણ :**

સંસારમાં જડ અને ચેતન બે વિભાગ છે. જડ સ્થિર છે. એક જ સ્થળે પડ્યું રહેશે. સુધારો-વધારો કાંઈ કરી નહિ શકે. જ્યારે ચેતન એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરી શકે. સુધારો-વધારો કરી શકે, જડમાં પણ જાગૃતિ લાવી શકે. બીજા શબ્દમાં જીવોના જેમ બે પ્રકાર ત્રસ અને સ્થાવર છે. તેમ જડ-ચેતન સમજો.

મન-એક સ્થળે, સ્થિર નથી રહેતું એટલે તે ચંચળ છે. તેની ચંચળતા કોઈપણ પ્રકારના નિમિત્તને આધીન છે. નિમિત્ત એજ ક્રિયા-પ્રવૃત્તિ કરાવનારું તત્ત્વ છે. શાસ્ત્રમાં ક્રિયા અનેકાનેક પદ્ધતિની બતાવી છે, તેના નીચે મુજબ ભેદ છે.

**અર્થક્રિયા** - જેની જરૂરત હોય અને કરવી પડે તે.

**અનર્થક્રિયા** - જેની જરૂરત ન હોય છતાં કર્યા કરીએ તે.

**હિંસાક્રિયા** - પાપના આરંભ-સમારંભવાળી ક્રિયા.

**અકસ્માત્ ક્રિયા** - અચાનક જ એકદમ થઈ જાય તે.

**ઈર્યાપથિકી ક્રિયા** - ગમણાગમણની પ્રવૃત્તિ.

ઈરિયાપથિકી આદિ ૨૫ ક્રિયા નીચે મુજબ છે :

૧. **કાયિકી ક્રિયા** : જયણા, ઉપયોગ કે પ્રમાર્જન કર્યા વિના કાયા દ્વારા થતી પ્રવૃત્તિ. (બાળકો બગીચામાં વનસ્પતિ ઉપર રમે છે.)

૨. **અધિકરણિકી ક્રિયા** : જીવ વિનાશક નવા શસ્ત્રોને બનાવવા અથવા જૂના શસ્ત્રોને સુધારવા-જોડવા.

૩. **પ્રાદેષિકી ક્રિયા** : જીવ કે અજીવ ઉર દ્વેષ કરવો, મારવું-તોડવું.

૪. **પારિતાપનિકી ક્રિયા** : પોતાને અથવા બીજાને પરિતાપ-દુઃખ થાય તેમ કરવું.

૫. **પ્રાણાતિપાતિકી ક્રિયા** : કોઈપણ જીવની હિંસા કરવી.

૬. **આરંભિકી ક્રિયા** : ૭ કાર્યનો આરંભ-સમારંભ કરવો.

૭. **પારિગ્રહિક ક્રિયા** : પશુ, ધન, ધાન્યાદિના સંગ્રહ (મારાપણાના ભાવ) સંબંધી.

૮. **માયાપ્રત્યયિકી ક્રિયા** : માયા, છળકપટ દ્વારા બીજાને છેતરવું.

૯. **મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા** : અરિહંત પરમાત્માના વચન ઉપર અશ્રદ્ધા રાખવી.

૧૦. **અપ્રત્યાખ્યાનિકી ક્રિયા** : વ્રત-પચ્ચક્ખાણ ન કરવાથી.

૧૧. **દ્રષ્ટિકી કીયા** : ગમતા-અણગમતા પદાર્થો પર રાગ-દ્વેષવાળી દ્રષ્ટી કરવાથી.

૧૨. **સ્પષ્ટિકી ક્રિયા** : રાગભાવથી બાળક વિગેરે જડ-ચેતન પદાર્થને સ્પર્શ કરવાથી.

૧૩. **પ્રાતિત્યકી ક્રિયા** : બીજાની રિદ્ધિ-સિદ્ધિના કારણે રાગ-દ્વેષ કરવાથી.

૧૪. **સામતોપનિપાતિકી ક્રિયા** : પોતાની રિદ્ધિ-સિદ્ધિ જોવા આવેલ લોકો પાસેથી પ્રશંસા સાંભળી રાજી થવાથી તથા ઘી, તેલ વિગેરેના પાત્ર ઉઘાડા રાખતાં, તેમાં ત્રસ જીવોના આવાગમનથી અથવા નાટક આદિ દેખાડવાથી.

૧૫. **નેશસ્ત્રકી ક્રિયા** : રાજા વિગેરેની આજ્ઞાથી બીજા પાસે શસ્ત્ર વિ. કરાવવાથી.

૧૬. **સ્વાહસ્તિકી ક્રિયા** : આપઘાત કરવાથી કે બીજાને હાથ કે અન્ય સાધન દ્વારા મારવાથી.

૧૭. **આજ્ઞાપનિકી ક્રિયા** : આજ્ઞા કરી પાપ-વ્યાપારાદિ કાર્યો કરાવવાથી.

૧૮. **વિદારણિકી ક્રિયા :** જીવ કે અજીવ વસ્તુ (ફોટો-મૂર્તિ)ને ફાડવા-ભાંગવાથી કે કોઈ ઉપર કલંક લગાડવાથી, અપશબ્દ બોલવાથી.

૧૯. **અનાભોગિક ક્રિયા :** ઉપયોગ રહિત શૂન્ય ચિત્તે ક્રિયા-કાર્ય કરવાથી.

૨૦. **અનવાંક્ષપ્રત્યયિકી ક્રિયા :** પરના હિતનો વિચાર કર્યા વિના આલોક–પરલોક વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાથી.

૨૧. **પ્રાયોગિક ક્રિયા :** મન, વચન, કાયાના અશુભ વ્યાપારો દ્વારા થતી ક્રિયા.

૨૨. **સામુદાનિકી ક્રિયા :** સમૂહમાં મળીને (મનોરંજનાદિ સ્થળે) હિંસાદિ કરવાથી.

૨૩. **પ્રેમિકી ક્રિયા :** પ્રેમ (રાગ) કરવાથી યા તેવા વચનો બોલવાથી, પ્રવૃત્તિ કરવાથી.

૨૪. **દ્વેષિકી ક્રિયા :** દ્વેષ (ક્રોધ) કરવાથી યા બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ કરવાથી.

૨૫. **ઈર્યાપથિકી ક્રિયા :** માર્ગમાં ગમણાગમણ કરવા માત્રથી અર્થાત્ માત્ર યોગના નિમિત્તવાળી ક્રિયા.

ટૂંકમાં ધર્મારાધનાની સાથે સંકળાયેલી જાપ-ધ્યાન-વિધિ-તપ-આસન-મુદ્રા જે કાંઈ ક્રિયાઓ છે તે મન-વચન-કાયાની એકાગ્રતાથી કરાય તો સન્માર્ગ પોષક બને. તેર કાઠીયાઓને ત્યજીને ક્રિયા કરીએ તો જન્મ મરણ ઘટાડે કર્મ બંધન તોડે પ્રગતિના પંથે જોડે. પરંતુ જો ક્રિયા ઉન્માર્ગ પોષક બીજાનું અહિત કરવા માટે, દુઃખી થાય તે માટે, પ્રગતિ-વિકાસ રૂંધાય તે માટે કરવામાં આવે તો તે પણ અપેક્ષાએ, ક્રિયા જ કહેવાય માત્ર તેના મીઠાં ફળના બદલે ખાટાં ફળ ચાખવા પડે. અશુદ્ધ-અવિધિવાલી કહેવાય. ધર્મ-શુક્લ શુભધ્યાનવાળી ક્રિયા કહેવાય જ્યારે આર્ત-રૌદ્રધ્યાન એ અશુભ ક્રિયા છે.

ઘણાં માણસો કુળ-વર્ણ-જાતિ અનુસાર ક્રિયા કરનારા જોવા મળે છે. બ્રાહ્મણ-જ્ઞાન પ્રાપ્ત કરે કરાવે ક્ષત્રિય-શસ્ત્ર ચલાવે, હિંમત રાખે, વૈશ્ય-વ્યાપારાદિ અર્થ તંત્રને સંભાળે, ક્ષુદ્ર-ઘર, શેરી, નગર સાફ રાખે. આ વર્ણ માટે મનુષ્યના શરીરના જે ૪ વિભાગ છે તે ક્રમશઃ કામ કરે છે. ૧. મસ્તક, ૨. છાતી, ૩. પેટ (સુરક્ષિત રાખે) ૪ પગની નીચેનો ભાગ. તેજ રીતે વાણી માટે કહેવાય છે કે, જેવી વાણી, તેવું વર્તન હોય છે. વાણીના પણ ૪ વિભાગ કરી શકાય. તેના નામ - આજ્ઞાકારી, વિધેયાત્મક, આજીજીકારી અને અભિમાનકારી છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, કર્માનુસારી બુદ્ધિ એટલે જેવા જેના કર્મ હોય તેવા પ્રકારની તે બુદ્ધિ વાપરે અથવા તેવું જ તેને ગમે. કોઈ બાળકને શરીર વિજ્ઞાનની જો બુદ્ધિ હોય તો તે ડૉક્ટર જ થાય, તેને સી.એ. થવું અસ્થાને લાગે. જેને સંયમી થવું

હોય તેને સંસારમાં રચ્યા-પચ્યા રહેવું નિરર્થક લાગે. આ પણ એક ક્રિયાના કારણે જ જીવનમાં પરિવર્તન થાય છે. ધર્મક્રિયા કરતી વખતે ખાસ સાત પ્રકારની અંગ, વસ્ત્ર, મન, ક્ષેત્ર (ભૂમિ), ઉપકરણ, ન્યાયી દ્રવ્ય, વિધિ શુદ્ધિ જાળવવી જોઈએ.

ક્રિયા-ગણિતરૂપે પણ કરવામાં આવે છે. ભદ્રબાહુ અને વરાહમીહીર બન્ને ભાઈ, બન્નેએ દીક્ષા લીધી હતી. જ્યોતિષવિદ્યામાં ભવિષ્યફળ કહેવામાં બન્ને પ્રવિણ બન્યા પણ નાનકડા નિમિત્તથી એક દીક્ષામાં સ્થિર થયા ને બીજા વરાહમીહીર પંડિત તરીકે જીવન જીવવા લાગ્યા. જ્યોતિષવિદ્યાના કારણે રાજાના માનીતા થયા. કુદરતને કરવું ૧-૨ નિમિત્તથી મોટાભાઈ સાથે ઈર્ષા-અદેખાઈ-શરૂ થઈ. એક દિવસ રાજાના ઘરે પુત્ર જન્મ્યો. બધા શતાયુર્ભવના આશિષ આપવા, ભેટણાં આપવા રાજાના ઘરે ગયા પણ જૈન સમાજ તરફથી સાધુ તરફથી કોઈ આશિષ આપવા ન ગયું. તેથી રાજાની સામે વરાહમીહીરે જૈન સમાજની નિંદા કરી કહ્યું, તમારા ઘરે પુત્ર જન્મ્યો પણ કોઈ ખુશાલી મનાવવા ન આવ્યું. આ વાત ભદ્રબાહુજીને ખબર પડી. સંઘ દ્વારા રાજાને ટૂંકા સમાચાર આપ્યા. અમોને પુત્ર જન્મ્યાનો આનંદ છે. પણ ૮મા દિવસે બિલાડીના કારણે મૃત્યુ પામશે. માટે ૧૦૦ વર્ષના થાઓ એવું અસત્ય બોલવા કેમ અવાય ?

રાજા મુંઝાઈ ગયો. રાજ્યમાંની બધી જ બિલાડી પાંજરામાં પૂરાવી દીધી છતાં પુત્ર બિલાડીના કાષ્ઠચિત્રના કારણે મરી ગયો. આજ રીતે બીજી વખત વરાહમીહીરની ભવિષ્યવાણી ખોટી પડી. પરિણામે રાજા મુનિ પ્રત્યે પૂજ્ય ભાવવાળા થયા. આ છે જ્યોતિષના ગણિતની ક્રિયાની સાચી-ખોટી ભવિષ્યવાણી. અધૂરા જ્ઞાની છલકાઈ જાય તે આનું નામ.

તીર્થંકર ભ.મહાવીરના નિર્વાણ અવસરે પણ ઈન્દ્ર મહારાજે પ્રભુને થોડું આયુષ્ય લંબાવવા વિનંતી કરી. જે સમયે આયુષ્ય પૂર્ણ થશે તે સમયે ભસ્મ ગ્રહ પ્રભુના શાસનને નુકસાન કરશે, નબળું પાડશે. છતાં પ્રભુવીરે એ અવસરે જે થવાનું છે તે થશે, કોઈ મિથ્યા કરનાર નથી. એમ કહી ક્રિયા દ્વારા સુધારો ન કર્યો.

ક્રિયા હંમેશાં પવિત્ર ભાવનાથી ઉપયોગપૂર્વક જો કરવામાં આવે તો તે અવશ્ય ફળે છે. (૧) નવલાખ જપંતા નરક નિવારે, (૨) એક નવકારસી પચ્ચક્ખાણ ૧૦૦ વર્ષના નરકગતિના દુઃખો નબળાં કરે. તેજ રીતે (૩) એક શુદ્ધ સામાયિક લાખ ખાંડી સુવર્ણદાનથી વધુ પુણ્ય બંધાવે એમ જે કહ્યું છે. તે બધું ક્યારે ? ત્રિકરણયોગે વિધિપૂર્વક એ આરાધન થાય તો ક્રિયા-વિષ, ગરલા, હીન અનુષ્ઠાનને છોડી જો તદ્હેતુ, અમૃત પ્રમાણેની કરવામાં આવે તો તેથી પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ એ ચારના સહારે શુભ પરિણામ નિશ્ચિત પ્રાપ્ત થાય. શાલીભદ્રે પૂર્વ ભવે એક વાટકી ખીર વહોરાવી હતી. નરવીરે (કુમારપાળે) પાંચ કોડીના ફૂલથી ઉત્કૃષ્ટ ભાવે

પૂજા કરી છે. દ્રવ્ય ભલે અલ્પ પણ ક્રિયા ભાવવાળી માટે પ્રસંશનીય-અનુમોદનીય થાય એ નિશ્ચિત છે.

ક્રિયતે ઈતિ ક્રિયા જે કરવામાં આવે તેનું નામ ક્રિયા, માત્ર કરતી વખતે આત્મા-મન શુભ પરિણામવાળા છે કે નહિં એજ જોવાનું. તે કારણથી ક્રિયાને બીજી રીતે શુક્લ ધ્યાનમાં જોઈન્ટ કરવામાં આવેલ છે. ધ્યાન-૪ પ્રકારના છે. તેના પણ વલી બીજા પ્રકાર કરીશું. તો ધ્યાનના ૧૬ પ્રકાર થઈ જશે. ધ્યાનના સહારે અંતિમ ક્ષણે આ જીવ ચારે ગતિનું પરીભ્રમણ નક્કી કરે છે. તેથી એકલું ધ્યાન જ નહિં પણ તેના સાથીઓ પણ કાંઈક નવા-જૂની કરે છે. કરવા પ્રેરાય છે. જન્મ વખતે જેમ નક્ષત્ર-રાશી વિ. ઉપરથી ભવિષ્ય ભાખવામાં આવે છે. તેમ જેવી ગતિ તેવી મતિ મુજબ જીવ તે ગતિમાં જન્મે છે.

- ❖ આર્તધ્યાન - વિષયોના અનુરાગથી થાય છે.
- ❖ રૌદ્રધ્યાન - હિંસાદિના અનુરાગથી થાય છે.
- ❖ ધર્મધ્યાન - ક્ષમાદિ ૧૦ પ્રકારના ધર્મના આચરણથી થાય.
- ❖ શુકલધ્યાન - શોકને દૂર કરનાર, રાગને પુષ્ટ ન કરનાર એટલે રાગ વિનાનું ધ્યાન.

જેમ ધ્યાન નામની ક્રિયા વીશસ્થાનકના આરાધનમાં સંકળાયેલી છે. તેથી સારું-ખરાબ જન્મ-મરણનું ફળ માનવીને અનુભવવું પડે છે. તેમ ધ્યાનની સાથે લેશ્યા પણ સક્રિય હોય છે અને તે પણ સદ્‌ગતિ-દુર્ગતિની દાતાર છે. લેશ્યા મુખ્ય - ૨, અવાંતર–૨x૩=૬ પ્રકારની છે.

કૃષ્ણ-નીલ-કાપોત આ ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે. તેના કારણે જીવને દુર્ગતિમાં જવું પડે છે. તે વખતના અધ્યવસાય તેના અયોગ્ય-અશુભ હોય વર્ણ-રૂપ-રસ ગંધ-સ્પર્શ પણ નીમ્ન કોટીના હોય.

તેજો-પદ્મ-શુક્લ આ ત્રણ લેશ્યા પ્રશસ્ત કક્ષાની હોય. અધ્યવસાય-પરિણામની ધારા ક્રમશઃ શુદ્ધ થતી જાય. વર્ણ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ પણ સારા ક્રમશઃ થતા હોય.

આધ્યાત્મિક જગતમાં ધ્યાનને છ કુંડલી (ષટ્ચક્ર)માં વિસ્તારેલ છે. આજે અવાંતર રીતે જેને મેડિટેશન યા યોગ એવા નામથી ઓળખાવી શકાય. જૈન (શાસન) દર્શનમાં મૂલાધાર-સ્વાધિષ્ઠાન-મણિપુર-અનાહત-વિશુદ્ધ-આજ્ઞા એવા છ ચક્રનો અધિકાર આવે છે. દરેક ચક્રના ઓછા-વધુ આરા હોય. સ્થળ-રંગ-મૂળાક્ષર-(બીજાક્ષર) અધિષ્ઠીત ભગવાન-યક્ષિણી-સાધનાનો ઉદ્દેશ-ફળ વિદ્યાદેવી વિગેરે ૯ વિચારો તેમાં સંકળાયેલા છે. જે હઠયોગી હોય, સાધક હોય તે આ છ ચક્રમાંથી

ઓછામાં ઓછા છેલ્લા બે ચક્રને જાગ્રત કરે. જો કે આ બધી પ્રક્રિયા શરીર સાથે સંકળાયેલી છે. આ ધ્યાન અપ્રગટ અને અદ્રશ્ય હોવાથી ક્રિયાત્મક-પ્રવૃત્તિમય છતાં અનુભવગમ્ય છે. આત્માની અનંત શક્તિનો એક યા બીજી રીતે અનુભવ થાય છે.

આ ચક્રને નવગ્રહ સાથે પણ કેટલાક સાંકળી લે છે. તેથી (૮-૧) વાર સાથે એની સાધનાનો વિચાર કરીશું તો જે ગ્રહ અનુકૂળ હોય તે ગ્રહને તેવારે નિશ્ચિત ચક્રને નજર સામે રાખી સાધના શરૂ કરવામાં આવે તો ધાર્યા કરતાં જલદી ફળે. ટૂંકમાં ક્રિયા-ધ્યાન કે લેશ્યા આત્મશુદ્ધિ તરફ લઈ જાય છે. ભાલસ્થળે-કપાળે પંચ પરમેષ્ઠીરૂપ ૐકારનું જો ધ્યાન થાય તો તેથી સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

વ્યાકરણમાં કર્તા, કર્મ અને ક્રિયાપદના પ્રયોગ કરવા પડે છે. તો જ વાક્યનો અર્થબોધ થાય. એક શબ્દને ૨૧ પ્રત્યયો જો લગાડવામાં આવે તો એક મૂળ શબ્દના ૨૧ અર્થ બુદ્ધિથી નિયમોના આધારે થાય. તેમ ક્રિયા કરતી વખતે મનથી કરો ત્યારે પવિત્રતા, વચનથી કરો ત્યારે વાણીમાં મધુરતા અને કાયાથી કરો ત્યારે ધર્મક્રિયાના સમયે ચરવળો-મુહપત્તી-દંડાસણ અને સંસારી ક્રિયા કરો ત્યારે આંખેથી જયણા અને હાથમાં પુંજણી હોય તો સમજવું આ ક્રિયા નિરર્થક નહિ સાર્થક છે.

*જ્ઞાની પુરુષોએ જોઈ જોઈને ચાલવા, જરૂર પડતું જ પ્રિય બોલવા, નકામા દ્રવ્ય ફેક્તાં જમીન ઉપર જીવજંતુ નથી ને તે જોવા, બેસવા-ઉઠવા મૂકવામાં પૂજવા-પ્રમાર્જના કરવા, આપવા-લેવામાં ઉપયોગ રાખવાનું ભારપૂર્વક કહ્યું છે. તેથી જીવનની દરેક ક્રિયામાં જીવદયા-જયણાના દર્શન થશે. એ ઉપરાંત મનને ગોપવી રાખવું. વચન પર બ્રેક-કંટ્રોલ રાખવો, કાયાને સભ્યવ્યક્તિ વાપરે તે રીતે વાપરવાનું દર્શાવ્યું છે.

તમને થશે કે આ બધી સંસારીની પંચાત જ્ઞાનીઓને કરવાની શી જરૂર ? પણ જીવન જન્મ્યા તે દિવસથી બંધનમય-વિરતિમય-ઉપયોગવાળું જીવવાનું હોય છે. પ્રમાદી માનવી એ ભૂલી ન જાય તે માટે યાદ આપવા ઉપકારી પુરુષો ઉપકારાર્થે આ સંસારીને દીવાદાંડી રૂપ કહે–બતાડે-સમજાવેલ છે.

પોસાતી ઉપધાન મંડપમાં કે ભોજનગૃહમાં એકાસણું-આયંબિલ કરવા જાય ત્યારે પોસાતી મંગળકારી-કલ્યાણકારી જયણા છે તે વાત યાદ કરાવવા સર્વ પ્રથમ 'જયણા મંગળ' બોલે. સાધુ ધર્મથી લાભ થશે એવો ધર્મલાભનો સંદેશ સંભળાવે જ્યારે પોસાતી પોતાને વાપરવાના ઉપકરણ-સાધનની પડીલેહણ કરે. આ એક એવી ક્રિયા છે જેમાં સવારથી સાંજ સુધી પાપ ન લાગે તેવા કાર્ય કરતા રહેવાનું જ્ઞાન-વિરતિધરને અપાય છે.

---

* પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ.

આરંભ-સમારંભ પાપપોષક પ્રવૃત્તિ છે. તેમાંથી નિવૃત્તિ લેવા, બચવા જ્ઞાની ભગવંતોએ ૧૪ નિયમ, ૧૨ વ્રત, ૫ મહાવ્રત અને શ્રાવકની ૧૦ પડિમા, છ આવશ્યક જેવી પ્રવૃત્તિ-ક્રિયા બતાડી છે. જે આત્મા આ ક્રિયાનો અનુરાગ જીવનમાં કરે તેને બહુ ચિંતા કરવાની અપેક્ષાએ જરૂર નથી. અઢારે પાપસ્થાનકથી, ૧૫ કર્માદાનથી એ અલિપ્ત થવા-રહેવામાં આનંદ માને.

ઘરમાં કેટલી-કેવી-કેટલા દ્રવ્યની રસોઈ કરવી એ જે ધર્મપત્ની હોય તે સમજી વિચારી શરૂ કરે. કામ કરતી વખતે ધર્મક્રિયા-આરાધનાને પણ નજર સામે રાખે. જ્યારે વ્યાપારી ક્યો નિર્દોષ ધંધો કહેવાય ? ક્યો વ્યાપાર કરવાથી મન-હાથ કાળા નહિં થાય. ન્યાય-નિતિ-ધર્મ શેમાં સચવાશે એ બધો વિચાર કરી આગળ વધે. ટૂંકમાં ક્રિયા દ્વારા જ બધા પાપ-પુણ્યના કાર્ય થાય છે. તેમાંથી બચવાનો એક જ ઉપાય, જરૂરીઆત ઘટાડો.

ક્રિયાને અદત્તાદાન વિરમણ વ્રતની સાથે સંકળાવવામાં આવે તો ત્રીજા વ્રતના જાણે-અજાણે અતિચાર લાગે છે. તેમાંથી મુક્ત થઈ શકાય. આ વ્રતના પાલન વખતે ૧. સ્વામી અદત્ત-માલિકની સંમતિ વિના તે વસ્તુ વાપરવી, ૨. જીવ અદત્ત-જીવવાસી વસ્તુ જીવની રજા-અનુમતિ વિના વાપરવી, ૩. તીર્થંકર અદત્ત-પ્રભુએ ઉપદેશધારામાં જે વસ્તુનાં નિષેધ કર્યો છે. તે વસ્તુ વાપરવી, ૪.ગુરુ અદત્ત-ગુરુની આજ્ઞા વિના તે વસ્તુને વાપરવી. તાત્પર્ય એજ કે રજા લેવાની પણ ક્રિયા ન કરો તો પાપ લાગે. એ વાત નિશ્ચિત છે કે, રજા વિના કોઈપણ વસ્તુ લેવાય-વપરાય નહિં અને રજા લેવી, અનુમતિ લેવી એ ક્રિયા છે. એવી ક્રિયા ન કરી એજ ખામી સમજવી.

ક્રિયા-શુભધ્યાનનું આરાધન એટલા માટે જ્ઞાની પુરુષોએ પ્રરૂપ્યું છે કે, આ પ્રવૃત્તિ-કાર્ય કરનાર આરાધનારને ક્રમશઃ મોક્ષ મંદિરે પહોંચાડે છે. ચિકણા કર્મનો ક્ષય કરાવી શકે છે ક્રિયા દરેક ક્ષેત્રે સ્થળે આત્માને બચાવે છે. આવું ક્રિયા પદ સૌનું કલ્યાણ કરો.

આઠ દ્રષ્ટિમાં પહેલી ચાર દ્રષ્ટિમાં જ્ઞાનની મુખ્યતા બતાડી છે. જ્યારે બાકીની ચારમાં રત્નત્રયીના આધારે કહી છે. ગમે તે કહો પણ તેમાં ક્રિયા ધ્યાનને આવકારવામાં આવેલ છે. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યામાં પાંચ દ્રવ્ય ક્રિયા-પરિવર્તન-સ્થાનાંતર કરે છે. જ્યારે અધર્માસ્થિકાય સ્થિર રહેવા માટે સહાયરૂપ બને છે. એક વાત નિશ્ચિત છે કે, ક્રિયા એ એક એવી શક્તિ છે કે પાપીને તારે છે, મોક્ષ પહોંચાડે છે, ઈચ્છીત કાર્ય સિદ્ધ કરી આપે છે. આવા ક્રિયા ધર્મને અગણિત અભિનંદન.

**શ્રી ક્રિયાપદ (શુભધ્યાન)ના આરાધક હરિવાહન રાજા :**

કોઈ ચિંતકે કહ્યું છે, ગુરુની મૂર્તિનું ધ્યાન ધરો, ગુરુના ચરણોની પૂજા કરો,

ગુરુએ સ્વાભાવિક રીતે ઉચ્ચારેલ વાક્ય-શબ્દને મંત્ર સ્વરૂપ સ્વીકારો તો ગુરુની કૃપાથી મોક્ષ પ્રાપ્તિ થવી અશક્ય નથી. માત્ર જે કાંઈ તમે કરો (ક્રિયા) તે શુભ ધ્યાન-આશય-ભાવનાથી કરો.◆

જીવનને સફળ કરવું છે ? ભવના ફેરા ઘટાડવા છે ? તો હરિવાહન રાજાની મુલાકાત લો. તેમના ચરિત્રને નજર સામે રાખો, તમારો બેડો પાર.

સંકેતપુર નગરીમાં ન્યાયી હરિવાહન રાજા રાજ્ય કરતો હતો. તેનો નાનોભાઈ મેઘવાહન યુવરાજ ભાઈના દરેક કાર્યમાં, દરેક આજ્ઞામાં વિનયપૂર્વક સાથ-સહકાર આપતો હતો. માત્ર ફરક એટલો જ કે, રાજા ધર્મકાર્યમાં પ્રમાદી ને યુવરાજ ધર્મકાર્યમાં ઉત્સાહી.

એક દિવસ નગરીમાં ચાર જ્ઞાનના ધણી શ્રી શીલભદ્ર આચાર્ય સમવસર્યા. યુવરાજ, રાજ પરિવાર અને પ્રજા સાથે ગુરુને દ્વાદશાવર્ત વંદના કરી દેશના સાંભળવા બેઠા. તે દરમ્યાન ભાગ્યના ઉદયે-ભવિતવ્યતાના કારણે હરિવાહન રાજા પણ ફરતાં ફરતાં ઉદ્યાનમાં આવી ચડ્યા. વિનયપૂર્વક ગુરુને વંદના કરી એ પણ દેશના સાંભળવા બેઠા.

કરૂણાના સાગર ગુરુવર્યે ઉપદેશ આપતાં કહ્યું, હે ભવ્યાત્માઓ ! મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, (દેશ) ઉત્તમકુળ, નિરોગી દેહ, ધર્મી માતા-પિતા, નજીકમાં દેવ-ગુરુની સામગ્રી, સમ્યગ્ બુદ્ધિ વગેરે આ જીવને મહાભાગ્યે મળે છે. આવી અનુકૂળ સામગ્રી પામીને જે ધર્મને વિષે આદર કરતો નથી તે પાછળથી પસ્તાય છે. જે ધર્મમાં ઉદ્યમ કરે છે તે ક્રમશઃ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરે છે. આ સંબંધમાં બે ગણિકાનું દ્રષ્ટાંત સાંભળવા જેવું છે.

રાજગૃહી નગરીમાં મગધસેના અને મગધસુંદરી નામે સર્વ કલામાં નિપુણ એવી ગણિકા (વેશ્યા) હતી. એક દિવસ બન્ને ગણિકા રાજ દરબારમાં પહોંચી ગઈ. તેઓને રાજા તરફથી પોતાની કલા બતાડીને ઈનામ-મેળવવાની ભાવના હતી. નામ પણ વધશે ને દામ પણ મળશે.

મદનસેનાએ સર્વ પ્રથમ પોતાની કલા બતાડવાની શરૂઆત કરી પણ તે સ્વભાવે પ્રમાદી-નીરુત્સાહી હોવાથી જેવો રાજા-પ્રજામાં આનંદ થવો જોઈએ તેવો ન થયો. જ્યારે મગધસુંદરીએ જેવો રાજ દરબારમાં પ્રવેશ કર્યો તરત રાજા-પ્રજા રાજી રાજી થઈ ગયા. નૃત્ય શરૂ કરતાં પહેલાં બધાનું અભિવાદન કર્યું. પ્રભુનું સ્મરણ કરી મંગળ કર્યું. આજે એણે શરીરને વજનરહિત કરવાની સાધના દ્વારા કરેણના પુષ્પમાં સોય પરોવી તેના ઉપર નૃત્ય કર્યું. આ એક વિશિષ્ટ સાધના હતી. તેથી

◆ ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિ, પૂજામૂલં ગુરુપદં, મંત્રમૂલં ગુરુવાક્ય, મોક્ષમૂલં ગુરુકૃપાઃ.

રાજા-પ્રજાએ ઉત્તમ પારિતોષિક આપ્યું. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઈષ્ટ કાર્યોની સિદ્ધિ દેવ-ગુરુની કૃપાથી અને પ્રમાદરહિત ક્રિયા-પ્રવૃત્તિ કરવાથી મળે છે. માટે હે ભવ્યજનો ! પ્રમાદને ત્યજી ધર્મને વિષે ઉદ્યમ કરો. ધર્મ કર્મનો ક્ષય કરશે.

રાજા હરિવાહન ગુરુના ઉપદેશને પોતાના જીવન સાથે સરખાવવા લાગ્યો. પ્રમાદ-ઉપેક્ષા-આળસના કારણે કેટલું ગુમાવ્યું એ શોધવા લાગ્યા. એમને સમજાઈ ગયું કે, પુણ્યથી રાજાની પદવી તો મળી પણ શાસ્ત્રની પદ્ધતિથી જો કાંઈ પણ શુભ કાર્ય-ક્રિયા કરીશ નહિં તો આવતી કાલ 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એ કથન અનુસાર નરકે જવું પડશે. એવું ચિંતન કરી યુવરાજ મેઘવાહનને રાજગાદી ઉપર બેસાડી પરિવાર સાથે ઉપકારી ગુરુવર્યની પાસે જઈ ભાગવતિ દીક્ષા અંગિકાર કરી.

રાજાર્ષિ-હવે અપ્રમત્ત ભાવે આત્મકલ્યાણ કરવા દોષ રહિત શુદ્ધ ક્રિયા કરવા લાગ્યા. જ્ઞાન સાધનામાં પોતાનો અમૂલ્ય સમય વાપરવા લાગ્યા. પરિણામે દ્વાદશાંગીનું અધ્યયન અલ્પ સમયમાં સંયમની ઉત્તમ આરાધના સાથે કરી ચૂક્યા. રોજ ગુરુ મુખે દેશના સાંભળવાની પણ પ્રવૃત્તિ ચાલુ જ રાખી. એક દિવસ ગુરુ મુખે વીશસ્થાનક સંબંધી આરાધના, તેના દ્વારા પ્રાપ્ત થતી તીર્થંકર નામકર્મની લોકોત્તર લક્ષ્મી-પદવીની પ્રાપ્તિ ને પરંપરાએ શાશ્વત સુખની વાતો સાંભળી રાજર્ષિએ વીશસ્થાનકના તેરમા શુભધ્યાન (ક્રિયા) પદનું દ્રઢતાથી આરાધન શરૂ કર્યું. પ્રમાદરહિત, નિષ્કષાયપણે, સ્થિર ચિત્તથી, નિરંતર મૌન અને પ્રતિમા ધારણ કરવા સાથે શુભધ્યાનમાં આરૂઢ થયા. ધ્યાનની ક્રિયા પણ એકાગ્રથી કરવા લાગ્યા. કોઈ સ્થળે દોષ લાગી ન જાય, આશાતના થઈ ન જાય તેની કાળજી રાખવા લાગ્યા.

રાજર્ષિની આરાધનાની સુવાસ શક્રેન્દ્રની રાજસભામાં પણ પ્રસરી. શક્રેન્દ્રે તેઓની ક્રિયા-ધ્યાનની પ્રસંશા અનુમોદના શુભ આશયે કરી અન્ય દેવોને અનુમોદના કરવા પ્રેરણા આપી. અનુમોદનાને સ્થાને શંકા-નિંદા કરનારાઓનો આ જગતમાં તોટો નથી. તેમ ઈન્દ્ર દ્વારા થએલી પ્રસંશાને એક અગ્રમહિષી શંકાની નજરે જોઈ તરત રાજર્ષિની પરીક્ષા કરવા પોતે અનેક દેવીઓ-વિકુર્વી ત્યા પહોંચી ગઈ. ઘણાં નાટ્યારંભ કરી નેત્રબાણથી વિંધવા, ચલિત કરવા પ્રયત્ન કર્યા પણ જ્યારે તેનું કાંઈ જ ચાલ્યું નહી, હાર સ્વીકારવાનો અવસર આવ્યો ત્યારે મુનિની પ્રસંશા કરી ક્ષમા માગી સ્વસ્થાને પહોંચી ગઈ.

હરિવાહન મુનિ નિર્મળ ધ્યાન-ક્રિયાના પ્રભાવે જિનનામકર્મ બાંધી સનતકુમાર દેવલોકમાં પધાર્યા ત્યાં નું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદને શોભતી પ્રવૃત્તિ કરી સુખના સ્વામી થશે.

**ક્રિયાધર્મની જય હો. ધ્યાનની પ્રરૂપણાની જય હો !**



# ૧૪
# શ્રી તપ પદ

**દુહો**

**કર્મ ખપાવે ચીકણાં, ભાવમંગળ તપ જાણ,**
**પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ. ૧**

**દુહાનો અર્થ :**

ચીકણા કર્મોને જે ખપાવે છે (આત્માથી જુદા પાડે છે) તે તપને ભાવમંગળરૂપ તમે જાણો. તપના પ્રભાવે પચાસ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. એવો ગુણની ખાણરૂપ તપ જયવંતો વર્તો. ૧

**ઢાળ**

(અલગી રહેને, રહેને અલગી રહેને – એ દેશી)

**તપપદને રૂજીજે હો પ્રાણી ! તપપદને પૂજીજે.**
**સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે;**
**ક્ષમા સહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે હો પ્રાણી. તપ. ૧**
**તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**
**તો એ તપ આચરણ ન મૂકે, અનંતગુણો તપ મહિમા હો પ્રાણી. તપ. ૨**
**પીઠ અને મહાપીઠ મુનીશ્વર, પૂરવભવ મલ્લિજિનનો;**
**સાધ્વી લખમણા તપનવિ ફળીયું, દંભ ગયો નહિ મનનો હો પ્રાણી તપ. ૩**
**અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચશો પાંચ દિન ઉણા;**
**નંદનઋષિએ માસખમણ કરી, કીધાં કામ સંપુન્ના હો પ્રાણી. તપ. ૪**
**તપ તપિયા ગુણારત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા;**
**ચૌદ હજાર સાધુમાં અધિકા, ધન્ના તપગુણ ભરિયા હો પ્રાણી. તપ. ૫**
**ખટ્ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અભ્યંતર ખટ્ ભેદ;**
**બાર ભેદે તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ હો પ્રાણી. તપ. ૬**
**કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમકાજ;**
**તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ હો પ્રાણી. તપ. ૭**

**ઢાળનો અર્થ :**

હે પ્રાણી ! તપપદની પૂજા કરો. તપ એ સર્વ મંગળમાં પહેલું મંગળ છે.

નિકાચિત કર્મોને પણ જે ટાળી શકે છે. ક્ષમા સહિત આહાર ઉપર ઈચ્છારહિતપણું તે તપ કહેવાય છે. એવા પ્રકારનો તપ કરવાથી આત્મઋદ્ધિને પ્રાણી જોઈ શકે છે, પ્રગટ કરી શકે છે. ૧

જિનેશ્વરો ત્રણ અથવા ચાર જ્ઞાનથી તે ભવે જ પોતાની મુક્તિ છે એમ ચોક્કસ જાણે છે, તો પણ તપની આચરણા મૂકતા નથી. કારણ કે તપનો મહિમા અનંતગુણો છે. ૨

પીઠ અને મહાપીઠ મુનીશ્વર તથા મલ્લિનાથ પ્રભુનો પૂર્વ ભવનો જીવ અને લક્ષ્મણા સાધ્વી એમને તપ કરવા છતાં ફળીભૂત થયો નહિ. કારણ કે, તેમના મનમાંથી દંભ ગયો ન હતો. દંભપૂર્વક તપ કરવામાં આવે તો તે ફળીભૂત થાય નહીં. ૩

નંદનઋષિ (શ્રી મહાવીર પરમાત્માનો જીવ ૨૫મા ભવમાં નંદનઋષિ હતા) એ ૧૧૮૦૫૦૦ માસખમણ કર્યા, જેમાં માત્ર પાંચ દિવસ ઓછા હતા. આ પ્રમાણે તેમણે તપ કરીને પોતાના કર્મોનો ક્ષય કરવારૂપ કામ સંપૂર્ણપણે કર્યું. ૪

ક્ષમાસમુદ્ર એવા ખંધકમુનિએ ગુણરત્ન સંવત્સર નામે તપ કર્યો. ધન્ના અણગાર (ધન્ના કાકંદી) કે જે તપગુણથી ભરેલા હતા તેમને વીર પરમાત્માએ ચૌદ હજાર મુનિઓમાં શ્રેષ્ઠ કહ્યા હતા. ૫

બાહ્યતપના છ ભેદ છે અને અભ્યંતર તપના છ ભેદ છે. એમ બેર ભેદે તપ કરવાથી પ્રાણીની અનેક પ્રકારની ઈચ્છાઓ સફળ થાય છે. ૬

કનકકેતુ રાજાએ પદને આરાધી, આત્માનું કાર્ય સાધી ઉત્તમ એવા તીર્થંકર પદને અનુભવી સૌભાગ્યલક્ષ્મી-મોક્ષલક્ષ્મીના મહારાજ થયા છે. ૭

**★ તપ કરીએ સમતા રાખી ઘટમાં. ★ ઈચ્છાનિરોધ તપઃ**
**★ કેવલ નિર્જરારૂપાય તપઃ ★ સજ્ઝાય સમો તવો નત્થિ.**

**વિવરણ :**

સંસારમાં નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે નયને જૈન ધર્મ માન્ય રાખે છે. અપેક્ષાએ નિશ્ચયનય જ્ઞાનના આધારે ચાલે જ્યારે વ્યવહારનય જ્ઞાનક્રિયાના શુભભાવે ચાલે છે. જીવ જ્ઞાનના સહકારથી પ્રાણવાન ક્રિયા તપાદિ કરે તો ઘણી સફળતાને અનુભવે. ચિકણા કર્મ ખપાવવા માટે ઉત્તમમાં ઉત્તમ સાધન તપ છે. તેથી જ કહ્યું છે કે, 'તપસા નિર્જરા ચ.'

તપ સંબંધિ ૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ ૧૨ પ્રકાર શાસ્ત્રમાં નીચે મુજબ કહ્યા છે. બાહ્યતપનું સેવન કરવાથી અભ્યંતર તપને પુષ્ટિ મળે છે.

ભેદ બાહ્યતપ :

૪ ૧ **અનસન** : ચાર પ્રકારના આહારનો થોડા અથવા ઘણા સમય સુધીનો ત્યાગ. **ચંડકોશિક**

૨ **ઉણોદરી** : ભોજનના ૨૮ થી ૩૨ કવલથી ઓછું ખાવું. **દમદંતમુનિ**

૩ **વૃત્તિસંક્ષેપ** : દ્રવ્ય-ક્ષેત્રાદિથી ખાવા-પીવા અંગે નિયમન. **મુનિસુંદરસૂરિ**

૬ ૪ **રસત્યાગ** : દૂધ, દહિ, ઘી, તેલ, કડા અને ગોળ એ છ વિગઈ ઉપરની આસક્તિનો ત્યાગ. **સ્ત્રીરત્ન સુંદરી**

૫ **કાયકલેશ** : કાઉસ્સગ્ગાદિમાં કાયાની ઉપર સ્થીરતા-કંટ્રોલ રાખવો. **મેઘકુમાર**

૬ **સંલીનતા** : વિષયવાસના રોકવી. અંગોપાંગ સંકોચવા. **સ્થુલીભદ્ર.**

ભેદ **અભ્યંતર તપ :**

૧૦ ૧ **પ્રાયશ્ચિત** : લાગેલા દોષની ગુરુ પાસે આલોચના લેવી. **અઈમુત્તા**

૭ ૨ **વિનય** : દર્શન-જ્ઞાન-ચારિત્રનો આદર-વિનય કરવો. **ગૌતમસ્વામી**

૧૦ ૩ **વૈયાવચ્ચ** : દેવ-ગુરુની વિવિધ પ્રકારે સ્વ દ્રવ્યથી આહારાદિથી ભક્તિ કરવી. **સુબાહુ (બાહુબલી)**

૫ ૪ **સ્વાધ્યાય** : વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપેક્ષા-ધર્મકથા રૂપ પાંચ પ્રકારનો અભ્યાસ કરવો. **મનકમુનિ**

૪ ૫ **ધ્યાન** : ૪ પ્રકારના ધ્યાનમાંથી શુભ (શુકલ) ધ્યાન કરવું. **પ્રસન્નચંદ્ર**

૧૬ ૬ **ઉત્સર્ગ** : (કાઉસ્સગ્ગ) કર્મક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો. **અનાથીમુનિ**

ઉપરના બાર પ્રકારમાં મુખ્યત્વે બાહ્ય રીતે દેખાતા ૬ તપ અપેક્ષાએ સહેલા છે. જ્યારે બાકીના ૬ મનના શુભ પરિણામ દ્વારા દ્રઢતાથી કરવાના હોય છે. બન્નેનો સુમેળ જીવન સંસ્કારીને મોક્ષગામી બનાવે. આ ઉપરાંત ઉપવાસ આદિ તપ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવાના ઉદ્દેશ્યથી કર્મ ખપાવવા માટે કરાય છે. આ જીવ આહારાદિ ચાર સંજ્ઞાનો અનંત કાળથી ગુલામ થયો છે. જે દિવસે તપ કરે તે દિવસે એટલો આહાર •સંજ્ઞા ઉપર વિજય મેળવ્યો એમ સમજવું. ક્યારેક ઉપવાસમાં પણ પારણાદિકની ચિંતા કરી એ કારણે પણ અતિચાર લાગે.

પચ્ચક્ખાણ ભાષ્યમાં નવકારશીથી અઠ્ઠમ સુધીના પચ્ચક્ખાણનો અધિકાર ખૂબ સ્પષ્ટ રીતે આવે છે. તેમાં ૧. અનાગત, ૨. અતિક્રાન્ત, ૩. કોટિસહિત, ૪. નિયંત્રિત, ૫. અનાગાર, ૬. સાગાર, ૭. નિરવશેષ, ૮. પરિમણાકૃત, ૯.

• આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા

સાંકેતિક, ૧૦. અદ્ધા, એવા ૧૦ પ્રકાર દર્શાવ્યા છે. હવે નવમાં સાંકેતિક પચ્ચક્ખાણના આઠ પેટા ભેદ છે. સામાન્ય રીતે નવકારસીના પચ્ચક્ખાણમાં ૪ (ભાંગા) વિચાર આવે છે. ત્યાર પછીના પચ્ચક્ખાણમાં તેથી વધુ આવે. તેજ રીતે નીચે મુજબ પચ્ચક્ખાણ પારતી વખતે પણ આરાધકને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૧ ફાસિઅં - પચ્ચક્ખાણ (નો સમય) પૂર્ણ થયું છે. તે વિચારવું.

૨ પાલિઅં - સતત કરેલા પચ્ચક્ખાણ સંબંધિની જાગૃતિ ઉપયોગ.

૩ સોહિઅં - ગુરુ મહારાજ - સાધર્મિકની ભક્તિ કર્યાબાદ વાપરવું.

૪ તીરિઅં - પચ્ચક્ખાણ તારનારી આરાધના છે. એમ સમજી પચ્ચક્ખાણ આવ્યા બાદ ૧૦/૧૫ મીનીટ પછી વાપરવું.

૫ કીટ્ટીઅં - કરેલા પચ્ચક્ખાણનો આનંદ અનુભવવો, ધન્ય ઘડી આજ શક્તિ ગોપાવ્યા વિના મેં તપ કર્યું.

૬ આરાહિયં - વિધિપૂર્વક પચ્ચક્ખાણની આરાધના કરી.

કોઈપણ નાનું મોટું પચ્ચક્ખાણ કરતાં પૂર્વે તે જ્ઞપરિજ્ઞાનું કરું છું કે પ્રત્યાખ્યાન પરીજ્ઞાનું તે શોધી લેવું જોઈએ. જ્ઞપરીજ્ઞા દ્વારા પાપો કઈ રીતે બંધાય તે જાણવું અને પ્રત્યાખ્યાન પરીજ્ઞા દ્વારા પાપો બંધાતા અટકાવવાનો પ્રયત્ન કરવો, નિયમ લેવો, પચ્ચક્ખાણ કરવું. ઉદ્દેશ જો સમજાય તો તેથી જીવનમાં ઘણા પરીવર્તન-ફાયદા થાય. લાંઘણ રૂપે અથવા નિયાણારૂપે કરવામાં આવતું તપ નિરર્થક છે. કદાચ નવા પાપનો તેથી બંધ પણ થઈ શકે. કેટલાક તપ આર્તધ્યાન-રીસામણ-કષાય જેવા કારણે જીવ કરવા પ્રેરાય છે, તે બધા અનર્થકારી છે.

નવતત્ત્વમાં આશ્રવ-સંવર-નિર્જરા અને બંધ એ ચારની રજુઆત કરી છે. છતાં એ બધા એક અપેક્ષાએ એક બીજાના વિરોધી છે. કર્મને આવવાના દ્વારને આશ્રવ કહેવાય છે. આવી રહેલા કર્મને રોકવા અટકાવવાનું કામ સંવરરૂપે તપાદિ દ્વારા થાય છે. બાંધેલા કર્મ ઉદયમાં આવતા હોય તો તેવા કર્મને ક્ષમાદિ દ્વારા સત્કારવા સમભાવે સહી લેવા તે-નિર્જરા. હવે જે નવા કર્મનો બંધ થાય છે. તેનું કારણ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ છે. તે ન વધે પૂર્વના આશ્રવાદિથી ઓછા થાય તે માટે કર્મ ખપાવવા કર્મની નિર્જરા કરવા તપ સર્વોત્તમ સાધન છે. આશ્રવાદિ ૪ના કુલ – ૪૨+૫૭+૧૨+૪+૯=૧૧૫ ભેદ છે.

તપ બાંધેલા કર્મ ખપાવવા માટે શુદ્ધ ભાવે કરવાનું હોય છે. જો ભાવ અશુદ્ધ તો તપ અશુદ્ધ, તેથી જીવને વધારે ભમવું પડશે. માટે જ 'તપ કરીએ સમતા રાખી ઘટ'માં એમ કહેવામાં આવ્યું છે.

સાધ્વી લક્ષ્મણાએ ગુરુ પાસે માયા કરી પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું. ગુરુ બધું સમજી ગયા, છતાં ગંભીર થઈ પ્રાયશ્ચિત્ત આપ્યું. ગુરુના કથન અનુસાર એ બધું જ પ્રાયશ્ચિત્ત સાધ્વીજીએ પૂર્ણ પણ કર્યું પરંતુ માયા સહિત એ બધું કર્યું તેથી જીવનની શુદ્ધિ જે રીતે થવી જોઈએ તે રીતે ન થઈ.* શાસ્ત્રમાં કહ્યું છે કે, માયાશલ્ય નિયાણ શલ્ય અને મિથ્યાત્વશલ્ય રહિત તપધર્મનું આરાધન કરો. મનદંડ, વચનદંડ અને કાયદંડથી આત્મા વારંવાર દંડાય છે. તેને જો બચાવવો હોય તો મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિને ગોપવી નવા કર્મ બાંધતા અટકાવો.

તપમાં આયંબિલ એક કલ્યાણકારી-મંગળકારી તપ છે. આવું બીજા કોઈ ધર્મમાં તપ બતાડ્યું નથી. વૈજ્ઞાનિકોએ શરીર સ્વાસ્થ્ય માટે લુક્ખું ખાવું સર્વોત્તમ ઉપાય કહ્યો છે. છ વિગઈ શરીરને બગાડે છે. વિચારકોએ ઉપવાસને પોતાનું ઘર, આયંબિલ એ મિત્રનું ઘર અને એકાસણું વિગઈમય ભોજનને શત્રુનું ઘર કહ્યું છે. કર્મ વિજ્ઞાનમાં કર્મ બાંધવાના ક્રમમાં સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચીતના ૪ પગથિયાં કહ્યા છે. નિકાચીત કર્મ પણ આ તપ ધર્મના કારણે ઢીલા થઈ શકે છે, ખપી શકે છે.

સંસારમાં અરિહંત-સિદ્ધ-સાધુ-કેવલી પ્રરૂપીત ધર્મ એ ચાર પરમ મંગળ છે. અને એ ચારે તપ-ની સાધના કરેલી છે. એટલે સર્વ મંગળમાં તપ પહેલું મંગળ છે. નિકાચીત કર્મોનો ક્ષય કરવા માટે તપ રામબાણ ઉપાય છે. એજ રીતે ૪૮ (૫૦) લબ્ધિની પ્રાપ્તિ પણ તપથી જ આરાધકને થાય છે. જે કોઈ પણ લબ્ધિધર મહાપુરુષો થયા છે તે સર્વએ તપનું શરણું લીધું છે, એમ કહી શકાય. બાહ્ય-અભ્યંતર તપ સાધના માટે રાજમાર્ગ છે.

તપનો વિસ્તારથી અર્થ કરીશું તો સંસારી જે કાંઈ ધન કમાવા પુરુષાર્થ કરે છે તે પણ શું તપ (મહેનત) નથી ? વિદ્યાર્થી પરીક્ષામાં ૮૫-૯૦ ટકા માર્ક મેળવવા દિવસ રાત ઉજાગરા કરે છે. સારું પરિણામ મેળવે છે. તે પણ શું તપ નથી ? એક વાત નિશ્ચિત છે કે, આ તપ કર્મ ખપાવવા કે ધર્મ આરાધનાની બુદ્ધિથી કર્યા નથી. આટલી જ મહેનત શુદ્ધ તપ કરવા પાછળ કરે તો ?

તીર્થંકર થવા માટે જેમ વીશસ્થાનકની ઉત્તમ પ્રકારની આરાધના તપમાં છૂપાઈ છે. તેમ તીર્થંકર થયા પછી પણ ઘાતિકર્મ ખપાવવા માટે અને છેલ્લે નિર્વાણ પદ પ્રાપ્ત કરવા માટે પણ વીતરાગ પ્રભુ અણસન સહિત તપ કરતા હોય છે. એનો અર્થ એજ કે, શાશ્વત એવું તપ પદ શાશ્વત આત્માને શાશ્વતાસ્થાને પહોંચાડવા સમર્થ છે. તેથી જ તપનું આરાધન કરવા પ્રભુએ ઉપદેશ આપ્યો. સાધ્ય ને સાધનની અપેક્ષાએ સાધન-તપ છે. સાધક-જીવ છે, સાધ્ય-મોક્ષ પ્રાપ્તિ છે.

---

* મલ્લિકુમારી (તીર્થંકર) બ્રાહ્મી, સુંદરીએ પણ પૂર્વ ભવે માયાસહિત તપ કરેલ.

તપનો ઉદય ન હોવાથી કુરગુડુ મુનિએ જીવનમાં તપ કરવા ઘણી ભાવના ભાવી પણ તપના અંતરાયના તથા આહાર સંજ્ઞાના કારણે એ કરી ન શક્યા. છતાં અભ્યંતર તપમાં વિનય-ગુણના કારણે એ આહાર કરતાં કેવળી થયા. ધન્ય છે, અનાસક્ત ભાવે આહાર કરનાર જીવને !

ભ. ઋષભદેવને યાદ કરો. ૪૦૦ શ્વાસોશ્વાસ જેટલા સમયનો બળદના જીવને ખાવામાં અંતરાય કર્યો. ફળ સ્વરૂપ ૪૦૦ દિવસ શુદ્ધ ગોચરી ન મળી. જે ખપે છે તે કોઈ આપતા નથી અને જે ખપતું નથી એ અર્પણ કરવા જીવો પ્રયત્ન કરે છે. આ બાંધેલો અંતરાય ૪૦૦ દિવસે જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવે રાજપુત્ર શ્રેયાંસકુમારે પૂર્ણ કર્યો. તેથી જ આદેશ્વર ભ.ને પ્રથમ રાજા, પ્રથમ મુનિ, પ્રથમ ભીક્ષાચર અને પ્રથમ તીર્થંકર કહેવાય છે.

તપને સંઘયણ સાથે પણ થોડો સંબંધ છે. તેથી એક વર્ષ સુધીના નિર્જલ ઉપવાસ ભ.ઋષભદેવના શાસનમાં ૯ મહિના સુધીના નિર્જલ ઉપવાસ ૨૨ તીર્થંકર પ્રભુના શાસનમાં અને પ્રભુ વીરના શાસનમાં છ મહિનાના ઉપવાસ વધારેમાં વધારે કરવાની વીતરાગ પ્રભુના શાસનમાં આજ્ઞા છે.

સમકિતના ૬૭ બોલમાં જિનશાસનના ૮ પ્રભાવકોનું વર્ણન આવે છે. તેમાં પણ પાંચમાં પ્રભાવક તરીકે તપસ્વીઓને યાદ કરવામાં આવ્યા છે. દુર્લભ સમકિતની પ્રાપ્તિ દુર્લભ એવા નિમિત્તથી જ થાય અને એજ સમકિતી તપસ્વીઓ તપ દ્વારા શાસનની ખૂબ પ્રભાવના કરવા ભાગ્યશાળી બને છે. ઈતિહાસની ડાયરીમાં સુવર્ણાક્ષરે અનેકાનેક તપસ્વીઓના નામો અને તપની નોંધ આવે છે. જે વાંચી અનુમોદના કરવાની આ જીવને તક મળે છે.

એક અઠ્ઠમ જેવી તપશ્ચર્યા (૧) શ્રુતદેવતાને તથા (૨) ક્ષેત્રદેવતાને વિવિધ પ્રકારે પ્રસન્ન કરવા માટે, (૩) ચક્રવતિને છ ખંડ જીતવા માટે (૧૩ વખત), (૪) સર્વવિરતી ધર્મની આરાધકના માટે, (૫) ભ. વીરનું અઠ્ઠમતપ દ્વારા ચંદનબાળાએ પારણું કરાવ્યું માટે, (૬) વાર્ષિક આલોચનારૂપે પર્વાધિરાજ પર્યૂષણ મહાપર્વમાં●, (૭) પોષ દશમના દિવસે પાર્શ્વનાથ ભ.ની આરાધના નિમિત્તે, તેજ રીતે (૮) અખંડ આયંબિલ તપના કારણે દ્વારીકા નગરી ૧૨ વર્ષ સુધી બાળી ન શકાઈ, વિગેરે. તપ એ વિઘ્નહર અને મહામંગળકારી છે.

---

● પ્રાયશ્ચિત્ત અંગત જેમ લેવામાં આવે છે. તેમ સામુદાયિક રીતે-૨૧ પક્ખીના-૨૧ ઉપ. ત્રણ ચોમાસીના ૩x૨=૬ ઉપવાસ અને પર્યૂષણા નિમિત્તે ૩ કુલ-૩૦ ઉપવાસ એક વર્ષમાં કરવા જોઈએ. તેજ રીતે એક વર્ષમાં કુલ-૧૮૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત રૂપે કરાય છે. (૩૬૫x૪=૧૪૬૦, ૧૨x૨૧=૨૫૨, ૨૦x૩=૬૦, ૪૦x૧=૪૦ એમ કુલ ૧૮૧૨)

તપ : ભવ આલોચના રૂપે, જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધના સંબંધિ પ્રાયશ્ચિત્ત રૂપે, દેવસિય પ્રાયશ્ચિત્ત રૂપે, રત્નત્રયીની શુભ આરાધના રૂપે, વિનય-વિવેક-સંસ્કારની અભિવૃદ્ધિ રૂપે (બાહ્ય-અભ્યંતર) એમ અનેક પ્રકારે જીવે કરવાના હોય છે. તેમાં બુદ્ધિશાળી આરાધક આત્મા પ્રાયશ્ચિત્ત રૂપે જે આલોચના આવેલી હોય તે સર્વ પ્રથમ પૂરી કરવા પ્રયત્ન કરે છે. કદાચ આલોચના પૂર્ણ કર્યા વગર આયુષ્ય પૂર્ણ થાય અથવા શારીરિક પ્રતિકુળતા ઊભી થાય તો એ દેવું માથા પર રહી જાય. રત્નત્રયીની આરાધના બીજી રીતે પણ થઈ શકે છે.

શાસ્ત્રકારોએ પરમ ઉપકાર કરી દિવસ દરમ્યાન જે સામુહિક પાપનો બંધ કર્યો હોય તે માટે વ્યક્તિગત રીતે પણ આલોચના-પ્રાયશ્ચિત્ત દર્શાવેલ છે. અને તેથી જ રોજ કર્મક્ષય નિમિત્તે ૧૦/૨૦ લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ મુઠ્ઠસિ-ગંઠસિ જેવા પચ્ચક્ખાણ કરી ટીપે ટીપે પ્રાયશ્ચિત્તનું સરોવર ખાલી કરવાનું કહ્યું છે.

ઘણાંની એવી માન્યતા છે કે, તપ કરવાથી શરીરનું વજન ઘટે છે. પારણાં પછી હોસ્પિટલ કે ડૉક્ટરની સેવા લેવી પડે છે. તપ દેખાદેખીથી અથવા લોભથી થાય છે. પણ હકીકતમાં આ બધી અજ્ઞાનતા ભરી માન્યતા છે. ખરી રીતે તપ કરનાર પારણામાં વિવેક રાખે તો કાંઈજ તકલીફ થતી નથી. ઉલટું શરીર નિરોગી-સ્વસ્થ-સ્ફુર્તિવાળું બને છે. એક વાત એટલી જ સાચી છે કે, નામકર્મ અને વેદનીય કર્મ જેવું બાંધેલું હોય તેવું જ ઉદયકાળે અનુભવવું પડે છે.

સતી દમયંતિજીએ આયંબિલ તપ દ્વારા આરાધના કરી તીર્થંકર નામકર્મ બાંધેલ. ભરત ચક્રવર્તીનું સ્ત્રીરત્ન સતીસુંદરીએ ૬૦ હજાર વર્ષ સુધી સર્વવિરતિ પ્રાપ્ત કરવા માટે ખાસ આયંબિલની તપસ્યા કરેલ. જે અંતે ભરત ચક્રવર્તીએ ચારિત્ર લેવાની રજા આપી તે કારણે ફળી.

તપ : (૧) વીર્ય (શક્તિ) છૂપાવી કરો, વીર્યાંતરાય કર્મ બંધાશે. (૨) સુખ-શીલતાથી કરો અશાતાવેદનીય કર્મ બંધાશે. (૩) પ્રમાદ-આળસથી કરો ચારિત્ર મોહનીય કર્મ બંધાશે. (૪) દેહ-શરીરની મૂર્ચ્છાથી કરો પરિગ્રહનું પાપ લાગશે. અને (૫) શક્તિ-સામગ્રી-સાનુકૂળતા છતાં ન કરો તો માયા કરી કહેવાશે. માટે જ તપ નિષ્કામ બુદ્ધિથી નિયાણું કર્યા વગર કર્મક્ષય માટે કરવું શ્રેયસ્કર છે.

તપસ્વી ક્યારે તપસ્વી કહેવાય ? જ્યારે તેણે ન ખાવાના પચ્ચક્ખાણ સમયની ધારણાથી કર્યા હોય ત્યારે. આ જીવ ૪ પ્રકારનો આહાર, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ગ્રહણ કરે છે. બીજા શબ્દમાં લોમઆહાર, ઓજઆહર અને કવલઆહાર પણ શાસ્ત્રમાં કહ્યો છે. ચાર ગતિના જીવોમાં દેવગતિના જીવોને આયુષ્ય ઘણું હોય પણ તે આહાર મનુષ્યની જેમ દિવસમાં અનેક વખત કરતા નથી.

૧-૨-૩ આરાના યુગલિક જીવોનો આહાર અલ્પાતી અલ્પ માત્રામાં હોય છે. માત્ર મનુષ્ય જ જો મર્યાદિત કવલઆહાર કરે તો તે તપસ્વી થઈ શકે. અન્યથા દુર્ગતિના દ્વારો એના માટે ખુલ્લાં જ છે.

મુનિઓ સંયમ લીધા પછી મુખ્યત્વે જ્ઞાનની આરાધના તપ-જપ-ક્રિયા-ધ્યાનાદિ દ્વારા કરવાના અનુરાગી હોય. સામાન્ય રીતે નાના-મોટા ૨૭ આગમોના તેઓને યોગાવહન-જોગ (તપ) કરવાના હોય છે. આટલી દીર્ઘ આરાધના કરવાથી આગમો વાંચવાનું મુખ્ય પુણ્યકાર્ય તેઓ કરી શકે. ખાસકરી તપસ્યા ૧. આ લોકાર્થે ન કરે. ૨. પરલોકાર્થે ન કરે. ૩. યશ કીર્તિ વધારવા માટે ન કરે. ૪. માત્ર ચિકણા કર્મોનો ક્ષય કરવા અને જ્ઞાનની આરાધના કરવા માટે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરતા હોય છે. જ્ઞાનામૃત ભોજનં તેથી કહેવાય છે.

ઘણાં પુણ્યાત્મા વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરવાના કિનારે આવે છે. ત્યારે આ દીર્ઘ તપ તેઓને ઓછા દ્રવ્ય, મનગમતાં દ્રવ્યનો ત્યાગ અને ફરસાણથી દૂર રહેવાની ભાવના અર્પે છે. શુભ યોગ, શુભ ઉપયોગ, સમાધિ અને સમતા જીવનમાં તેઓ વણી લે છે. પછી એ તપ કરું છું એવા વિચારના સ્થાને શરીરને ભાડું આપું છું, એવું વિચારી તપ કરે.

જે આત્મા ઉપવાસ જેવું નાનું તપ કરી ન શકે તેવા આત્માઓને માટે ૧-ઉપવાસ, ૨-આયંબિલ, ૩-નિવિ, ૪-એકાસણા, ૮-બિયાસણા, છેવટે ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરી તપ પૂર્ણ કરવા માટે જ્ઞાનીઓની આજ્ઞા છે. સૌ જીવો યથાશક્તિ તપ કરી ધન્ય બને, એજ મુખ્ય ઉદ્દેશ છે.

તપ મુખ્યત્વે મનોબળ અને કાયબળથી થાય છે. જીવનમાં સમયની તકની અવસરની જયાં સુધી કિંમત ન સમજાય ત્યાં સુધી આ સંસારનો રસિયો જીવ કાંઈજ સાધી-સમજી-મેળવી ન શકે. તેથી નીચેના ચાર વિચારનો હિસાબ સમજુ આત્માએ કરી લેવો જોઈએ.

(૧) **નુકસાનકારી** - આ ભવમાં ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, ખાદ્ય-અખાદ્ય ખાઈ દુર્ગતિના દ્વારે જવા સમય વેડફ્યો.

(૨) **નકામી** - પાણીને વલોવ્યા જેવું, નિયમા લાભ ન થાય તેવું કર્મ-કાર્ય કર્યા કર્યું. જિંદગી નકામી વેડફી.

(૩) **જરૂરી** - જ્ઞાનીનો સમાગમ કરી આ કાયા દ્વારા શું કરવા જેવું છે. તે જાણવાનો ઉદ્યમ કરવો જરૂરી છે.

(૪) **ઉપયોગી** - આ જીવનમાં પાંચે ઈન્દ્રિયોને યોગ્ય રીતે વાપરવા જે પ્રયત્ન કરે છે તેના જન્મ-મરણના ફેરા ટળે છે.

માટે જ તનનો તંબુરો બેસુરો થાય, તે પહેલાં આત્મ ચિંતનનું સંગીત વગાડી લો.

**તપપદ – શ્રી કનકકેતુ રાજા કથા :**

સંસારમાં સંજ્ઞાપ્રધાન જીવો (હિત-અહિતનો વિચાર હોતો નથી.) પ્રજ્ઞાપ્રધાન જીવો-(આલોક-પરલોકના હિતનો વિચાર કરનારા) અને આજ્ઞા પ્રધાન જીવો-(વીતરાગની આજ્ઞાને મહત્વ આપનારા) હોય છે. તેમાંથી પ્રથમ પ્રકારના જીવો તપ ધર્મનું જે રીતે આરાધન કરવું જોઈએ તે રીતે કરતા નથી. તેથી જીવન હારી જાય છે. જ્યારે ત્રીજા નંબરના જીવો આજ્ઞાને શિરોધાર્ય કરી ધન્ય બને છે. માટે જ કનકકેતું રાજાએ તપધર્મની આરાધના કઈ રીતે કરી જીવન સફળ કર્યું તે જોઈએ.

કાંપિલ્યપુર નગરીનો વિશ્વંભર રાજા અને કનકાવલી રાણી ઘણાં વર્ષે પુત્ર રત્નને પ્રાપ્ત કરી આનંદીત થયાં હતાં. યોગ્ય સમયે રાજપુત્ર-કનકેતુને રાજા-રાણીએ કલાચાર્ય પાસે સર્વ કળામાં પ્રવિણ બનાવવા મોકલ્યો પણ પુત્ર મોહનીય કર્મના કારણે ધર્મથી વિમુખ થવા લાગ્યો તેથી રાજા-રાણી મનમાં દુઃખ અનુભવતા હતા.

એક દિવસ નગરી બહાર ઉદ્યાનમાં શ્રુત કેવલી શાંતિસૂરિ પરિવાર સાથે પધાર્યા. જ્ઞાનીગુરુની સેવા સુશ્રુષા કરવી તેઓની પાસે ધર્મનું શ્રવણ કરવું એ પ્રાચીન પ્રણાલીકા હતી. તે મુજબ રાજા પાંચ અભિગમ સાચવી પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી દેશના સાંભળવા યોગ્ય આસને બેઠા. પુત્ર પણ પિતાની સાથે બેઠો.

દરેક પિતામાં પુત્રનું કલ્યાણ થાય તેવી ભાવના છૂપાયેલી હોય છે. તેથી દેશના દરમ્યાન રાજાએ વિનય પૂર્વક ગુરુ મહારાજને પૂછ્યું, પ્રભો ! મારો પુત્ર ધર્મ પામશે કે વૃથા જન્મ ગુમાવશે ?

ઉપકારી ગુરુવર્યે રાજાના મનનું સમાધાન કરતાં કહ્યું, ભાગ્યશાળી પુત્ર માટે વૃથા ચિંતા ન કરો. પુણ્યના યોગે જે રીતે એ રાજકુળમાં જન્મ્યો છે, તેજ રીતે શુભકર્મનો જ્યારે ઉદય આવશે ત્યારે એ ધર્મ પામશે. છતાં પુરુષાર્થ અવસરે કરવો જોઈએ. કોઈ પણ આત્મા ભવિતવ્યતાના યોગે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રી સમયસર મળ્યા પછી જ ધર્માનુંરાગી થાય છે. એ માટે ત્રણ મુનિઓનું દ્રષ્ટાંત કેવળી ભ. દ્વારા સાંભળેલું તમને કહું છું.

એકદા ત્રણે મુનિઓએ કેવલી ભ.ને પૂછ્યું, અમે ક્યારે મોક્ષમાં જઈશું ? જવાબમાં કેવળી ભગવંતે કહ્યું, તમે આજ ભવમાં સર્વકર્મનો ક્ષય કરી મોક્ષમાં જશો.

કેવળજ્ઞાનીનું વચન કોઈ દિવસ મિથ્યા થનાર નથી. એવી દ્રઢ શ્રદ્ધા હોવા

છતાં એ ત્રણે મુનિઓ પ્રવજ્યા ત્યજી ગૃહસ્થી બન્યા. સંસારના વિષય સુખ ભોગવવા લાગ્યા. પરંતુ અલ્પકાળમાં જ ભોગાવલી કર્મ ક્ષીણ થયું ત્યારે ભોગથી વિરકત પણ બન્યા. પોતે આચરેલા કુકર્મની ખરા હૃદયપૂર્વક નિંદા કરવા લાગ્યા. સદ્ભાગ્યના યોગે ફરીથી ગુરુ પાસે જઈ પાપને આલોવી ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો. જેમ ૧૪મા ગુણસ્થાનકે ચઢી રહેલો આત્મા ૧૧મા ગુણસ્થાનકને ઓળંગવા જતાં મોહનીયના કારણે છેક નીચે પડી જાય પણ ચેતી જવાથી જલ્દી એ ગુણ સ્થાનકનું આરોહન કરે તેમ આ ત્રણે મુનિ શુકલધ્યાન રૂપી અગ્નિથી સર્વ કર્મ મળને બાળી-ક્ષય કરી કેવળ લક્ષ્મીને પામ્યા. તેમ તમારો યુવરાજ પુત્ર પણ કર્મ ક્ષીણ થયે આજ ભવમાં મોક્ષે જશે. એ આત્મા પણ હળુકર્મી છે.

કર્મની લીલાને સાંભળી, વિશ્વંભર રાજાએ કનકકેતુને રાજગાદી ઉપર સ્થાપી ઉલ્લાસથી ઉત્સવપૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. બાહ્ય-અભ્યંતર તપ દુષ્કર રીતે કરી નિર્મળ ધર્મધ્યાનથી અલ્પ સમયમાં ક્લિષ્ટ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનને પામ્યા.

કનકકેતુ રાજા થયા બાદ વિષય સુખ ભોગવે છે ને રાજ્યને નીતિમય સંભાળે છે. અચાનક એક દિવસ રાજાના શરીરે દાહજવર ઉત્પન્ન થયો. વ્યાધિએ રાજાના બધા સુખ હરી લીધા. દિવસ રાત બધાને એકજ ચિંતા થઈ વ્યાધિ ક્યારે મટશે ? ક્યારે રાજા શાતા પામશે ?

રાત્રીનો સમય હતો. મધ્યરાત્રીએ રાજા અર્ધજાગૃત અવસ્થામાં હતા. તેવામાં કોઈ એક વ્યક્તિ સંસ્કૃત શ્લોક મધુર રીતે બોલતો હતો. તે સાંભળી રાજા સ્વસ્થ થઈ શ્લોકના અર્થનું ચિંતવન કરવા લાગ્યો.

શ્લોક આવો હતો :

**સુખાય સર્વ કંતુનાં, પ્રાયઃ સર્વાઃ પ્રવૃત્તયઃ ।**
**ન ધર્મેણ વિના સૌખ્યં, ધર્મશ્ચારંભવર્જનાત્ ।।**

**અર્થ** : ઘણું કરી સર્વ જીવો સુખ માટે પ્રવૃત્તિ કરે છે. પરંતુ સુખ ધર્મ વિના મળતું નથી અને તે ધર્મ આરંભ-સમારંભ ત્યજવાથી થાય છે. ટૂંકમાં, સુખાર્થી પુરુષોએ ધર્મમાં તત્પર રહેવું, ઉદ્યમશીલ રહેવું.

રાજાએ આખી રાત્રી ચિંતન-મનનમાં પસાર કરી. સુખ શાંતિનો, આત્મ-કલ્યાણનો માર્ગ કોઈ ઉપકારી મને કહી રહ્યા છે. હવે મારે પુરુષાર્થ કરવો જ પડશે. માટે નિર્ણય કર્યો કે, જો મારો વ્યાધિ દૂર થશે તો હું પણ આધિ-વ્યાધિ-ઉપાધિ ત્યજી શાશ્વત સુખ પ્રાપ્ત કરવા સવારે જ સંયમ ગ્રહણ કરીશ.*

---

* અનાથીમુનિ પણ આજ રીતે સંયમી થયા.


સંકલ્પ-ભાવના-પુરુષાર્થમાં જ સિદ્ધિ છૂપાઈ છે. રાજાની વેદના તરત દૂર થવા લાગી. સવાર થતાં જ સંકલ્પ મુજબ રાજા તરત જ રાજ્યની વ્યવસ્થા કરી પૂ. શાંતિસૂરિ મ.ના શરણે પહોંચી ગયા. જન્મ-મરણ ઘટાડનારી ભાગવતિ દીક્ષા લઈ ધન્ય બન્યા.

જ્ઞાની ભગવંતે હિતશિક્ષા આપતાં રાજાને કહ્યું, સંસાર ઘટાડવો હોય તો જન્મ-મરણ ઘટાડો. જન્મ-મરણ ઘટાડવા હોય તો કષાયોને ઘટાડો. તેના માટે ઉત્તમ પ્રકારે જ્ઞાન-દર્શન-ચારિત્રનું આરાધન તપના માધ્યમથી કરો. વીશસ્થાનક એ તીર્થંકરપદ દાતાર છે. તેનું આરાધન કાર્યની સિદ્ધિ અપાવશે.

કનકકેતુ રાજા હવે જાગ્રત થઈ ગયા હતા. તેણે ગુરુ પાસે આજીવન ચોથ ભક્તથી વધુ તપ અને પારણે આયંબિલ આરાધન સવિધિએ કરી ધર્મમાં સ્થિર થયા. ઘોર તપસ્યાના કારણે કનકકેતુ મુનિએ પણ ખંધકઋષિની જેમ કાયાને ગાળી નાખી. નિત્ય ઉગ્ર આરાધના કરવામાં આગળ વધવા લાગ્યા. ગોચરી પણ દોષરહિત વહોરવા જતા હતા.

મુનિની શ્રદ્ધા અને ભક્તિની પરીક્ષા કરવા વરૂણ નામે ઈન્દ્રનો લોકપાલ દેવ આવ્યો. વિવિધ રીતે ગોચરી અશુદ્ધ કરવા પ્રયત્નો કર્યા. પણ સમભાવે તપના અનુરાગી મુનિ સહેજ પણ ચલાયમાન ન થયા. છ-છ મહિનાના ઉપસર્ગ પછી મુનિએ પારણું ધનંજય શ્રેષ્ઠીને ત્યાં નિર્દોષ ગોચરી લાવી કર્યું. વરૂણદેવે પણ મુનિની પ્રસંશા કરી મહિમા વધાર્યો.

કનકકેતુ મુનિ તપ પદ ધર્મની ઉત્કૃષ્ટ આરાધન કરી આયુષ્ય પૂર્ણ કરી ચોથા દેવલોકમાં સુખના સ્વામી થયા. ત્યાથી મહાવિદેહ ક્ષેત્રમાં જિનપદ પામી ચિદાનંદ પદને પ્રાપ્ત કરશે.



15

# ૧૫

# શ્રી ગૌતમ (દાન) પદ

**દુહો**

**છઠ છઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;**
**એ સમ શુભપાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ. ૧**

**દુહાનો અર્થ :**

છઠ્ઠ છઠ્ઠ તપનું પારણું કરનાર, ચાર જ્ઞાનને ધારણ કરનાર, ગુણના ઘર એવા ગૌતમસ્વામી સમાન બીજું કોઈ શુભ પાત્ર નથી. એવા ગૌતમસ્વામીને નમસ્કાર થાઓ. ૧

**ઢાળ**

(દાદાજી મોહે દર્શન દીજે હો – એ દેશી)

**દાન સુપાત્રે દીજે હો ભવિયા ! દાન સુપાત્રે દીજે;**
**લબ્ધિ અઠાવીશ જ્ઞાની ગોયમ, ઉત્તમ પાત્ર કહીજે. હો ભવિયા. ૧**

**મુહૂર્ત્તમાં ચોદપૂરવ રચિયાં, ત્રિપદી વીરથી પામી;**
**ચોદશેં બાવન ગણધર વાંદ્યા, એ પદ અંતરજામી. હો ભવિયા. ૨**

**ગણેશ ગણપતિ મહામંગલપદ, ગોયમ વિણ નવિ દુજો;**
**સહસ કમલદલ સોવન પંકજ, બેઠા સુર નર પૂજો. હો ભવિયા. ૩**

**ક્ષીણમોહી મુનિ રત્નપાત્ર સમ, બીજા કંચનસમ પાત્ર;**
**રજતનાં શ્રાવક સમકિત ત્રંબા, અવિરતિ લોહ મટ્ટી પત્તા. હો ભવિયા. ૪**

**મિથ્યાત્વી સહસથી એક અણુવ્રતી, અણુવ્રતી સહસથી સાધુ;**
**સાધુ સહસથી ગણધર જિનવર, અધિક ટાળે ઉપાધી. હો ભવિયા. ૫**

**પાંસ દાન દશ દાનમાં મહોટાં, અભય સુપાત્ર વિદિતા;**
**એહથી હરિવાહન હુઓ જિનવર, સોભાગ્યલક્ષ્મી ગુણગીતા. હો ભ. ૬**

**ઢાળનો અર્થ :**

હે ભવ્યજીવ ! સુપાત્રે દાન આપીએ. અઠ્ઠાવીશ લબ્ધિના ધારક, ચાર જ્ઞાની એવા શ્રી ગૌતમસ્વામીને ઉત્તમ પાત્ર કહીએ. ૧

એક મુહૂર્તમાં જેમણે વીર પરમાત્મા પાસેથી ત્રિપદી (ઉપન્નેઈ વા, વિગમેઈ

વા, ધુવેઈ વા) પામીને ચૌદપૂર્વની રચના કરી એવા શ્રી ગૌતમસ્વામીને વાંદવાથી ચોવીશે પ્રભુના ચૌદસે બાવન ગણધરને વાંદ્યા એમ સમજવું. ૨

ગણેશ, ગણપતિ કે મહામંગળપદ શ્રી ગૌતમસ્વામી વિના અન્ય નથી. સહસ્ત્ર પત્રવાળા સુવર્ણ કમળ પર બેઠેલા શ્રી ગૌતમસ્વામીને હે દેવો અને મનુષ્યો ! તમે પૂજો. ૩

ક્ષીણમોહી (૧૨-૧૩-૧૪ ગુણસ્થાનકે રહેલા) મુનિ રત્નના પાત્ર સમાન જાણવા. બીજા મુનિઓને સુવર્ણપાત્ર સમાન જાણવા. શ્રાવકને રૂપાના પાત્ર સમાન જાણવા. બીજા અવિરતિ મિથ્યાદ્રષ્ટિ વગેરેને લોહના અને માટીના પાત્ર સમાન જાણવા. ૪

એક હજાર મિથ્યાત્વી કરતાં એક અણુવ્રતધારી શ્રાવક, એક હજાર અણુવ્રતી કરતાં એક સાધુ, એક હજાર સાધુ કરતાં એક ગણધર અને હજાર ગણધર કરતાં એક જિનેશ્વરને અધિક અધિક ઉપાધિના ટાળનારા કહ્યા છે. ૫

દશ પ્રકારના દાન કહ્યાં છે, તેમાં પાંચ પ્રકારનાં દાન મોટાં કહ્યાં છે. તેમાં પણ અભયદાન અને સુપાત્રદાન એ બે દાન પ્રસિદ્ધ ગણાય છે. એ દાન દેવાથી હરિવાહન રાજા જિનવર થયેલ છે. સૌભાગ્યલક્ષ્મીસૂરિ તેમના ગુણ ગાય છે. ૬

**★ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને નમઃ**

**વિવરણ :**

ગોયમ-ગૌતમ-ઈન્દ્રભૂતિ-અનંત લબ્ધિ નિધાન જેવા● અનેક નામ લોકજીભે ચડેલા વિનયવંત શ્રી ગૌતમ સ્વામીને કોટીશઃ વંદન.

વર્તમાન કાળમાં ગૌતમપદનું આરાધન આરાધકો છઠ્ઠની તપસ્યા કરીને પૂર્ણ કરે છે. પ્રશ્ન એટલો જ છે કે, ભ. ઋષભદેવના શાસન કાળમાં ગૌતમપદ શાશ્વતું ન હોવાથી તેઓ કેવી રીતે આરાધના કરતા હશે ? વાત વિચારવા જેવી છે. તેથી પરંપરાગત જે જાણ્યું-વાંચ્યું તેના આધારે આ પદ વિષે લખાય છે.

સર્વ પ્રથમ ગૌતમ પદને 'દાનપદ' તરીકે ઓળખાવવામાં આવે છે. 'દાન દીયતે ઈતિદાનં' એ ન્યાયે જે અપાય-આપવામાં આવે તે દાન. શાસ્ત્રમાં દાનના પાંચ ભેદ બતાડ્યા છે. *અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્તિદાન ઉચિતદાન. આ દાનની પાછળ સામી વ્યક્તિના પ્રત્યે કરુણા, વાત્સલ્ય કલ્યાણાદિ કરવાની ભાવના છે. અને તેજ કારણે તીર્થંકર પરમાત્મા જ્યારે તીર્થંકર નામકર્મની નિકાચના

● ગણેશ, ગણપતિ.

★ સંગ્રહદાન, કારુણ્યદાન, લજ્જાદાન, ગૌરવદાન, અધર્મદાન, કરિષ્યતિદાન કૃતદાન જેવા દાનના નામો ઠાણાંગ સૂત્રમાં છે.

કરે ત્યારે મનમાં 'સવિ જીવ કરું શાસન રસિ' એ ભાવદયા ચિંતવે સાથે સંવત્સર સુધી દાન આપે.

ગૌતમસ્વામી મ. ચાર જ્ઞાનના ધણી એવા અનંતલબ્ધિ નિધાન હતા. છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારા હતા. વિનયગુણના ભંડાર હતા. પ્રભુવીર પ્રત્યે પ્રશસ્ત રાગવાળા હતા, ગણધર હોવાથી એક મુહૂર્તમાં ત્રિપદીને સાંભળી ચૌદ પૂર્વ રચના કરી હતી. જે જે પુણ્યવાનોને સંયમ-દીક્ષાનું તેઓ દાન આપતાં પ્રાયઃ તે સર્વ જીવો કેવળજ્ઞાનની લબ્ધિને પામતા. પોતે ૧૫૦૦ તાપસોને દીક્ષા આપ્યા બાદ અક્ષિણ મહાનસ લબ્ધિના કારણે ખીરથી પારણા કરાવ્યા એ ૧૫૦૦ પણ કેવળી થઈ ગયા. અપ્રમત્ત હોવાથી જમીન ઉપર પલાઠીવાળી સંયમ બાદ બેઠા પણ નથી. સંયમ લીધા પૂર્વે અભિમાન હતું કે, મારા જેવો આ જગતમાં કોઈ વિદ્વાન નથી. પણ પ્રભુવીરે તેઓએ પૂછ્યા વગર કેવળજ્ઞાનના કારણે મનની શંકાનું સમાધાન કર્યું તે દિવસથી તેઓ વિનમ્ર-વિનીત થઈ ગયા. પ્રસંગે પ્રસંગે તેઓ પોતાની અથવા અન્ય જીવોની શંકાનું સમાધાન પ્રભુને પ્રશ્ન પૂછી મેળવતા. આ રીતે વિવાહપણત્તી (ભગવતી) આગમ સૂત્રમાં પ્રભુને ૩૬૦૦૦ પ્રશ્નો તેઓએ પૂછ્યા અને પ્રભુએ એ સર્વના જવાબો આપી પ્રજાને સમ્યગ્જ્ઞાની બનાવી.

દાનનો અર્થ ત્યાગ પણ થાય. એટલે તીર્થંકર નામકર્મની નિકાચના ઉત્કૃષ્ટ ત્યાગભાવના વિના ન થાય. ત્યાગ એટલે સંસારનો-સંસારના નશ્વર પદાર્થોનો. જે પદાર્થોમાં આજ સુધી મારાપણું રાખેલ છે. તે પદાર્થોનો ત્યાગ કરવાથી આ જીવ અપરિગ્રહી બને. જેનાથી કર્મ બંધાય છે તેનાથી મુક્ત થાય. ધન એ એવું પરિગ્રહ છે જેનાથી જીવ વિના કારણે કષાયો કરી બેસે છે.

ગૌતમસ્વામી ગણધર હતા. દરેક તીર્થંકર ભગવાનના ઓછા-વધુ સંખ્યામાં ગણધર હોય. ગણ (સમુદાય)ને ધારણ કરનારા-સંભાળનારા ગણધર કહેવાય. ૨૪ તીર્થંકર ભ.ના કુલ-૧૪૫૨ ગણધર હતા, જે મોક્ષગામી હતા. શાસ્ત્રમાં કહ્યું છે કે, ૧ હજાર મિથ્યાત્વી કરતાં એક અણુવ્રતધારી શ્રાવક ઉચ્ચ. ૧ હજાર અણુવ્રત ધારક કરતાં એક શ્રમણ સાધુ ઉત્તમ. ૧ હજાર સાધુ કરતાં ૧ ગણધર પૂજનીય. એક હજાર ગણધર કરતાં ૧ જિનેશ્વર દેવ છે. તીર્થંકરો જીવમાત્રની અનેકાનેક ઉપાધિઓને ઉપદેશના માધ્યમથી ટાળનારા કહ્યા છે.

ગણધરો-૨૮● લબ્ધિના ધારક હોય છે. નામકર્મના ઉદયથી તે સર્વ રીતે પૂજ્ય-આદરણીય-વંદનીય શુભનામકર્મી હોય છે. પાંચ મહાવ્રતનો સ્વીકારી ઉત્તમ પ્રકારે પાળવાથી ૧. સંપૂર્ણ સુંદર શરીરધારી (દેવગતિ)ય ૨. સુમધુર આદરણીય

● ૪૮ લબ્ધિ પણ છે.

વચન ઉચ્ચારનાર, ૩. ન્યાયસંપન્ન સુખ-વૈભવના સ્વામી, ૪. ઈન્દ્રિય સશક્ત, સંપૂર્ણ ગુણ નિષ્પન્ન, ૫. મન રાગ-દ્વેષ-કષાય રહિત હોય છે. આ ભવે કે આગામી ભવે સાનુકૂળ સંયોગોવાળા ધર્મવાસિત માત-પિતાના ગૃહે જન્મ થાય. આ બધી આ જીવને સાનુકૂળતા મળે છે. તેનું મુખ્ય કારણ વ્રતનું, સંયમી જીવનનું નિર્દોષ જીવન, તેના કારણે છએ જીવ નિકાયના જીવોને એ પૂજ્યો અભયદાન આપે છે.

દાન આપનાર પાત્ર ભાવવાહી હોય. (શરીરાદિની કાંઈ ખોડ-ઉણપ ન હોય) લેનાર જીવને જરૂરીઆત હોય, આપ્યા પછી હર્ષના આંસુ આવે, રોમરાજી વિકસે, બહુમાન સદ્ભાવથી દાન આપે. દાન આપવા તક મળી તેની અનુમોદના કરે અને મધુરવાણીનો વ્યવહાર કરે તો આપેલું દાન પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે.◆ દાનમાં જો કાંઈ ખામી હોય તો ધારેલું પુણ્ય બંધાય નહિં. દાનથી જે ધનપ્રાપ્તિ આદિ લાભ થવાનો હોય, થયો હોય તે નવા પાપનો પણ બંધ કરાવે તો તે અશક્ય નથી.★ તીર્થંકર પરમાત્માના પવિત્ર હાથે સંવત્સરી દાન લેનાર આત્મા છ મહિના સુધી રોગ-શોકથી મુક્ત થાય છે.

ધર્મના ૪ પાયામાં દાનને પ્રથમ સ્થાન બહુ જ સમજદારીથી અપાયું છે. શિયળ ધર્મમાં, તપ ધર્મમાં કે ભાવ ધર્મમાં દાનની છાયા જોવા મળે છે. એના કારણે તીર્થંકર નામકર્મની નિકાચના જે શુભ વિચાર-ભાવથી થાય છે તે અન્ય રીતે અશક્ય છે.

ગૌતમપદની સાથે દાન થોડું સંકલિત થયું હવે ગણધરને પણ જો સંકલિત કરીએ તો ? કારણ ગૌતમ એટલે ગૌતમસ્વામી અને ગૌતમસ્વામી એટલે ગણધર. દરેક તીર્થંકરના લબ્ધિસંપન્ન ગણધર હોય જ. એક ગણધરને આરાધવાથી સર્વ ગણધરની આરાધના થાય છે. તીર્થંકર પરમાત્મા એક પહોર દેશના આપી પછી દેવછંદામાં પધારે. ત્યારે ગણધરો પાદપીઠ ઉપર બેસી દેશના આપે. 'તીર્થંકર સમા આયરીયા' એ ઉક્તિ અનુસાર ગણધરોનું મહત્વ જિનશાસનમાં ઘણું છે. એ સર્વ ગણધરો નામકર્મના ૧૦૩ ભેદમાં શુભ નામકર્મના જે ભાંગા છે, તેના અપ્રગટ રીતે અધિકારી છે. તેથી ગણધર પદનું આરાધન આ રીતે ગૌતમપદની સાથે અવાંતર કરવામાં અનુકૂળતા છે.

ગૌતમપદના ૧૨ ખમાસમણામાં છેલ્લો મંત્ર ૨૪ તીર્થંકરના, ગણધરના નામે બોલાય છે. આનો અર્થ એજ કે વર્તમાન શાસનપતિ ભ. મહાવીરના પ્રથમ ગણધરને વર્તમાનમાં મુખ્યતા અપાઈ. બાકી બધા ૧૪૫૨ ગણધરોનું આરાધન તીર્થંકર નામકર્મની નિકાચના માટે માન્ય-યોગ્ય છે.

---

◆ શાલિભદ્રજી. ★ મમ્મણ શેઠ.

**ગૌતમસ્વામી અને ભ. મહાવીર સ્વામી વચ્ચેના જીવન પ્રસંગો :**

- કપિલ ! ત્યાં પણ ધર્મ છે, અહિં પણ છે.
- ત્રિપૃષ્ઠ વાસુદેવના રથના સારથી તરીકે.
- સમયં ગોયમ મા પમાએ.
- આનંદને મિચ્છામી દુક્કડં આપી આવો.
- દેવશર્માને પ્રતિબોધ કરી આવો.
- હાલિક ખેડૂતને પ્રતિબોધ કરી આવો.
- મૃગાલોઢીયાને કર્મની ગતિરૂપે જોઈ આવો.
- ગોયમ ! એ તો મેરી અમ્મા (માતા)
- અષ્ટાપદ તીર્થની સ્વ-લબ્ધિથી જાત્રા કરો.
- તીર્થંકર નહિ મંખલી પુત્ર ગોશાળો છે.
- પ્રશ્ન : ગૌ-જાસા ? ઉત્તર : મહા-સાસા.
- તમને જીવ વિશે શંકા છે.
- વીર ગણધર તપ, દિવસ-૧૬
- મરીચિના ભવમાં કપિલ તરીકે ત્રિદંડી.
- તિંદુક ગામમાં કેશી ગણધર સાથે મિલન.
- અઈમુત્તાની વિનંતીથી ગોચરી માટે જવું.

ગૌતમસ્વામીના જીવનમાં **અહંકાર** જ્ઞાનનું હતું. **રાગ** તિર્યંચગતિમાં સિંહને સાંત્વન આપવા કરેલ. પ્રભુના નિર્વાણ વખતે **વિલાપ** કરેલો. સામાન્ય રીતે આ દુર્ગુણ દુર્ગતિ અપાવે પણ પ્રભુ વીરના આલંબન-નિમિત્તથી સારું ફળ આપનાર થયું. અંગુઠામાં અમૃતનું આસ્વાદન હતું.* એવી એ પુણ્ય પુરુષની ૩૨ લક્ષણવંતી કાયા હતી.

ગૌ-ગાય, કામધેનુ. ત-તરૂ (વૃક્ષ) કલ્પતરૂ અને મ-મણિ ચિંતામણિ (રત્ન) આ રીતે કામધેનુ-કલ્પવૃક્ષ તથા ચિંતામણિ રત્નથી પણ અધિક મહિમા ગૌતમ-નામમાં છૂપાયો છે.

દિવાળીના (કારતક સુ. ૧) મહામંગળકારી શુભ દિવસે પ્રભાતે ગૌતમસ્વામીનો રાસ વાંચવા-સાંભળવાની આજે પણ પરંપરા છે. આમ ગૌતમસ્વામીના કેવળજ્ઞાન નિમિત્તે જાપ કરવા દ્વારા આરાધના પણ થાય છે. પ્રાયઃ તીર્થંકર નામકર્મની નિકાચના જેમ પૂર્વના ત્રીજા ભવે તીર્થંકરનો આત્મા કરે છે. તેમ ગણધર નામકર્મની પણ નિકાચના પૂર્વના ભવમાં એ આત્મા કરે છે (તેવું જાણવા-સાંભળવા મળ્યું છે.)

---

★ અંગુઠે અમૃત વસે, લબ્ધિતણાં ભંડાર.

આ ઉપરથી ગણધર પદ અને ગણધરનો આત્મા કેટલો ઉપકારક છે તે વિચારી સમજી શકાય છે. તેથી ગૌતમસ્વામીના કેવળજ્ઞાન દિવસે કલ્યાણક તરીકે નહિં પણ મહોત્સવ તરીકે આરાધન થાય છે.◆

ચોવીશ તીર્થંકરમાં બે તીર્થંકર ભ. ગૌતમ ગૌત્રવાળા છે. તેથી ગૌતમસ્વામી પણ ગૌતમ ગૌત્રવાળા હોવાથી એ ગૌતમગોત્રની પદરૂપે આરાધના વીશસ્થાનકની અંદર થતી હોય તો પણ અપેક્ષાએ વિચારવાલાયક છે. ગમે તે વિચારો પણ ગૌતમ-પદનું આરાધન આરાધકને તીર્થંકર નામકર્મની નિકાચના કરવા મદદરૂપ છે. એ સમજવા જેવી વાત છે.

ગુણીના ગુણ ગાવાથી જો ગુણવાન થવાતું હોય તો વ્યક્તિગત રીતે આ પદની આરાધના વ્યક્તિના ગુણ જીવનમાં જરૂર આવે-પ્રવેશે એ નિશ્ચિત છે. શ્રમણો ગોચરી લેવા જાય ત્યારે પણ ગુરુ ગૌતમના નામસ્મરણને ધરી જાય. તેથી ગૌચરી શુદ્ધ અને ઉપયોગી પ્રાપ્ત થાય તેવો અનુભવીનો અનુભવ કહે છે.

પૂર્વ કાળમાં ચોપડા પૂજનના પ્રસંગે ધર્મીજીવો ચોપડામાં ગૌતમસ્વામીની લબ્ધિ હોજો એવા મંત્ર સ્વરૂપ અક્ષરો લખીને મંગળાચરણ કરે છે. સાધુઓ જે પાત્રમાં આહાર લાવે, કરે છે. તે પાત્રાનું નામ પણ ગૌતમસ્વામીના પાત્રા તરીકે પ્રસિદ્ધ છે.

દુઃખ અને ભયથી ઘેરાયેલા આ સંસારમાં સુખનું કોઈ સ્થાન નથી. કેમ કે, દ્રવ્યમાં અગ્નિ અને ચોરનો ભય છે, ભોગમાં રોગનો ભય છે, જય-વિજયમાં શત્રુનો ભય જ્યારે માનમાં લઘુતા (અપમાન)નો ભય, યૌવનમાં જરા-વૃદ્ધાવસ્થાનો અને અંતે જરામાં યમરાજ-મૃત્યુનો ભય છે. તેથી અભયદાન ભય વિનાનું છે અને તે દાનનું જે કોઈ પણ આત્મા આરાધન કરશે તે ભવસાગર પાર ઉતરવા તીર્થંકર નામકર્મ બાંધશે.

**ગૌતમ (સુપાત્ર દાન) પદ હરિવાહન રાજા કથા :**

પાત્ર-સુપાત્ર-કુપાત્ર કે અપાત્ર એવા પાત્રતાના (યોગ્યતાનો) વિભાગો જોવા મળે છે. કેટલાક બાહ્ય રીતે આકર્ષક-આવકાર્ય લાગે છે તો કેટલાક અભ્યંતર રીતે. ઠાણાંગ સૂત્રમાં શ્રમણ યા આચાર્યના ચાર પ્રકાર વર્ણવ્યા છે.

૧. **આમળા જેવા** - પદાર્થ કાઠણ-સ્વાદમાં તૂરા. તેમ શ્રમણ પણ ચૂસ્તને કડક હોય.

૨. **દ્રાક્ષ જેવા** - પદાર્થ નરમ ને સેવવાથી સુખાકારી. તેમ શ્રમણ સ્વભાવથી ઋજૂ અને પ્રાજ્ઞ.

---

◆ પુંડરિકસ્વામીના નિર્વાણની પણ ચૈત્ર સુદ-પુનમે સ્મૃતિ તાજી કરાય છે.

૩. **ખીર જેવા** - દ્રવ્ય શરીરપોષક કહેવાય. શ્રમણ-શાસન પ્રભાવક સ્વ-પરના ગુણને પોષક.

૪. **ઈક્ષુરસ જેવા** - સ્વાદમાં મધુર. પરિણામે શ્રમ-થાક ઉતારે તેમ વંદનીય શ્રમણો મધુર-શાંત ઉપદેશક આપી જન્મ-મરણનો થાક ઉતારનાર.

ગૌતમ ગણધરપદ પણ એવા જ સર્વોત્તમ ગુણવાળું છે. એના આરાધક-સાધકને પણ ગુણવાન બનાવે. ચાલો ત્યારે આ પદના આરાધક રાજા હરિવાહનના અંતરને તપાસીએ.

✤

ભરતક્ષેત્રમાં સંસ્કૃતિનો જ્યાં વાસ છે. એવા કલિંગદેશના કંચનપુર નગરમાં હરિવાહન રાજા રાજ્ય કરતો હતો. તેને વિરંચી નામે પ્રધાન હતો. પ્રધાન ધર્મની રુચિવાળો હોવાથી મુનિસુવ્રતસ્વામીનો સુંદર પ્રાસાદ બનાવી રોજ દર્શન-પૂજન કરવા જતો.

એક દિવસ મંત્રી સાથે રાજા પણ પ્રભુદર્શન કરવા આવ્યા. દેરાસરની જોડે ધનેશ્વર શ્રેષ્ઠીના ઘરે વાજા વાગત હતા. તેથી રાજાએ મંત્રીને પૂછ્યું ત્યારે મંત્રીએ પુત્રના જન્મોત્સવ નિમિત્તે વાજા વાગે છે, તેમ કહ્યું. અચાનક બીજે દિવસે પણ રાજા દર્શન કરવા આવ્યા ત્યારે ધનેશ્વર શ્રેષ્ઠીના ઘરે વિલાપ થતો હતો. તે અંગે પૂછતા મંત્રીએ જન્મેલું બાળક મરી ગયો તેથી વિલાપ થાય છે, તેમ કહ્યું.

રાજા આથી એક દિવસ સુખ બીજા દિવસે વિલાપ જાણી વૈરાગી થયા. ક્ષણિક સંસારના સુખની અનુભૂતિ થઈ તેથી ઘરે આવી પુત્રને રાજગાદી આપી શ્રી ધનેશ્વરસૂરિની નિશ્રામાં ભાગવતી દીક્ષા અંગિકાર કરી ધન્ય બન્યા. સંયમી જીવન સુવિશુદ્ધ પાળતાં ધીરે ધીરે દ્વાદશાંગીના જ્ઞાતા થયા.

એક દિવસ આચાર્ય ભગવંતે વીશસ્થાનક તપ, તીર્થંકર નામકર્મની નિકાચના અંતર્ગત ગોચરી-પાણીની ભક્તિ વડે સાધુ સંવિભાગ કરનાર ક્રમશઃ મોક્ષનો અધિકારી થઈ શકે છે તે મુજબની દેશના આપી. હરિવાહન મુનિનો આત્મા સાધુ સેવામાં, ભક્તિ કરવામાં ઉત્સાહીત થયો ને અભિગ્રહ પણ લીધો કે, મારે આજથી નિરંતર *ત્યાગી-તપસ્વી-જ્ઞાની મુનિઓની અન્નપાનાદિ વડે સંવિભાગ (અવશેષ વધે તે વાપરવું.) કર્યા પછી જ વાપરવું. આવા અભિગ્રહના કારણે એ નિત્ય મુનિઓની સેવા-સુશ્રુષા કરવામાં મગ્ન થઈ ગયા. જે દિવસે કોઈ કારણસર સેવા કરવાનો ચાન્સ ન મળે તો તેઓ નારાજ થતાં.

સારા કામની હંમેશાં પરીક્ષા થાય. સો વિઘ્ન આવે તેમ એક દિવસે ઈન્દ્ર

---

★ વૈયાવચ્ચ કરવા યોગ્ય ૧૦ આત્મા (શ્રમણ)

સભામાં સુકૃતની અનુમોદનાની દ્રષ્ટિએ મુનિની સેવાગુણની પ્રસંશા કરી જે સુવેલ નામના દેવને અતિશયોક્તી ભરી લાગી. તેથી મનુષ્યલોકમાં મુનિની પરીક્ષા કરવા એ આવ્યો. કૃશ દેહવાળા મુનિનું રૂપ વિકુર્વ્યું. તરત હરિવાહન મુનિએ ઉત્સાહથી મુનિની કાળજીપૂર્વક સેવા ભક્તિ કરી આનંદ અનુભવ્યો. આજે મારો દિવસ સફળ થયો તેમ એ માનવા લાગ્યા.

તે દરમ્યાન એ માયાવી દેવે મુનિના શરીરમાં દાહ ઉત્પન્ન કર્યો. તેના નિવારણ માટે વાપરવા યોગ્ય ઉત્તમ ઔષધિ મુનિઓએ આવી પણ બીજા સાધુની ભક્તિ-સંવિભાગ કર્યા વિના ન વપરાય તેવું વ્રત હોવાથી તેઓ વ્યાધિ વધે તો તે સમભાવે સ્વીકારવા તૈયાર થયા. છેવટે દેવે પ્રગટ થઈ મુનિની ક્ષમા માગી, વ્રત પાલનની દ્રઢતાની પ્રસંશા કરી.

હરિવાહન મુનિ આ રીતે સેવા સુશ્રુષા કરી ચારિત્રની નિર્મળ આરાધના દ્વારા અચ્યુતકલ્પમાં દેવ થયા, ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકર નામકર્મ ભોગવી પરંપરાએ અવ્યાબાધ સુખને પામ્યા.

# શ્રી જિન (વૈયાવચ્ચ) પદ

### દુહો

દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા જસ ગુણ અંગ;
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ. ૧

**દુહાનો અર્થ :**

જેમના અઢારે દોષ નાશ પામ્યા છે, સર્વ ઉપમા અને સર્વ ગુણ જેમના અંગમાં સમાઈ શકે છે એવા જિનપદની હર્ષ વડે વૈયાવચ્ચ કરીએ. એ જિનપદના સંગી કેવળજ્ઞાનીને નમસ્કાર કરીએ. ૧

### ઢાળ

(ચૌદ લોકકે પાર કહાવે – એ દેશી)

જિનપદ જગમાં જાગ્યું જાણો, સ્વરૂપરમણ સુવિલાસી,
સોળ કષાય જીતે તે જિનજી, ગુણગણ અનંત ઉજાસી;
જિનપદ જપિયે જિનપદ ભજીએ, જિનપદ અતિ સુખદાયી. જિપનદ. ૧

શ્રુત ઓહિ મનપર્યવ જિનજી, છઉમત્થા વીતરાગી;
કેવળી જિનને વચન અગોચર, મહિમા જિન વડભાગી. જિનપદ. ૨

જિનવર સૂરિ વાચક સાધુ, બાલ થિવિર ગિલાણી;
તપસી ચૈત્ય શ્રમણ સંઘ કેરી, વેયાવચ્ચં ગુણખાણી. જિનપદ. ૩

ગુણીજન દશનું વેયાવચ્ચ કીજે, સહુમાં જિનવર મુખ્ય;
વેયાવચ્ચ ગુણ અપ્પડિવાઈ, જિન આગમ હિત શિખ્ય. જિનપદ. ૪

નીચ ગોત્ર બાંધે નહિ કબહુ, કરે ઉચ્ચ ગોત્રનો બંધ;
ગાઢ કર્મબંધ શિથિલ હોવે, ઉત્તરાધ્યયને પ્રબંધ. જિનપદ. ૫

મનશુધ્ધે એ પદને આરાધી, જિનમૂતકેતુ જિન હોવે;
વિજય સૌભાગ્યલક્ષ્મીસૂરિ સંપદ, પરમાનંદપદ જોવે. જિનપદ. ૬

**ઢાળનો અર્થ :**

શ્રી જિનપદ જગતમાં જાગ્યું-પ્રગટ છે, તેને જાણો. એ પદને ધારણ કરનારા આત્મ સ્વરૂપમાં રમણતા કરનારા સુવિલાસી હોય છે. જેઓ સોળ કષાયને જીતે,

આત્માથી દૂર કરે તે જિનકેવળી થાય છે. આવા જિનપદને વારંવાર જપીએ અને ભજીએ. કારણ કે તે પદ અતિ સુખદાયી છે. ૧

શ્રૂતજ્ઞાની (ચૌદપૂર્વી) જિન કહેવાય, અવધિજ્ઞાની જિન કહેવાય; મનઃપર્યજ્ઞાની જિન કહેવાય, વીતરાગ પરમાત્મા છદ્મસ્થપણામાં હોય ત્યારે દ્રવ્ય જિન કહેવાય, સામાન્ય કેવળી પણ જિન કહેવાય. આ જિનપદ મોટા સૌભાગ્યવાળું છે, તેનો મહિમા વચનને અગોચર છે. ૨

જિનેશ્વર, સૂરિ, ઉપાધ્યાય, સાધુ, બાળમુનિ, સ્થવિર (વૃદ્ધમુનિ), ગ્લાન મુનિ, તપસ્વી, ચૈત્ય અને શ્રમણ સંઘ એમની વૈયાવચ્ચ ગુણની ખાણરૂપ છે. ૩

એ દશ ગુણિજનની વૈયાવચ્ચ કરીએ. એ બધામાં જિનેશ્વર મુખ્ય છે. વૈયાવચ્ચ ગુણ અપ્રતિપાતી છે. એમ જિનાગમમાં હિતશિક્ષારૂપે કહેલ છે. ૪

વૈયાવચ્ચ કરનાર આત્મા નીચગોત્ર ક્યારે પણ બાંધતો નથી. ઉચ્ચગોત્રનો જ બંધ કરે છે. તેનો જે કર્મબંધ ગાઢ હોય છે તે શિથિલ થાય છે એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલ છે. ૫

મનની શુદ્ધિથી એ પદનું આરાધન કરી શ્રી જિમૂતકેતુરાજા તીર્થંકર પદવી પામ્યા છે. અને વિજય-સૌભાગ્યરૂપ લક્ષ્મી અને સૂરિપણાની સંપદા પામી પરમાનંદ પદને જોઈ શક્યા છે. ૬

**★ જિન તેરે ચરણકી શરણ ગ્રહુ.**

**વિવરણ :**

રાગાદિ અંતરશત્રુને જેઓએ સંપૂર્ણ રીતે જીત્યા છે તે જિન તીર્થંકર ભગવાને પૂર્વના ત્રીજા ભવે વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ બાંધેલ હોવાથી જન્મથી નિર્વાણ સુધીના પાંચે કલ્યાણકોમાં દિગ્કુમારીકાઓ ઈન્દ્રો-દેવો-મનુષ્યો-વિગેરે પોત પોતાના ભક્તિ સેવા કરવાના પ્રસંગે મનુષ્યલોકમાં આવી તીર્થંકર ભગવંતની ભક્તિ કરી ધન્ય બને છે. અષ્ટ પ્રાતિહાર્ય પ્રભુના કેવળજ્ઞાન પછી વિહારાદિ પ્રસંગે રોજ સેવામાં હાજર રહે છે. ૩૪ અતિશયો અને વાણીના ૩૫ અતિશયો દ્વારા વીતરાગ પરમાત્માનો મહિમા વધારે છે. તીર્થંકરના પ્રબળ પુણ્યોદયના કારણે હજારો દેવ-દેવિઓ નિત્ય હાજર રહે છે.◆

તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી સમવસરણમાં બેસી ચતુર્મુખે દેશના આપે. જે સાંભળવા ત્રણેગતિના જીવો બાર પર્ષદામાં યોગ્ય સ્થાને બેસે. આ પર્ષદામાં જિન-કેવળી પણ બેસી પરમોપકારી પ્રભુની દેશના સાંભળતા હોય છે.

---

◆ પ્રથમ જિનેશ્વર પ્રણમીએ સ્તવનમાં જેની વિસ્તૃત વિગત છે.

એનો અર્થ એજ કે તીર્થંકર અને જિન આમ જોવા જાઓ તો ઘાતીકર્મના ક્ષયની અપેક્ષાએ સરખા જ છે. માત્ર તીર્થંકર ગણધર પદથી વિભૂષિત કરે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ સ્વરૂપ પ્રભુના સ્થાપેલા શાસનમાં રત્નત્રયીની આરાધના કરી જીવન ધન્ય કરે. પ્રભુના અતિશયના કારણે જીવમાત્ર પોત પોતાના રાગ-દ્વેષના સ્વભાવ ભૂલી પ્રભુની અમૃતમય વાણી સાંભળે ને સમજી પણ લે.

જિન-સામાન્ય કેવળી હોવા છતાં ક્ષેત્રની સ્પર્શના હોય તો જ વિહાર કરે અને જરૂર હોય તો સમયોચિત્ત દેશના 'કમલ' ઉપર બેસી આપે. મુખ્યત્વે અઘાતી કર્મ (આયુષ્ય) જ્યાં સુધી સંપૂર્ણ ખપ્યા નથી ત્યાં સુધી એ મોક્ષગામી મોક્ષ ન જાય.

વૈયાવચ્ચ-સેવા-ભક્તિ-કરવા યોગ્ય શાસ્ત્રમાં •દશ નામ મુખ્યત્વે કહ્યા છે. તેમાં પણ જિનની સેવા મુખ્યત્વે કરવાનું કહ્યું છે. વૈયાવચ્ચ એ ગુણની ખાણ છે. વૈયાવચ્ચ કરનારો આત્મા નીચ ગોત્રકર્મનો બંધ કરનાર હોતો નથી. સામાન્ય કેવળી આત્મા પણ ૧૮ દોષરહિત સર્વ ઉપમાને ગુણથી અલંકૃત હોવાથી સૌભાગ્યશાળી અને મહિમાવંત છે.

જિનના શાસ્ત્રોમાં ૪ પ્રકારના નામો જોવા મળે છે. (૧) શ્રુતજિન - ચૌદપૂર્વના જ્ઞાતા મહામુનિ, (૨) અવધિજિન - નિર્મળ (ત્રીજા જ્ઞાનના સ્વામી) અવધિજ્ઞાનીઓ, (૩) મનઃપર્યવ જિન - (ચૌથા જ્ઞાનના સ્વામી) મનના પર્યાયને વિશેષ પ્રકારે જોનારા, (૪) કેવલિ જિન - (પાંચે જ્ઞાનના સ્વામી) લોકાલોકના સર્વ જીવોના સર્વ પદાર્થોને ત્રણે કાળના ભાવોને જાણનારા.

કેવલિજિન-તીર્થંકર ભગવાનને પહેલા સમયે કેવળદર્શન થાય અને બીજા સમયે કેવળજ્ઞાન થાય. ત્યાર પછી સમવસરણની દેવો રચના કરે. તેમાં બિરાજી બાર પર્ષદા સામે પ્રથમ દેશના ચતુર્મુખે આપે. આ દેશના સાંભળવા મુખ્ય ગણધરો પાદપીઠ પાસે બેસે. જ્યારે બીજા સામાન્ય કેવળી પૂર્વ દિશા-અગ્નિ ખૂણામાં બિરાજે. દેશના સાંભળનારને પોતપોતાની ભાષામાં સમજાઈ જાય તેવી અતિશયયુક્ત હોય.

જિન-સામાન્ય કેવળી એટલે અરિહંત પરમાત્માના ઉપદેશથી જે જે ભવિ જીવોએ રત્નત્રયીની ઉત્તમ પ્રકારે આરાધના કરી, ઘાતિ કર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાનાદિક આત્મઋદ્ધિ પ્રગટ કરેલ છે તે બધાનો સમાવેશ તેમાં થાય છે. એકની ત્રિવિધે પૂજા-આરાધના કરો તો બધાની આરાધના થાય છે. એટલે એક દીવો સો દીવાને પ્રગટાવે. આવા ઉત્તમોત્તમ પદની જે જીવો આરાધના કરે છે તે તીર્થંકર નામકર્મ અવશ્ય ઉપાર્જન કરે.

જિન પદની આરાધના ૨૦ વિહરમાન તીર્થંકર પરમાત્માને નજર સામે રાખી

---

• જિન, સૂરિ, વાચક, સાધુ, બાલ, સ્થવિર, ગ્લાન, તપસ્વી ચૈત્ય અને સંઘ.

તેઓને ખમાસમણા આપી એટલા માટે કરાય છે, કે એ ૨૦ વિહરમાન ભગવંતો આપણને વર્તમાન તીર્થંકર હોવાથી ભાવના પૂર્ણ કરવા સામર્થ્ય-મનોબળ અખૂટ આપે. આ રીતે જે આત્માઓએ આ પદની સાધના કરી આત્મ રમણતા પ્રાપ્ત કરી છે. તે સત્વરે પોતાના આત્માનું કલ્યાણ સાધી મોક્ષે જાય તેમાં કાંઈ શંકા રાખવા જેવું નથી.

જિનપદ એટલે બીજી રીતે સામાન્ય કેવળી એવા વંદનીય આત્માઓ જે હાલે ભવિષ્યમાં સિદ્ધગતિને પામવાના છે. તેવાની વૈયાવચ્ચ કરવી એ આરાધક સામાન્ય શ્રાવકનું કર્તવ્ય છે. તેથી આ જિનપદનું બીજું નામ 'વૈયાવચ્ચ પદ' પણ છે. સાધના કરે તે સાધ્ય પામે એમ જે વૈયાવચ્ચ કરે તે જિન પદનો આરાધક હોવાથી તીર્થંકર નામકર્મની નિકાચનાના કારણે જિન-અરિહંત-તીર્થંકર અવશ્ય થાય, યાવત્ મોક્ષે પણ જાય.

જિનવચન દ્વારા અન્ય જીવો પર પ્રસંગોચિત વિચારો આપી જીવનમાં પરિવર્તન કરી ધર્મમાં સ્થિર કરી શકે. જ્યારે કાયા દ્વારા જિન વિવિધ રીતે ગામે ગામ વિચરી સ્વ-પરની સાધના કરી શકે છે.

આવા સંયમી જીવનને સ્થાપનાદિ ચાર નિક્ષેપા દ્વારા જાણવું. સૂક્ષ્મ બુદ્ધિએ સાત નયના સહારે ઓળખવું. ત્રિપદી અને સપ્તભંગીથી જીવનમાં ધારી લેવું. હેય-જ્ઞેય-અને ઉપાદેયના આધારે મનન ચિંતન કરવું. યાવત્ સામાયિકને નવદ્વાર વડે વિચાર કરવામાં આવશે. તો જીવનમાં વિરતિનો અનુરાગ પેદા થશે ક્રમશઃ સર્વ વિરતિમય જીવન સ્વીકારાતા વાર નહિ લાગે.

**જિનપદના આરાધક રાજા જિમૂતકેતુની કથા :**

તપના અભિંતર પ્રકારમાં વૈયાવચ્ચ એક પ્રકાર છે. એનાથી કર્મનો ક્ષય, ગુણીની પૂજા અને ધર્મારાધનાની વૃદ્ધિ થાય-થઈ શકે છે. વૈયાવચ્ચ, શારીરિક-આર્થિક-માનસિક મન-વચન-કાયાથી થાય છે. જેથી સામી વ્યક્તિ ધર્મમાં સ્થિર થાય એ નિશ્ચિત છે.

વૈયાવચ્ચ કરનારાઓમાં જિમૂતકેતુ રાજાએ વૈયાવચ્ચ કેવી કરી હતી તે થોડી જોઈ લઈએ.

જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં પુષ્પપુર નગરમાં જયકેતુ રાજા જયમાળા રાણી અને જિમૂતકેતુ યુવરાજનો સંસાર આનંદથી વ્યતિત થતો હતો. રાજાની કીર્તિ ન્યાયથી, રાણીની કીર્તિ ધર્મ આરાધનાથી અને પુત્રની શોભા ઉત્કૃષ્ટ બુદ્ધિ શૌર્યાદિ કારણે સર્વત્ર પસરી હતી.

જિમૂતકેતુ યુવરાજની કીર્તિ સાંભળી રત્નસ્થલ નગરના સુરસેન રાજાએ પોતાની પુત્રી યશોમતિના માટે સ્વયંવર મંડપમાં પધારવા ખાસ આમંત્રણ મોકલ્યું. યુવરાજ જિમૂતકેતુ પણ અંગરક્ષકો સાથે આમંત્રણને માન આપી રત્નસ્થલ નગરી તરફ નિકળ્યો. અચાનક સિદ્ધપુરનગર પાસે કુમારને મૂર્ચ્છા આવી, અંગરક્ષકોએ તરત ઉપચાર કર્યા. તેવામાં બહુશ્રુત પૂ. શ્રી અકલંકદેવ આચાર્ય પરિવાર સાથે પધાર્યા. તેમના આશીર્વાદથી કુમાર મૂર્ચ્છારહિત થઈ સ્વસ્થ થયો.

ઉપકારી આચાર્ય દેવશ્રીની કૃપાથી કુમારને નિરોગીપણું મળ્યું. તેથી એ ગુરુદેવશ્રીને વંદના-સુખશાતા પૂછી દેશના સાંભળવા બેઠો. થોડીવારે કુમારે મૂર્ચ્છા આવવાનું અને નિવારણ આપની કૃપાથી કેમ થયું ? તે વિનયપૂર્વક પૂછ્યું.

ગુરુવર્યે કુમારની શંકાનું સમાધાન કરતાં કહ્યું, પરિપત્તન નગરમાં ગર્વિષ્ઠ અને ક્રોધી એવા દુર્વાસા નામે શિથીલ યતિ રહેતા હતા. એક દિવસ વિહાર કરતાં સાથેના બાળગ્લાન મુનિ તૃષાતુર થએલા જોઈ મોટા ગુરુવર્યે દુર્વિનીય એવા દુર્વાસા મુનિને નિર્દોષ પાણી લાવવા આજ્ઞા કરી. તેથી એ મુનિ ઘણા ક્રોધી થયા. અસભ્ય વચન બોલવા લાગ્યા. મર્યાદા ઓળંગવાના કારણે રૌદ્રધ્યાનમાં આયુષ્ય પૂર્ણ કરી નરકે ગયા.

વિના કારણે મુનિઓની નિંદા અને દ્વેષ કરવાથી નરકગતિની તીવ્ર વેદના ભોગવી અનેક ક્ષુલ્લક જન્મ-મરણ કર્યા. કાળક્રમે મનુષ્ય ગતિમાં જન્મ થયો. સદ્ભાગ્યે મુનિપણું સ્વીકારી માસોપવાસ તપ કરી સુખની વાંછાથી નિયાણું બાંધી આયુષ્ય પૂર્ણ કરી તું અહીં રાજકુમાર થયો.

જૂનાં કર્મને ભોગવતાં જે બાકી હતું તે કર્મ આજે મૂર્ચ્છા પામી ઉદયમાં આવ્યું. વર્તમાનમાં મુનિ પ્રત્યે પૂજ્ય ભાવ-વંદન-આદર કરવાથી હવે એ કર્મનો ક્ષય થયો છે.

ગુરુમુખે પોતાના પૂર્વભવને સાંભળી કુમારને જાતિસ્મરણજ્ઞાન થયું. જીવનની સાચી રાહ જાણવાથી કુમારે વૈરાગ્યપામી ચારિત્ર ધર્મનો સ્વીકાર કર્યો પોતાના ભાવી પતિદેવે ચારિત્ર લીધું એ જાણી રાજપુત્રી યશોમતિએ પણ ચારિત્રનો સ્વીકાર કરી પતિના માર્ગે પ્રયાણ કર્યું.

રાજર્ષિ મુનિનો આત્મા હવે સાધનામાં સ્થિર થયો, જ્ઞાન-ધ્યાનમાં આગળ વધ્યો. અલ્પ સમયમાં જ અગ્યાર અંગના જ્ઞાતા થયા. રોજ ગુરુની નિશ્રામાં બેસી જ્ઞાનમાં વૃદ્ધિ કરતા. એક દિવસ ગુરુએ વીશસ્થાનકનો મહિમા વર્ણવ્યો. અન્ય પદની સાથે ૧૬મા વૈયાવચ્ચ જિનપદની આરાધના ઉપકાર બને છે, તેમ સમજાવ્યું. જે સાંભળી રાજર્ષિએ વિવિધ પ્રકારની વૈયાવચ્ચ કરવાનું દ્રઢતાથી શરૂ કર્યું.

દેવગતિમાં સોમનામના દેવને ઈન્દ્ર દ્વારા રાજર્ષિની વૈયાવચ્ચની પ્રસંશા સાંભળી શંકા થઈ. સત્યની પરીક્ષા કરવા એણે વિવિધ રીતે મુનિને મુંઝવ્યા, સેવા કરવામાં વિઘ્ન કર્યું. કષાયથી કટુ વચન ઉચ્ચાર્યા. છતાં રાજર્ષિ ખેદરહિત ચિત્તે ગ્લાનની વૈયાવચ્ચ કરવા ન મળી તેનો પશ્ચાતાપ કરવા લાગ્યા. મુનિના શુદ્ધ ભાવ જાણી દેવ દેવમાયા સંહરી પ્રગટ થયો. ખમાવી સ્તુતિ કરી સ્વ-સ્થાનકે ગયો.

જિમૂતકેતુ મુનિ જિનપદનું શુદ્ધ ભાવે વૈયાવચ્ચ દ્વારા આરાધન કરી, તીર્થંકર નામકર્મની નિકાચના કરી, નિરતિચાર ચારિત્રનું પાલન કરી, અનસન વ્રત સ્વીકારી ક્રમશઃ વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી કચ્છ વિજયમાં તીર્થંકર થઈ મોક્ષ પામશે.

# શ્રી સંયમ પદ

### દુહો

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઈંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧

**દુહાનો અર્થ :**

ઈન્દ્રિયો સંબંધી આશંસા તજી દઈને જે શુદ્ધ એવા આત્મગુણોમાં રમણતા કરે છે. સમાધિ અને સંતોષમાં જે સ્થિર રહે છે તે સંયમવંશ-સંયમવાળા જયવંતા વર્તો. ૧

### ઢાળ

(કુંવર ગભારો નજરે દેખતાજી – એ દેશી)

સમાધિ ગુણમય ચારિત્રપદ ભલું જી, સત્તરમું સુખકાર રે;
વીશ અસમાધિ દોષ નિવારીને જી, ઉપન્યો ગુણ સંતોષ શ્રીકાર રે,
નમો નમો સંયમપદને મુનિવરાજી. નમો. ૧

અનુકંપા દીનાદિકની જે કરે જી, તે કહીયે દ્રવ્ય સમાધિ રે;
સારણાદિક કહી ધર્મમાંહે સ્થિર કરે જી, તે લહિયે ભાવસમાધિ રે. નમો. ૨

વ્રત શ્રાવકનાં બાર ભેદે કહ્યા જી, મુનિનાં મહાવ્રત પંચ રે;
સત્તર એ દ્રવ્યભાવથી જાણીને જી, યથોચિત કરે સંયમસંચ રે. નમો. ૩

ચાર નિક્ષેપ સાત નયે કરી જી, કારણ પાંચ સંભાર રે;
ત્રિપદી સાતે ભાંગે કરી ધારીયે જી, જ્ઞેયાદિક ત્રિક અવધાર રે. નમો. ૪

ચાર પ્રમાણે ષડ્ દ્રવ્યે કરી જી, નવતત્ત્વે દિલ લાવ રે;
સામાયિક નવ દ્વારે વિચારીયે જી, એમ ષડ્ આવશ્યક ભાવ રે. નમો. ૫

ચાર સામાયિક આગમમાં કહ્યાં જી, સર્વવિરતિ અવિરુદ્ધ રે;
પાંચ ભેદ છે સંયમધર્મના જી, નિર્મળ પરિણામે સવિ શુદ્ધ રે. નમો. ૬

સમાધિવર ગણધરજી જાચિયો જી, ચોવીશ જિનને કરી પ્રણામ રે;
પુરંદર તીર્થંકર થયા એહથી જી, સૌભાગ્યલક્ષ્મી ગુણધામ રે. નમો. ૭

**ઢાળનો અર્થ :**

સમાધિ ગુણરૂપ સત્તરમું ચારિત્રપદ અત્યંત સુખાકારી કહેલ છે. વીશ

અસમાધિના દોષને નિવારવાથી ઉત્તમ સંતોષગુણ ઉત્પન્ન થાય છે. એવા સંયમપદ તેમજ તેના ધારક મુનિવરોને નમસ્કાર થાઓ. ૧

દીન વગેરે જનો ઉપર જે અનુકંપા કરવી તે દ્રવ્ય સમાધિ છે. અને સારણા–વારણાદિક વડે જીવને ધર્મમાં સ્થિર કરવો તે ભાવસમાધિ કહેવાય છે. ૨

શ્રાવકના બાર વ્રત કહ્યાં છે અને મુનિનાં પાંચ મહાવ્રત કહ્યાં છે. એ સત્તર ભેદોને દ્રવ્યભાવથી સમજી યથોચિત્તપણે સંયમનો સંચય કરવો. ૩

એ સંયમને ચાર નિક્ષેપા (નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ) વડે, સાત નય (નૈગમાદિ) વડે જાણવું. પાંચ કારણો સંભારવા-વિચારવા અને ત્રિપદી (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય)થી તેમજ સાત ભાંગા (સ્યાદ્ અસ્તિ વગેરે)થી ધારી લેવું. જ્ઞેયાદિક (હેય-જ્ઞેય-ઉપાદેય) ત્રિકથી પણ તેનો વિચાર કરવો. ૪

ચાર પ્રમાણ, ષડ્દ્રવ્ય તેમજ નવતત્ત્વનો પણ હૃદયમાં વિચાર કરવો. સામાયિકનો નવ દ્વાર વડે વિચાર કરવો. એમજ છ આવશ્યક વિચારવા. ૫

આગમમાં ચાર પ્રકારના સામાયિક (શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક) કહ્યાં છે. સર્વવિરતિપણું તેથી અવિરુદ્ધ છે. સંયમધર્મના મુખ્ય પાંચ ભેદ (સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય ને યથાખ્યાત) છે. નિર્મળ પરિણામ વડે તે બધા ભેદો શુદ્ધ હોય છે. ૬

ગણધર મહારાજે ચોવીશ જિનેશ્વરોને પ્રણામ કરીને શ્રેષ્ઠ સમાધિ જ માગી છે. આ પદનું આરાધન કરવાથી પુરંદરરાજા તીર્થંકર થયા છે અને સૌભાગ્યલક્ષ્મીરૂપ ગુણના ધામ થયા છે. ૭

★ **લાગ્યો મને સંયમનો રંગ લાગ્યો.**

**વિવરણ :**

સંગમ એટલે બે વસ્તુ ભેગી થવી જ્યારે સંયમ એટલે આત્મ કલ્યાણની બુદ્ધિથી પાપમય પ્રવૃત્તિઓનો અર્થાત્ સંસારનો ત્યાગ કરવો. સમય એટલે જીવનની અમૂલ્ય તક અને સંયમ એટલે આદર્શ જીવન જીવવા માટે મન ઉપર કાબુ. અવિરતિ એટલે પાપ બાંધવા કરવા માટેનું વિશાળ પ્લેટફોર્મ જ્યારે વિરતિનો અર્થ નીતિ નિયમોમય આદર્શ જીવન જીવવાની ભાવના.

ચારિત્રને દીક્ષા અર્થમાં સ્વીકારીશું તો સાધુજીવન સમજાશે. જ્યારે સંયમ એ સંસારી જીવનમાં સ્વચ્છંદીપણું ઘર કરી ન જાય એ માટેના નિયમો. ખાવું જરૂરી છે, પણ અલ્પપાપ લાગે તેવું ખાવું. જોવું અનિવાર્ય છે. પણ મન અપવિત્ર ન થાય તેવું

જોવું. ભોગવવું છે પણ તે જીવન બગડી ન જાય. જીવન જીવવાની દ્રષ્ટિ બદલી ન જાય તેવું ભોગવો.

સંયમ શબ્દને શ્રાવકના જીવન સાથે જો જોઈન્ટ કરીશું તો શ્રાવક જે સામાયિક, દેસાવગાતિ, પૌષધ, અતિથી સંવિભાગી વ્રત◆ દ્વારા આદર્શ જીવન જીવવાની ટ્રેનિંગ લે છે તે આવકારને પાત્ર છે. આ શિક્ષાવ્રત દ્વારા ઉપધાન, પ્રતિક્રમણ, પડિલહેણ, દેવવંદનાદિ જે ધર્મક્રિયા શુદ્ધ સૂત્રોચાર પૂર્વક મુદ્રાઓને સાચવી છે તે અનિવાર્ય જરૂરી સમજાશે. શ્રાવક તપધર્મની જે કાંઈ પ્રવૃત્તિ-સાધના કરે છે. તે બધુ આજ વિભાગમાં સાંકળી દેવાશે. ઉપકારી ઉપકરણ પણ સંયમ-ના આરાધક શ્રાવકને આશીર્વાદ સમાન થાય છે.

સંયમ-ચારિત્રની પ્રતિજ્ઞા શાશ્વત એવા કરેમિભંતે સૂત્ર દ્વારા ૬ યા ૯ ભાંગેથી લેવાય છે. તેમાં પણ નિયમ-સમયની મુખ્ય વિચારણા છે. સાધના માટે સમયની સાથે સમભાવ-સમતાની વધુ આવશ્યકતા હોય છે. એકાગ્ર ચિત્તે શાંતિપૂર્વક જો સાધના કરવામાં આવે તો આ સાધના જીવનનું પરિવર્તન કરી દે. તોજ આ જીવ ધર્મધ્યાન-શુક્લધ્યાનનો રસિયો થાય.

એક શુદ્ધ સામાયિકની ઉપાસના કરવામાં આવે તો તે આત્મા ૧. સાધુના જીવનનો અનુભવ કરે. ૨. આત્મશુદ્ધિ માટે જાપ-ધ્યાન ચિંતન-મનન જેવી સાધના કરે. ૩. પુણ્યબંધના કારણે સૌભાગ્યની પ્રાપ્તિ થશે. ૪ દિવસ દરમ્યાન એક આવશ્યક ક્રિયાનું પાલન. ૫. આત્મદર્શનનો ચાન્સ મળે. ૬. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જે સ્વતંત્ર જીવનમાં પાપનો બંધ થવાની શક્યતા તેનાથી છૂટકારો. (૭) મનના-૧૦ વચનના-૧૦ અને કાયાના ૧૨ દોષ (કુલ-૩૨) દ્વારા સામાયિક જો અશુદ્ધ વિરાધનામય થાય છે. તેનાથી વિશેષ-લાભ થવો જોઈએ તે ન થાય.

ભ.મહાવીરસ્વામીને ઋજુવાલિકા નદીના કીનારે કેવળજ્ઞાન થયું. ત્યારબાદ દેવોનો આચાર-ભક્તિ છે, કે-સમવસરણની રચના કરી તેમાં પ્રભુજીને બિરાજમાન થઈ પ્રથમ દેશના આપવા વિનંતી કરવામાં આવે છે. પ્રભુ દેશના અલ્પ સમય આપી પરંતુ તે ક્ષેત્રમાં તે વખતે ચારિત્ર લેનારાના પરિણામ કોઈના ન થયા તેથી વીતરાગી પ્રભુ ત્યાથી વિહાર કરી અપાપાપુરી પધાર્યા ત્યાં ફરી સમવસરણની રચનાથી ઈન્દ્રભૂતિ આદિ પ્રભુ સાથે વાદ કરવા આવ્યા પણ સમાધાન થવાથી પ્રભુવીરના પ્રથમ શિષ્ય થઈ ધન્ય બન્યા. ટૂંકમાં કેવળજ્ઞાન પછી સંઘની સ્થાપના પૂર્વે એક આત્મા પણ દીક્ષા લેનારો નિકળે તો જ વીતરાગી પ્રભુ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે. આ છે સંયમ-ચારિત્રનો મહિમા.

---

◆ ચાર શિક્ષાવ્રત.

વ્યવહારમાં રોડ ઉપર લાલ, પીળો, લીલા સિગ્નલ હોય છે. સાઈકલ સ્કુટર-રીક્ષા-મોટર-ખટારો કે પ્લેનમાં ચલાવનાર પાસે બ્રેકની સગવડતા હોય છે. પોલીસ કે હોમગાર્ડ પોતાના હાથ ઉચા-નીચા કરી વહાણને આવવા-ઉભા રહેવાનો સંકત આપે છે. લડાઈ વિગેરેમાં ફલેગ-ઝંડા દ્વારા મૂક સૂચના અપાય છે. આ બધાની પાછળ સંયમ (કંટ્રોલ) રાખો નહિં તો એકસીડન્ટ-આપઘાત કે તેવી કોઈ નાની-મોટી ઈજા થશે. જો વ્યવહારમાં સંમય-(કંટ્રોલ)નું આટલી બધી કિંમત હોય તો ધર્મમાં જીવનમાં કેટલી હોવી જોઈએ ?

સામાયિકાદિ ચારિત્ર-સંયમની ઉપાસના સમાધિ-શાંતિ-સુખ માટે છે. સુખ બીજાને પ્રાપ્ત થાઓ એ ભાવના અથવા બીજાની ઉપર દયા કરુણા કરવી તે દ્રવ્ય સમાધિ* જ્યારે જીવમાત્રને શાસનના ધર્મના રાગી બનાવવા ધર્મના પંથે વાળવા તે ભાવસમાધિ. ભાવસમાધિ ભવને સુધારે. ચારિત્ર સંયમ લેનાર આત્મામાં પાત્રતા યોગ્યતા જોઈએ. (૧) ભ. મહાવીરે ગૌતમ ગણધરને હાલિક ખેડૂતને પ્રતિબોધવા મોકલાવેલ. ગણધર ભ. ખેડૂતને પ્રતિબોધી દીક્ષા પણ આપી. પરંતુ ભ. મહાવીરને જોઈ ખેડૂત ભાગી ગયો. કારણ પૂર્વ જન્મનું વેર/કર્મનું કારણ. (૨) ભ. મહાવીરે નદીષેણ રાજપુત્રને દીક્ષાનો ઉદય નથી, થોડા સમય પછી લેજો એમ કહ્યું છતાં નંદીષેણે દીક્ષા લીધી ને ગણિકાના ઘરે ૧૦ વર્ષ રહેવું પણ પડ્યું. (૩) સંપ્રતિરાજાએ પૂર્વ ભવે ખાવા માટે દીક્ષા લીધી હતી. બીજા ભવે અગણિત જિનમંદિર-મૂર્તિ ભરાવી પણ ચારિત્ર ન લઈ શક્યા. (૪) ભ. મહાવીરના આત્મા મરીચિએ ભ. ઋષભદેવ પાસે સંયમ લીધું પણ કાયાની માયાના કારણે સંવેગી દીક્ષા છોડી ત્રિદંડીપણું કર્મના કારણે સ્વીકારી જન્મ-મરણ વધાર્યા.

દીવસ રાત આરાધક આત્માએ નજર સામે સંયમ-ચારિત્ર-બાધા જેવું રાખવું જોઈએ. બાધા એટલે ત્યાગ કરવો. એ પણ અરિહંત-સિદ્ધ-સાધુ-દેવ અને આત્માની સાક્ષીએ સંકલ્પ-(બાધા) કરાય છે. રોજ છ આવશ્યક પ્રવૃત્તિ કરવી જોઈએ. અને ૧૪ નિયમો સ્વીકારવા જોઈએ. યથા શક્તિ તપ-પચ્ચક્ખાણ લેવા જોઈએ. આ નિયમો પણ સંયમમાં આગળ વધારે ધર્મમાં સ્થિર કરે છે.

પ્રાચીન કાળમાં જિનકલ્પી અને સ્થવિરકલ્પી બે શ્રમણ પરંપરા (પ્રકાર) હતી. જિનેશ્વર જેવા આચાર પાળે તે જિનકલ્પી અને સ્થવિરોના દર્શાવેલા આચારને પાળનારા સ્થવિરકલ્પી. તે ઉપરાંત કરપાત્રી અને નિર્વસ્ત્રી એવી જિનકલ્પી પરંપરા છે. આ બધા સંયમ-ચારિત્રમાં દ્રઢ હોય અને નગરી બહાર જ ઉદ્યાનમાં નિવાસ કરનારા હોય જેથી આચાર-વિચારમાં સુલભતા રહે.

---

★ સવિ જીવ કરું શાસન રસિ એસિ ભાવ દયા દીલમાં વસિ.

એક કાળમાં સાધુઓને 'આર્ય', 'સ્થવિર', 'રાજર્ષિ', 'શ્રુતકેવળી', 'યુગપુરુષ' આદિ વિશેષણોથી ઓળખાવવામાં આવતા. એ ઉપરાંત ગોત્ર અને કુળ પણ નામ સાથે જોઈન્ટ કરવામાં આવતું. જ્યારે આજે અન્ય શબ્દોથી સન્માનનીય કરાય છે. ગમે તે હો પણ એક વાત નિશ્ચિત છે કે, ત્યાગી-તપસ્વી-વંદનીય પૂજ્યોને કોટીશઃ વંદના.

**શ્રી સંયમપદ સંબંધિ શ્રી પુરંદર રાજાની કથા :**

સમય જેમ બદલાતો જાય તેમ જીવન જીવવાની પદ્ધતિપણ બદલાતી જાય છે. જૂનાં જમાનામાં માનવી શરીરરૂપી મશીનને વ્યવસ્થિત કામ કરતું રાખવા કાયકષ્ટ-ધ્યાન-યોગ-કાઉસ્સગ્ગાદિ સાધના કરતો તેથી અન્નનળી. શ્વાસનળી શુદ્ધ હતી. જ્યાં શરીરની અંદરમાં શુદ્ધિ હોય પછી સ્ફુર્તિ-તંદુરસ્તી તેના હાથમાં છે. શરીર સંબંધિ કોઈ પ્રશ્ન મુંઝવણ ન કરે, આનો બીજો અર્થ સંયમ જીવન.

યાદ રાખો, શરીરને-મનને-સબંધને બગાડનાર આપણે જ છીએ. તેને સુધારવાનું કાર્ય પુરંદર રાજાએ કેવું કર્યું તે જાણવું જરૂરી છે.

વારાણસી નગરીમાં વિજયસેન રાજાને પદ્મમાલા અને માલતી બે રાણી હતી. પદ્માવતી રાણીથી સ્વરૂપવાન પુરંદરનામે કુમાર થયો. રૂપ-યૌવન અને બુદ્ધિના કારણે તે સર્વત્ર સન્માનીત થયો.

એક વખત કુમાર અરણ્યમાં એકલો ક્રિડા કરતો હતો. ત્યારે મુનિના દર્શનથી એ આનંદીત થયો. ક્રિયા છોડી મુનિને વંદના કરી તેઓ પાસે ધર્મચર્ચા કરવા લાગ્યો. મુનિએ પરસ્ત્રી ત્યાગ અને સંયમ માટે ઉપદેશ આપ્યો. કુમારને એ વાત પસંદ પડી તેથી વ્રતનો સ્વીકાર કરી ઉત્તમ પ્રકારે તેનું પાલન કરવા લાગ્યો.

અચાનક માલતી રાણી જે સાવકી માતા હતી તેનું મન કુમારના રૂપ-લાવણ્યના કારણે ખેચાઈ ગયું. શરમ છોડીને અયોગ્ય માગણી પણ કરી, કુમાર મુંઝાઈ ગયો. મહામુશ્કેલીએ ત્યાંથી એ મુક્ત થયો પણ અપરમાતાએ કપડાં ફાડી અવાજ કરી તેના ઉપર ખોટા આક્ષેપ કર્યા. રાજાએ પણ લાંબો વિચાર કર્યા વગર પુત્રને દેશનિકાલની સજા કરી.

કુમાર ત્યાંથી અરણ્ય તરફ નિકળી ગયો. ત્યાં પલ્લીપતિની સાથે યુદ્ધ થયું તેમાં એ વિજયી થયો. આગળ જતાં નંદીપુરમાં ભ. આદિનાથના દર્શન કરી બહાર નિકળતા એક દિવ્ય પુરુષનો મેળાપ થયો. તેણે પ્રસન્ન થઈ કુમારને વિદ્યાધિષ્ઠાયિકા દેવીની આજ્ઞાથી ત્રૈલોક્યસ્વામિની વિદ્યા આપી. સવિધિ સાધના કરવાની પ્રેરણા પણ આપી ફળ સ્વરૂપ કુમાર સર્વ આપત્તિ-વિઘ્નમાંથી પાર ઉતર્યો.

એક દિવસ મંત્રી-કુમાર વાતચિત કરતા હતા. તે દરમ્યાન રાજમહેલમાંથી રાજકુમારીનું કોઈ વિદ્યાધરે અપહરણ કર્યું. તેથી રાજા ઘણો દુઃખી થયો. કુમારે સાત દિવસમાં કન્યા શોધી લાવવાનું બીડું ઝડપ્યું અને વિદ્યાના પ્રભાવે કુમાર કન્યાને લઈ આવ્યો. આથી રાજાએ રાજપુત્રીના લગ્ન રાજકુમાર સાથે કર્યા.

હવે કુમાર રાજવૈભવ સુખપૂર્વક ભોગવવા લાગ્યો. ત્યાં પિતા-વિજયસેન રાજાનો પુત્ર કુમાર ઉપર આવ્યો ને સત્વરે નગરીમાં આવી જવા માટે આગ્રહ કર્યો. કુમારે પણ પિતાની આજ્ઞા શિરોધાર્ય માની નગરી તરફ પત્ની, રાયરસિલા સાથે પ્રયાણ કર્યું.

નગરીમાં આવ્યા પછી રાજ્યની વ્યવસ્થા બરાબર કરી પુત્ર જયંતનો રાજ્યાભિષેક કરી પોતાના પિતા વિનયસેને મુનિ પાસે ભાગવતિ દીક્ષા અંગિકાર કરી. હવે પુરંદર મુનિએ વિષય કષાયોને જીતવા અને ધર્મસાધનામય જીવન જીવવા પ્રયત્ન શરૂ કર્યો.

ઉપકારી ગુરુદેવ શિષ્યનો ઉદ્ધાર થાય તે ભાવનાથી રોજ વીશસ્થાનકની આરાધના તથા આરાધના કરનારની વાતો કરવા લાગ્યા. ફળસ્વરૂપ પુરંદર મુનિનું મન સંયમપદ સાથે મુનિઓની ભક્તિ વૈયાવચ્ચ કરવાનો નિર્ણય કર્યો. સારા કામમાં સો વિઘ્નની જેમ શાશ્વગિરિ-સિદ્ધગિરિના છ'રિપાલિત સંઘમાં સેવા-સુશ્રુષાના કાર્યમાં ઈન્દ્ર વિઘ્ન કરવા લાગ્યા. સંઘની વ્યવસ્થા અસ્થવસ્થ થઈ. સંઘના આગેવાનોએ હવે શું કરવું ? તે માટે મલયપ્રભ આચાર્ય ભ.ને પૂછ્યું, તેઓએ પુરંદર મુનિને વિનંતિ કરો તમારો ઉપદ્રવ દૂર કરશે. મુનિએ લબ્ધિના પ્રભાવે ઉપદ્રવ દૂર કર્યો. ધર્મ-શાસનની આ રીતે પ્રભાવના થઈ.

ઈન્દ્રે હવે ઉપદ્રવ કરવાનું બંધ કરી ક્ષમા માગી મુનિ દ્વારા થતી સંઘવાત્સલ્યની પ્રવૃત્તિની અનુમોદના કરી સ્વસ્થાને ચાલી ગયા. રાજાર્ષિ મુનિએ આ રીતે આજીવન અસ્ખલીત સેવા-આરાધના કરી મહાશુક્ર દેવલોકમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકર નામકર્મને ભોગવી ક્રમશઃ બંધનમાંથી મુક્તિ પદને પ્રાપ્ત કરશે.

## ૧૮

# શ્રી અભિનવ જ્ઞાનપદ

### દુહો

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અમરપદ ફળ લહો, જિનવર પદવી ફૂલ. ૧

**દુહાનો અર્થ :**

ચારિત્ર અને સમકિતના મૂળભૂત જ્ઞાનવૃક્ષને હે ભવ્યો ! તમે સેવો. તેની સેવા કરવાથી અજર-અમરપદ-મોક્ષપદની પ્રાપ્તિ થાય છે અને જિનેશ્વરની પદવીરૂપ પુષ્પની પ્રાપ્તિ થાય છે. ૧

### ઢાળ

(કોઈ લો પર્વત ધુંધલો રે – એ દેશી)

અભિનવ જ્ઞાન ભણો મુદા રે લાલ, મૂકી પ્રમાદ વિભાવ રે, હું વારી લાલ,
બુદ્ધિના આઠ ગુણ ધારિયે રે લાલ, આઠ દોષનો અભાવ રે, હું વારી લાલ.
પ્રણમો પદ અઢારમું રે લાલ. હું. ૧

દેશારાધક કિરિયા કહી રે લાલ, સર્વારાધક જ્ઞાન રે. હું.
મુહૂર્તાદિક કિરિયા કરે રે લાલ, નિરંતર અનુભવ જ્ઞાન રે.. હું. ૨

જ્ઞાનરહિત કિરિયા કરે રે લાલ, કિરિયા રહિત જે જ્ઞાન રે; હું.
અંતર ખજુઆ રવિ જિસ્યો રે લાલ, ષોડશકની એ વાણ રે. હું. ૩

છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરી રે લાલ, અજ્ઞાની જે શુદ્ધ રે; હું.
તેહથી અનંતગુણી શુદ્ધતા રે લાલ, જ્ઞાની પ્રગટપણે લદ્ધ રે. હું. ૪

રાચે ન જૂઠ કિરિયા કરી રે લાલ, જ્ઞાનવંત જુવો યુક્તિ રે; હું.
જૂઠ સાચ આતમજ્ઞાનથી રે લાલ, પરખે નિજ નિજ વ્યક્તિ રે. હું. ૫

પાંચ ભેદ છે જ્ઞાનના રે લાલ, તેહ આરાધ જેહ રે; હું.
સાગરચંદ્ર પરે પ્રભુ હુવે રે લાલ, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ રે. હું. ૬

**ઢાળનો અર્થ :**

હે ભવ્યાત્મા ! પ્રમાદ અને વિભાવદશાનો ત્યાગ કરી તમે હર્ષપૂર્વક નવા નવા જ્ઞાનનો અભ્યાસ કરો. અભ્યાસ કરવાથી બુદ્ધિના આઠ ગુણોને મેળવાય છે.

આઠ દોષનો અભાવ થાય છે. આ પ્રમાણે અઢારમાં પદને પ્રમાણ કરો. ૧

શાસ્ત્રમાં ક્રિયાને દેશારાધક કહી છે અને જ્ઞાનને સર્વારાધક કહેલ છે. ક્રિયા તો માત્ર મુહૂર્ત આદિ કાળ પ્રમાણે થાય છે. જ્યારે અનુભવજ્ઞાન તો નિરંતર થઈ શકે છે. ૨

જ્ઞાનરહિત ક્રિયામાં અને ક્રિયારહિત જ્ઞાનમાં ખદ્યોત અને સૂર્ય જેટલું અંતર છે એમ ષોડશક ગ્રંથમાં કહેલું છે. એટલે કે જ્ઞાન મુખ્ય છે. ૩

છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ કરવા વડે કરીને અજ્ઞાની જેટલી આત્મશુદ્ધિ મેળવે છે તે કરતાં અનંતગુણી શુદ્ધિ જ્ઞાની પ્રગટપણે મેળવે છે. ૪

જ્ઞાનવંત આત્મા જૂઠી ક્રિયા કરીને રાચતો નથી, એ યુક્તિથી પણ સમજી શકાય છે. સત્ય અને અસત્યની પરીક્ષા પ્રાણી આત્મજ્ઞાનથી જ કરે છે અને પોતપોતાની વ્યક્તિગત પરીક્ષા પણ જ્ઞાનથી જ થઈ શકે છે. ૫

જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ છે, તેને જે પ્રાણી આરાધે છે તે સાગરચંદ્રની જેમ પ્રભુ-તીર્થંકર થાય છે અને સૌભાગ્યલક્ષ્મીરૂપ ગુણના ભાજન બને છે. ૬

★ **સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહ્યું**

★ **કાને માત્રે આગલો ઓછો ભણ્યો, ગણ્યો.**

**વિવરણ :**

ભોજનમાં પાકી રસોઈ અને કાચી રસોઈ થાય છે, પીરસાય છે. પાકી રસોઈ વિશિષ્ટ પ્રસંગે અને અલ્પમાત્રામાં એ વાપરીએ તો પણ પેટ ભરાઈ જાય. તેમ જ્ઞાનપદ અને અભિનવ જ્ઞાનપદને અપનાવનાર પરિસ્થિતિ છે.

સામાન્ય રીતે આરાધક આત્મા છટ્ઠ-અઠ્ઠમ આદિ તપ કરીને કર્મનો ક્ષય કરે છે. જ્યારે સમ્યગ્જ્ઞાનનું અમૃતમય ભોજન કરનાર જ્ઞાની અનંતગુણી આત્મશુદ્ધિ જ્ઞાનના બળથી કરે છે. તેથી જ કહ્યું છે, જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો ક્ષય. તપ-અલ્પશુદ્ધિ, જ્ઞાન-અનંત શુદ્ધિ.

અપૂર્વજ્ઞાન ગ્રહણ કરવાથી મોટી નિર્જરા તો થાય તે ઉપરાંત સમ્યગ્દર્શન પણ નિર્મળ થવાથી તત્ત્વનો બોધ થાય છે. જ્ઞાનવડે ૧૪ રાજલોકમાં રહેલા સૂક્ષ્મ અને બાદર જીવોની પરિસ્થિતિ-ભાવોને જાણી શકાય છે. માટે જ્ઞાનની અભિરુચિ રાખનાર જીવે સમ્યગ્જ્ઞાન વધુમાં વધુ પ્રાપ્ત કરવું જોઈએ.

જ્ઞાનનું આઠમું પદ આ પૂર્વે આરાધ્યું પછી ફરી અભિનવ જ્ઞાનપદનું આરાધન શા માટે ? કદાચ શંકા થાય તો સર્વપ્રથમ જ્ઞાનની વ્યાખ્યા, ભેદ, આત્મા સાથે આવરણાદિની ચર્ચા કરી. હવે એ જ્ઞાન શાબ્દીક નહિં પણ તાત્ત્વીક તત્ત્વથી ભરેલું,

સૂત્ર-અર્થાદિથી યુક્ત વિચારવા તક મળી. મેળવેલા જ્ઞાનને વધુ નિર્મળ કરવામાં આવે તો તેથી આત્માના અનંતગુણના સ્વામી જલ્દી થવાય. જ્ઞાન એ નિત્ય પ્રાપ્ત કરવા લાયક પ્રવૃત્તિ છે.

આઠમા જ્ઞાનપદ દ્વારા પાંચ ઈન્દ્રિય અને તેના વિષયોની સમજ પ્રાપ્ત કરવા તેની આરાધના કરવા પ્રયત્ન કર્યો. હવે એ અક્ષરરૂપી સમજ પ્રાપ્ત કરવા તેની આરાધના કરવા પ્રયત્ન કર્યો. હવે એ અક્ષરરૂપી જ્ઞાનને વ્યાકરણના નયના દર્શનના સહારે પદાર્થરૂપે જે ૪૫ આગમ આદિ જ્ઞાનનું ગણધર ભગવંતે નિર્માણ કર્યું છે તે જ્ઞાનને તેના મર્મને ઓળખાવવા-સમજવાનો પ્રયત્ન કરવાનો છે. શાસ્ત્રમાં 'દેશ આરાધક ક્રિયા, સર્વ આરાધક જ્ઞાન' અને કહ્યું છે.

સૂત્ર-અર્થ-નિર્યુક્તિ-ભાગ્ય-ચૂર્ણિ-અવચૂરિ-ટીકા જેવા વિવિધ વિષયોનું અપૂર્વ પ્રયત્ન કરી ગ્રહણ કરવું તે અભિનવ જ્ઞાનપદ. બીજી રીતે આગમજ્ઞાનના શબ્દે શબ્દને ઓળખવા પ્રયત્ન કરવો. તેના ગૂઢ કથનને જાણવા પુરુષાર્થ કરવો તે શબ્દોને નવકારમંત્ર, ઉવસગ્ગહરં, લઘુશાંતિ વિગેરે મંત્રસ્વરૂપ સ્વીકારી તેના દ્વારા આત્મોન્નતિ કરવી. કર્મક્ષય કરી જ્ઞાનાંતરાયાદિ તોડવા, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, કથાનુયોગના સહારે જ્ઞાનને ૧૪ રાજલોકને સ્પર્શવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

કેટલાક ભાગ્યશાળીઓએ અભિનવનો અર્થ નવિન જ્ઞાન કરવાનો પ્રયત્ન કર્યો છે. ન્યાયગ્રંથની સામે નવ્યન્યાયનું વિદ્વાનોએ નિર્માણ કર્યું છે. તેમ બુદ્ધિ, જ્ઞાનને વિકસાવવા આનંદ પ્રાપ્ત કરવા પદાર્થના મૂળ સુધી જવા આ અભિનવ જ્ઞાનનો અર્થ કરવો યોગ્ય છે. જેમ આત્માની અનંત શક્તિ છે. તેમ એ શક્તિનો અનુભવ એ શક્તિનો પરિચય આગમજ્ઞાનના શબ્દે શબ્દમાં છૂપાયો છે. તેજ કારણોથી આગમને સામાન્ય અલ્પજ્ઞાનીને વાંચવા શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે.

સીએ, બીએ કે એન્જિનિયરના જૂનાં-નવા પુસ્તકોને વાંચવા માટે (અધિકાર) તેના અભ્યાસી વિદ્યાર્થી જ લાયક કહેવાય. વાંચ્યા પછી સમજવાની તેઓની પાસે જ શક્તિ યોગ્યતા હોય તેજ રીતે આગમ અને આગમનું વાંચનના વિચારો સંકુચિત નહિં પણ દીર્ઘદ્રષ્ટિથી પાત્રતા કેળવવા માટેના સુરક્ષીત રાખ્યા છે.

પૈસો પૈસાને ખેંચે, કામ કામને કરાવે તેમ જ્ઞાન નવા જ્ઞાનને અપનાવે-આપે-સમજાવે. તેમાં શ્રદ્ધાનું બીજ મુખ્ય હોવું જોઈએ સાથોસાથ જ્ઞાતા પુરુષ (જ્ઞાની)ની કૃપા મેળવવાની જિજ્ઞાસા જોઈએ. ઘણી વખત પૂર્વ ભવમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન આ ભવમાં સ્મૃતિમાં સમજણમાં અપૂર્ણ હોય તો પૂર્ણ કરાવવામાં કામ આવે છે.

ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આવા કેટલાક જ્ઞાનીના અને ઉત્કૃષ્ટ પ્રાપ્ત કરેલ-નિર્માણ કરેલ જ્ઞાનના નામો જોવા મળે છે.

| | | |
|---|---|---|
| ❖ રાજાનો દદતે સૌખ્યમ્ | ૮ લાખ અર્થ | મહો. સમયસુંદર ગણિ |
| ❖ નમો દુર્વારરાગાદિ શ્લોક | ૭૦૦ અર્થ | શ્રી વિજયસેનસૂરિ |
| ❖ ૩ ½ કરોડ શ્લોક | અનેક વિષય | શ્રી હેમચંદ્રાચાર્ય |
| ❖ ૧૪૪૪ ગ્રંથો | અનેક વિષય | શ્રી હરિભદ્રસૂરિ |
| ❖ નમો અરિહંતાણં-પદ | ૧૧૦ અર્થ | પં. હર્ષકુલગણિ |
| ❖ અનેક ગ્રંથો | અનેક વિષયો | ઉપા. યશોવિજયજી |
| ❖ નવ અંગ-આગમ | ટીકા ગ્રંથ | શ્રી અભયદેવસૂરિ |
| ❖ કમ્મપયડી | કર્મ-પરિચય | શ્રી શિવશર્મસૂરિ |
| ❖ દ્વાદશાર નયચક્ર | --- --- -- | શ્રી મલ્લવાદીસૂરિ |

આવા અનેકાનેક ગ્રંથો-શાસ્ત્રોમાં જ્ઞાનનો સાગર જિજ્ઞાસુ માટે લખાયેલો સુરક્ષીત છે.

શાસ્ત્ર-આગમો-ગ્રંથોને વાંચવા-જોવા-સાંભળવાથી પણ (પૂર્વભવની આરાધનાના કારણે) કલ્યાણ થઈ શકે છે. વર્તમાનમાં માત્ર નિમિત્ત મળવું જોઈએ. આ આત્મા નિમિત્તવાસી છે એટલે નિમિત્ત એ જીવોની આત્મસિદ્ધિ પ્રગતિ માટે અનિવાર્ય ઉપકારક છે. ક્યારેક અભિમાન યા બીજા કારણે જ્ઞાન પોતાની પ્રગતિમાં અવરોધ કરનાર પણ બને છે.

★ અઈમુત્તામુનિ, ચંડરૂદ્રાચાર્ય, ઈલાચીકુમાર વિગેરે (પાપના) પશ્ચાતાપના કારણે કેવળી થયા.

★ ભાટચારણ ઉદાયન મંત્રીને દર્શન આપવા અને ધર્મ સંભળાવવા ગયા, સદ્‌વિચારથી તરી ગયા.

★ શ્રી હરીભદ્રસૂરિએ વિચારોથી કરેલ પાપના પ્રાયશ્ચિત્ત રૂપે ૧૪૪૪ ગ્રંથો લખ્યા.

★ આર્યરક્ષિતસૂરિ પાસે નિગોદનું સ્વરૂપ સાંભળી દેવ સંતોષ પામ્યા.

★ નલિનીગુલ્મ વિમાનના અધિકારનું અધ્યયન સાધુ કરતા હતા, જે સાંભળી અવંતિ સુકુમાલને જાતિસ્મરણ જ્ઞાન થયું.

★ અગ્યાર અંગનો સ્વાધ્યાય સાધ્વીજી કરતા હતા જે પારણામાં વજસ્વામીએ સાંભળ્યું અને તેમને કંઠસ્થ થઈ ગયું.

★ ભાનુદત્ત મુનિ ૧૪ પૂર્વધર છતાં પ્રમાદ-આળસના કારણે નિગોદમાં ગયા.

★ માતા રૂદ્રસોમાને રાજી કરવા આર્યરક્ષિતે (પુત્ર) પૂર્વનું જ્ઞાન લેવા ગુરુના ચરણો સ્વીકારી લીધા.

★ સ્થુલિભદ્રજીએ રોજ ૭-વાચના લઈ પૂર્વના જ્ઞાતા થવા પ્રયત્ન કર્યો પણ જ્ઞાનના અભિમાનના કારણે છેલ્લે અર્થથી વાચના ન પામ્યા.

**અભિનવ જ્ઞાનપદ – સાગરચંદ્ર કથા :**

જ્ઞાનનો અનુભવ વ્યવહારમાં મુખ દ્વારા બોલાતા શબ્દોચાર અને મન દ્વારા વિચારવામાં આવતી કલ્પના. અપશબ્દ-ગાળો-ખોટાં વચન-અપમાનીત શબ્દ પણ જ્ઞાનની વિકૃત અવસ્થા છે. જ્યારે હિતકારી-મીઠાં-સત્ય વચન બોલવા સંસ્કારી ભાષા છે. એકના કારણે મનુષ્ય સમાજથી અલિપ્ત થાય જ્યારે બીજાના કારણે મનુષ્ય ભેગા મળે.

જીવનમાં સાગરચંદ્રજીએ અભિનવ જ્ઞાન દ્વારા તીર્થંકર નામકર્મ માટે ક્યો અભિગમ-માર્ગ અપનાવ્યો તે તેના જ ચરિત્ર ઉપરથી જોઈએ.

ભરતક્ષેત્રમાં મલયપુર રાજ્યનો અમૃતચંદ્ર નામે રાજા હતો. ચંદ્ર જેવી શીતળ ચંદ્રકળા નામે તેની પત્ની હતી. સમય જતાં ગુણ નિષ્પન્ન સાગરચંદ્ર નામે પુત્ર થયો. પુત્ર ૩૨ લક્ષણવંત બુદ્ધિશાળી હોવાથી નગરીમાં તેની પ્રસંશા થવા લાગી.

એક દિવસ કોઈ પંડિતે યુવરાજને એક શ્લોક લખી આપ્યો. જેનો અર્થ – "જેમ પ્રાર્થના વગર દુઃખ આવે છે, તેમ પ્રાર્થના વગર સુખ પણ આવે છે." ટૂંકમાં સુખ-દુઃખ માગ્યું મળતું નથી. એ માટે પુણ્ય અને ખાસ પુરુષાર્થ પણ જોઈએ. આ શ્લોક કંઠસ્થ આત્મસાત કરી કુમાર તેનું નિત્ય સ્મરણ કરવા લાગ્યો.

એક દિવસ કુમાર લીલોદ્યાનમાં ક્રીડા કરતો હતો. ત્યાં કોઈ પૂર્વ ભવના વૈરી દેવતાએ કુમારને ઉપાડી દરીયામાં ફેંકી દીધો. ભાગ્યયોગે સમુદ્રમાં પાટીયું મળ્યું જેના સહારે એ સાતમા દિવસે અમરદ્વીપ પહોંચ્યો ઘણાં દિવસથી ભૂખ્યો હોવાથી આમ્રફળ ખાતાં એ શ્લોકનું સ્મરણ કરવા લાગ્યો ત્યાંજ એક સ્ત્રી ઝાડની ડાળી ઉપર ફાસો ખાઈ આત્મહત્યા કરવાની પ્રવૃત્તિ કરી રહી હતી. પરોપકારી કુમાર તરત ત્યાં જઈ આવું અયોગ્ય કાર્ય ન કરવા સમજાવવા લાગ્યો. દુઃખને દૂર કરતા પોતાની શક્તિ વાપરવાની મદદ કરવાની તૈયારી પણ બતાડી.

કન્યાએ દુઃખનું કારણ કહેતા આસું પાડી કહ્યું, સાગરચંદ્ર નામના કુમાર સાથે મારે કરવા હતા પણ તેના ન મળવાથી આ પગલું લઈ રહી છું. તે દરમ્યાન એક વિદ્યાધરે ભુવનભાનું રાજાની હેમમાલા કન્યાનો પરિચય આપ્યો. સાથે અમિતતેજ વિદ્યાધરે સાગરચંદ્રનો પરિચય આપ્યો. ફળ સ્વરૂપ બન્નેના લગ્ન થયા.

'અતિ સુખ, અતિ દુઃખ' એ ન્યાયે પૂર્વ ભવના વેરી દેવે સાગરચંદ્રનું હરણ

કરી અનેક રીતે દુઃખી થાય એવા સ્થળે ફેંકી દીધો પણ પત્થર ઉપર ન પડતાં કુમાર સરોવરમાં પડ્યો. ત્યાંથી બહાર નિકળી એ જંગલમાં પ્રવેશે છે ત્યાં એક પ્રતિમાધારી ચારણમુનિના દર્શન થયા. વંદન કરી તેઓની પાસે ધર્મોપદેશ સાંભળવા બેઠો. મુનિની દેશનાએ કુમારને મુક્તિ માર્ગનો પથિક બનાવ્યો.

કુમાર હવે ધર્મને માનવા-સમજવા આગળ જતો હતો ત્યાં ભુવનકાંતા કન્યા સાથે અને ત્યાર પછી ગૌરી-તારા-ભદ્રા-જયા-અને રંભા એમ પાંચ બીજી સુશિક્ષીત કન્યા સાથે ગાન્ધર્વ વિવાહ કરી છ પત્ની સાથે પોતાના નગર તરફ ચાલ્યો. માત-પિતાએ આદરપૂર્વક પુત્રનો પત્નીઓ સહિત પ્રવેશ કરાવ્યો. ત્યાં સમાચાર આવ્યા કે, ભુવનાવબોધ નામે કેવળી નગરી બહાર પધાર્યા છે. તરત પિતા-પુત્ર-પરિવાર સાથે કેવળીના દર્શન-વંદન કરવા આદરપૂર્વક જઈ જ્ઞાનીની દેશના સાંભળી.

અવસર જોઈ રાજાએ પુત્રનું વારંવાર હરણ થવું, દુઃખ પડવું, પત્નીઓ મળવી તેનું કારણ જિજ્ઞાસાભાવે ગુરુને પૂછ્યું. ઉપકારી ગુરુવર્યે કુમારના પૂર્વભવનું અને રાગ-દ્વેષ-મોહના કારણે બે ભાઈઓ વચ્ચેના મતમતાંતર, તાપસી દીક્ષા, સંયમી દીક્ષા વિગેરે કારણે આ બધું થયું છે. છેલ્લે મોટાભાઈએ મુનિનો ઘાત કર્યો. ત્યાંથી મુનિ દશમાં પ્રાણત દેવલોકમાં દેવ થયા. દેવભવનું આયુષ્ય પુર્ણ કરી સાગરચંદ્રકુમાર થયા. જ્યારે મોટાભાઈ અગ્નિકુમાર દેવ થયા. વેર ભાવના કારણે કુમારને મોટાભાઈ દુઃખ-કષ્ટ આપે છે. માત્ર શુદ્ધ ચારિત્રના કારણે પુણ્ય પ્રભાવે સુખ ભોગવે છે.

ગુરુવર્યની ધર્મદેશનાનાં કારણે કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવની વેર-વિરોધની વાતોએ વૈરાગ્ય થયું. ફળસ્વરૂપ આઠ રાણી સહિત કુમારે શુદ્ધ અધ્યવસાયથી ભગવતી દીક્ષા અંગિકાર કરી. જ્ઞાનનો ક્ષયોપક્ષમ ઉત્તમ પ્રકારનો હોવાથી અગ્યાર અંગનું જ્ઞાન તરત અવગત કર્યું. પ્રસંગોપાત ગુરુએ તીર્થંકર નામકર્મની નિકાચના-વીશસ્થાનક તપમાં અભિનવ જ્ઞાનપદની આરાધના કરવા પ્રેરણા આપી.

આરાધના કરવા પુણ્યનો ઉદય હોવો જોઈએ તેમ મુનિએ ઉત્તમ પ્રકારે આરાધના શરૂ કરી. તો હેમાંગદ નામના દેવે તેમાં અંતરાય કરવા પરીક્ષા કરવા દુઃસાહસ કર્યું. છતાં મુનિ ડગ્યા નહિ, પ્રમાદનો સાથ લીધો નહિં. અંતે મુનિનો મહિમા કરી ક્ષમા માંગી દેવ સ્વ-સ્થાને પહોંચી ગયો.

રાજર્ષિમુનિ બમણા ઉમંગે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી વિજય વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર નામકર્મ ભોગવી મોક્ષે ગયા.

# શ્રી શ્રુતપદ

### દુહો

વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવરસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. ૧

**દુહાનો અર્થ :**

યોગ્ય વક્તા અને યોગ્ય શ્રોતાનો યોગ મળે તો શ્રુતજ્ઞાનના અનુભવનો રસ પુષ્ટ થાય છે. ધ્યાતા અને ધ્યેયની એકતા થાય છે. એવા શ્રુત સંબંધી સુખમાં લીન થયેલા જયવંતા વર્તો. ૧

### ઢાળ

(અવિનાશીની સેજડીએ રંગ લાગ્યો મોરી સજનીજી – એ દેશી)

શ્રુતપદ નમીયે ભાવે ભવિયા, શ્રુત છે જગત આધારજી;
દુઃષમ રજની સમયે સાચો, શ્રુતદીપક વ્યવહાર. શ્રુતપદ નમીયેજી. ૧

બત્રીશ દોષરહિત પ્રભુ આગમ, આઠ ગુણે કરી ભરીયુંજી;
અર્થથી અરિહંતજીએ પ્રકાશ્યું, સૂત્રથી ગણધરે રચિયું. શ્રુતપદ. ૨

ગણધર પ્રત્યેકબુદ્ધ ગુંથ્યું, શ્રુતકેવલી દશપૂર્વીજી;
સૂત્ર રાજા સમ અર્થ પ્રધાન છે, અનુયોગ ચારની ઉર્વી. શ્રુતપદ. ૩

જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલાં વર્ષ હજારજી;
સ્વર્ગનાં સુખ અનંતા વિલસે, પામે ભવજળ પાર. શ્રુતપદ. ૪

કેવળથી વાચકતા માટે, છે સુઅનાણ સમત્થજી;
શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાને જાણે, કેવળી જેમ પયત્થ. શ્રુતપદ. ૫

કાળ વિનય પ્રમુખ છે અડવિધ, સૂત્રે જ્ઞાનાચારજી;
શ્રુતજ્ઞાનીનો વિનય ન સેવે, તો થાયે અતિચાર. શ્રુતપદ. ૬

ચઉદ ભેદે શ્રુત વીશ ભેદ છે, સૂત્ર પીસ્તાલીશ ભેદેજી;
રત્નચૂડ આરાધતો અરિહા, સૌભાગ્યલક્ષ્મી સુખ વેદે. શ્રુતપદ. ૬

**ઢાળનો અર્થ :**

હે ભવ્યજનો ! તમે શ્રુતપદને ભાવપૂર્વક નમસ્કાર કરો. શ્રુત એ જગતનો

આધાર છે. આ દુઃષમ કાળરૂપ રાત્રીના સમયે શ્રુતરૂપ દીપકનો વ્યવહાર ઉપયોગ સાચો છે. ૧

શ્રી જિનેશ્વર પ્રભુનું આગમ બત્રીશ દોષરહિત છે અને આઠ ગુણોથી ભરેલું છે. એ આગમ અર્થથી શ્રી અરિહંત પરમાત્માએ પ્રકાશેલું છે અને સૂત્રથી ગણધરોએ રચેલ છે. ૨

ગણધર ભગવંતે, પ્રત્યેકબુદ્ધ મુનિએ, શ્રુતકેવળી (ચૌદ પૂર્વધારી)એ તેમજ દશપૂર્વીએ જે રચેલું હોય તે સૂત્ર કહેવાય છે. સૂત્ર રાજાસમ ગણાય છે અને અર્થ પ્રધાનસમ ગણાય છે. તે સૂત્ર ચાર અનુયોગથી પૃથ્વી સમાન છે. તેમાંથી ચાર અનુયોગની ઉત્પત્તિ થાય છે. ૩

શ્રુતના જેટલા અક્ષર ભણાવે તેટલા હજાર વર્ષનું દેવનું આયુષ્ય ભણાવનાર ભોગવે, પરિણામે અનંતા સ્વર્ગનાં સુખ ભોગવી ભવસમુદ્રનો પાર પામે છે. ૪

કેવળજ્ઞાન કરતાં પણ વાચકપણાને માટે શ્રુતજ્ઞાન સમર્થ છે. શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાન દ્વારા કેવળજ્ઞાનની જેમ પદાર્થોને-પદાર્થોના ભાવોને જાણી શકે છે. ૫

કાળ, વિનય વગેરે આઠ પ્રકારે જ્ઞાનાચાર સૂત્રમાં કહેલ છે. શ્રુતજ્ઞાનીનો વિનય ન કરે તો તે સંબંધી અતિચાર લાગે છે. ૬

શ્રુતના ચૌદ ભેદ તેમજ વીશ ભેદ પણ છે. સૂત્રના ૪૫ આગમરૂપ ૪૫ ભેદ છે. શ્રુતપદનું આરાધન કરવાથી રત્નચૂડ તીર્થંકરપદ પામેલ છે અને સૌભાગ્યલક્ષ્મીના સુખને-મોક્ષને ભાગવનાર થાય છે. ૭

**વિવરણ :**

શ્રુતનો અર્થ અપેક્ષાએ શાસ્ત્ર થશે. શાસ્ત્ર પાપને નિવારનાર ભવ ભ્રમન મટાડનાર ઔષધ છે. શાસ્ત્ર (વાંચન-મનન-ચિંતન) નવા પુણ્યબંધનું કારણ છે. શાસ્ત્ર કેવળ-સર્વગત્ચક્ષુ છે અને શાસ્ત્ર સર્વ અર્થને સાધી આપનાર છે.

ધર્મ-અર્થ-કામ અને મોક્ષ. આ ચારમાં ધર્મ અને મોક્ષ પરમોપકારક છે. જ્યારે અર્થ (ધન) અને કામ સાચા અર્થમાં જન્મ-મરણ અશાંતિ વધારનાર છે. આ તત્ત્વ સમજવા માટે શાસ્ત્રનું શરણું લેવું પડે.

શ્રુતપદનું આરાધન-અંતર્ગત ૧૧ અંગ જે ગણધર ભગવંતે રચેલા છે તેનો પાર પામવો દુર્લભ છે. આ ઉપરાંત બારમું અંગ-જે ગણિકપિટક કહેવાય છે તે ગણધર ભ. સિવાય કોઈ જાણી-સમજી સમજાવી શકતા નથી. આ બારમાં અંગમાં ૧૪ પૂર્વ આવે છે. તેનો સામાન્ય પરિચય નીચે મુજબ છે.

(૧) **ઉત્પાદપૂર્વ** : ૧ કરોડ.પદ પ્રમાણ છે. ૧ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - સર્વ દ્રવ્યોના ઉત્પાદ, વ્યય, ધ્રોવ્યપણાનું સ્વરૂપ.

(૨) **આગ્રાયણી પૂર્વ** : ૧૬ લાખ પદ પ્રમાણ. ૨ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - સર્વ પ્રકારની બીજની કુલ સંખ્યા.

(૩) **વીર્યપ્રવાદ પૂર્વ** : ૭૦ લાખ પદ પ્રમાણ. ૪ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - વીર્ય જે બલ-પ્રયત્ન તેનો અર્થ અને વીર્યવંતનું સ્વરૂપ.

(૪) **અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ** : ૬૦ લાખ પદ પ્રમાણ. ૮ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - અસ્તિન્તસ્તિ સ્વભાવરૂપ સપ્તભંગી અને સ્યાદ્વાદનું સ્વરૂપ.

(૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ** : એક ઉણા ક્રોડ પદ પ્રમાણ. ૧૬ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - મતિજ્ઞાન વિગેરે પાંચ જ્ઞાનનું સ્વરૂપ.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ** : એક કરોડ ને છ પદ પ્રમાણ. ૩૨ હાથી જેટલી શાહીથી લખાય. વિષય - સત્યાદિ ભાષાનું સ્વરૂપ અને ભાષ્ય-ભાષક, વાચ્ય-વાચકનું સ્વરૂપ.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ** : છવ્વીસ કરોડ પદ, ૬૪ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - આત્મ દ્રવ્યનું કર્તૃત્વ, ભોક્તૃત્વ, વ્યાપકત્વ, નિત્ય, અનિત્યાદિ સ્વરૂપ કહેલું છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ** : એક ક્રોડને ૮૦ લાખ પદ. ૧૨૮ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - આઠે કર્મના બંધ-ઉદય-ઉદીરણા-સત્તા વિગેરેનું સ્વરૂપ.

(૯) **પચ્ચક્ખાણ પ્રવાદ પૂર્વ** : ૮૪ લાખ પદ. ૨૫૬ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - સર્વ પ્રકારના પચ્ચક્ખાણોનું સ્વરૂપ, દ્રવ્ય, ભાવ, નિશ્ચય, વ્યવહારથી બતાવેલું છે. તેની ઉપાદેય પ્રમુખ સર્વ શૈલી.

(૧૦) **વિદ્યાપ્રવાદ પૂર્વ** : એક ક્રોડ દશહજાર પદ. ૫૧૨ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - ગુરુ-લઘુ-અંગુષ્ઠ-અને સેના નામે વિદ્યાઓનું તેમજ રોહિણી પ્રમુખ ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ.

(૧૧) **કલ્યાણ પ્રવાદ પૂર્વ** : છવ્વીસ કરોડ પદ. ૧૦૨૪ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - સર્વ જ્યોતિષશાસ્ત્રનું સ્વરૂપ, ત્રેસઠ શલાકા પુરુષોનું સ્વરૂપ, ચાર પ્રકારના દેવોનું સ્વરૂપ અને પુણ્યના ફલનું સ્વરૂપ.

(૧૨) **પ્રાણાવય પૂર્વ** : એક કરડ ૫૬ લાખ પદ પ્રમાણ. ૨૦૪૮ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - આયુર્વેદની ૮ પ્રકારની ચિકીત્સા, પ્રાણ, અપાન,

ઉદાનાદિ વાયુનું સ્વરૂપ, પંચ મહાભૂતનું સ્વરૂપ, પ્રાણાયમાદિ યોગનું સ્વરૂપ.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ** : નવક્રોડ પદ. ૪૦૯૬ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - છંદશાસ્ત્ર શબ્દશાસ્ત્ર, વ્યાકરણ, સર્વ શિલ્પ, સર્વ જાતિની કલા, સર્વ ગુણ જે તાત્ત્વિક ઉપાધિરૂપ છે તેનું સ્વરૂપ.

(૧૪) **લોકબિંદુસાર પૂર્વ** : ૧૨ કરોડ ૫૦ લાખ પદ, ૮૧૯૨ હાથી પ્રમાણ શાહીથી લખાય. વિષય - છ આરા, વિગેરે કાલનું સ્વરૂપ, અષ્ટ વ્યવહાર વિધિ. સર્વ વસ્તુના પરિકર્મ અને નિઃશેષ શ્રુત સંપદાથી ભરપુર.

ટૂંકમાં આ ચૌદ પૂર્વ ૧૬૩૮૩ પ્રમાણ શાહીથી જે લખાય તેટલું વિસ્તૃત છે. શાસ્ત્રમાં એક પદ-૧,૬૩,૪૬,૮૦૭.૮૦ અક્ષર પ્રમાણ કહ્યું છે. અગ્યાર અંગ-સૂત્રમાં ૩,૬૮,૪૨,૦૦૦ પદો છે. જ્યારે બારમાં અંગમાં કુલ ૮૩ કરોડ ૧૬ લાખને ૫ પદ છે. આ ચૌદ પૂર્વથી ચાર ગણો અધિકાર દ્રષ્ટિવાદના બીજા ભાગમાં છે. આ શ્રુતજલધિ માટે સંસાર દાવાનલ સ્તુતિ (થોય)ની ત્રીજી ગાથામાં બુદ્ધિગમ્ય વાતો લખી છે. ચાર અનુયોગ અને ૭ મૂલ નય ૭૦૦ ઉત્તરભેદ વિગેરેનું સ્વરૂપ બતાવેલ છે.

સમરો મંત્ર ભલો નવકાર ગીતની પહેલીજ લીટીમાં "એ છે ૧૪ પૂર્વનો સાર એમ કહી ગાઢ જ્ઞાનાવરણી કર્મના ઉદયે જો કોઈજ્ઞાની ૧૪ પૂર્વના જ્ઞાનને ભૂલી જાય-વિસ્મૃત થઈ જાય તો તેવા જીવને માટે ખાસ નવકાર મંત્ર તારણહાર છે. ૧૪ પૂર્વનો સાર ૬૮ અક્ષરમાં જેટલા પાપનો ક્ષય કરવા સમર્થ બને છે. સૂત્ર-ને રાજાની અને અર્થને પધાનની ઉપમા તેથી જ આપી છે.

વિદ્યાગુરુ જેટલા અક્ષર અભ્યાસીને યોગ્ય સ્વરૂપે શ્રુતજ્ઞાનના ભણાવે તેટલા હજાર વર્ષનું દેવગતિનું એ આત્મા આયુષ્યનો બંધ કરે. આટલો મહિમા આ શ્રુતજ્ઞાનનો તેના જ્ઞાતાનો અને તેના ખપી આત્માનો છે.

શ્રુતજ્ઞાન-૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદસૂત્ર, ૪ મૂળસૂત્ર, ૧ ચરણસિત્તરિ, ૧ કરણસિત્તરી

**શ્રી શ્રુતપદ ઉપર રત્નચૂડની કથા :**

કુમારપાળ રાજાએ અઠ્ઠમતપ-જપ કરી ક્ષેત્ર દેવતાને પ્રસન્નકરી શાસ્ત્રો લખવા તાડપત્ર ઉપકારી ગુરુવર્યને આપ્યા. કેવળીના વચનથી પહેલા દેવલોકના હેમપ્રભુ દેવે પત્થર ઉપર નમસ્કાર મહામંત્રને લખ્યો જ્યારે વાંદરાના ભવમાં એ દેવને અક્ષરો જોઈ જાતિસ્મરણ થયું. તેના કારણે બુદ્ધિ જાગી. ફરીથી ધર્મ શરૂ કર્યો

ભ. મુનિ સુવ્રતસ્વામી ૬૦ ગાઉનો ઉગ્ર વિહાર કરી અશ્વને પ્રતિબોધવા ભૃગુકચ્છ (ભરૂચ) પધાર્યા. આ છે શ્રુતજ્ઞાનની ભક્તિ-કરવાની શક્તિથી આત્મ કલ્યાણ કરવાની પદ્ધતિ.

રત્નચૂડ રાજાએ પણ કાંઈક આવીજ જ્ઞાનની ભક્તિ કરી હતી-ચાલો એ પણ જોઈ લઈએ.

ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તનગરમાં રત્નશેખર રાજા રાજ્ય કરતો હતો. તેને રત્નચૂડનામે પૂત્ર હતો જ્યારે સુમતિ નામે મંત્રી હતો. એક દિવસ રત્નચૂત્ર પોતાના મિત્ર મદન અને ગજ સાથે ઉદ્યાનમાં બિરાજમાન સિંહસૂર નામના આચાર્યશ્રીની પાસે ધર્મોપદેશ શ્રવણ કરવા બેઠો. ગુરુમહારાજે ભાગ્ય-પુણ્ય-પાપ-કર્મ સંબંધિ તેઓને યોગ્ય ઉપદેશ આપ્યો જે સાંભળી ભાગ્યનો અનુભવ કરવા રાજપુત્ર મિત્રોની સાથે દેશાવર નિકળી ગયો.

ફરતાં ફરતાં સુવર્ણપુર નગરમાં મંત્રી પુત્રે શ્લોકની પાદપૂર્તિ કરી રાજા પાસે ઈનામ મેળવ્યું જ્યારે કંચનપુરમાં પંચદિવ્યે રાજપુત્રનો રાજ્યાભિષેક કરી રાજા બનાવ્યો. રત્નશેખર રાજાને પુત્ર રાજા થયો તે જાણી આનંદ થયો પોતાના પુત્રને માનપૂર્વક બોલાવી રાજ્ય સોંપી પોતે સંયમ ગ્રહ્યું.

એક સમયે રાજ્ય સભામાં કોઈ મિથ્યાદ્રષ્ટિ પંડીત આવ્યો. તેને રાજસભામાં જિનોક્ત તત્ત્વની અવહેલના કરી. રાજા થોડું તત્ત્વ જાણતો હતો પણ પંડિત સાથે વાદ વિવાદ ન કરતાં અવસરની રાહ જોતો હતો. સદ્‌ભાગ્યે ઉદ્યાનમાં અમરચંદ્ર કેવળીનું આગમન થયું. રાજા પરિવાર સાથે વંદન કરવા દેશના સાંભળવા ગયો. તે વખતે મિથ્યાદ્રષ્ટિ પંડિતને પણ રાજાએ આમંત્રણ આપી બોલાવ્યો જેથી 'જ્ઞાની સે જ્ઞાની મિલે કરે તત્ત્વ કી બાત' જિનોક્ત દર્શનની એ જીવને બધી પ્રજાને જ્ઞાન થાય. ધર્મની પ્રભાવના થાય.

ઉપકારી ગુરુ લોકોપયોગી સહેલી સારી ને સુંદર ભાષામાં દેશના આપતા હોય છે. જે ઉપદેશધારા આ બાલ વૃદ્ધ સર્વજીવો ગ્રહણ કરી શકે તેવી ભાષામાં અર્થથી આપતા હતા. તત્ત્વજ્ઞાન એક વખત આત્માને રુચિ ગયું પછી તે જીવમાં સમજશક્તિ પણ આવી જાય છે. તિર્યંચ જીવોની કોઈ નિશ્ચિત ભાષા નથી પણ જો એ જીવોને કેળવવામાં આવે તો તમારી ભાષા એ જાણી સમજી શકે છે. તેનામાં શ્રવણશક્તિ ને સમજશક્તિ છે. ઉપકારીનાં ઉપદેશથી-સહવાસથી મિથ્યાદ્રષ્ટિ પંડિત પણ સત્યનો ઉપાસક બન્યો. રાજા-પ્રજા બધા જ શ્રુતભક્તિ દ્રવ્ય ભાવથી ઉત્તમ પ્રકારે કરવા લાગ્યા. શ્રુત જ્ઞાન પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ થવા લાગ્યો.

શ્રુતજ્ઞાને રાજામાં વૈરાગ્યના અંકુરા વિકસીત કર્યા. વૈરાગ્યમાં દ્રઢ થતાં પૂત્રોનો રાજ્યાભિષેક કરી રાજાએ મહોત્સવ સહિત તારક ભાગવતિ દીક્ષા અંગિકાર કરી. જે જ્ઞાને રાજાને રાજર્ષિ બનાવ્યા એ જ્ઞાનને રાજા હવે આત્મસાત કરે છે. ફળસ્વરૂપ અગ્યાર અંગના એ જ્ઞાતા થયા. શ્રુતજ્ઞાનના ઉપાસકોની અનુકુળ અન્નપાન ભક્તિ દ્વારા વૈયાવચ્ચ પણ કરવા લાગ્યા. નિર્મળ રીતે દર્શન-જ્ઞાન ચારિત્રની આરાધના કરતાં દશમાં પ્રાણત દેવલોકમાં દેવ થયા. ત્યાાથી મહાવિદેહક્ષેત્રમાં જન્મી તીર્થંકર નામકર્મ ભોગવી પરમપદના ભોક્તા બના.

## ૨૦

# શ્રી તીર્થપદ

**દુહો**

**તીરથયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;**
**પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ જહાજ. ૧**

**દુહાનો અર્થ :**

શાસનની ઉન્નતિ માટે તીર્થયાત્રા પ્રભાવશાળી છે. પરમાનંદના વિલાસને આપનાર છે. માટે તીર્થરૂપી જહાજ જયવંતુ વર્તો. ૧

**ઢાળ**

(ગિરૂઆ રે ગુણ તુમ તણાં – એ દેશી)

**શ્રી તીરથપદ પૂજો ગુણીજન, જેહથી તરિયે તે તીરથ રે;**
**અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવિહ સંઘ મહાતીરથ રે.**
**શ્રી તીરથપદ. ૧**

**લૌકિક અડસઠ તીર્થને તજિયે, લોકોત્તરને ભજીયે રે;**
**લોકોત્તર દ્રવ્યભાવ બે ભેદે, સ્થાવર જંગમ જજિયે રે. શ્રી. ૨**

**પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકાર રે;**
**થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહાર રે. શ્રી. ૩**

**વિહરમાન વીશ જંગમ તીરથ, બે કોડી કેવળી સાથ રે;**
**વિચરંતા દુઃખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથ રે. શ્રી. ૪**

**સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, શાસનને શોભાવે રે;**
**અડતાલીશ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવે રે. શ્રી. ૫**

**તીરથપદ ધ્યાવો ગુણગાવો, પંચરંગી રયણ મેલાવો રે;**
**થાળ ભરી ભરી તીર્થ વધાવો, ગુણ અનંત દિલ લાવો રે. શ્રી. ૬**

**મેરુપ્રભ પરમેશ્વર હુઓ, એહ તીરથને પ્રભાવે રે;**
**વિયજસૌભાગ્યલક્ષ્મીસૂરી સંપદ, પરમ મહોદય પાવે રે. શ્રી. ૭**

**ઢાળનો અર્થ :**

હે ગુણીજનો ! તમે શ્રી તીર્થપદની પૂજા કરો. જેનાથી આ સંસારરૂપી સમુદ્ર

તરી જવાય તે તીર્થ કહેવાય છે. અરિહંત અને ગણધર નિશ્ચયથી તીર્થરૂપ છે અને ચતુર્વિધ સંઘ પણ મહાતીર્થરૂપ છે. ૧

લૌકિક તીર્થોને તજી લોકોત્તર તીર્થની સેવા કરીએ. લોકોત્તર તીર્થ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. તેમજ સ્થાવર અને જંગમ એમ પણ તેના બે ભેદ છે. તેની પૂજા કરીએ. ૨

પુંડરીકગિરિ વગેરે પાંચ (શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ અને સમેતશિખર) તીર્થો, ચૈત્યના પાંચ પ્રકારો એ સર્વ સ્થાવર તીર્થ કહેવાય છે. એ તીર્થોની સુંદર યાત્રા કરીએ. ૩

વીશ વિહરમાન તીર્થંકરો જંગમ તીર્થ છે. તે જંગમ તીર્થના નાથ બે કોડી કેવળી સાથે વિચરતા થકા અનેક પ્રકારનાં દુઃખ અને દૌર્ભાગ્યને ટાળે છે. ૪

ચતુર્વિધ સંઘ પણ જંગમ તીર્થ કહેવાય છે. તે શાસનને શોભાવનાર છે અને તે ૪૮ ગુણે કરીને ગુણવંત છે. તેને તીર્થપતિ પણ ભાવે **નમો તિત્થસ્સ** કહીને નમસ્કાર કરે છે. ૫

હે ભવ્યાત્માઓ ! તમે તીર્થપદનું ધ્યાન કરો, તેના ગુણો ગાઓ. પંચરંગી રત્નો મેળવી થાળ ભરી એ તીર્થને વધાવો તેમજ તેના અનંત ગુણોને દિલમાં લાવો. ૬

એ તીર્થપદના પ્રભાવે મેરુપ્રભરાજા તીર્થંકર થયેલ છે. વિજયવંત સૌભાગ્ય-લક્ષ્મી અને પૂજ્ય એવી સંપદા તેમજ પરમ મહોદય–મોક્ષને પામેલા છે. ૭

**★ તીરથની આશાતના નવિ કરીએ.**

**વિવરણ :**

**તીર્થ** – તારે તે તીર્થ. સંસાર સમુદ્રમાં ડૂબી રહેલા જીવોને તીર્થ તારે છે. ઉદ્ધાર કરે છે. તીર્થ બે પ્રકારના છે. સ્થાવરતીર્થ-સમેતશિખર, શત્રુંજય આદિ જંગમ તીર્થ-મહાવ્રતધારી ત્યાગી તપસ્વી સાધુ મુનિવર્યો. સ્થાવર તીર્થ મૂક. જીવમાત્રને મૌન સાથે ઉપદેશ આપે છે. પ્રાચીન ઈતિહાસની અમર ગાથા સંભળાવે યાદ કરાવે છે. જંગમ તીર્થ મુનિઓ આચાર ધર્મને પાળી વૈરાગ્યવાન થઈ બીજા ભવિજીવોને વૈરાગી બનાવે છે.

સ્થાવરતીર્થે-છરિપાલીત સંઘ કાઢી જિનશાસનની શોભા વધારાય છે. જે યાત્રીકો સંઘમાં આવે છે તે ૬ નિયમો પાળી ૬ આવશ્યકને સાચવી જયણાપૂર્વક નિયમોનું પાલન કરે છે. તીર્થોદ્ધાર કરવાનો પણ અપૂર્વ લાભ શ્રી સંઘ લે છે.

શત્રુંજય તીર્થના ૧૬ મોટા ઉદ્ધાર થયા છે. તીર્થયાત્રા કરતાં સંઘપૂજા, સ્વામીવાત્સલ્ય, જીવદયા, અનુકંપાઆદિના કાર્યો પણ થાય છે.

સ્થાવર તીર્થ દ્રવ્ય-ક્ષેત્રથી પવિત્ર કહેવાય છે. તીર્થમાં આરાધના કરવાનું મન ઘણું ખેંચાય અને દીર્ઘ કાળે એ ફૂળ આપનાર બને. તીર્થ-દા.ત. શત્રુંજય તીર્થ ઉપર ગયેલો આત્મા તપ-જપ-ધર્મધ્યાન ન કરનારો હોય તો કરનારો થાય. તેવા ભાવ જાગે. ગમે તેવા પાપ આત્માએ કરેલા હોય ચિકણાકર્મ બંધાયા હોય તો પણ તે ખપી જાય. ચાર હત્યા કરનારના પાપ તીર્થને સ્પર્શતાથી ખપી જાય.

તીર્થની આશાતના કરવાથી – ૧. ધન-ધાન્યાદિની હાની થાય. ૨. ભૂખ્યા છતાં ખાવા અન્ન પાણી ન મળે. ૩. કાયા અકારણ રોગથી ઘેરાઈ જાય. ૪. વૈતરણી નદીમાં (દુઃખી થવા) ભળવું પડે. ૫. અગ્નિકુંડમાં બળવું પડે. ૬. પરભવે પરમાધામી દ્વારા નરક ગતિના દુઃખ ભોગવવા પડે. વિગેરે વાતો ૯૯ પ્રકારી પૂજામાં કહી છે.

જંગમતીર્થ-શ્રમણો સ્વ-પર ઉપકારી છે. પોતે તરે બીજાને તારે. ચારિત્રધર્મનું નિરતિચાર પણે પાલન કરે છે. સંયમ યાત્રા નિરાબાધ થાય છે તે જાણવા માટે શ્રાવક-શ્રાવિકા વર્ગ દિવસમાં ૩ વખત ગુરુઓને વંદના કરી શાતા પૂછે છે. સંયમયાત્રા કરતી પાળતી વખથે ભાત-પાણી જે જરૂરીઆત હોય તે વસ્તુ કહેવા, તેમજ તેનો લાભ આપવા પણ વિનંતિ કરાય છે શરીર શાતાવેદનીય કર્મના ઉદયવાળું છે કે ? (અશાતા હોય તો તે દૂર કરવા માર્ગદર્શન આપવા વિનંતી કરાય છે.) શાતા જાણી આનંદ થાય છે.

જંગમ તીર્થ-શ્રમણોને શ્રી કૃષ્ણ મહારાજે (૧૮૦૦૦ સાધુને) વંદના કરી ૩ નરકગતિના દલીકો ઘટાડ્યા-ઓછા કર્યા હતા. આવા ત્યાગી વંદનીય પૂજનીય શ્રમણોને (૧) વસતીદાન (જયંતિ શ્રાવિકાની જેમ), (૨) વસ્ત્રદાન, (૩) આહારદાન, (૪) પાણીદાન, (૫) શયન (પાટ પાટલા) દાન, (૬) મનથી લાભ લેવાની ભાવના, (૭) વચનથી મધુર ભાષામાં લાભ આપવા વિનંતિ, (૮) કાયાથી સેવા સુશ્રુષા કરવી અને (૯) વંદન-પૂજન-સત્કાર સન્માનાદિ સાચવવા. એમ ૯ કાર્યો કરી સંયમ ધર્મની અનુમોદના કરવી એ શ્રાવકનું પરમ કર્તવ્ય છે.

જંગમ તીર્થો મન-વચન-કાયાથી પવિત્ર હોય. સુસાધુના સમાગમથી આત્મા તરત પવિત્રતાના પંથે પ્રવાસ શરૂ કરે. શ્રમણો પાપના બંધથી, પાપી વિચારોથી પાછા વળે એવી ઉપકારની દ્રષ્ટીથી આરાધકની ઉપર કરુણાની દ્રષ્ટિ હંમેશાં ખુલ્લી રાખે.

ચતુર્વિધ સંઘરૂપ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચારે પુણ્યવાન આત્માઓને

પણ સંઘ કહેવાય છે. એ સંઘની કોઈ આશાતના કરે તો તેવા મિથ્યાબુદ્ધિ આત્માને સંઘ બહાર મૂકી દેવામાં આવે છે. પાપનો વિચાર કરનાર આત્માને પારાંચિત પ્રાયશ્ચિત મહાપુરુષ આપે અને તે પૂર્ણ કર્યા પછી જ ફરી ચતુર્વિધ સંઘમાં લેવામાં આવે છે. હરિભદ્રસૂરિને ૧૪૪૪ ગ્રંથ લખવા પ્રાયશ્ચિત્ત આપ્યું હતું.

પ્રાયઃ આરાધક-સાધક સાધુ પુરુષો નાભિ, હૃદય, નાસાગ્ર, ભાલ, તાલુ, ભ્રુ, આંખો, મૂખ, કર્ણ અને મસ્તક એમ ૯ અંગે સ્પર્શ કરી શક્તિને જાગૃત કરી શુભ ધ્યાન કરે છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. ધ્યાનની સાથે આસનનો પણ મેળ હોવો જોઈએ. આસનો-૧૪ છે. તેમાંથી અનુકૂળતા પ્રમાણે ૧/૨ જો સિદ્ધ કરવામાં આવે તો ઘણો ફાયદો થાય. આસન-પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્તાસન, ઉત્કટિક આસન, ગોદોહિકાસન, કાયોત્સર્ગાસન, લગુડાસન, પાર્શ્વાસન, નિષદ્યાસન, આમ્રકુબ્જાસન. આસન સિદ્ધ કરવાથી કાર્ય સિદ્ધ થાય છે.

**તીર્થરક્ષકો :**

- ★ દંડનાયક સાજનદેએ ૧૨।। કોડ સુવર્ણ મુદ્રાનો વ્યય કરી ગિરનાર તીર્થનો ઉદ્ધાર કર્યો.
- ★ રાજા સિદ્ધરાજ જ્યારે ખંડણી લેવા ગુજરાત આવ્યા ત્યારે સાજનદેએ પ્રશ્ન કર્યો મહારાજા ! શું જોઈએ છે ? તીર્થરક્ષાનું પુણ્ય કે નશ્વરધન ?.
- ★ પેથડશાહે ૫૬ ઘડી સુવર્ણની બોલી બોલી ગિરનાર તીર્થની પ્રથમ તીર્થમાળા પહેરી પ્રાચીન તીર્થની રક્ષા કરી હતી.
- ★ સગરચક્રીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદગિરિની તીર્થરક્ષા પાછળ બલીદાન આપ્યું હતું.
- ★ અલ્લાઉદ્દીન ખીલજીએ શત્રુંજય તીર્થના મંદિરો તોડવા પ્રયત્ન કર્યો તે અવસરે દાદાજી બારોટના તીર્થરક્ષાના આવ્હાનથી સુજાતા, અમર, અર્જુન, જેવા ૫૦ યુવકોએ બલીદાન આપ્યું હતું.
- ★ સંપ્રતિ મહારાજાએ ગુરુના ઉપદેશથી તીર્થસ્થાપના, મંદિરો, હજારોની સંખ્યામાં મૂર્તિઓ ભરાવી જિનશાસનની અપૂર્વ સેવા કરેલી.

વર્તમાન કાળમાં દેરાસરાદિ સાથે 'સંઘ' શબ્દ જોડાયો છે. એ સંઘના અધિકારી જો બરાબર વહીવટ કરે, આશાતના ન થાય તેની કાળજી રાખે, સંઘની વ્યવસ્થા શાસ્ત્રોને નજર સામે રાખી કરે તો તેના અધિકારીઓ કરણ-કરાવણ-અનુમોદનનું પુણ્ય (તીર્થંકર નામકર્મ ઉપાર્જન) બાંધે. આમ તીર્થંકર ભગવાન પણ સમવસરણમાં બિરાજે ત્યારે નમો તિત્થસ્સ – (ચતુર્વિધ સંઘ) અવશ્ય કહે.

સંસારમાં લૌકિક ૬૮ તીર્થ દર્શાવ્યા છે. પણ આત્મકલ્યાણની બુદ્ધિથી લોકોત્તર એવા ૬૮ તીર્થની સેવા ભક્તિ કરવી જોઈએ. નમસ્કાર મહામંત્રના ગીતમાં ''અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીર્થ સાર'' એમ કહી મહામંત્રને શુદ્ધ ભાવથી, શુદ્ધ ઉચ્ચારથી, એકાગ્ર થઈ ગણવામાં આવે તો ૬૮ તીર્થની યાત્રા કરવા જેટલું પુણ્ય બંધાય એમ કહ્યું છે.

તીર્થ–કલ્યાણક ભૂમિવાળા, વિચ્છેદ તીર્થવાળા, અતિપ્રાચીન પ્રભાવિકતીર્થવાળા, ૧૦૦/૧૫૦ વર્ષ પૂર્વના મંદિરો, શાશ્વતા તીર્થ, સકલતીર્થ સૂત્રમાં વર્ણવેલા દેવલોક-પાતાળલોક-મનુષ્યલોક કુલ-૮૫૭૦૦૨૮૨ (૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ પ્રતિમા) મંદિરો એવા અનેક પ્રકારો છે. જંકિંચિ સૂત્ર દ્વારા તેથી જ સંક્ષેપમાં તીર્થવંદના કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

જંગમ તીર્થમાં વીશ વિહરમાન ભગવાન, બે ક્રોડ કેવળજ્ઞાની, ૨ હજાર ક્રોડ મુનિઓ મહાવિદેહ ક્ષેત્રમાં માત્ર જંબુદ્વીપમાં વિચરે છે. તે ઉપરાંત ભરતક્ષેત્રના, દક્ષિણાર્ધ ભરતમાં જૂદા સમજવા. એ બધા મુનિઓને જાવંત કેવિ સાહુ સૂત્ર દ્વારા ભાવભરી વંદના થાય છે.

**શ્રી તીર્થપદના આરાધક મેરુપ્રભ રાજાની કથા :**

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ માનવીને સુખ-દુઃખ, પુણ્ય-પાપ વિ.ની ભેટ આપે છે. તીર્થયાત્રા એક એવી ધાર્મિક પ્રવૃત્તિ છે તેમાં આત્મા જો રંગાઈ જાય તો પછી એ ધન્ય થઈ જાય. તીર્થના અણુ અણુમાં શક્તિ છે. ત્યાં બિરાજમાન દેવાધિદેવનો અકલ્પનીય પ્રભાવ છે. તેથી હજારો માનવી એ ભૂમિની સ્પર્શના કરવા જાય છે. પછી ભલે એ શાશ્વતગિરિ હોય, સમેતશિખરજી હોય કે શંખેશ્વરજી તીર્થ હોય.

મેરુપ્રભરાજા આવા જ તીર્થની આરાધના કરી ભાવીમાં તીર્થંકર થશે. આપણે પણ એવા પુણ્યશાળીના જીવનને થોડું સ્પર્શી લઈએ.

ભરતક્ષેત્રમાં સૂર્યપૂર નગરમાં અરિદમન રાજા રાજ્ય કરતો હતો. તેને મેરુપ્રભ અને મહાસેન નામે પુત્ર હતા. ધાવમાતા હંમેશાં રાજપુત્રના હિતને ઈચ્છતી હોય છે. તેમાં એક દિવસ મેરુપ્રભને મારી નાખવાનું કાવતરૂં ઘડાઈ રહ્યું છે એમ ધાવમાતા દ્વારા પુત્રને ખબર પડી. તરત જ એ હિંમત કરી વધુ ચર્ચા કર્યા વગર દેશાન્તર નિકળી ગયો.

કેટલાક દિવસે શાંતિપુર નગરમાં જ્યાં અભયઘોષ મુનિ દેશના આપતા હતા ત્યાં પહોંચી દેશના સાંભળવા લાગ્યો. જ્ઞાની ગુરુમહારાજે આગંતુક યુવકનું ભવિષ્ય ઘણું ઉપકારક છે તે જોઈ શ્રાવકોને કુમારને કોઈ નિર્ભય સ્થળે ગોપવી રાખવા

પ્રેરણા આપી. ધનેશ્વર શ્રેષ્ઠીએ કુમારને પોતાના ભૂમિગૃહમાં છૂપાવી રાખ્યો. તરત બીજે જ દિવસે રાજાનું સૈન્ય કુમારને શોધવા આવ્યું પણ નિરાશ થઈ પાછું ગયું.

કુમારને ઉપકારી ગુરૂદેવનું શરણું મળ્યું માટે તેણે પોતાનો અમૂલ્ય સમય ગુરૂની પાસે ધર્મ સમજવામાં ગાળ્યો. ફળસ્વરૂપ એ સમ્યગ્દર્શનનો જ્ઞાતા થયો. શ્રાદ્ધધર્મને સ્વીકારી ધન્ય બન્યો.

પિતા અરિદમન રાજાને પુત્રની પ્રગતિની જાણ થતાં શાંતિપુર પોતાના વિશ્વાસુ માણસોને મોકલીને પુત્રનો માનપૂર્વક પ્રવેશ કરાવ્યો. સંસારના કાવાદાવાથી વૈરાગ્યવાન થઈ શુભ દિવસે પિતા અરિદમન રાજાએ ચારિત્ર પણ લીધું.

મેરૂપ્રભરાજા નીતિપૂર્વક સેવાભાવથી પ્રજાનું પાલન કરે છે. પ્રજા નવા રાજાની પ્રસંશા કરે છે. પરંતુ અપરમાતાથી આ યશ જોવાતો, સંભળાતો નથી. ગમે તેમ તેને મારી નાખવા એ પ્લાન કરે છે પણ રાજા બધેથી બચી જાય છે. એક દિવસ અપરમાતાના પુત્રનું સમજફેરમાં આયુષ્ય પૂર્ણ થાય છે.

અપરમાતાના કાળા કર્મ જાણી રાજા વૈરાગી થયો. પોતાના પુત્રને રાજ્યના સિંહાસન ઉપર બેસાડી શુભ દિવસે અભયઘોષ આચાર્ય પાસે સંયમનો સ્વીકાર કર્યો. સૂક્ષ્મબુદ્ધિ અને ધર્મ જાણવાની તાલાવેલીના કારણે રાજા અલ્પ સમયમાં જ સમ્યગ્ જ્ઞાનનો જ્ઞાતા થયો. ગુરુએ પણ આત્મા યોગ્ય જાણી રાજર્ષિને આચાર્ય પદથી વિભૂષિત કરી શાસનની પ્રભાવના કરી.

આચાર્ય મેરુપ્રભાચાર્ય હવે જંગમ તીર્થના કારણે અનેક ગામે વિહાર કરે છે. પ્રજાને પ્રતિબોધ કરી શાસનના અનુરાગી બનાવે છે. દેશવિરતિ ધર્મ, શ્રાવકના બાર વ્રત ઉચ્ચરાવી વીતરાગી શાસનના ઉપાસક-આરાધક બનાવે છે. અનેક રાજાઓ તેઓના અનુયાયી થયા છે. દેવ-દેવી પણ તેઓની સેવા-ભક્તિ કરી જિનશાસનની હેલના થતી અટકાવે છે. બૌદ્ધ-મ્લેચ્છ રાજા-પ્રજાના આક્રમણને મેરુપ્રભાચાર્ય અનેક રીતે નિઃસ્તેજ બનાવે છે. ટૂંકમાં જિનશાનના આઠ પ્રભાવકોમાં તેઓનું નામ આદરપૂર્વક લેવાય-બોલાય છે.

આચાર્યદેવશ્રી સ્થાવર તીર્થના દર્શન કરતા, ત્યાંના તીર્થમહિમામાં અભિવૃદ્ધિ કરતાં સમેતશિખરજી તીર્થે પધાર્યા. ત્યાં સાધનાના ચરમ શિખરે આત્મોદ્ધાર કરવાની ભાવનાએ અનશન વ્રત સ્વીકારી બ્રહ્મદેવલોકમાં દેવ થાય છે. ત્યાનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપદ પામી અનંત અવ્યાબાધ સુખના સ્વામી થશે.

## ઉપસંહાર...

તીર્થંકર પરમાત્માએ પૂર્વના ત્રીજા ભવે યથા શક્તિ વીશસ્થાનક તપની (એક અથવા અનેક પદની) આરાધના કરી તીર્થંકર નામકર્મની નિકાચના કરી અને છેલ્લા ભવે નિકાચીત કર્મને ખપાવવા છદ્મસ્થાવસ્થામાં તપ-ધ્યાન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. એટલે તપ દ્વારા દ્રવ્ય-ભાવ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ભવસંતતિનો ક્ષય થાય છે, રોગનું નિર્મૂલન થાય છે, ઘાતીકર્મનો અંત થાય છે, છેવટે ઈષ્ટ અર્થ વસ્તુ સિદ્ધ થાય છે. (મોક્ષે જવાય છે.)

વીશસ્થાનક તપની અંદર મુખ્યત્વે પંચ પરમેષ્ઠીનું આરાધન અથવા નવપદનું આરાધન જોવા મળે છે. એનો અર્થ એજ કહી શકાય કે કેટલાક પદ દર્શન સાથે સંકળાયેલા છે, કેટલાક જ્ઞાન સાથે સંકળાયેલા છે અને કેટલાક ચારિત્ર સાથે સંકળાયેલા છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં કહ્યું છે તેમ આ ત્રણનો સંયુક્ત મોક્ષમાર્ગ છે. જે આત્માને મોક્ષ જવું હોય તેને ચારિત્ર અપનાવવું પડે, કર્મસમૂહને ખપાવવા પડે અને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી દર્શન-શ્રદ્ધાને સ્થિર અને નિશ્ચલ વિચારોમાં સ્થાપવી પડે.

**શ્રાવકના છ લક્ષણ :**

૧. **કૃતવ્રતકર્મ :** લીધેલા વ્રતોના અતિચારનું ધ્યાન રાખે. નિરતિચાર વ્રતોના પાલન માટે ધ્યાન રાખે.
૨. **શીલવ્રતયુક્ત :** સદાચારી જીવન જીવે, સાત વ્યસનોથી દૂર રહે.
૩. **ગુણવ્રતયુક્ત :** વડીલોનો વિનય કરે, વૈરાગ્યની વૃદ્ધિ કરે.
૪. **ઋજુ વ્યવહારી :** કુડ-કપટ, કાવા-દાવા, માયા-પ્રપંચથી દૂર રહી દરેક જીવો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે.
૫. **ગુરુસુશ્રુષુ :** સાધુ-સાધ્વીની સેવા કરે, નિંદા-કુથલી ન કરે, ગુણાનુંવાદ કરે.
૬. **પ્રવચનકુશળ :** શાસ્ત્ર શ્રવણ, વાંચન-મનન-ચિંતનમાં કુશળ.

**ઉત્કૃષ્ટ આરાધના કરનારા પુણ્યાત્માઓ :**

* કેટલાક પુણ્યશાળી ૧-૧ પદના ૨૦ ઉપવાસ એક સાથે કરી (કેટલાક આયંબિલ-એકાસણાથી) ઓળી પૂર્ણ કરે છે.
* ૧૫ ગૌતમ પદ છઠ્ઠ તપથી ઓળી પૂર્ણ કરે છે.
* ૧૧ ચારિત્ર પદ પૌષધ સહિત ઓળી પૂર્ણ કરે છે.
* ૧૦ તીર્થ પદ દરેક ઉપવાસે ૧-૧ તીર્થમાં જઈ આરાધે છે.
* ૧૪ તપ પદ ચઉભત્ત પચ્ચકખાણ દ્વારા (એકાસણું-ઉપવાસ-એકાસણું) ત્રણ દિવસે (૬૦ દિવસે) ઓળી પૂર્ણ કરે છે.

★ **પ્રતિસેવના અનુમતિ** : સંસારી કામમાં સાક્ષી ભાવ, અલ્પ સેવન પ્રવૃત્તિ, અનિચ્છાએ અનુમતિ.

★ **પ્રતિશ્રવણ અનુમતિ** : વાત સાંભળવી પડે તો સાંભળે પણ અનુમતિ સમજી-વિચારીને આપે.

★ **પ્રતિસંવાસ અનુમતિ** : ઘર–સંસારમાં ઉપેક્ષા ભાવે રહે, દરેક કાર્યમાં મૌનનો આશ્રય વધારે લે.

**કાઉસ્સગ્ગમાં વિકલ્પો :**

વીશસ્થાનક પદના કાઉસ્સગ્ગમાં નીચે મુજબના વિકલ્પો પ્રાચીન ગ્રંથમાં મળ્યા છે. વિવેકી આત્માએ યોગ્યરીતે આરાધના કરવી.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરિહંત પદ | ૧૨ | અથવા ૨૪ |
| ૨ | સિદ્ધપદ | ૩૧ | અથવા ૧૫-૫૮ |
| ૩ | પ્રવચનપદ | ૨૭ | અથવા ૭-૯-૧૨-૪૫ |
| ૫ | સ્થવિરપદ | ૧૦ | અથવા ૧૩ |
| ૬ | ઉપાધ્યાયપદ | ૨૫ | અથવા ૧૨ |
| ૭ | સાધુપદ | ૨૭ | અથવા ૨૧ |
| ◆૮ | જ્ઞાનપદ | ૫૧ | અથવા ૫ |
| ૧૦ | વિનયપદ | ૫૨ | અથવા ૧૦-૧૩ |
| ●૧૧ | ચારિત્રપદ | ૭૦ | અથવા ૬-૧૭ |
| ૧૨ | બ્રહ્મચર્યપદ | ૧૮ | અથવા ૯ |
| ૧૩ | ક્રિયાપદ | ૨૫ | અથવા ૧૩ |
| ૧૫ | ગૌતમપદ | ૧૨ | અથવા ૨૮ (દાનપદ) |
| ૧૬ | જિનપદ | ૨૦ | અથવા ૨૪-૧૦ (વૈયાવચ્ચપદ) |
| ✤૧૭ | સંયમપદ | ૭૦ | અથવા ૧૭ |
| ◆૧૮ | અભિનવજ્ઞાન | ૫૧ | અથવા ૫ |
| ◆૧૯ | શ્રુતપદ | ૨૦ | અથવા ૧૨-૪૫-૫-૮૪ |
| ૨૦ | તીર્થપદ | ૩૮ | અથવા ૫-૨૦ (પ્રવચનપદ) |

◆ જ્ઞાનની આરાધનાને લગતા ૮-૧૮-૧૯ એમ થોડા સુધારા સાથેના ૩ પદ છે.

● ચારિત્રની આરાધન સંબંધિ ૧૧ અને ૧૭ પદ છે.

✤ પદ એક નામ ૨ એવા ૧૫-૧૬-૨૦ છે. કેટલાક પદના ઓછા વધુ પ્રકાર છે.

નોંધ :



શાશ્વત મહિમાવંત શત્રુંજય
મહાતીર્થ ભૂમિમાં
પ્રવર્તક સાહિત્યોપાસક
**પૂજ્ય મુનિરાજ**
**શ્રી હરીશભદ્રવિજયજી મ.ની**
પવિત્ર નિશ્રામાં
ત્રીજા ચાતુર્માસની આરાધના

❖

**ચાતુર્માસ દરમ્યાન શાશ્વત તીર્થમાં અનેકાનેક શ્રદ્ધાળુઓએ જિનેશ્વર ભગવાનની વિવિધ રીતે ભક્તિ–અનુષ્ઠાન નીચે મુજબ કર્યા હતા.**

• ૫૦ લાખ નવકાર જાપ • સિદ્ધચક્ર પૂજન • અર્હત્ મહાપૂજન • લઘુ શાંતિસ્નાત્ર • પદ્માવતી પૂજન • માણિભદ્ર પૂજન • ૯૯ અભિષેક • ૧૦૮ શત્રુંજય તીર્થ અભિષેક • ૨૧ અભિષેક • ૯૯ પ્રકારી પૂજા • ૨૦ સ્થાનક પૂજા • ૪૫ આગમપૂજા-પૂજન • પંચ પરમેષ્ઠી પૂજન • ભક્તામર પૂજન • ૧૦૮ પાર્શ્વ. પૂજન • ચૈત્ય પરિપાટી • ૧૦૮ અષ્ટપ્રકારી પૂજા • પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની પુણ્યતિથિ પ્રસંગે પાલિતાણાની ૩ ધાર્મિક સંસ્થાના ૪૦૦ વિદ્યાર્થી સાથે તળેટી તીર્થયાત્રા અને સાધર્મિક ભક્તિ • ધાર્મિક સંસ્થાના ૧૪૦ અઠ્ઠમથી વધુ તપ કરનારાઓનું બહુમાન • પૂ.આ.વિજય શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.ની મૂર્તિની આરીસા ભવનમાં ચલ પ્રતિષ્ઠા • ૯૯ યાત્રા કાર્યક્રમ દોઢ-ત્રણ-છ ગાઉ પ્રદક્ષિણા ૩ દિવસનો ૧૨ ગાઉનો છ'રિપાલિત સંઘ • આદેશ્વર ભ., કેસરીયાજી ભ., જગવલ્લભ પાર્શ્વનાથ ભ.ની આભૂષણ પૂજા • ૬૪ પહોરી પૌષધ • શાશ્વતી ઓળી • નૂતન વર્ષે નૈવેદ્ય પૂજા • સરસ્વતી પૂજન • બંધન-મુક્તિ પરીક્ષા • ક્વીઝ પરીક્ષા.

**કરીએ એવા કામ, જીવન ધન્ય બને તમામ.**

**ગુરુજી અમારો અંતરનાદ, અમને આપો આશીર્વાદ.**

**સુમતિલાલ ભાગચંદ શાહ પરિવાર, ઘોડનદી–મુંબઈ.**